# સ્ત્રી સમાનતા

## પ્રશ્નો અને પડકારો




· સંપાદકો ·

કલ્પના શાહ

વિભૂતિ પટેલ



સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

# સ્ત્રી સમાનતા

## પ્રશ્નો અને પડકારો

· સંપાદકો ·

કલ્પના શાહ
વિભૂતિ પટેલ

સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ, સુરત

Stri Samanata : Prasno Ane Padkaro
Edited by
Kalpana Shah and Vibhuti Patel

© સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ, સુરત, ૧૯૮૭

પ્રકાશક :
એસ. પી. પુનાલેકર
નિયામક
સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ, સુરત

કવરપેજ રેખાચિત્ર : હકુ શાહ

મુદ્રણ સ્થાન :
સુરુચિ છાપશાળા ટ્રસ્ટ
બારડોલી ૩૯૪૬૦૧

CENTRE FOR SOCIAL STUDIES
SOUTH GUJARAT UNIVERSITY CAMPUS.
UDHNA-MAGDALLA ROAD. SURAT-395007

આવૃત્તિ : પ્રથમ : ૧૯૮૭

રૂ. ૨૦-૦૦

# પ્રસ્તાવના

આપણને ઘણીવાર સહજ સાંભળવા મળતું હોય છે કે હા, ભાઈ, હવે તો સ્ત્રીઓનો જમાનો આવ્યો છે. પ્રશ્ન થાય છે કે શું ખરેખર જમાનો બદલાયો છે અને તે પણ સ્ત્રીઓની તરફેણમાં? જમાનો અર્થાત્ સમય તો ગતિનો પર્યાય છે. શું સમયની ગતિ અને સમાજની ગતિ વચ્ચે સમતુલા જળવાય છે? શું ખરેખર સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકામાં પરિવર્તન આવ્યું છે? થોડીક સ્ત્રીઓ ભણતી થઈ અને થોડીક કારકિર્દી-ના ક્ષેત્રે ઘણી આગળ આવી તેથી સ્ત્રીઓનું ભાવિ બદલાઈ ગયું? ના, વાસ્તવિકતા કંઈક જુદી જ છે, ચોંકાવનારી છે. વિશ્વમાં ભારત જ ફક્ત એક એવો દેશ છે જ્યાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓનું પ્રમાણ ૧૯૦૧ થી ઘટતું જોવા મળે છે. ૧૯૮૧ના આંકડા પ્રમાણે દર ૧,૦૦૦ પુરુષે સ્ત્રીઓનું પ્રમાણ ૯૩૫નું છે. ૧૯૯૧ના આંકડા હજુ વધુ ચોંકાવનારા પણ નીવડે. જ્યારથી ગર્ભપાત કાયદેસર થયો છે અને તે પછી જ્યારથી ગર્ભનિદાન (Female Fortitude) દ્વારા જાતિ જાણી શકાતી થઈ છે ત્યારથી સ્ત્રીજાતિના ગર્ભનો ગર્ભપાત કરાવવાનું વધારે પ્રચલિત બનતું જાય છે. આ પ્રકારનું વલણ સ્ત્રીજાતિ પ્રત્યેની ઘોર કઠોરતાનો નિર્દેશ કરે છે. વળી હમણાં જ બહાર આવ્યું છે કે તામિલનાડુના ઉસલામપટ્ટી તાલુકામાં છેલ્લા દાયકામાં લગભગ ૬,૦૦૦ બાળકીઓને જન્મતાની સાથે જ મારી નાંખવામાં આવી છે. અહીં વસતા મોટા ભાગના લોકો કલ્લાર કોમના જમીનવિહોણા ખેતમજૂરો છે. છતાં કલ્લારમાં દહેજનો રિવાજ પ્રચલિત છે. ઉપરાંત કુટુંબમાં થોડીઘણી આર્થિક સ્થિરતા અને સધ્ધરતા વધે છે તે સાથે દહેજનો આંકડો પણ વધે છે. આને પરિણામે દૂધ પીતીનો રિવાજ ફૂલતો ફાલતો જાય છે. આવા જ દાખલાઓ આપણને રાજસ્થાન, ઉત્તર-પ્રદેશ, હિમાચલ પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશના કેટલાક વિભાગોમાંથી મળી આવે છે. તાજેતરનો દેવરાલા ગામનો સતીનો કિસ્સો એકલ દોકલમાં ખપાવી દેવાય છે, પરંતુ એને ધર્મના નામે જે ટેકો આપવાનું શરૂ થયું છે તે સૂચક છે. સમાજશાસ્ત્રીઓ દ્વારા થયેલા સંશોધનો પણ દર્શાવે છે કે હજુ આજે પણ ભારતમાં સ્ત્રીઓ પ્રત્યે ભારોભાર અસમાનતા નજરે પડે છે. કાયદાઓનો અભ્યાસ કરતા જણાય છે કે કાયદાઓ પણ સામાન્યતઃ તેઓની વિરુદ્ધ હોય છે અથવા અન્યાય સામે પૂરતું રક્ષણ આપતા નથી. વિધવાઓની વિટંબણા, દહેજ જેવા પ્રશ્નો હજુ જડબેસલાક છે. સ્ત્રીઓનું ભવિષ્ય એટલે ગૃહિણી કે માતા સદીઓથી નક્કી કરાયેલું ચોકઠું. તેની આ ભૂમિકા જો એ સારી રીતે સંભાળી શકે અને સમય ફાજલ પાડી શકે તો બહાર કમાવા કે સમાજ સેવા કરવા જઈ શકે. તેમાં પણ સૌ પ્રથમ ભાર તો તેની પહેલી ભૂમિકાને આપવાનો. આ ચિત્ર આપણને ઘેર-ઘેર જોવા મળે છે. દરેક ધર્મ, જાતિ, પ્રાંત અને રાજ્યમાં પુરુષપ્રધાન મૂલ્યોનું વર્ચસ્વ છે.

તો બીજી બાજુ, શિક્ષણ પામીને બહારની દુનિયાના સંપર્કમાં આવેલી નારી વિશ્વના સ્ત્રી મુક્તિ-આંદોલનથી પરિચિત થઈ છે, જાગૃત થઈ છે. પોતાને થતા અન્યાયો સામે અવાજ ઉઠાવવા તત્પર થઈ છે. એને સ્થાપિત સ્ત્રી સંગઠનોના ઘરેલુ કાર્યક્રમોમાં રસ નથી. એને એવું સંગઠન જોઈએ છે જે એના અન્યાય સામેના આંદોલનને વાચા આપે. દહેજ, બળાત્કાર, પતિ તરફથી થતી મારઝૂડ, માધ્યમોમાં

સ્ત્રી દેહનું ભદ્દું પ્રદર્શન. સામાજિક પ્રશ્નો ઉપરાંત સ્ત્રી કામદારની યોગ્ય રોજી, ઘોડિયાઘરની વ્યવસ્થા, કામદાર સ્ત્રીનું કાયદાકીય રક્ષણ જેવા આર્થિક પ્રશ્નોની આસપાસ આવાં સ્વાયત્ત સ્ત્રી-સંગઠનો કામ કરે છે. વિજ્ઞાન-યાત્રા, સ્ત્રી–મુક્તિ–મેળા જેવા કાર્યક્રમો યોજી મહિલાઓમાં જાગૃતિ પેદા કરવાનું કામ આવાં સંગઠનોને પ્રતાપે છે. ભારતમાં સ્ત્રી–મુક્તિ આંદોલનો ચલાવવાનો જશ આવાં જૂથોને જાય છે. તેઓ પોતાને 'સામાજિક કાર્યકર્તા' નહિ પરંતુ 'સ્ત્રી-હકકના લડવૈયા' ગણાવે છે.

સમાજ એક બાજુ રુઢિઓ અને પ્રણાલિકાઓને જાળવવા માટે લોખંડની દીવાલ બની રહે છે તો બીજી બાજુ બાહ્ય પરિબળો આ મજબૂત દીવાલ પર ટકોરા મારતા રહે છે. પરિણામે રુઢિચુસ્તો ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ સમાજ 'કાલા જલ' બની નહિ રહેતાં પરિવર્તનનો તેમાં અવકાશ રહે છે. પરિવર્તન દ્વારા પ્રવેશેલાં નવાં મૂલ્યો, રિવાજો અને પ્રથાઓ જૂનાં મૂલ્યો, રિવાજો, રુઢિઓ અને પ્રણાલિકાઓ સાથે સતત ટકરાતાં રહે છે. આથી સમાજ સામે હંમેશા નવા નવા પ્રશ્નો ઊભા થતા રહે છે. ક્યારેક પ્રશ્નો એના એ જ હોય પરંતુ એનો પ્રકાર અને વિસ્તારની રૂપરેખા બદલાઈ ગઈ હોય છે. પરિણામે એ જ પ્રશ્નો તરફ નવી દષ્ટિ કેળવવી જરૂરી બને છે. સ્ત્રી સમાનતાનો પ્રશ્ન પણ આમ નવા દષ્ટિકોણની આશા રાખે છે. ભારતમાં સ્ત્રી–મુક્તિની ચળવળ સમાજ સુધારા અને રાષ્ટ્રીય ચળવળની આડ પેદાશ છે. ૧૯મી સદીના પાછલા અર્ધા ભાગના અને ૨૦મી સદીની શરૂઆતના રાજકીય પ્રવાહોએ ભારતની મહિલાઓને ઘર છોડી બહાર આવવાની ફરજ પાડી હતી. પરદેશી સામેની લડાઈમાં પુરુષો સાથે ખભેખભા મિલાવી આ મહિલાઓ ત્યારે લડી હતી. આના ફળ સ્વરૂપે તેઓને આઝાદ ભારતમાં મતાધિકાર પ્રાપ્ત થયો હતો. આઝાદ દેશના બંધારણે પણ સ્ત્રી–પુરુષ સમાનતાને માન્ય રાખી કાયદાકીય મ્હોર મારી. સરકારે સ્ત્રી શિક્ષણ જેવા કાર્યક્રમોને વધુ ને વધુ પ્રોત્સાહન આપી સ્ત્રી કાર્યક્ષેત્રના ફલક પર તકો માટેની એક નવો રાહ ખડો કરી દીધો. પરિણામે ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો ઊંચો આવ્યો છે અને સ્ત્રીઓ સમાનતા પામી છે એ પ્રકારની લાગણીની હવા ચારે બાજુ પ્રસરી છે. પરંતુ આ આભાસ છે. ભ્રમણા છે. જે સ્ત્રી સંસ્થાઓ એક વખત પોતાના હક્ક માટેની લડતમાંથી ઊભી થઈ છે તેઓ પણ આ ભ્રમણાનો શિકાર બની છે. સ્ત્રીઓના ઉત્કર્ષ માટે કામ કરતી સંસ્થાઓ, કાર્યકરો અને ભણેલો સામાન્યજન પણ આ આભાસની છાયા હેઠળ છે. આથી આપણે ક્યારેય પણ પ્રશ્ન ઉઠાવ્યો નથી કે જે પરિવર્તનનું ચિત્ર દેખાય છે તે ચિત્ર સમસ્ત મહિલા જગતનું છે? કઈ મહિલાઓને લાભ મળ્યા છે અને તેનો પ્રકાર કેવો છે? કઈ મહિલાઓ વંચિત છે અને શા માટે? શું કાયદાઓ દ્વારા મેળવેલા હક્કો મહિલાઓને પ્રાપ્ત થયા છે? કહેવાતા સ્ત્રી સ્વાતંત્ર્યના રક્ષણ માટે કાયદાઓ સ્ત્રી–પુરુષ વચ્ચેની અસમાનતાની પિતૃપ્રધાન સમાજની બુનિયાદને હચમચાવે છે ખરા? કે પછી બુનિયાદમાં ફેર કર્યા વગર સ્ત્રી સ્વાતંત્ર્ય માટે થાગડથીંગડ કરે છે? આ પ્રકારના સુધાર સ્ત્રી–પુરુષ વચ્ચે કેટલી સમાનતા પેદા કરી શકે? સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાન પહેલાં કરતાં વધ્યું છે (જો કે પુરુષ કરતાં તો તે હજુ ઠીકઠીક પાછળ છે), પણ તેનાથી શું તે પોતાની આગવી પ્રતિભા ઉપસાવી શકી છે? પોતાની સ્વતંત્ર કારકિર્દી ઘડી શકી છે? સ્ત્રી શિક્ષણ દ્વારા દહેજ, બળાત્કાર કે સ્ત્રી પરના અત્યાચાર જેવા ગંભીર પ્રશ્નોનો નિકાલ આવી શકયો છે? નવાં યંત્ર સાધનો મહિલાઓ માટે આશીર્વાદરૂપ નીવડ્યાં છે? ચિત્ર ધૂંધળું લાગે છે. સ્ત્રીઓનો એક નાનકડો સ્તર જ પરિવર્તનનું ફળ પામ્યો છે. સ્ત્રીઓના હક્કો હજુપણ કાયદાનાં પુસ્તકો પૂરતાં મર્યાદિત છે. સ્ત્રી શિક્ષણે સ્ત્રીઓને સ્વતંત્ર કારકિર્દી અને વ્યકિતત્વ ખીલવતાં શીખવ્યું નથી. નવી ટેકનોલોજીના પ્રવેશથી સ્ત્રીઓની ગદ્ધામજૂરી ઓછી થઈ નથી. ઊલટું રોજગારીમાં એમની છટણી થતી દેખાય છે. જે પરિવર્તનનો આભાસ



થાય છે તે તો ઉપરછલ્લું જ છે. સ્ત્રીઓનો મૂળભૂત દરજ્જો તો ક્યાંય બદલાયેલો દેખાતો નથી. આ આભાસને પરિણામે સ્ત્રીઓના પ્રશ્નો પરત્વે નવી સમજ દેખાતી નથી. સ્ત્રી–મુક્તિનો પ્રશ્ન સમાજ પ્રત્યેની નવી સમજ માગે છે. કાયદો, શિક્ષણ કે ટેકનોલોજી પાંગળાં કેમ? સ્ત્રીઓ સામે નવા પ્રશ્નો અને પડકારો ઊભા થયા છે. આ પુસ્તિકા દ્વારા સ્ત્રી પ્રશ્નોને નવી રીતે જોવાનો અને સમજવાનો પ્રયત્ન છે. પરિવર્તનની દિશા અને પરિણામો પર આંગળી ચીંધવાનો પ્રયત્ન છે. શક્ય એટલાં સ્ત્રી પાસાંઓ દ્વારા વૈચારિક નવજાગરણ લાવવાનો પ્રયત્ન છે.

આ પુસ્તિકામાં પ્રગટ થતા બધા જ લેખો સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના 'અર્થાત્' સામયિકમાં પ્રસિદ્ધ થયા છે. અર્થાતના (ગ્રંથ ૫, અંક ૩; અને ગ્રંથ ૬, અંક ૩) બે અંકો માટે અતિથિ સંપાદનનું કામ સોંપવા માટે અને તે કામને પૂરું કરવા જરૂરી સગવડ આપવા માટે અમે, ઘનશ્યામ શાહનો આભાર માનીએ છીએ. આ લેખોને પ્રસિદ્ધી માટે જરૂરી ભાષાકીય સુધારાવધારા કરવા માટે, અને પ્રેસની બધી જ જવાબદારી ઉપાડી લેવા માટે શાંતિભાઈ મેરાઈના અમે ખૂબ જ ઋણી છીએ. આ લેખોને પુસ્તિકારૂપે પ્રસિદ્ધ કરવા માટે સેન્ટરના નિયામક એસ. પી. પુનાલેકરના ખાસ આભારી છીએ. આ પુસ્તિકાના લેખક મિત્રો વગર તો આ શકય જ ન બન્યું હોત. તે સૌ પ્રત્યે અમે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

કલ્પના શાહ
વિભૂતિ પટેલ

નવેમ્બર ૮, '૮૭

# અનુક્રમણિકા


પ્રસ્તાવના

૧ ભારતમાં સ્વાયત્ત સ્ત્રીમુક્તિ આંદોલન ૧
નીરા દેસાઈ

૨ ગુજરાતમાં સ્ત્રીસંસ્થાઓ ૧૦
ઈલા પાઠક

૩ દહેજ ૧૬
સોનલ શુક્લ

૪ ગુજરાતમાં સ્ત્રીશિક્ષણ ૨૩
કલ્પના શાહ

૫ ગુજરાતમાં રોજગારમાં સ્ત્રીઓની ભાગીદારી ૩૭
ઉષા કાન્હેરે

૬ ગુજરાતી નવલકથામાં આધુનિક નારીનું નિરૂપણ ૫૪
અંજના દેસાઈ

૭ નારી મુક્તિ ગીતો ૬૬
કલ્પના શાહ

૮ સ્ત્રીની વ્યક્તિમત્તા અને સ્વતંત્ર વિકાસ ૭૨
વિભૂતિ પટેલ

૯ 'કથા પુનઃરચનાની': સબળ પ્રતિકારની કથની ૭૪
આમ્રપાલી દેસાઈ

૧૦ સ્ત્રીઓને થતો આર્થિક અન્યાય—એક સમજૂતી ૭૯
ઈન્દિરા હિરવે

૧૧ શું ખરેખર સ્ત્રી પુરુષની સરખામણીમાં નીચી છે? ૯૫
વિભૂતિ પટેલ

૧૨ પત્ની કે નાગરિક? ૧૦૧
ભગીરથ શાહ

૧૩ ભર્તા રક્ષતિ યૌવનં ૧૦૯
સુરભિ શેઠ

૧૪ સ્ત્રીઓ, અંધશ્રદ્ધા અને વહેમો ૧૨૩
અંજલિ ધવલ મહેતા

૧૫ દહેજ દીકરીના સુખ ખાતર કે તેનો મિલકત હક્ક છીનવી લેવા? ૧૨૯
મધુ કિશ્વર

૧૬ સ્ત્રી તવારીખ—એક ઐતિહાસિક ઝલક (૧૮૧૯—૧૯૮૭) ૧૩૮
સિદ્ધિ ઝવેરી

# લેખકવૃંદ


**નીરા દેસાઈ**
સમાજશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર અને નિયામક, એસ. એન. ડી. ટી. વીમેન્સ રીસર્ચ સેન્ટર, મુંબઈ

**ઈલા પાઠક**
અંગ્રેજીનાં પ્રાધ્યાપિકા અને 'અવાજ' સંસ્થાના નિયામક

**સોનલ શુક્લ**
કાર્યકર, નારી અત્યાચાર વિરોધી મંચ, મુંબઈ; અને પત્રકાર

**કલ્પના શાહ**
લેકચરર, ડીપાર્ટમેન્ટ ઓફ રુરલ સ્ટડીઝ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**ઉષા કાન્હેરે**
રીડર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**અંજના દેસાઈ**
પ્રોફેસર, અંગ્રેજી વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**વિભૂતિ પટેલ**
પીએચ. ડી.નાં વિદ્યાર્થિની, મુંબઈ યુનિવર્સિટી અને ઇન્કલાબી કોમ્યુનિસ્ટ પક્ષના સભ્ય

**આમ્રપાલી દેસાઈ**
પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર, શ્રમિક વિદ્યાપીઠ, સુરત

**ઇન્દિરા હિરવે**
ગાંધી લેબર સંસ્થા, અમદાવાદમાં પ્રોફેસર

**ભગીરથ શાહ**
કાયદાના પ્રાધ્યાપક અને વકીલ

**સુરભિ શેઠ**
સંસ્કૃતનાં પ્રાધ્યાપિકા, દોલતરામ કોલેજ, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી

**અંજલિ મહેતા**
પ્રાધ્યાપિકા, બી. કે. સ્કૂલ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**મધુ કિશ્વર**
દિલ્હી યુનિવર્સિટીમાં પ્રાધ્યાપિકા, 'માનુષી' સામયિકનાં સંપાદક

**સિદ્ધિ ઝવેરી**
લેખિકા, મુંબઈમાં નારી મુક્તિ પ્રવૃત્તિમાં સક્રિય


❁ ❁

# ભારતમાં સ્વાયત્ત સ્ત્રીમુક્તિ આંદોલન

**નીરા દેસાઈ**

## ૧

ભારતમાં સ્ત્રીમુક્તિ આંદોલનની શરૂઆત ક્યારથી થઈ એ નક્કી કરવું વિકટ છે. ઓગણીસમી સદીમાં જ્યારે સમાજસુધારકોએ અન્ય સુધારાઓની માગણી સાથે સ્ત્રીના દરજ્જાને સુધારવાની માગણી જોરશોરથી કરી અને એ માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ પણ શરૂ કરી—એને આપણે સ્ત્રીવિમુક્તિ આંદોલનનું પ્રથમ ચરણ ગણીશું? રાષ્ટ્રીય ચળવળની પાર્શ્વભૂમિકામાં ૧૯૨૬ પછી અખિલ હિંદ મહિલા પરિષદના નેતૃત્વ નીચે સ્ત્રીસમાનતા માટેની અનેક માગણીઓ તથા પ્રવૃત્તિઓ થવા માંડી તેને શું આપણે સ્ત્રીમુક્તિ આંદોલનનું સીમાચિહ્ન ગણી શકીએ? તેલંગાણા, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ વગેરે વિસ્તારોમાં ખેતમજૂરોની લડતમાં કે નકસલબારી લડતમાં કે પછી નવનિર્માણ આંદોલનમાં સ્ત્રીઓના ફાળાને મુક્તિ આંદોલનનું પ્રારંભનું સોપાન ગણી શકાય? અથવા તો ૧૯૭૫ બાદ સ્ત્રીઓનાં સ્વાયત્ત જૂથો ઊભાં થયાં અને જેમાં સ્ત્રીઓનો દરજ્જો, સ્ત્રીની પરાધીનતા અને સમસ્યા અંગે કેટલાક પાયાના પ્રશ્નો ઉઠાવવામાં આવ્યાં તેને શું સ્ત્રીમુક્તિ આંદોલનનું પહેલું પગલું ગણી શકાય? સ્ત્રીમુક્તિ આંદોલનની શરૂઆત ક્યારથી થઈ એ પ્રશ્નનો જવાબ આપણી આંદોલનની વ્યાખ્યા શું છે તેના ઉપર તથા સ્ત્રીવિમુક્તિ માટે લડત ઉપાડતી સંસ્થાઓનાં વિવિધ પ્રકારોનાં વિશ્લેષીકરણ ઉપર અવલંબે છે.

સમાજશાસ્ત્રીઓ સામાજિક આંદોલનની વ્યાખ્યા કેટલાંક લક્ષણો દ્વારા આપે છે. સામાજિક આંદોલન, સામાજિક પરિવર્તન આણવા માટેની પ્રયત્નપૂર્વક, સંગઠિત, સામૂહિક પ્રવૃત્તિ છે. આંદોલનનાં ચાર તત્ત્વો છે: વિશિષ્ટ ઉદ્દેશ, આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટેના સંનિષ્ઠ પ્રયાસો, આંદોલનમાં સહભાગીઓની સક્રિયતા પ્રાપ્ત કરવા માટે સંગઠન અને વિચારસરણી.[1] જાણીતા સ્ત્રીમુક્તિ કાર્યકર ગેલ ઓમવેટ મહિલા આંદોલનની વ્યાખ્યા આપતાં જણાવે છે કે સ્ત્રીસમાનતા અને વિમુક્તિના ઉદ્દેશો હાંસલ કરવાનો સંગઠિત પ્રયાસ એટલે મહિલા આંદોલન. આ ઉદ્દેશો કેવી રીતે હાંસલ કરી શકાય તેને માટે સૈદ્ધાંતિક સમજણ જરૂરી છે. ઉપરાંત જુદે જુદે સમયે, સ્ત્રીઓની વિવિધ માગોને લક્ષમાં રાખી સ્ત્રીઓને એકજૂથ (mobilization) કરવાની પણ એટલી જ આવશ્યકતા છે.[2] ટૂંકમાં મહિલા આંદોલનમાં સ્ત્રીવિમુક્તિના ઉદ્દેશો, સંગઠન, સૈદ્ધાંતિક અભિગમ અને સ્ત્રીઓની એકજૂથતા આવશ્યક છે. કોઈપણ આંદોલનમાં પૂર્ણતઃ આ બધાં જ લક્ષણોનું અસ્તિત્વ સમાન સ્વરૂપે ન મળી આવે એ સ્વાભાવિક છે. ભારતીય સમાજમાં સ્ત્રીવિમુક્તિ આંદોલનનું સ્વરૂપ અને સમસ્યાઓ કેવાં છે તે આ લેખ દ્વારા તપાસવાનો પ્રયાસ છે. આપણે પ્રસ્તુત લેખમાં બે મુદ્દાઓની ચર્ચા કરીશું: સ્વાયત્ત સ્ત્રીમુક્તિ આંદોલન એટલે શું? આ જૂથો ચીલાચાલુ સ્ત્રીસંસ્થાઓથી ક્યાં જુદાં પડે છે? બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે આ જૂથોને કયા પ્રશ્નો મૂંઝવે છે? આ જૂથનું ભાવિ શું છે?

## ૨

**સ્વાયત્ત સ્ત્રીજૂથ** (antonomons women's) group) **એટલે શું?**

પશ્ચિમના દેશોમાં છેલ્લાં વીસ-પચીસ વર્ષથી અને ભારતમાં છેલ્લા એક દાયકાથી સ્વાયત્ત સ્ત્રીજૂથો વિવિધ સ્વરૂપે જોઈ શકાય છે. સ્ત્રીઓએ જાહેર પ્રવૃત્તિઓમાં અને રાજકારણમાં ભાગ લેવા માંડ્યો, એમાં અગ્રેસર સ્થાન પ્રાપ્ત કર્યું; વિવિધ પ્રકારનાં સંકટો અને જોખમોમાં પીછેહઠ ન કરી, છતાં પણ ડાબેરી પક્ષોમાં સ્ત્રી-કાર્યકર્તાઓને અનેક પ્રકારના ભેદભાવયુક્ત વર્તનનો અનુભવ થયો.* ક્રાન્તિકારી લડતના બધા જ તબક્કે સ્ત્રી સહભાગ લેતી હોવા છતાં પક્ષની નિર્ણાયક પ્રવૃત્તિમાંથી સ્ત્રીને બાકાત રાખવામાં આવતી. સ્ત્રીઓના પ્રશ્નો અન્ય પ્રશ્નોની સરખામણીમાં ગૌણ ગણવામાં આવે; પહેલાં રાજકીય ક્રાન્તિ અને પછી સ્ત્રીસમાનતા અને સ્વાતંત્ર્ય જેવા અગ્રતાક્રમો રજૂ કરવામાં આવે; સમાનતાની કે સ્ત્રી-સ્વાતંત્ર્યની આગ્રહી યુવતી હાંસીને પાત્ર, ઠઠ્ઠાને પાત્ર. અવગણનાને પાત્ર બને. લડતમાં લોકબળ જોઈએ ત્યારે મહિલા-કાર્યકર્તાઓની પળશી કરાય અને લડત પૂરી થાય એટલે એમનું સ્થાન પત્રિકા વહેંચવાનું, કે ફંડ એકઠું કરવાનું કે પછી ચા બનાવવાનું—આવા અનેક અનુભવો રાજકારણમાં જે સ્ત્રીઓ આગળ પડતો ભાગ લેતી આવી છે તેને જુદી જુદી માત્રામાં થયા છે.[3] ૧૯૬૦ પછી બાહ્ય સ્ત્રીમુક્તિ આંદોલન જેમ જેમ વિકાસ પામતું ગયું તેમ તેમ ડાબેરી પક્ષનાં સ્ત્રી-કાર્યકર્તાઓમાં પણ સજાગતા આવી; પક્ષમાં પ્રવર્તી રહેલ પિતૃસત્તાક મૂલ્યવ્યવસ્થા અને પુરુષપ્રધાન સંચાલન પદ્ધતિ અંગે ગ્લાનિ, વિરોધ, રોષ, અસંતોષ વગેરે અનેક લાગણીઓ સ્ત્રીઓ અનુભવવા લાગી. આર્થિક ક્ષેત્રે જેમ અનામત સૈન્ય (reserve army)ની વિભાવના છે, તેવી જ વિભાવના કંઈક અંશે રાજકારણમાં પણ ધ્યાનમાં આવી. મહિલાઓ એક અનામત જૂથ છે, જેમને જરૂર પડે ત્યારે બોલાવવી, એમની પાસે જુદાં જુદાં કાર્યો કરાવવાં અને લડત પૂરી થાય એટલે એમને કહેવું કે હવે તમારી જરૂર નથી; યુદ્ધને અંતે મળેલ સત્તાની લૂંટની વહેંચણી અમે અમારી મેળે અંદર અંદર કરી લઈશું એવી નીતિ અનેકવાર અખત્યાર કરવામાં આવતી. ઉપરાંત ઘણી સ્ત્રીઓએ વિવિધ સ્તરે ભોગ આપીને પુરુષ સાથીઓને પીઠબળ આપ્યું હોય, પડદા પાછળ રહીને અનેક સેવા બજાવી હોય પરંતુ એની મર્યાદિત ગણતરી થાય—આવા વિવિધ પ્રકારના અનુભવોએ મહિલા કાર્યકરોને ધીમે ધીમે પોતાના અસમાન દરજ્જાની પ્રતીતિ કરાવી. બીજી બાજુ સૈદ્ધાન્તિક મહત્ત્વનો એક પ્રશ્ન ઉપસ્થિત થયો. અનેક સ્ત્રી-કાર્યકર્તાઓની દૃઢ માન્યતા થવા માંડી કે વર્ગસંઘર્ષની લડતની લગોલગ જ પિતૃસત્તાક મૂલ્યો સામે લડત પણ કરવી રહી. સ્ત્રીઓની પરાધીનતાના મૂળમાં વર્ગવ્યવસ્થા અને પિતૃસત્તાક પ્રથા (patrimnoy) છે. આથી પહેલા વર્ગવિહીન સમાજ રચીએ અને પછી અસમાન કે ભેદભાવયુક્ત જુલ્મોનો સામનો કરીશું એ માન્યતા ભૂલભરેલી જણાઈ. રાજકીય પક્ષોના અનુભવો અને અન્ય સામ્યવાદી દેશોમાં પ્રચલિત સ્ત્રી-સમાનતાથી સ્ત્રીઓને એવી વિશેષ ખાતરી થઈ કે સ્ત્રીઓના પ્રશ્નોને, પક્ષની મહિલા પાંખમાં રહીને, નીડરતાથી, પરલક્ષીપણે અને સંવેદનશીલતાથી જોઈ શકાશે નહિ. આથી જ સ્ત્રીઓનાં જુદાં—સ્વાયત્ત જૂથો હોવાં જોઈએ જે સ્ત્રીઓના પ્રશ્નોને કેન્દ્રસ્થ બનાવે, એને માટે લડત ઉપાડે. આગળ જણાવ્યું તેમ, સ્વાયત્ત જૂથની આવશ્યકતા એક બીજા કારણસર પણ ઊભી થઈ. સ્ત્રીની અધીનતા (subordination) સમાજમાં પ્રવર્તી રહેલ આર્થિક અસમાનતા અને પિતૃસત્તાક મૂલ્યવ્યવસ્થાની નીપજ છે. સાચા અર્થમાં સ્ત્રી વિમુક્તિ ક્યારે થાય કે જ્યારે વર્ગવ્યવસ્થા નષ્ટ થાય અને પિતૃસત્તાક મૂલ્યવ્યવસ્થા નાબૂદ થાય. ટૂંકમાં પશ્ચિમમાં સ્ત્રીઓનું સ્વાયત્ત મુક્તિઆંદોલન આ પાર્શ્વભૂમિકામાં ઉત્પન્ન થયું એવું વિધાન ખોટું નહિ ઠરે.

……

* આ વિધાનનો અર્થ એ નથી કે જમણેરી કે સ્થાપિત સરકારી સંગઠનોમાં સ્ત્રી-કાર્યકર્તાઓને આવા અનુભવો થતાં નથી, પરંતુ આ સંગઠનોનાં મૂળ અસમાનતા, શ્રેણીબદ્ધતા (hierachy), સત્તાની જાગીર વગેરેમાં રહ્યાં હોવાથી એમને આ ક્ષેત્રે બાકાત રાખ્યાં છે.



ભારતમાં આ સ્વાયત્ત જૂથના પ્રવાહની શરૂઆત લગભગ ૧૯૭૦ પછી થાય છે એમ કહી શકાય. જોકે ભેદભાવ યુક્ત વલણની સ્પષ્ટ કબૂલાત છેલ્લાં બે ત્રણ વર્ષથી જ થાય છે. નકસલવાદી આંદોલનમાં, તેલંગણાની ખેતમજૂર લડતમાં, મહારાષ્ટ્રના ધુળિયા વિસ્તારમાં જમીનપ્રાપ્તિ આંદોલનમાં, 'ચીપકો' આંદોલનથી મશહૂર થયેલ વનવૃક્ષની જાળવણીમાં, વારલી જાતિની લડતમાં, રેલ્વે હડતાલ તેમ જ મુંબઈની કાપડ ઉદ્યોગના કામદારોની ઐતિહાસિક લડતમાં, સ્ત્રીઓએ સક્રિય ભાગ લીધો હોવા છતાં સ્ત્રી કાર્યકર્તાઓને અનેક રીતે ગૌણ સ્થાન મળ્યું; સ્ત્રીઓની સમસ્યાઓને, સ્ત્રીઓની જરૂરિયાતોને પ્રધાન ગણવામાં ન આવી; આ ઘટનાઓની અને અનુભવોની પ્રતીતિ અને એકરાર ધીમે ધીમે થવા માંડ્યા.

ઈ. સ. ૧૯૭૦માં જ્યારે જરૂરિયાતની ચીજવસ્તુઓમાં ભાવવધારો ટોચ ઉપર પહોંચી ગયો ત્યારે અનેક રાજકીય પક્ષોના સ્ત્રીસભ્યો, ઉપરાંત મધ્યમ વર્ગની બહેનોએ લગભગ દોઢ વર્ષ સુધી ભાવવધારા વિરોધી ઉગ્ર ચળવળ ચલાવી જેનું સંપૂર્ણ નેતૃત્વ સ્ત્રીઓએ લીધું. આર્થિક ભીંસનો ભોગ મધ્યમ વર્ગની અને નીચલા વર્ગની સ્ત્રીઓ કેટલી બને છે તે પરત્વે રાજકીય સત્તાધીશોનું ધ્યાન આ લડતે દોર્યું. ઈ. સ. ૧૯૭૦માં ભારત સરકારે ભારતીય મહિલાના દરજ્જા અને ભૂમિકા અંગે એક કમિશન નીમ્યું હતું જેનો અહેવાલ 'સમાનતાને માર્ગે' Towards Equality નામક ૧૯૭૪ના ડિસેમ્બરમાં બહાર પડ્યો. આ અહેવાલે ભારતીય સ્ત્રીનું સ્થાન અને દરજ્જો ખૂબ ઊંચો છે એ વાતને ભ્રામક ઠરાવતી કેટલીક ચોંકાવનારી હકીકતો બહાર આણી. અહેવાલમાં જણાવવામાં આવ્યું કે સંગઠિત વ્યવસાયક્ષેત્રે સ્ત્રીઓની સંખ્યા ઓછી થતી જાય છે; જ્યારે બિનસલામત, ઓછા અને અનિયમિત વેતનવાળા અને વધારે શોષણયુક્ત એવા બિનસંગઠિત ક્ષેત્રે સ્ત્રીઓ વધારે ને વધારે નજરે ચઢે છે; રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓનો સહભાગ ઘટતો જાય છે; આરોગ્યક્ષેત્રે બીમારી અને સારવારની અછત અનેક સ્વરૂપે પ્રગટ થાય છે; સ્ત્રીના આર્થિક ફાળા ઉપર અવલંબન રાખતાં કુટુમ્બોની સંખ્યા વધતી જાય છે. દહેજ, બળાત્કાર, મારઝૂડ જેવી અમાનુષી પ્રથાઓ વ્યાપક બને છે—આમ અનેક ક્ષેત્રે સ્ત્રીની પરાધીનતાનાં, લાચારીનાં, સત્તાવિહીનતાનાં પ્રમાણો અહેવાલે આપ્યાં. બંધારણીય સમાનતા અને વાસ્તવિક અસમાન સ્થાન વચ્ચેના મોટા અંતરાયને દૂર કરવાની અનિવાર્યતા અહેવાલમાં સ્પષ્ટ થઈ. બીજી બાજુ, અહેવાલના ઘડવૈયાઓએ એમ પણ જાહેર કર્યું કે, સ્વાતંત્ર્ય પૂર્વે મહિલા આંદોલનમાં અગ્ર સ્ત્રી-સંગઠનો અત્યારે આ માટે માત્ર નામનું અસ્તિત્વ જ ધરાવે છે અથવા સામાન્ય ચીલાચાલુ સીમિત પ્રવૃત્તિમાં પોતાનો સમય વિતાવે છે.[4] ૧૯૪૭ પહેલાંના તરવરાટ, ક્રિયાશીલતા, સ્ત્રીના સમાન હક્ક માટેની ઝુંબેશ વગેરે આઝાદી પછી ભાગ્યે જ જોવા મળે છે; આથી વાસ્તવિક અસમાન સ્થાન અને તેને દૂર કરવાની તમન્ના વચ્ચે પણ મોટી ખાઈ જણાય છે.

૧૯૭૫માં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ (જે સમયે ભારતમાં કટોકટી જાહેર કરવામાં આવી હતી) દરમિયાન દાયકાઓ બાદ, સ્ત્રીઓની અસમાનતા, એની બંધનયુક્ત પરિસ્થિતિ, વિવિધ ક્ષેત્રે અને વિવિધ માર્ગો દ્વારા અનુભવાતા અન્યાય જેવાં પાસાંઓ ઉપર અનેક પરિષદો, પરિસંવાદો વગેરે યોજાયાં અને સ્ત્રીઓના પ્રશ્નો ધીમે ધીમે કેન્દ્રસ્થ બનવા માંડ્યા. ૧૯૭૫માં ૮મી માર્ચે મહિલા દિન પણ ઊજવવામાં આવ્યો. ઈ. સ. ૧૯૭૮માં પહેલી વાર દિલ્હી, કાનપુર, ગુજરાત વગેરે સ્થળોની સક્રિય કાર્યકર્તા બહેનો મુંબઈમાં એકત્ર થઈ અને સ્ત્રીઓના પ્રશ્નોની ગંભીરતા અંગે ચર્ચા કરી. આ જ બેઠકમાં એકબીજાની પ્રવૃત્તિઓ વિશે આદાનપ્રદાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને 'માનુષી' નામક નારીવાદી સામયિક

કાઢવાનો નિર્ણય પણ લેવાયો. ઈ. સ. ૧૯૭૯માં સામૂહિક બળાત્કારના અહેવાલો વધારે ને વધારે પ્રકાશમાં આવતા ગયાં; દિલ્હીના ચાર પ્રોફેસરોની મથુરા બળાત્કાર કેસની ફેરતપાસ માટેની માગણી સુપ્રીમ કોર્ટે માન્ય રાખી જેને પરિણામે સ્ત્રીઓની લડતમાં એક નવું જોમ આવ્યું; ધીમે ધીમે ભારત ભરમાં અનેક સ્વાયત્ત જૂથો ઊભાં થયાં જેમણે સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો ઉપર પ્રવૃત્તિઓ કેન્દ્રિત કરી ચળવળ ઉપાડી.[૫] ૧૯૮૦માં મુંબઈમાં બળાત્કાર વિરોધી મંચે સ્વાયત્ત જૂથોની એક પરિષદ ગોઠવી. આ સમયે બળાત્કાર, કુટુંબમાં સ્ત્રીના હક્કો, સ્ત્રી અને સ્વાસ્થ્ય, સ્ત્રી અને સમૂહ સંચારનાં માધ્યમો સમાજવાદ અને નારીવાદ જેવા અનેક મુદ્દાઓ ઉપર ત્રણ દિવસ ચર્ચાઓ થઈ. ત્યારબાદ અનેક વિસ્તારોમાં આવાં જૂથો ઊભાં થયાં; ચર્ચાસ્પદ બનાવો અંગે દેખાવો યોજાયા; વિવિધ સ્તરે મુખપત્રો બહાર પાડવામાં આવ્યાં. આત્મનિર્ભરતાને મહત્ત્વ આપી આરોગ્ય, કાયદા વિષયક રાહત, શિક્ષણ વગેરે ક્ષેત્રે જે કોઈ પણ પ્રશ્નો ઊભા થાય એમાં સ્ત્રીઓ પાસે જ માર્ગદર્શન લેવું એ ભાવના પણ વધતી ગઈ. સાંસ્કૃતિક ક્ષેત્રે શેરી નાટકો, સ્ત્રીમુક્તિનાં ગીતો, પ્રદર્શનો, કલાપ્રયોગો વગેરે અનેક પ્રવૃત્તિઓ વધતી ગઈ. આ રીતે સ્ત્રીઓના પ્રશ્નો ઉપર, પરિસ્થિતિ ઉપર અનેક રીતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. બીજી બાજુ, સ્ત્રીઓની સુપ્ત કલાત્મક શક્તિઓને આવિષ્કાર પણ મળવા માંડયો. સ્વાયત્ત લડતની ચરમ સીમા ૧૯૮૫ના ડિસેમ્બરમાં મુંબઈમાં યોજાયેલી સ્ત્રીવિમુક્તિ પરિષદમાં જોઈ શકાય છે. લગભગ ત્રણસો બહેનો, સો સંગઠનોનું પ્રતિનિધિત્વ ધરાવતી, એકઠી થઈ અને ચાર દિવસ સુધી સ્ત્રીઓને સ્પર્શતા અનેક વ્યવહારુ તેમ જ સૈદ્ધાન્તિક વિષયો ઉપર ચર્ચા થઈ. આ પરિષદની વિશિષ્ટતા એ હતી કે બધાં જ ડાબેરી જૂથો, પાયાના કાર્યકરો (grass root workers) સ્ત્રી સંશોધન સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમ જ વિકાસને ક્ષેત્રે કાર્ય કરતી મહિલાઓએ પણ આમાં ભાગ લીધો હતો. એક બેઠક સ્વાયત્ત જૂથોનાં કાર્યોના મૂલ્યાંકન માટે પણ યોજવામાં આવી હતી. આમ લગભગ ૧૯૭૦થી શરૂ થયેલો આ પ્રવાહ ધીમે ધીમે વેગ પકડતો ગયો. ૧૯૭૮ પછી વધારે અસરકારક બન્યો અને છેવટે એવી પણ ક્ષણ આવી છે કે જ્યારે આ જૂથોની સફળતા અને મર્યાદાઓનું સરવૈયું કાઢી શકાય.

છેલ્લા દાયકા દરમિયાન સ્વાયત્ત મહિલા જૂથોનાં અનેક સ્વરૂપો જોઈ શકાય છે. એમની પ્રવૃત્તિઓ પણ અનેકવિધ છે; એમની અસરકારકતા પણ સમતોલ નથી રહી. સ્થાપિત સ્ત્રી-સંગઠનોથી અનેક દૃષ્ટિએ આ સંગઠનો જુદાં પડે છે તેની નોંધ પણ લેવી રહી. આ જૂથોના શું પ્રશ્નો છે તથા આ લડતનું ભાવિ શું છે એ મુદ્દાઓ ઉપર આપણે થોડીક ચર્ચા કરીશું.

## ૩

**સ્થાપિત (Established) સ્ત્રીસંસ્થાઓ અને સ્વાયત્ત મહિલાસંગઠનો :**

આગળ આપણે નોંધ લીધી કે ડાબેરી પક્ષોના કેટલાક વિશિષ્ટ અનુભવોને પરિણામે રાજકીય પક્ષો સાથે સંકળાએલી મહિલાઓને પોતાના સ્વાયત્ત જૂથ રચવાની જરૂર જણાઈ. આ સાથે બીજો પ્રશ્ન એ ઊભો થાય છે કે આ મહિલાઓ આવે સમયે સ્થાપિત મહિલા સંગઠનોમાં શા માટે ન જોડાઈ? અખિલ હિન્દ મહિલા પરિષદ કે એવી અનેક સંસ્થાઓ છે, જે સ્ત્રીઓના પ્રશ્નોને કેન્દ્રમાં રાખી પ્રવૃત્તિ કરે છે તે સંસ્થાઓ આ મહિલાઓને કેમ આકર્ષી ન શકી?

આનો જવાબ, સ્થાપિત મહિલા સંગઠનોમાં આઝાદી બાદ પ્રસરેલા નિષ્ક્રિયતા, સમાધાની વલણ, કેટલાક સંજોગોમાં પરંપરાગત મૂલ્યો અને સંસ્થાઓને દૃઢ કરતી પ્રવૃત્તિઓ, કોમવાદ અને જ્ઞાતિવાદ પરત્વે આંખમિચામણા તથા સરકારી સહાય ઉપરના અવલંબન જેવાં લક્ષણોમાં રહેલો છે. તરવરતી, નિષ્ઠાવાન, પાયાનાં કાર્યોમાં રસ ધરાવતી યુવતીઓને



ચીલાચાલુ ઘરેડમાં પડી ગયેલી સંસ્થાઓ પોતાની પાંખમાં સમાવી ન શકી અને આ મહિલાઓને પોતાનાં જુદાં મહિલાજૂથો રચવાની જરૂર ઊભી થઈ.[૬]

આઝાદી પૂર્વે અખિલ હિન્દ મહિલા પરિષદ જેવી ઉદારમતવાદી સ્ત્રી-સંસ્થા, સ્ત્રીઓની સમાનતા માટે શિક્ષણ, વ્યવસાય, રાજકારણ વગેરે ક્ષેત્રે સ્ત્રી સહભાગ લઈ શકે તેને માટે માગણીઓ કરતી હતી. હિન્દુ ધારામાં સુધારણાની ઝુંબેશ પણ આ જ સંસ્થાને આભારી હતી. પરંતુ આઝાદી બાદ આ બધી સંસ્થાઓ કાં તો સભ્ય સ્ત્રીઓને થોડીક રોજી મળી શકે તે માટેના આર્થિક રાહતના કાર્યક્રમો યોજતી અથવા તો સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો ગોઠવી સ્ત્રીઓમાં કામ કર્યાનો સંતોષ મેળવતી સંસ્થાઓ બની ગઈ. ઉપરાંત આઝાદી પૂર્વેની સ્ત્રી-નેતાગીરીને પણ આઝાદી બાદ કેટલાંક માન અને સત્તાનાં સ્થાનો પ્રાપ્ત થયાં, પરિણામે પણ સ્થાપિત સ્ત્રી-સંસ્થાઓ નિષ્પ્રાણ બની ગઈ. સમગ્ર સમાજને બદલવા માંગતી. પિતૃસત્તાક મૂલ્યોને પડકારતી, ઊંચનીચના કોટીક્રમોનો અસ્વીકાર કરતી યુવાન સ્ત્રીઓ સ્વીકૃત પ્રવાહમાં ગોઠવાએલી સ્ત્રી-સંસ્થાઓ (main stream women's organization) સાથે તાલમેલ સાધી શકે તેવી સંભાવના ન હતી. આથી સ્વાયત્ત સ્ત્રી-સંગઠનો જન્મ્યાં એમ પણ કહી શકીએ.

સ્વીકૃત સંસ્થાઓ અને સ્વાયત્ત સ્ત્રી-સમૂહો વચ્ચે કેટલાક તફાવતો આપણું ધ્યાન તરત જ ખેંચે છે. સ્વાયત્ત સ્ત્રી-સમૂહોમાં મહદ અંશે યુવાન સ્ત્રીઓ, લગભગ ૨૦ થી ૪૦ વર્ષની સ્ત્રીઓ સભ્યપદ અને અગ્રેસરતા ધરાવે છે. મોટે ભાગે આ બહેનો યુનિવર્સિટીનું ઉચ્ચ શિક્ષણ પામેલ ડિગ્રીધારીઓ હોય છે અને શહેરી મધ્યમ વર્ગમાંથી આવે છે. એમના પહેરવેશ, હાવભાવ. વર્તન, વાતચીતના ઢંગ, માન્યતાઓ બધું જ યૌવન સુલભ તરવરાટ, સ્વીકૃત મૂલ્યોને પડકાર અને ઉદ્દામતા દર્શાવે છે. આથી ઘણી વાર એમ પણ માનવામાં આવે છે કે નારીવાદ એટલે અરાજકતા, મૂલ્યવિહીનતા બંડખોરતા.

આ બધાં લક્ષણો ઉપરાંત સ્વાયત્ત સ્ત્રી-સમૂહોના આવિર્ભાવ માટે એક બીજું કારણ પણ જવાબદાર હોય એમ જણાય છે. સ્થાપિત સંસ્થાઓમાં જે શ્રેણીબદ્ધતા, ઊંચનીચના ક્રમ (hierachary) હોય છે, સત્તાની ઈજારાશાહી હોય છે, વડીલશાહી, ધનિકશાહી હોય છે અને કાર્યનો નિર્ણય કરવામાં એકહથ્થુશાહી જોવામાં આવે છે તેનો આ નવાં સંગઠનો જોરશોરથી વિરોધ કરે છે. તેઓનું માનવું છે કે સંસ્થાકીય માળખું બેડી સમાન ન બની જાય તે જોવું જોઈએ. મોટે ભાગે પ્રમુખ, સેક્રેટરી કે કોષાધ્યક્ષ જેવા હોદ્દાઓને તેઓ નકારે છે. બધાં જ કાર્યકરો એક સમૂહ collective તરીકે પોતાને ઓળખાવે છે. નિર્ણયો પણ આ જ દૃષ્ટિએ લેવાતા હોય છે. આ જૂથના ઘણા સભ્યો રાજનીતિ અંગે સ્પષ્ટ ખ્યાલો ધરાવે છે. કેટલાંક તો વળી રાજકીય પક્ષોના સભ્યો પણ હોય છે. પરંતુ આ જૂથો આગળ જણાવ્યું તેમ કોઈ રાજકીય પક્ષની પાંખ નથી. એક જ જૂથમાં અનેક વિચારસરણીઓ — સર્વોદયવાદથી નકસલવાદ પણ મળી આવે છે. મહદ અંશે આ જૂથો ડાબેરી વિચારસરણી ધરાવતાં હોય છે.

સ્વાયત્ત જૂથોની બીજી લાક્ષણિકતા એ છે કે નીચલા વર્ગની, કચડાયેલી, શોષિત, ન્યાયથી વંચિત એવી સ્ત્રીઓના પ્રશ્નો ઉપર આ જૂથો વિશેષ ધ્યાન આપે છે. બિનસંગઠિત ઉદ્યોગ ક્ષેત્રે કાર્ય કરતી સ્ત્રીઓ, ખેતમજદૂર સ્ત્રીઓ, ઝૂંપડીમાં રહેતી સ્ત્રીઓ, બળાત્કાર, દહેજ કે મારઝૂડ જેવી ક્રૂર અમાનુષી યાતનાઓનો ભોગ બનતી સ્ત્રીઓ ઉપર આ જૂથો વિશેષ લક્ષ આપે છે. ઉપરાંત રાહતના કાર્ય કરતી વખતે પણ તેઓનો દૃષ્ટિકોણ લાભાર્થીને વધારે આત્મનિર્ભર અને નીડર બનાવવાનો હોય છે—એના ઉપર કાયમ દયા દાખવવાનો, દુઃખી ગણીને સમાધાનને માર્ગે લઈ જવાનો નથી હોતા. આમ સ્વાયત્ત જૂથો આપણી સમક્ષ એક વિરોધાભાસ ખડો કરે છે. કાર્યકર્તાઓ મધ્યમવર્ગના, શહેરી, ઉચ્ચ કેળવણી પામેલા હોય છે—આ અર્થમાં ચીલાચાલુ સંસ્થાઓથી બહુ જુદા પડતા નથી. ફરક જે વર્ગના પ્રશ્નો લેવામાં

આવે છે તેમાં, પ્રશ્નની જાણુાવટમાં, કાર્યપદ્ધતિમાં અને ઉકેલમાં રહેલો છે.

ટૂંકમાં સ્વાયત્ત જૂથો મહિલાઓનાં જ અને એમનામાં ઐક્યની ભાવના ઉત્પન્ન કરવા માટેનાં છે. આથી એમનાં નામો પણ સૂચક હોય છે. મૈત્રિણી, સખી, કેન્દ્ર, સહિયર કે સહેલી જેવા સમવયસ્ક-સમાન દરજ્જાના નિર્દેશ કરતાં નામો સાથે સાથે સંઘર્ષ સૂચક નામો જેવાં કે મહિલા સંઘર્ષ સમિતિ, નારીવાદી મંચ, નારી અત્યાચાર વિરોધી મંચ મળી આવે છે. સાથે સાથે ચિનગારી, સચેતના, સ્ત્રી શક્તિ, અવાજ જેવાં તાકાત સૂચક નામો પણ સંભળાય છે.

## ૪

## સ્વાયત્ત જૂથો સમક્ષ પ્રશ્નો

આગળ જોયું તેમ સ્વાયત્ત જૂથોની સંખ્યા થોડાંક વર્ષોમાં ઘણી વધી ગઈ છે. શરૂઆતમાં દિલ્હી, મુંબઈ કે હૈદ્રાબાદમાં મળી આવતા આ સમૂહો ભારતના લગભગ બધા જ વિસ્તારોમાં જોઈ શકાય છે. સ્ત્રીની અસમાનતા, કુટુંબમાં અને કુટુંબ બહાર એનું શોષણ, એના ઉપર ગુજરાતા અન્યાય જેવી પરિસ્થિતિ ઉપર જન સમાજનું ધ્યાન દોરવાનું શ્રેય આ જૂથોને જાય છે. તેમ છતાં આ જૂથોના કેટલાક મૂળભૂત પ્રશ્નો છે, જે માત્ર વ્યક્તિગત દોષમાંથી નથી ઊપજતા પરંતુ સ્ત્રીની પરાધીનતાની ગુંફિત પરિસ્થિતિમાંથી જન્મે છે જેનો નિર્દેશ અસ્થાને નહિ ગણાય. (૧) આ જૂથોની સંખ્યા વધી છે, પણ પ્રત્યેકનું સભ્યપદ ઘણું જ મર્યાદિત છે અને અસ્થાયી પણ છે. નીચલા વર્ગના પ્રશ્નો ઉપર કાર્ય કેન્દ્રિત કરવા છતાં, નીચલા વર્ગની સ્ત્રીઓનું સભ્યપદ અત્યન્ત નજીવું છે. આથી જે સામાજિક–આર્થિક વર્ગનું પીઠબળ, સંખ્યાબળ પ્રાપ્ત થવું જોઈએ તેમાં ઘણી વાર નિરાશા સાંપડે છે. મોરચાઓમાં કે દેખાવો યોજતી વખતે, વિચારસરણીમાં, સંગઠિત કાર્યમાં, પ્રચારમાં, દોડાદોડ કરવામાં આ જૂથોના કાર્યકરો અગ્રેસર હોવા છતાં સ્થાપિત રાજકીય પક્ષના પ્રતિનિધિઓ જ સંચાર માધ્યમોમાં દેખા દેતા હોય છે. જ્યાં ગણિતનું હોય ત્યાં આ જ સંભવે.

આની સાથે બીજો એક પાયાનો પ્રશ્ન ઊભો થાય છે: ત્રીજા વિશ્વના દેશોમાં ગરીબી અને બેકારીમાં સબડતી મોટા ભાગની સ્ત્રીઓ, પોતાની અંગત જરૂરિયાતોની માંગ ન હોય તો કેટલા પ્રમાણમાં આગળ આવશે? બૌદ્ધિક કક્ષાએ સમાનતાની કે ન્યાયની કે બિનભેદભાવ વગરની નીતિની વાતો કોને આકર્ષશે? નબળા વર્ગની સ્ત્રીઓ કુટુંબમાં અને સમાજમાં બે અન્યાયોનો ભોગ બને છે—સ્ત્રી તરીકે અને ગરીબ તથા નીચલા વર્ગની સભ્ય તરીકે. આથી આ બન્ને પ્રશ્નો માટે સતત લડત ઉપાડવી, ચાલુ રાખવી અને કોઈક અંશે સફળતા મેળવવી એ શી રીતે બની શકે? આથી જ ઘણાં નારીજૂથોની મોટી મૂંઝવણ એ હોય છે કે તરછોડાયેલી કે મારઝૂડનો ભોગ બનેલી કે બેકાર સ્ત્રીનો પ્રશ્ન ઉકલી જાય પછી રોજબરોજની જંજાળમાં ફસાયેલી સ્ત્રી સંગઠનને ઉંબરે ચઢતી નથી.

(૨) આની સાથે સંકળાયેલો પ્રશ્ન એ પણ છે કે સ્વાયત્ત જૂથો અને જનસમુદાયની અન્ય લડતો વચ્ચે કેવા પ્રકારનો સંબંધ હોવો જોઈએ? શું તેઓ અન્ય લડતો કે આંદોલનોથી વિમુખ રહી શકશે? કોમી તંગદિલી વખતે કે અનામતની માગણી વખતે કે આદિવાસીઓ ઉપરના અત્યાચાર વિરોધી આંદોલનમાં, ભાષાવાદ કે સીમાવાદની ચળવળોમાં સ્વાયત્ત જૂથોએ શું કરવું? આ આંદોલનો, સ્ત્રીઓના પ્રશ્નોલક્ષી ન હોવાથી એમાં ભાગ ન લેવો?

ખેતમજૂરોની લડત હોય, કામદારોની લડત હોય, પોલીસના દમનનો કોરડો વિંઝાતો હોય કે પછી નાગરિક હક્કો માટેની લડત હોય એમાં સ્ત્રીઓના દેખીતા પ્રશ્ન ન હોય પરંતુ આખરે તો આ બધી જ સમસ્યાઓ સ્ત્રીને સ્પર્શે છે. રાજકારણ, અર્થકારણ, સાંસ્કૃતિક મૂલ્યો આ બધાં જ સ્ત્રીઓના દરજ્જા ઉપર



ગાઢ રીતે અસર કરે છે. અન્ય લડતો અને સ્ત્રી-આંદોલન વચ્ચે એક દ્વન્દ્વાત્મક સંબંધ છે. એમ પણ કહી શકાય કે ત્રીજા વિશ્વમાં આથી જ નારીવાદી આંદોલનને ઘણી વાર પુરુષો પણ સમર્થન આપતા હોય છે.

(૩) સ્વાયત્ત જૂથોમાં જેમ વિવિધ રાજકીય વિચારસરણીઓ ધરાવનારી વ્યક્તિઓ જોવામાં આવે છે તેમ સ્ત્રીની અસમાનતા અને પરાધીનતા અંગે પણ બધી જ સ્ત્રીઓ એકસરખો અભિગમ ધરાવતી નથી. કેટલાક, સ્ત્રીઓની પરાધીનતાના મૂળ અસમાન તકમાં, પરંપરાગત સંસ્થાઓ અને પ્રણાલીઓમાં જુએ છે; જ્યારે કેટલાક ઉત્પાદન તથા ઉત્પાદક કાર્યની વ્યવસ્થાને કારણે સ્ત્રીઓ પરાધીન સ્થિતિમાં હોય તેવું માને છે. વળી બીજા કુટુંબવ્યવસ્થામાં આધીનતાનાં મૂળ જુએ છે. ઉદારમતવાદી નારીવાદના અંશો, ઉદ્દામવાદી નારીવાદની આક્રમકતા અને સમાજવાદી નારીવાદની આભા—આમ વિવિધ વિચારસરણીઓના રંગોની ભાત આ જૂથોમાં જોઈ શકાય છે.

સ્થાપિત મહિલા સંગઠનોની સરખામણીમાં આ જૂથો બૌદ્ધિક ક્ષેત્રે અને વિચારસરણીમાં વધારે કાર્યરત હોવા છતાં, આજે પણ આ જૂથોમાં નારી આંદોલન અંગે ઓછી સ્પષ્ટતા જણાય છે. સ્ત્રીની પરાધીનતાનાં મૂળ, પિતૃસત્તાક મૂલ્યોની પ્રક્રિયા જેવા પ્રશ્નો ઉપર હજુ ગંભીરતાપૂર્વક બહુ ઓછો વિચાર થયો છે. સ્ત્રીના સ્વત્વનું ઘડતર શી રીતે થાય છે. નારીવાદી વિચારો આત્મસાત શી રીતે થાય છે કે થતા નથી વગેરે પ્રશ્નો ઉપર આ જૂથોમાં હજુ હમણાં જ ચર્ચાઓ શરૂ થઈ છે.

અહીં એક બીજી ઘટના પણ નોંધપાત્ર છે. નારીમુક્તિ આંદોલનમાં સંશોધક અને સક્રિય કાર્યકર્તા (activist) વચ્ચે એક અંતર ઊભું થયું છે. જેને દૂર કરવાની અત્યન્ત આવશ્યકતા છે. અત્યાર સુધી સ્ત્રી અભ્યાસકો મોટે ભાગે મધ્યમવર્ગની સ્ત્રીની ભૂમિકા, કાર્યબોજ, એનો દરજ્જો જેવા વિષયોની તપાસમાંથી ઊંચા આવતા નથી તો સ્વાયત્ત જૂથોમાં કામ કરતી કેટલીક બહેનો પોતાના આત્મભોગ અને પાયાના કામમાં પ્રવૃત્ત હોવાના ગર્વમાંથી નીચે ઊતરતી નથી. વસ્તુતઃ તો સંશોધનકર્તા અને સક્રિય કાર્યકર્તાઓ પરસ્પર આદાન પ્રદાન નહિ કરે તો, મહિલા આંદોલનને જ ધક્કો પહોંચશે. સક્રિય કાર્યકર્તા સૈદ્ધાન્તિક ભૂમિકા સમજ્યા વગર કાર્યક્રમની રેખા દોરી નહિ શકે એ ઘટના સ્વાયત્ત જૂથના સભ્યોએ સ્વીકારવી રહી.

(૪) રાજકારણ, સત્તાનું કેન્દ્રીકરણ અને સાઠમારી માત્ર બાહ્ય જગતમાં છે એમ નહિ, પરંતુ ઘરની ચાર દીવાલોની અંદર પણ દેખા દે છે. વ્યક્તિગત બાબતો અંતે તો સત્તાના સંબંધોમાં જ આવિર્ભાવ પામતી હોય છે એ વિભાવનાને સ્વાયત્ત જૂથો સમર્થન આપે છે. આ જૂથો એમ માને છે કે સ્ત્રીઓએ પોતાની અંગત બાબતોની વાતો ખૂબ મોકળાશથી કરવી જોઈએ. આથી જ આ જૂથોની સંરચના એવી હોવી જોઈએ કે જેમાં આ જરૂરિયાત સિદ્ધ થઈ શકે. બીજી બાજુ એમ પણ માનવામાં આવે છે કે કુટુંબમાં અધીનતાના જે સંબંધો છે, વિશેષતઃ પતિપત્ની વચ્ચેના. તેને પડકારવા જરૂરી છે. અંગત લાગણીથી સંકળાએલા અને મુલ્યવ્યવસ્થાનો ઓપ ધરાવતા આ સંબંધોની સામે અવાજ ઉઠાવવો અઘરો છે. છતાં આમાં જ અધીનતાનો અનુભવ વિશેષ થાય છે. આથી આ જૂથોના સભ્યો ઘણીવાર લગ્નસંસ્થામાં શ્રદ્ધા ધરાવતા નથી; અથવા તો લગ્નસંબંધ બાંધે તો સમાનતા અને સહકારયુક્ત વર્તનવ્યવહારની અપેક્ષા રાખે છે. પરંપરાગત, પુરુષલક્ષી માનસ ધરાવતા પતિરાજો કેટલે અંશે, અને ક્યાં સુધી એમના વર્ચસ્વના પડકારને ચલાવશે તે શંકાસ્પદ છે. નવી જીવનશૈલીનો આગ્રહ ધીમેધીમે વધતો જાય છે. આમ સ્વાયત્ત મહિલા આંદોલન માત્ર બહારની સત્તાધારી વ્યવસ્થા સામે નથી. પરંતુ, કુટુંબની અંદર અંગત સત્તા સંબંધોને પણ આવરી લે છે.

ઉપરાંત એક હકીકતનો સ્વીકાર પણ કરવો

જરૂરી છે. ભારત જેવા, વિકાસને માર્ગે જઈ રહેલા દેશમાં અન્ય સંસ્થાઓના અભાવમાં ઘણીવાર કુટુંબમાં વ્યક્તિને હૂંફ કે આશ્રય મળતા હોવાથી એનો વિરોધ થઈ શકતો નથી. નારીવાદી વિચારો ધરાવતી સ્ત્રી એક બાજુ કુટુંબમાં પ્રચલિત એવા સત્તાના સંબંધો પરત્વે નારાજગી અને બીજી બાજુ કુટુંબમાં મળતા આશ્રયની વચ્ચે નટની માફક સતત સમતુલા ધરાવવા મથતી હોય છે.

### સમાપન

સ્વાયત્ત સ્ત્રી આંદોલનનો વિકાસ, લક્ષણો અને પ્રશ્નો આપણે આ લેખમાં ટૂંકમા જોયાં છે. કેટલાંક પાસાંઓની વધારે ઊંડાણમાં તપાસ કરવી જરૂરી છે.

આજે પણ ભારતીય સ્ત્રી અનેક પ્રકારની અસમાનતા, અન્યાય, ત્રાસ, શોષણ, ભેદભાવયુકત વલણ તેમ જ ભ્રામક માન્યતાઓનો ભોગ બને છે. આર્થિક શોષણયુકત જીવન ઉપરાંત, શિક્ષણમાં સમાન તકનો અભાવ, સામાજિક રૂઢિ રિવાજોનો કોરડો; પતિવ્રતા ધર્મ અને દેહ કેન્દ્રિત ઊભી કરવામાં આવતી પ્રતિમા—આમ પરલક્ષી અને આત્મલક્ષી બન્ને માર્ગો દ્વારા સ્ત્રી બંધનયુક્ત જીવન જીવે છે. ચિંતાની ઘટના તો એ છે કે મોટા ભાગની સ્ત્રીઓએ પરાધીનતા અને અવલંબન આત્મસાત કર્યાં છે. રાજનીતિજ્ઞો એક તરફ વિકાસમાં સ્ત્રીઓને સહભાગ કેમ આપવો તેની બેઠકો બોલાવે છે તો બીજી બાજુ સત્તાની ખુરશી જાળવી રાખવા કોમવાદને પુષ્ટિ પણ આપે છે. તાજેતરમાં તલાક શુદા મુસ્લિમ સ્ત્રીનાં ભરણપોષણ અંગેના કાયદામાં આની જ્વલંત પ્રતીતિ થઈ છે. વળી, સ્ત્રીઓનો દરજ્જો સુધરવા મથતી નેતૃત્વ ધરાવતી કેટલીક સ્ત્રીઓને રાજકીય સત્તાસ્થાનોમાં સમાવી લેવાની સરકારની નીતિ પણ સ્ત્રીઓનો દરજ્જો લડત વગર સુધારી શકાશે એવી ભ્રમણા ઊભી કરે છે. આ સંજોગોમાં અસમાનતા, અન્યાય, લૈંગિક ભેદભાવયુકત વર્તન વગેરેનો સામનો સ્ત્રીઓએ જ કરવાનો છે. આ માટે સ્ત્રીઓનાં સ્વાયત્ત જૂથો જરૂરી છે. ઉદ્દેશની સિદ્ધિ માટે અન્ય આંદોલનો અને લડતોનો સહકાર પ્રાપ્ત કરવો પણ અનિવાર્ય છે. આ દ્વિધાયુક્ત હકીકત વાસ્તવમાં સિદ્ધ કરવી સહેલી નથી છતાં સ્ત્રી-મુક્તિ લડત એ આખરે તો માનવ મુક્તિની, માનવ અધિકારની લડત છે એટલે આ બેવડો અભિગમ અપનાવ્યા વગર છૂટકો નથી. સાચા લૈંગિક ન્યાય માટે સમાજનાં અન્ય પાસાં પણ બદલવાં રહ્યાં.

### સંદર્ભ સૂચિ

**નોંધ:** પ્રસ્તુત લેખ માટે અનેક પુસ્તકો, અહેવાલો, ઉપયોગી થયાં છે, પરંતુ અહીં તો માત્ર જે પુસ્તકો કે અહેવાલોનો સીધો ઉપયોગ કર્યો છે તેનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.


1 Wilkinson Paul, Social Movements, Pall Mall London, 1971, P. 11, Heberle Rudolf, Observations on the Sociology of Social Movements, American Sociological Review vol. 14, No. 3 p, 346, Rao M.S.A.S ocial Movements in India, vol. II, 1676 Manohar Publications, New Delhi.

2 Omvedt Gail, on the Participant Study of women's Movements, Methodological, Definitional and Action Considerations, (Mimeo), 1677, p.8 also ref. Gail Omvedt, Feminist ideology and Women's movement (Mimeo), 1683.

3 Desai Neera, Patel Vibhuti, Indian Women Change and Challange, Popular Prakashan, Bombay. 1985, pp. 64-65, also ref. Sheila Rowbothan, Lynne Segal, Hilary, Wainwright Beyond the fragments. Feminism and making of socialism. Merlin Press, London, 1980.

4 Committee on Status of Woman in India 1974, towards equality, Govt. of Indai, Dept. of Social Welfare, Ministry of Education and Social Welfare New Delhi.

5 Antar Rashtriya Prakashan Reacting for half the sky. A Reader in Women's Movements, 1985 pp. 14-17. also ref. Gita Hariharan, Women and Political partipation an emerging perspective (mimeo), 1983.

6 જુઓ Shah Kalpana, Women's Liberation & Voluntary Action, Ajanta Publications, Delhi, 1984 also ref. Agnew Vijaya. 1979, Elite Women in Indian Politics, Vikas Pub. House. Pvt. Delhi, Everett Jana, 1979, Women and Social change in Indian Heritage Publication, New Delhi also ref. Somya Shakti Annual Journal of Centre for Women's Development Studies; vol. 1,000,1 1983 No. 2 1984, vol. II, No. 1, 1985 ref. Omvedt Gail Illustrated Weekly Special article in Indian Women April, 8, 1984.

# ગુજરાતમાં સ્ત્રીસંસ્થાઓ

ઈલા પાઠક

ગુજરાતભરમાં સ્ત્રીસંસ્થાઓનો ઉદય રાષ્ટ્રીય ઉત્થાનની ચળવળની સાથે સાથે જ થયો. સ્વાતંત્ર્ય ચળવળની સાથે સુસંગત કાર્યક્રમો લઈને આ સંસ્થાઓનાં મંડાણ થયાં હોવાથી પ્રારંભે તેમના ઉદ્દેશો અને કાર્યરીતિ મુખ્ય ચળવળને પોષક અને સમાજ-સુધારણાને વ્યાપક બનાવે એવાં હતાં. અખિલ હિંદ મહિલા પરિષદની ગુજરાતની શાખાઓ તેમ જ મૃદુલા સારાભાઈના માર્ગદર્શન નીચે સ્થપાયેલાં 'જ્યોતિસંઘ' અને 'વિકાસગૃહ' આ સદીના પૂર્વાર્ધમાં ફાલ્યાં ફૂલ્યાં. ૧૯૪૭ પછી સ્વાભાવિકપણે જ અભિગમ બદલાયા. રાજ્ય સરકારમાં અને કેન્દ્ર સરકારમાં એક સમયે સહકાર્યકરો હતા તેવા સૌ બિરાજતા હોય એટલે સરકારી કાર્યક્રમોને સ્ત્રીસંસ્થાઓ દ્વારા વેગીલા બનાવવાની નીતિ અખત્યાર કરવામાં આવી અને તે સાથે સમાજમાં વિધવા-ત્યક્તા સ્ત્રીઓને આશ્રય આપવાની પ્રવૃત્તિ વિસ્તારવામાં આવી. સ્ત્રીસંસ્થાઓ રાષ્ટ્રીય ચળવળને લગતા કાર્યક્રમોને છોડીને કલ્યાણ કાર્યક્રમો તરફ વળી. ધીમે ધીમે સ્ત્રીસંસ્થા એટલે કલ્યાણ કાર્ય કરતી સંસ્થા એવો પર્યાય બંધાયો તેથી પરિસ્થિતિ બદલાતાં કલ્યાણ કાર્યોનો વ્યાપ વધ્યો. ઉદાહરણ તરીકે ત્યક્તા સ્ત્રીઓ માટે વિકાસગૃહો બંધાયાં તેમ વ્યવસાયી સ્ત્રીઓ માટે હોસ્ટેલો બાંધવામાં આવી. સીવણ ક્લાસ ચાલતા હોય તેમાં ટાઈપીંગ અને શોર્ટહેન્ડના ક્લાસનો ઉમેરો કરવામાં આવ્યો. પાપડ મસાલાના ઉત્પાદનમાંથી આગળ વધીને પીરસણિયાની સેવા આપવા અને કેન્ટીન ચલાવવા તરફ સ્ત્રીસંસ્થાઓ વળી.

અર્ધા દાયકાથી વધુ સમય પહેલાં ગુજરાતમાં સ્ત્રીકાર્યની શરૂઆત થઈ છે. સ્ત્રીની સમસ્યાઓ વિશે ગુજરાતનાં સ્ત્રી કાર્યકરો સારાં એવા સજાગ હતાં. મુંબઈ રાજ્ય હતું ત્યારથી સ્ત્રીઓના આપઘાત વિશે સચિંત થયેલી સ્ત્રીઓએ એક અહેવાલ તૈયાર કરાવવાની માગણી મૂકી હતી અને તે અહેવાલ મહારાષ્ટ્ર અને ગુજરાત અલગ થયા પછી ગુજરાતમાં તૈયાર કરીને ૧૯૫૬માં પ્રગટ કરવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર અને ગુજરાતની ૧૩૦થી વધુ સંસ્થાઓનું 'અખિલ ગુજરાત સામાજિક મધ્યસ્થ મંડળ' નામનું સંગઠન પણ અસ્તિત્વ ધરાવે છે. તેમ છતાં સમકાલીન ગુજરાતમાં સ્ત્રીઓની પરિસ્થિતિ સામે નજર નાખીએ ત્યારે ઊંડી ગ્લાનિ થયા વિના રહેતી નથી. આત્મહત્યા વિશે સજાગતા આટલી હોવા છતાં ગુજરાતમાં યુવતીઓના અપમૃત્યુનો આંક દિવસના લગભગ ત્રણ[1] જેટલો હોય અને ઉત્તરોત્તર વધતો ગયો હોય તે, સ્ત્રીસંસ્થાઓ એ દિશામાં સક્રિય નથી એવું તો સૂચવે જ છે. સામે પક્ષે સ્ત્રીસંસ્થાઓના તેમની પાસે આવતા કેસોના[2] આંકડા જોવાથી જણાય છે કે પોતાના પ્રશ્નોના ઉકેલમાં સ્ત્રીઓને સ્ત્રીસંસ્થાની મદદ પ્રસ્તુત લાગતી નથી. સ્ત્રીસંસ્થાઓ અન્ય સમસ્યાઓના ઉકેલ તરફ વળી નહોતી પણ આશ્રય અને રાહતનાં કાર્યોમાં રત હતી તેમ છતાં તે દિશામાં પણ કશું હાંસલ કરી શકી હોય એવું જણાતું નથી.

૧૯૭૫માં જાહેર થયેલું આંતરરાષ્ટ્રીય નારી વર્ષ અને ૧૯૭૫થી ૧૯૮૫ સુધી જાહેર થયેલી આંતરરાષ્ટ્રીય નારી દશાબ્દિના સમય દરમિયાન નારીજાગૃતિનુ એક આંદોલન પુનઃ અસ્તિત્વમાં આવ્યું. આ વિશ્વવ્યાપી આંદોલનની અસરો ગુજરાતમાં પણ પડી. સ્ત્રી સાથે અસમાનતાભર્યાં વ્યવહાર અને સ્ત્રીના શોષણ સામે ધ્યાન કેન્દ્રિત થયું અને તેમાંથી સ્ત્રીનાં વિકાસનાં કાર્યો હાથ ધરાવાં જોઈએ એવી સમજણ પ્રગટી. સમગ્ર રાષ્ટ્ર વિકાસ તરફ ડગ માંડતું હોય ત્યારે દેશની અર્ધી વસ્તી જેટલી સ્ત્રીઓને વિકાસ કાર્યમાં સામેલ કરવી જોઈએ એવી સભાનતા તેમાં હતી. સ્ત્રીઓવિષયક કોઈપણ કાર્ય હાથ ધરવું હોય ત્યારે પરિસ્થિતિ શું છે તેની જાણકારી ખૂબ અગત્યની થઈ પડે. તે સંદર્ભમાં ૧૯૭૪ના સ્ત્રીઓના દરજ્જા વિશેના અહેવાલનું અસ્તિત્વ તો હતું જ. આથી આ અરસામાં સ્ત્રીવિષયક કાર્યો કરવાનો જેમણે નિર્ધાર કર્યો તેમણે સાંપ્રત પરિસ્થિતિમાં સ્ત્રીના થતા સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, કાયદાકીય ઇત્યાદિ પ્રકારે થતા શોષણનો વિરોધ કરવાનો સંકલ્પ કર્યો. રળતી સ્ત્રીને સમાન વેતન મેળવવાના અધિકારને કે કાયદા દ્વારા વારસાહક મેળવવાના અધિકારને કુટુંબમાંથી તરછોડાયેલી સ્ત્રીને પુનર્વસવાટની તક ઊભી કરવાના અધિકાર જેટલો જ બલકે તેથી વધુ અગત્યનો સમજવામાં આવ્યો અને તે સિદ્ધ કરવા માટે પ્રવૃત્તિઓ ગોઠવવામાં આવી. જૂની સંસ્થાઓએ મુખ્યત્વે પોતાની લઢણો ચાલુ રાખી પણ ક્યારેક ક્યારેક નવા દૃષ્ટિકોણને સમજવાના અને અપનાવવાના પ્રયાસો કર્યા. છેલ્લાં દસ વર્ષમાં આથી ગુજરાતમાં સ્ત્રીકાર્યની વિશિષ્ટ ભાત ઊપસી છે.

૧૯૭૫ની આસપાસ થોડીક સ્ત્રીસંસ્થાઓ ગુજરાતમાં અસ્તિત્વમાં આવી. ૧૯૭૨માં 'સેવા' અને ૧૯૮૧માં 'અવાજ' કાર્યરત થયાં. કેટલીક મહિલાઓની 'કો-ઓપરેટીવ' અસ્તિત્વમાં આવી. રાજ્ય દ્વારા કેટલીક સમિતિઓ, નિગમો ઇત્યાદિ રચાયાં. રાજકીય પક્ષોની મહિલાપાંખોએ પોતાનાં કાર્યો ચાલુ રાખ્યાં. આ સર્વનો એક અભ્યાસ ૧૯૮૫ના જાન્યુઆરીમાં 'અવાજ' દ્વારા થયો. તેમાં આ વિશિષ્ટ પ્રકારની સંસ્થાઓનો શો ફાળો છે તે જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

સંસ્થાઓનાં બંધારણો અને તેમની નીતિઓ, તેમના કાર્યક્રમો અને કાર્યરીતિ તેમ જ તેમાં સ્ત્રી સમુદાયની સામેલગીરી જોતાં ઘણું વૈવિધ્ય નજરે ચડે છે. સ્ત્રીની વૈયક્તિકતા અને સ્ત્રીસમાનતાના નારીવાદી ખ્યાલો નવી સંસ્થાઓની કાર્યરીતિમાંથી ઊપસતા જણાય છે. કાર્યક્રમો અને પદ્ધતિઓનાં નામ ક્યાંક એનાં એ રહ્યાં હોય તો પણ તેની પાછળના ખ્યાલો બદલાયા છે. દાખલા તરીકે ઘણા સમયથી બાલવાડીઓ ચલાવાય છે. પણ જો કોઈ નવી સંસ્થા બાલવાડી—આંગણવાડી શરૂ કરે તો તેને તે સ્વયંપર્યાપ્ત કાર્યક્રમ તરીકે જોતી નથી. આંગણવાડીની સંખ્યા વધારીને સો જેટલી કરી દેવાની તેની નેમ હોતી નથી. પણ આંગણવાડી કોઈ એક વસ્તીમાં કામ શરૂ કરવાના પ્રવેશ માટે અગત્યની બને છે તેમાં બાળકો સાથે કામ કરતાં કરતાં તેમની માતાઓ એટલે કે વસ્તીની સ્ત્રીઓ સાથે સંપર્ક સાધવામાં આવે છે. સ્ત્રીઓ દ્વારા તેમનાં કુટુંબનાં અને તેમનાં રોજી-રહેઠાણની સમસ્યાઓનો પરિચય કેળવી તેના ઉકેલ તરફ ગતિ કરવામાં આવે છે. બાળકોનાં આરોગ્ય અને પોષણથી માંડીને વાત તેમની રોજી અને કાર્યક્ષેત્રમાંની સવલતો તરફ સહજપણે પહોંચે છે. જેમ બાલવાડી તરફનો અભિગમ જુદો છે તેમ લોકમાધ્યમો તરફનો અભિગમ પણ જુદો છે. ૧૯૬૬-૬૭માં આચાર્યશ્રી વિનોબા ભાવેએ અશોભનીય પોસ્ટરો સામે આંદોલન કરવાનું સૂચવ્યું ત્યારે અશ્લીલ પોસ્ટરો સામે ઝુંબેશ શરૂ થઈ હતી. તે સમયે ઝુંબેશ ઉપાડનારાં જૂથો આજે પણ ત દિશામાં સક્રિય થાય છે ખરાં કેમ કે નાટકો, જાહેરાતો અને પોસ્ટરો અશ્લીલ હોય છે. નવાં જૂથો નાટકો, જાહેરાતો અને પોસ્ટરોનો વિરોધ નોંધાવે છે તેનાં કારણોમાં તેમાં રજૂ થતી સ્ત્રીના દરજ્જા તરફ હલકી દૃષ્ટિ, સ્ત્રીને ઉપભોગ્ય રમકડા તરીકે રજૂ કરવામાં સ્ત્રીના વ્યક્તિત્વનું થતું અપમાન અને અશ્લીલતા છે. સ્ત્રીનો સમાન દરજ્જો અને તેનું વ્યક્તિત્વ અગત્યનાં બને છે, બીજા મુદ્દા ગૌણ બને છે. નારીવાદીઓ નાટકો, જાહેરાતો ઇત્યાદિમાં રજૂ કરાયેલી સ્ત્રીનો વાંક કાઢતા નથી કેમ કે પુરુષશાસિત

સમાજમાં તો તે એક પ્યાદા તરીકે, અન્ય પુરુષોનાં ચિત્ત હરે તે માટે એક રમકડા તરીકે પ્રયોજાય છે. નીતિના આગ્રહીઓને આવી રજૂઆતો પુરુષોની નીતિમત્તા ચળાવે તે પૂરતો અશ્લીલતાનો વિરોધ હોય છે, તેમાં સ્ત્રીના વ્યક્તિત્વનો હ્રાસ છે, સ્ત્રી ફક્ત દેહ તરીકે જોવાય છે તે માટે હોતો નથી. તેથી તેઓ નાટકમાંની કે ચિત્રમાંની સ્ત્રીનો દોષ જુએ છે. અભિગમોનો આવો તફાવત નારીસંસ્થાઓના દરેક કાર્યક્રમો ઝીણવટથી જોનારને દૃષ્ટિગોચર થાય છે.

ગુજરાતની મોટા ભાગની સ્ત્રીસંસ્થાઓ રાજકીય રીતે કોઈ પ્રશ્ન સાથે જોડાયેલી નથી. પોતાના અખિલ ભારતીય સંઘ સાથે કે ગુજરાત વ્યાપી મધ્યસ્થ મંડળ સાથે જોડાયેલી હોય ખરી. આમ છતાં દેશના સત્તાધારી પક્ષ સાથે એક અવ્યક્ત જોડાણ જરૂર છે. સત્તાધારી પક્ષના સભ્યો રાષ્ટ્રીય ચળવળમાં હતા તેમ સ્ત્રીસંસ્થાની સંચાલિકાઓ પણ હતી. આથી સ્ત્રીસંસ્થાઓએ 'કુટુંબ નિયોજન' જેવા કેટલાક સરકારી કાર્યક્રમો ઉપાડી લીધા. સ્ત્રીસંસ્થાઓ જે વર્ગો ચલાવતી હોય તેને સરકારે માન્ય કરીને તેને પોષવાની જવાબદારી ઉઠાવી. આમ મોટા ભાગની સ્ત્રીસંસ્થાઓ રાજ્યાશ્રિત સંસ્થાઓ બની છે. આનું પરિણામ આજે એ આવ્યું છે કે રાજ્યના કોઈ પણ વહીવટીતંત્રનો વિરોધ સ્ત્રીસંસ્થાઓ એકી અવાજે કરી શકતી નથી. તાજેતરમાં અમદાવાદમાં જ્યારે સ્ત્રીઓ પર દમન થયું ત્યારે સ્ત્રીસંસ્થાઓ તેનો વિરોધ કરવા એકત્ર થઈ. કોઈ કાર્યક્રમમાં ન પડવું પણ ઠરાવ કરી વિરોધ કરવો અને મુખ્યમંત્રીશ્રીને આવેદનપત્ર પહોંચાડવા જવું એવો વડીલ કાર્યકરોનો મત હતો. તેમ છતાં તે સમયે હાજર રહેલા મોટાભાગના કાર્યકરોના મતથી ખેંચાઈને બીજે દિવસે સવારે નવથી સાંજે પાંચ સુધી ધરણાનો કાર્યક્રમ વિચારાયો.[3] વળતે દિવસે, ૨૬મી એપ્રિલની સવારે તે કાર્યક્રમ અમલમાં મુકાયો અને વડીલો પણ સામેલ થયા. તે જ દિવસે પોલીસોની હડતાળ પડી, શાંત વિરોધમાં મૌન બેઠેલી સ્ત્રીઓ પર લાઠીચાર્જ થયો. એક સમયના સ્વાતંત્ર્ય સેનાની વૃદ્ધ કાર્યકરો એમ માનતા હતા કે પોલીસ ચેતવણી આપીને જ લાઠી ચલાવે તે માન્યતા ચૂરો થઈ ગઈ. જીવ બચાવવા સૌને નાસવું પડ્યું. વયોવૃદ્ધોનાં હાડકાં ભાંગ્યાં. ત્યાર પછી સરકારમાં બેઠેલા મિત્રો (?)એ તેમની ખબર તો ન પૂછી પણ વિરોધ કરવા માટે સભા કેમ ભરી તેની પૃચ્છા મોકલી. પોતા પર થયેલા અત્યાચાર વિરુદ્ધ રાજ્યપાલશ્રીને આવેદનપત્ર આપવા સ્ત્રી કાર્યકરો ગયાં ત્યાર પછી પણ આવી વિગતે પૃચ્છા થઈ અને આવેદનપત્રની નકલ માગવામાં આવી. આ પૃચ્છાઓમાંનાં ઇંગિતો સ્પષ્ટ હતાં. આ દિવસો પછી પણ બે મહિના આંદોલન ચાલ્યું પણ સ્ત્રીસંસ્થાઓ પુનઃ રાજ્યના વહીવટીતંત્રને કે અન્ય કોઈ પાંખને કશું કહેવા ઉદ્યુક્ત થઈ નહિ. નારીઆંદોલનના પ્રતિભાવમાં જે સંસ્થાઓ રચાઈ છે તે નથી તો રાજ્યના કાર્યક્રમો ચલાવતી કે નથી રાજ્ય તેમના કાર્યક્રમોને સહાય કરતું તેથી તેમની સ્વાયત્તતા ટકી રહી છે. રાજ્ય તરફથી આવી સ્ત્રીસંસ્થાઓના કાર્યકરોને રાજ્યની સમિતિઓમાં આમંત્રવામાં આવે છે અને તેવી સમિતિઓનાં સભ્યપદ સ્વીકારાય છે. આમ શરૂ થયેલો પરસ્પર સંવાદ સમય જતાં સ્વાયત્તતા માટે જોખમકારક બની ન જાય તે માટે સજાગ રહેવું આવશ્યક છે.

ગત વર્ષોમાં રાષ્ટ્રીય ચળવળના સમયથી જાહેર કાર્યો અવેતન જ હોય એવી લઢણ ઊપસી છે. સ્વાતંત્ર્યોત્તર સમયમાં સામાજિક કાર્ય સિવાયનાં સર્વ કાર્યો સવેતન બન્યાં. આને લીધે ઉપલા મધ્યમ વર્ગની સ્ત્રીઓ જ સમાજ કાર્યમાં આવી શકી કેમ કે તેમની પાસે ફાજલ પાડી શકાય તેવાં સમય અને શક્તિ હતાં તેમ જ ક્યારેક ખૂબ જરૂરી એવી આર્થિક સહાય તેઓ ઊભી કરી શકતાં. આ સ્ત્રીઓની આ પ્રવૃત્તિ તેમના ફાજલ સમય પૂરતી મર્યાદિત રહી તેથી તેમણે એવા જ કાર્યક્રમો અપનાવ્યા કે જે તેમના પાસે થોડો જ સમય માગી લે. અનેક પ્રકારના તાલીમ વર્ગો ચલાવવાનું કામ આથી સ્ત્રીસંસ્થાઓએ ઉપાડી લીધું. વાર્ષિક કાર્યક્રમના ભાગ રૂપે થોડી હરીફાઈઓ અને એકાદ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાતાં. જે સામાજિક કાર્યકર પૂરા



જુસ્સાથી કામ કરવા માંગતા હતાં તેમણે પોતાની એક સંસ્થા સ્થાપી તેને વિકસાવવામાં જીવનકાર્ય રેડ્યું. ત્યક્તાઓ માટેના આશ્રમમાંથી ઊભી થયેલી સંસ્થાઓ આમ શાળાઓ, અનાથગૃહ, ગૃહોદ્યોગ ઇત્યાદિનાં સંકુલ બની છે. આ સંસ્થાઓમાં કેન્દ્રમાં એક નિષ્ઠાવાન કાર્યકર હોય છે, તેમની આસપાસ થોડા સમય ફાજલ પાડતા સામાજિક કાર્યકરો હોય છે અને શિક્ષણ, વહીવટ ઇત્યાદિ કાર્ય કરતી પગારદાર સ્ત્રીઓ હોય છે.

તાજેતરમાં ઊભી થયેલી સંસ્થાઓમાં કેન્દ્રમાં એક નિષ્ઠાવાન વ્યક્તિ જરૂર હોય છે પણ તેની આસપાસ પૂરા સમયના તાલીમબદ્ધ સંનિષ્ઠ સવેતન કાર્યકરો હોય છે. આ સર્વ કાર્યકરો રોજ પોતાના ક્ષેત્રમાં જાય છે અને જે સ્ત્રીઓ સાથે કામ ગોઠવ્યું હોય છે તેમના રોજી અને રહેઠાણના પ્રશ્નો સમજીને તેના ઉકેલમાં વ્યસ્ત રહે છે. કાર્યકરો વસ્તીની સ્ત્રીઓ સાથે આત્મીયતા કેળવે છે અને તેમની સમસ્યાઓના ઉકેલમાં તેઓ પોતે ભાગીદાર બને તેવો આગ્રહ રાખે છે. સમય જતાં વસ્તીની સ્ત્રીઓ જવાબદારીઓ ઉઠાવવા તૈયાર થતી આવે છે. આમ સંસ્થામાં સમાજના અનેક વર્ગોનું પ્રતિનિધિત્વ થાય છે. સવેતન તાલીમ પામેલા કાર્યકરો પૂરો સમય આપતા હોવાને લીધે સંસ્થાનાં કામ વધુ વ્યાપવાળાં, સઘન અને લાંબા ગાળાના આયોજનવાળાં બની શકે છે. તેની સમાજ પર અસર પડશે એવી અપેક્ષા રહે છે. થોડા ઘણા તાલીમ વર્ગોનું આયોજન કે સમાજમાંથી ઉપેક્ષિત સ્ત્રીઓની સંભાળને બદલે હવે સ્ત્રીસંસ્થાઓ મુખ્ય જીવનપ્રવાહનાં વિવિધ કામોમાં જોતરાયેલી સ્ત્રીઓ સાથે કામ કરતી થઈ છે.

જે સ્ત્રીસંસ્થાઓ તાલીમ વર્ગો ચલાવતી હોય કે આશ્રયગૃહ ચલાવતી હોય તેને બહોળા સ્ત્રીસમુદાયને પોતાની તરફ આકર્ષવાપણું રહેતું નથી. જેને તાલીમ લેવી છે કે જેને આશ્રય લેવો છે તે પોતાની મેળે આવી રહે છે. જે સંસ્થાઓ આ બે કાર્યક્રમો નથી કરતી તેમને માટે સ્ત્રીસભ્યોને આકર્ષવાનું કામ ખૂબ દુષ્કર છે. તેઓ તેથી મોટે ભાગે રમતગમતો, હરીફાઈઓ, ઉજાણીઓ અને પ્રવાસોનું આયોજન કરે છે.[4] નવી સ્થપાયેલી સંસ્થાઓના કાર્યકરો જ્યાં સ્ત્રીઓ છે ત્યાં જઈને કામ કરે છે એટલે મોટે ભાગે ઘરેઘર જઈને કે સંદેશા મોકલીને સ્ત્રીઓને ભેગી કરી શકે છે. અન્યત્ર થતા કાર્યક્રમ જેવા કે સરઘસ કે મોરચા તેમના રોજી-રહેઠાણને સ્પર્શતા હોય છે તેથી તેઓ ખૂબ આગ્રહપૂર્વક મોટી સંખ્યામાં હાજરી આપે છે. કેટલીક સ્ત્રીસંસ્થાઓ ઘણાં વર્ષોથી પોતાનું મુખપત્ર પ્રસિદ્ધ કરે છે. નવી સંસ્થાનું મુખપત્ર તેની વિચારણાના પ્રસારનું માધ્યમ બની રહ્યું જણાય છે તો અન્ય મુખપત્રોમાં પોતાના કાર્યના અહેવાલ કે બીજી કોઈ રસપ્રદ માહિતી કે લેખ પ્રસિદ્ધ થતાં હોય છે. વિચાર પ્રસારના માધ્યમ તરીકે પત્રિકાઓનો બહોળો ઉપયોગ થાય છે. એક સંસ્થાના કાર્યકરો તે માટે દૈનિકોમાં નિયમિત કોલમ તેમ જ અન્ય સામયિકોમાં લેખો લખે છે.

સ્ત્રીઓની સેવા કરવાનો, તેમનું કલ્યાણ કરવાનો અને તે માટે કંઈક કરી છૂટવાનો જે ખ્યાલ અત્યાર સુધી હતો તેને પરિણામે કેટલાંક પ્રકીર્ણ કાર્યો થયાં છે. ગરીબ સ્ત્રીઓ માટે મફત દવાખાનું ચલાવી મફત દવા આપવાના, આરોગ્ય વિષયક ફિલ્મો બતાવવાના, નશાબંધીનો પ્રચાર કરવાના, લાઠી લેઝિમના કે જુડો-કરાટેના દાવ શીખવવાના પ્રયોગો થયા છે. આ પ્રયોગો છૂટાછવાયા, ટૂંકા ગાળાના અને અનિયતકાલિક હતા. તે કંઈ પરિણામદાયી બન્યા હોય એવું જણાતું નથી.

રાહતની, મૂંઝવણનિવારણ કેન્દ્રની પ્રવૃત્તિ ગુજરાતમાં પચાસ વર્ષથી ચાલે છે. આજે પણ સ્ત્રીઓ પર થતા અત્યાચારની વાત હોય, કોઈ સ્ત્રીના અગ્નિસ્નાનનો કે બળાત્કારનો કિસ્સો હોય તો સ્ત્રીસંસ્થાઓ ભેગી મળીને કે પોતપોતાની રીતે તેના સામે અવાજ ઉઠાવે છે. તેમ છતાં આ જ મુદ્દા પર સંસ્થાઓ લાંબો સમય ભેગી રહીને કાર્યરત થઈ શકતી નથી એ હકીકત

નોંધવા જેવી છે. આના પાયામાં કદાચ વિશદ વિચારણાનો અભાવ મુખ્ય પરિબળ છે. તે ઉપરાંત રોજિંદા કામને બદલે જુદી દિશામાં જવાની, સ્થાપિત હિતો અને વહીવટી રચનાઓની સામે પડવાની કે પોતાનાં સમય, શક્તિ કે નાણાં બરબાદ કરવાની અનિચ્છા પણ ડોકાય છે. કેટલાક આવા કાર્યમાં જવાથી પોતાની સંસ્થાને મળનારાં ખ્યાતિ કે લાભની ગણતરી પણ મૂકતાં હોય છે. આમ જ થતું રહે તો સર્વ સ્ત્રીસંસ્થાઓની સામૂહિક સ્ત્રીચળવળ કેવી રીતે ઊભી થાય એ પ્રશ્ન જરૂર સતાવે છે. વળી સંસ્થાઓની વિચારણા સ્વકેન્દ્રી છે જ્યારે અન્ય સંસ્થાઓની વિચારણા કુટુંબકેન્દ્રી છે. નવી સંસ્થાઓ મુખ્ય જીવન પ્રવાહમાંની ગરીબ અને મધ્યમવર્ગની શોષિત સ્ત્રીઓ સાથે કામ કરવા ઇચ્છે છે જ્યારે અન્ય સંસ્થાઓ ત્યક્ત, ત્રસ્ત સ્ત્રી સમૂહોના કલ્યાણનું કાર્ય કરવા ઇચ્છે છે. બેની વચ્ચેની ખાઈ વૈચારિક છે અને તે વિચારોના આદાન પ્રદાનના સેતુથી જ પુરાઈ શકે. નારીવાદી વિચારણાએ દૃઢ પગલે આક્રમણ શરૂ કર્યું છે તેનો પ્રતિભાવ મોડો વહેલો ઊઠશે એમ આશા રાખી શકાય. પચાસ વર્ષ પહેલાં સ્થપાયેલી સંસ્થાઓએ પોતાના કાર્યકરોની બીજી હરોળ તૈયાર કરી નથી, તેમને સ્થાને આવશ્યકપણે નવી પેઢીની સ્ત્રીઓ આવશે. આ સદીના અંત સુધીમાં નારીવાદી ક્રાંતિના વિચારો જેમ જોર પકડતા જશે તેમ તેમ આ સંસ્થાઓની વિચારણામાં અને કાર્યરીતિમાં ફેર પડતા જશે એવી આશા રાખી શકાય. તેમ ન થાય તોપણ આશ્રયગૃહોની જરૂર નથી એવું નથી, વાનગીના વર્ગોની કે સીવણના વર્ગોની માંગ પણ રહેવાની જ છે. આ સંસ્થાઓ એ માંગને પૂરી કરતી રહેશે. જેમ અત્યારે થોડીક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે તેમ અન્ય નવી સંસ્થાઓ પણ સમયની માંગ હશે તો રચાયે જ રહેશે.

સમયની માંગ પ્રમાણે રચાયેલી સંસ્થામાં 'કો-ઓપરેટિવ'નો ઉલ્લેખ કરવો ઘટે. સ્ત્રીઓના શોષણના પ્રતિકારમાંથી જન્મે છે તેમનું સંગઠન, સંગઠનની ન્યાયની માગણીમાંથી જન્મે છે સહકારી મંડળી. અન્ય વ્યાપારી વર્ગ ન્યાય નથી આપવાનો એવી પ્રતીતિ થતાં સંગઠનનાં સભ્યો પોતાની સહકારી મંડળી શરૂ કરવા ઇચ્છે છે. 'સેવા'ના પ્રયત્નથી અમદાવાદમાં અને અન્ય પ્રયત્નોથી સુરતમાં સ્ત્રીઓની સહકારી મંડળીઓ અસ્તિત્વમાં આવી છે. ચીંદીની સિલાઈ કરતી બહેનો ન્યાયપૂર્ણ વળતર મેળવવા સંઘર્ષમાંથી પસાર થઈ અને તેમને ઈલમ જડયો પોતાની સહકારી મંડળી સ્થાપવાનો. દૂધ ઉત્પાદક સ્ત્રીઓને યોગ્ય વળતર મેળવવા માટે એ જ રસ્તે જવાનું થયું. આ સહકારી મંડળીઓ અત્યારે સમાન વ્યવહાર સ્થાપવા માટેનો ઉત્તમ ઈલાજ જણાય છે. તેનાં મૂળ ઊંડાં જાય અને પ્રવૃત્તિ લાંબી ચાલે પછી જ તેના લાભાલાભ જાણી શકાય.

સરકાર સ્થાપિત નિગમો જેવાં કે મહિલા આર્થિક નિગમ, સ્ત્રી ઉદ્યોગ સાહસિક નિગમ અને સંસ્થા જેવી કે વોલન્ટરી એક્શન બ્યૂરો સરકારી રાહે ચાલતાં હોઈ સામાન્ય રીતે સરકારી રસમે ચાલે છે. તેમનો અભિગમ ગતકાલીન કલ્યાણકાર્યનો છે. દરેક સંસ્થા સ્થપાયાંને ચાર-પાંચ વર્ષ પૂરાં થવાં આવ્યાં પણ કયાંક કેટલીક તાલીમ સિવાય કશું હાંસલ થયું જણાતું નથી. નવી અસ્તિત્વમાં આવેલી મહિલા સહકારી બેંકો સીવવાના મશીન માટે સહાય આપે છે પણ ભેંસ ખરીદવા લોન આપી શકતી નથી. તેમના અને સરકારી તંત્રના મધ્યમવર્ગી માનસને દૂધ ઉત્પાદન ગૃહરોજગાર લાગતો નથી કે વિકાસનાં કાર્યો તરફ તેમની દૃષ્ટિ વળી જણાતી નથી. તે દૃષ્ટિ ઊઘડશે અને નવા અભિગમો ખૂલશે ત્યારે તેમની પાસે સાચી દિશાના વિકાસ કાર્યક્રમોની અપેક્ષા રાખી શકાશે.

સમાજમાં આમૂલ ક્રાન્તિની અપેક્ષા નારીવાદીઓને છે. ધીમે ધીમે તેમનો સંઘ વધતો આવે છે. તેમની વિચારણાનો ચેપ સાહિત્યને અને લોકમાધ્યમોને લાગતો થયો છે. આ વિચારણાના વ્યાપમાં જ સ્ત્રીઓની સામૂહિક ચળવળનાં બી રહ્યાં છે. જેટલી તે વિચારણા



વિકસશે અને વિશદ રૂપે ઝિલાશે તેટલાં સ્ત્રી કાર્યો સાચી દિશામાં જશે. સ્ત્રીસંસ્થાઓ અને રાજ્યની સંસ્થાઓ મળીને ભવિષ્યમાં સ્ત્રી માટે સમાનતાભર્યો અને શોષણહીન સમાજ રચશે એવી અપેક્ષા રાખનારે અત્યારે તો વિચારણા પ્રસારના અને વિધાયક મૂલ્ય પ્રસારના કાર્યમાં ખૂંપી જવા જેવું છે.

**નોંધ**

૧ પોલીસ રિપોર્ટ પ્રમાણે સ્ત્રીઓના બળી જવાના કેસો :

| | | | |
|---|---|---|---|
| વર્ષ : | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ |
| સંખ્યા : | ૮૯૨ | ૯૯૦ | ૯૭૨ |

૨ જ્યોતિસંઘના મુખપત્ર 'જ્યોતિસંઘ પત્રિકા'માં સંસ્થાને ચોપડે નોંધાયેલા શંકાસ્પદ મૃત્યુને લગતા આંકડાની વિગતો :

| | | | |
|---|---|---|---|
| વર્ષ : | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ |
| સંખ્યા : | ૨૫ | ૨૨ | ૨૫ |

'જ્યોતિસંઘ પત્રિકા', વર્ષ ૨૫, અંક ૨.

૩ ૨૧મી એપ્રિલ ૧૯૮૫ને બપોરે ૩ થી ૬ દરમિયાન વિકાસગૃહ, અમદાવાદમાં, અખિલ હિન્દ મહિલા પરિષદ, અમદાવાદ શાખા અને વિકાસગૃહે બોલાવેલી સભામાં નિર્ણય લેવાયા હતા.

૪ ઉદાહરણ તરીકે અ. હિ. મ. પરિષદ, અમદાવાદ શાખાના ૧૯૮૪ના વર્ષ દરમિયાનના કાર્યક્રમો નીચે પ્રમાણે છે :

જાન્યુઆરી : ચલોડા ગામ (તા. ધોળકા)માં ઉજાણી અને સામાન્ય સભા.

ફેબ્રુઆરી : પૌષ્ટિક વાનગીની હરીફાઈ અને રમતગમત હરીફાઈ.

એપ્રિલ : જુદા જુદા પ્રાંતોના વસ્ત્રપરિધાન હરીફાઈ, ૧૪ એપ્રિલ.

જૂન : સ્ત્રીઓના અપમૃત્યુની પ્રશ્નોત્તરી—જાહેર સભા ૨૩મી જૂન.

જુલાઈ : ડાબડા ઉજાણી-હાઉસી, ૨૧ જુલાઈ.

ઓગસ્ટ : સુગમસંગીત સ્પર્ધા, ૨૫ ઓગસ્ટ.

સપ્ટેમ્બર : ગરબા-સ્પર્ધા, ૨૫ સપ્ટેમ્બર.
સંસ્થાના ગરબા, ૨૯ સપ્ટેમ્બર.

ઓક્ટોબર : 'અવાજ'ના સહકારથી શેરી નાટક 'સ્ત્રી સાવધાન' ૧૩ ઓક્ટોબર.

નવેમ્બર : મિલન સમારંભ ૧૦ નવેમ્બર. બાલદિન ૨૩ નવેમ્બર.

ડિસેમ્બર : પાનસરમાં ઉજાણી, ૧૫ ડિસેમ્બર.

# દહેજ

## સોનલ શુક્લ

દહેજ વિષે મુંબઈવાસીઓનો શો મત છે? દેશભરમાં સામાન્યરીતે જે મત હોય તે—કદાચ. લોકો ભમ્મર ચઢાવે છે, દહેજમાં આપેલી રકમનો આંકડો ગર્વભેર કહે છે અને પછી રોજવપરાશના વધતા જતા ભાવોની માફક દહેજની વધતી જતી રકમ વિષે ફરિયાદ કરે છે. ગરીબ અને મધ્યમ વર્ગને આ ખર્ચ શી રીતે પોષાતો હશે? પણ આ રિવાજને સ્ત્રીઓના પ્રશ્ન તરીકે કોઈ ગણતું નથી, સ્ત્રીઓના દમન અને એમના અધિકારની અવગણનાનો કોઈ ઉલ્લેખ કરતું નથી સિવાય કે કેટલીક સ્ત્રીસંસ્થાઓ. મુંબઈ એક પચરંગી શહેર છે તેથી દહેજનાં વિવિધ પાસાંઓ અહીં ઊપસી આવે છે. કોઈક કહે છે અમે રોકડા કરતાં સોનું વધારે આપ્યું. કોઈ કહે છે અમારી જ્ઞાતિમાં તો બધું રાચરચીલું અને વાસણ પણ આપવાનાં. આમ ભાષા, જ્ઞાતિ અને ધર્મના ભેદ ભૂલી જઈને પણ અહીં દહેજનો રિવાજ મોટાભાગના મધ્યમવર્ગના અને આર્થિક રીતે ઉચ્ચ દરજ્જાના લોકોમાં જોવા મળે છે અને હવે આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરનારા કામદાર વર્ગમાં પણ એનો પ્રવેશ થઈ રહ્યો છે.

દહેજ દેખીતી રીતે જ સ્ત્રીવિરોધી છે. એનો અર્થ એ કે સ્ત્રી વત્તા દહેજ બરાબર પરણવા લાયક પુરુષ. દહેજ એ પુરુષના અને એના કુટુંબના મોભાનું એક પ્રતીક. પરણનાર યુવતી કરતાં પરણનાર પુરુષના ઊંચા દરજ્જાનો અહંકાર. એટલે જેમ દહેજ વધારે તેમ પુરુષનો આત્મસંતોષ વધારે.

આ ઉપરાંત પુરુષને ઊંચો દરજ્જો આપવામાં વધારે પૈસા અને શિક્ષણ પણ ઉમેરાય છે.—આ બધા સિવાય પણ પુરુષનો દરજ્જો ઊંચો જ ગણાવાનો —પછી લગ્નમાં દહેજનું સ્થાન હોય કે ન હોય. કેટલીક જ્ઞાતિઓ જેવી કે બ્રાહ્મણ, ગુજરાતના વણિકો કે લોહાણા અને મોટાભાગના કામદાર વર્ગમાં દહેજનો રિવાજ નથી ને છતાં પુરુષના ઉચ્ચ દરજ્જા વિષે શંકા નથી. આમ દહેજ વિષે વિચાર કરતાં સ્ત્રીના અધિકાર એ પ્રાણપ્રશ્ન બની જાય છે.

મોંઘવારી વધવા સાથે ઘણા મધ્યમવર્ગીય પુરુષો નોકરી કરતી સ્ત્રીઓ સાથે લગ્ન કરવાનું પસંદ કરે છે. દક્ષિણ ભારતીય અને મહારાષ્ટ્રીય કુટુંબોમાં આ પ્રથા વિશેષ જોવામાં આવે છે. ઘરની બહાર કામ કરવા જવા સાથેનો પૂર્વગ્રહ નષ્ટ થઈ ગયો છે. ગુજરાતી તેમ જ બીજી અન્ય જ્ઞાતિઓમાં પણ આ વહેણ હવે દેખાય છે. ગુજરાતની અનાવિલ કોમની બહેનો મુંબઈની સુધરાઈની શાળાઓમાં શિક્ષિકા તરીકે કામ કરી આર્થિક સ્વતંત્રતા અને સધ્ધરતા મેળવતી હતી અને આ રીતે દહેજની રકમ ઘટાડી શકતી હતી. મુંબઈમાં સુધરાઈની ઘટતી જતી ગુજરાતી શાળાઓ સાથે આ તકો ઓછી થતી ગઈ તે તેથી તેઓ હવે વ્યવસાયનાં બીજા ક્ષેત્રોમાં ઝુકાવે છે. આ પરિસ્થિતિનો ચિતાર મરાઠી નાટક 'મુલગી ઝાલી હો'માં સરસ રીતે રજૂ કરવામાં આવ્યો છે. સ્ત્રીમુક્તિસંગઠન દ્વારા રજૂ થતાં આ નાટકમાં વરરાજા વધૂના પગારની સ્લીપ જોવા માગે છે અખબારોની લગ્ન વિષયક જાહેરખબરો પણ આ વસ્તુનો નિર્દેશ કરે છે. સમાજસેવકોનો અનુભવ છે કે માબાપો છોકરીને લગ્ન થાય ત્યાં સુધી હંગામી નોકરી મેળવી આપવાની પણ આજીજી કરતા



હોય છે. સ્ત્રીની મહેનતની ઉત્પાદક શક્તિ દહેજની માસિક રકમ તરીકે ગણવામાં આવે છે. કારણ લગ્ન પછી આ રકમ પર સ્ત્રીનો ભાગ્યે જ હક્ક રહે છે. અમેરિકામાં અને કેનેડામાં કામ કરતી ભારતીય સ્ત્રીઓ માટે પણ આવી જ પરિસ્થતિ છે. આમ ઉચ્ચ શિક્ષણ-કમાવાની શક્તિ–આર્થિક સ્વતંત્રતા એ સ્ત્રીઉત્થાનમાં મહત્ત્વનાં હોવા છતાં એ બધાંને લીધે વ્યક્તિ તરીકે સ્ત્રીની સ્વતંત્રતાની કોઈ બાંહેધરી નથી. ઘરની આવકમાં ફાળો આપતી સ્ત્રી ઘરના બીજાં રોજિંદાં કામોમાંથી પણ છૂટી નથી શકતી. ઘરનું એ કામ તો એના લલાટે લખાયેલું છે જ, એ કમાય કે ન કમાય.

મુંબઈની દહેજપ્રથાની એક વિશિષ્ટતા તે દહેજમાં અપાતા ફ્લેટ છે. મુંબઈમાં ઘરની વિષમ પરિસ્થિતિને કારણે આ પ્રથા વિકસી છે. એક ઓરડીનું ભાડું રૂ. ૧૦૦ સુધી હોય શકે. લીવ લાયસંસની પ્રથા કાયદેસર નથી ને નોકરીની તકો ઊજળી હોવાને કારણે લોકો શહેરમાં આવતા જ રહે છે. તેથી આવા લોકો છાપામાં જાહેરખબરમાં પોતાની લાયકાતની વિગતો સાથે અમુક જાતિની પણ પોતાનું નિવાસસ્થાન ધરાવતી કન્યાની અરજી આવકારે છે. સામાન્ય રીતે કન્યાની ઉંમર વીસની આસપાસ હોય એટલે નોકરી કરતી હોય તોય મકાન મળી શકે એટલી સિનીયોરીટી ન હોય. આમેય બધી સંસ્થાઓ પોતાના કામદારો માટે ઘર આપતી નથી. પોતાને ખર્ચે લેવાની શક્યતા તો ક્યાંથી હોય આ મોંઘવારીમાં? ભારતમાં સ્ત્રીઓ કામ કરતી હોય અને એકલી રહેતી હોય એવું પણ ઓછું બને છે. આમ આ જાહેર ખબરનો સ્પષ્ટ અર્થ એટલો કે દહેજ એટલી હોવી જોઈએ કે જેમાંથી મુંબઈમાં એક ઓરડી યા મકાન લઈ શકાય ને તે પણ મુંબઈના ભાવે. દહેજનો સૌથી ઘૃણાજનક ભાગ તો એ છે કે સ્ત્રીઓએ પોતે પોતાની દહેજ ઊભી કરવી પડે છે. કેરાળાની ભારતીય નર્સ દુનિયાભરમાં દહેજ કમાવા જાય છે મુંબઈના વુમન્સ સેન્ટર પર આવનાર પ્રથમ મહિલા આવી એક કેરાલાની નર્સ હતી. નામ આના. માબાપની આજ્ઞાંકિત દીકરી હોવાને કારણે એ ગલ્ફ પ્રદેશમાં નોકરી કરવા ગઈ નર્સીંગનો અભ્યાસ કરીને. એના પિતા આર્થિક રીતે સધ્ધર નહોતા. ને કુટુંબમાં કોઈને સૂઝયું નહિ કે આના અપરિણિત રહી શકે. અથવા તો પરજ્ઞાતિમાં દહેજ વિના પરણી શકે. પણ દહેજ આપીને લગ્ન પછી પણ પતિએ કહ્યું કે તું ફરી પાછી પરદેશ પૈસા કમાવા જા. એ વખતે એ ગર્ભવતી હતી છતાંય. આમ દહેજ દીકરી આપે કે બાપ—એનો અંત નથી. વળી સ્ત્રી પોતાની દહેજ આપવા કમાય એ કેટલું વિરોધાભાસી છે! એક બાજુ આ સમાજ દહેજની પ્રથા ચાલુ રાખવા જેટલો રૂઢિચુસ્ત છે ને બીજી બાજુ સ્ત્રીને ક્યાંય પણ નોકરી માટે મોકલવા જેટલો આધુનિક છે. જ્યારે કામદાર વર્ગમાં કામ કરતી સ્ત્રીને ઘણું મળે છે કારણ જતે દિવસે એની કમાણી એના વરના ઘરમાં જશે. જ્યારે આના જેવા કિસ્સામાં એની કમાઈ ઘરમાં જવાની હોવાં છતાં એને દહેજની રકમ આપવી પડે છે. આમ દહેજ એ સ્ત્રીની કામ કરવાની કે કમાવાની શક્તિનું હંમેશ માટેનું શોષણ છે. દિવસે દિવસે આ માગ વધતી જાય છે ને અધિકારહીન સ્વમાનહીન, બનેલી સ્ત્રી મારપીટ, મહેણાંટોણાં સહન કરતાં કરતાં કૂવાનો આશરો લે છે અથવા એનો જીવ લેવાય છે.

લગ્ન વખતે ભેટસોગાદની આપ-લે થાય છે પણ ખરેખર આ આપ-લે નથી. એ એકતરફી છે. કન્યાનાં માતાપિતા આપે છે ને વરનાં માતાપિતા સ્વીકારે છે. આમાં સાડી, શાલ બાઈસિકલ, સ્કુટર કાર, રેડિયો, ટીવી, વીડીઓ, ફ્રીઈનવન, પરદેશની સફર—બધાંનો સમાવેશ થાય છે. નવી નવી ને મોંઘી વસ્તુઓ બજારમાં મુકાતી જ હોય છે. આ બધી વસ્તુઓ માટે આકર્ષક જાહેરખબરો પ્રગટ થતી રહે છે. આ બધી વસ્તુઓનો સમાવેશ ભેટસોગાદમાં કરવામાં આવે છે. રોજના વપરાશની આધુનિક વસ્તુઓનો આમ દહેજસોગાદમાં સમાવેશ થતો જાય છે. એમાં ઓવન, ગ્રીલ, ટેઈપરેકોર્ડર, નવા મોડેલની ગાડી—વરના કુટુંબને જે જોઈતું હોય તે

મફત મેળવી લેવાની તક પુત્રના લગ્નમાં મળી જાય છે.

૧૯૮૪ના દહેજવિરોધી કાયદાના સુધારામાં દહેજ આપવા ને લેવા માટે ઓછામાં ઓછી છ મહિના અને વધુમાં વધુ બે વરસની ને દસ હજાર અથવા દહેજની રકમ (જો વધારે હોય તો)ના દંડની જોગવાઈ છે પણ આ સુધારાની કલમ ત્રણ પ્રમાણે ભેટસોગાદોને બાકાત રાખવામાં આવી છે. આવી ભેટો કાયદેસર રીતે ખાતામાં લખવામાં આવવી જોઈએ. રાબેતા મુજબ અપાતી ભેટ તેજ હોઈ શકે અને આર્થિક દરજ્જાને તે અનુરૂપ હોવી જોઈએ.

આમ કલમ બે પ્રમાણે ભેટને પણ દહેજ ગણવામાં આવે. કલમ ત્રણ પ્રમાણે એમાંથી છટકબારી પણ મળી રહે છે. વળી જ્યાં કાળાં નાણાંનો ઉપયોગ આવી ભેટસોગાદો આપવામાં થતો હોય ત્યાં એવી યાદી કોણ બનાવે ?

આવી ભેટોની માંગણી ફક્ત મધ્યમ વર્ગનાં કુટુંબો દ્વારા કરવામાં આવે છે એવું નથી. ધનિક કુટુંબોમાં પણ કન્યા શું શું લઈને આવી છે તે ગર્વભેર બતાવવાનો રિવાજ છે. એ રીતે પોતાના કુટુંબનો મોભો પ્રતિપાદિત કરી શકાય છે.

૧૯૪૭ પહેલાં મુંબઈમાં મુખ્ય વસ્તી મહારાષ્ટ્રીઓ અને ગુજરાતીઓની હતી. આ બે ભાષાજૂથો સાથે ઘણી બીજી કોમો હતી. આ બધામાં થોડે ઘણે અંશે દહેજની પ્રથા હતી. મારવાડીઓ લગ્નમાં સામાન્ય રીતે વિશેષ ખર્ચ કરતા. એમનામાં દહેજની રકમ વધારે હતી પણ બીજી જાતિઓમાં આ રિવાજ નહિ જેવો હતો. મહારાષ્ટ્રીય અને ગુજરાતી મધ્યમ વર્ગીય કુટુંબો આધુનિક કહેવાતાં. પણ હવે આ બધું બદલાઈ રહ્યું છે. ભાગલા પછી સીંધી અને પંજાબી વસ્તી વધી છે. આમાંના ઘણા આગળ પડતા વેપારીઓ છે. એ લોકોના વંશો હવે વધુ પશ્ચિમી જીવનશલી અપનાવી રહ્યા છે. છતાં એમનાં લગ્ન અને લગ્નના રિવાજો રૂઢિચુસ્ત રહ્યાં છે. દાખલા તરીકે ફેંટો પહેરી વરઘોડો કાઢવો તે વખતે સામાન્ય નહોતું પણ આજે પંજાબી લગ્નમાં આવું જોવા મળશે. આ ઉપરાંત હવે લગ્નમાં ગરબા-રાસનો કાર્યક્રમ, સંગીતના જલસાનું આયોજન, કોકટેલપાર્ટી વગેરે પણ દાખલ થયાં છે જે ગાંધીજીની અસર નીચે ગુજરાતીઓ અપનાવતા નહોતા. સાથે મહારાષ્ટ્રીઓએ પણ પંજાબી લગ્નોમાંથી પ્રેરણા લીધી છે. ચાલીસીના ગાળામાં લગ્નમાં આઈસ્ક્રીમ જૂજ જ વહેંચાતું. વેડીંગ રિસેપ્સન પચાસમાં પ્રચલિત થયાં ને સાથે હવે બૂફે-ડિનર અને આ બધું કન્યાના પિતાના ખર્ચે સ્તો.

દહેજ માત્ર કન્યાને પરણાવવા માટે નહિ, પણ એ જ જ્ઞાતિના વરને પરણાવવા માટે પણ અપાય છે. આમ દહેજ જ્ઞાતિવાદ સાથે સીધી રીતે સંકળાયેલી છે ને છતાં સ્વાતંત્ર્યોત્તર કાળમાં દહેજનો વિરોધ કરતી વેળા જ્ઞાતિવાદને સાંકળવામાં આવતો નથી. જ્ઞાતિવાદને તિરસ્કારાય છે, મુખ્યત્વે અસ્પૃશ્યતાને કારણે પણ એને લીધે સ્ત્રી-વિરોધી દહેજની પ્રથા મજબૂત બની રહી છે ને એ સ્ત્રીના જન્મસિદ્ધ અધિકારોની વિરોધી છે, એ કારણે નહિ. દહેજ વિરોધી આંદોલન જ્ઞાતિવાદ વિરોધી આંદોલન વિના સફળ ન થાય. દરેક કોમમાં આવું સ્ત્રી-વિરોધી વલણ છે. વારસાહક્ક અંગે કાયદો હોવા છતાં મોટા ભાગની કોમોમાં વારસો પુત્રને જ મળે છે.

જ્ઞાતિવાદના પ્રતીકરૂપ રૂઢિગત જમણ વગેરે હવે નષ્ટ થયાં છે.

કોમેકોમ વચ્ચેની આવનજાવન, આચાર-વ્યવહાર વધુ નિકટ બન્યાં છે. વિચારો ઉદાર બન્યા છે. સ્ત્રી-શિક્ષણ વિષેના વિચારો ઉદાર બન્યા છે. બાળલગ્નો ઘટ્યાં છે. પણ જ્યાં સુધી દહેજને લાગેવળગે છે ત્યાં સુધી આ પ્રથા એવી ને એવી જ પ્રચલિત છે. આમ જ્ઞાતિવાદના મૂળમાં રહેલા સ્ત્રીવિરોધી વલણને પડકારવામાં ન આવે ત્યાં સુધી દહેજવિરોધી આંદોલનને સફળતા મળવી મુશ્કેલ છે.



કોઈવાર દહેજ ન લેનાર વરરાજા પોતાની જાતને મોટો શરીફ માને છે. એ જાણે પોતાની પત્ની પર મોટો ઉપકાર કર્યો હોય એમ વર્તે છે. હકીકતમાં તો એણે પોતાની જાતને દહેજ દ્વારા વેચાણ થતાં અટકાવી છે. આમ એણે કોઈના પર ઉપકાર નથી કર્યો. સ્ત્રી-વિરોધી ગુનો ન કર્યો એ કયો સદ્‌ગુણ થઈ ગયો ? અલબત્ત, અત્યારની દહેજનાં દૂષણો જોતાં આવો નિર્ણય લે તે માટે આનંદ થાય. પણ આવો નિર્ણય લીધો એનો અર્થ એ નથી થતો કે આવો પતિ એની પત્નીને મારશે નહિ અથવા એવી પરિસ્થિતિ ઊભી નહિ કરે કે જેના પરિણામે સ્ત્રી આપઘાત કરવા તૈયાર થાય. મુંબઈના વિમેન્સ સેન્ટર પાસે આવા છ કિસ્સા છે જેમાં દહેજ નહોતી લેવામાં આવી છતાં સ્ત્રી પર મારપીટ કરવામાં આવતી હતી. આવી જ રીતે ડૉ. વર્ષા વેંકટરામન ગળે દોરડું બાંધીને મૃત્યુ પામી હતી.

દહેજ માટે જવાબદાર બંને પક્ષો છે. વરના પિતાને પણ પુત્રી હોય ને પુત્રીના પિતાને પણ પુત્ર હોય. બંને વખત આવે દહેજ લેતા હોય છે ને તેથી જ આ વિષચક્ર ચાલતું રહે છે.

સમાજના દૂષણને લીધે માબાપે દહેજ આપવી પડે છે અને તેઓ દહેજ આપે એટલે કાયદાની દૃષ્ટિએ તેઓ પણ ગુનેગાર ગણાય. એટલે જે માબાપે દહેજ આપી હોય એ લોકો એની ફરિયાદ કરવા શી રીતે જાય ? તેથી ૧૯૬૧માં કાયદો પસાર થયો તે પછી ૧૯૭૫ સુધી આવી કોઈ ફરિયાદ દાખલ થઈ નહોતી. અનેક સ્ત્રી સંસ્થાઓએ આ અંગે વિરોધ ઉઠાવ્યો હતો.

એક કિસ્સામાં વુમન્સસેંટર પાસે એક ચોવીસ વર્ષની સ્ત્રી આવી હતી. જેનો પિતા ગામડામાં એની જ જ્ઞાતિના એક યુવક સાથે દીકરીના લગ્ન કરવા ઇચ્છતો હતો કારણ કે ત્યાં દહેજની રકમ પ્રમાણમાં ઓછી હતી. શહેરમાં રહેલી સ્ત્રી આનો વિરોધ કરતી હતી. એને પોલીસમાં ફરિયાદ નોંધવાની તક જ ન અપાઈ. આખરે વુમન્સસેંટરના પ્રયત્નથી એ બચી ગઈ. આ કિસ્સામાં છાપામાં જાહેરખબર અપાઈ હતી ને દહેજ વિના પરણવા એકાદ બે મુરતિયા તૈયાર હતા પણ પિતાને દીકરીનો આ સ્વતંત્ર નિર્ણય પસંદ નહોતો. એના પુરુષ તરીકેના સ્વમાનનો એમાં ભંગ થતો હતો. ૧૯૬૧નો દહેજ વિરોધી ખરડો કે ૧૯૮૪નો સુધારો દહેજને આંબવા શક્તિમાન થયો છે. દહેજ સાથે બીજા પ્રશ્નો પણ ઊભા થાય છે. સ્ત્રીને મારપીટ, છૂટાછેડા, ભરણપોષણ વગેરે. પણ આ સૌ પ્રશ્નોમાં દહેજ વધુ ચર્ચાનો વિષય બની રહ્યો છે. દિલ્હીમાં આવા કિસ્સા રોજ અખબારોમાં ચમકે છે ને તેથી સરકાર કદાચ વધુ પડતું ધ્યાન એના પર આપે છે. સરકારને દહેજનો પ્રશ્ન વધુ માફક આવે છે કેમ કે એમાં માબાપનો વાંક કાઢી શકાય જ્ઞાતિવાદનો, રૂઢિચુસ્તતાનો ને એમાં સરકારની કાયદો ને વ્યવસ્થા જાળવવાની શક્તિને પડકાર નથી. સ્ત્રીઓના બીજા પ્રશ્નો જેવા કે બળાત્કાર, બેકારી, કામ કરતી સ્ત્રીઓનું શોષણ પૂરતું ધ્યાન નથી ખેંચતા. શહેરમાં દહેજને કારણે થતાં મૃત્યુ, ગામડામાં નિરાધાર બાળા પર થતા બળાત્કાર કરતાં વધુ ધ્યાન ખેંચે છે.

૧૯૮૪ ના આ કાયદામાં થયેલા સુધારામાં એક સુધારો જો કે ખાસ આવકારપાત્ર છે. આ ધારાની કલમ અન્વયે દહેજ લેવી તેમ જ માંગવી એ પણ ગુનો છે. દહેજના કાયદાના વિભાગ સાતમાં પણ જે સુધારો છે તે પણ નોંધપાત્ર છે. એ સુધારાના અન્વયે કોર્ટ જાતે પણ આવા કિસ્સા અદાલતમાં ચલાવી શકે—કોઈ પણ પોલીસ રિપોર્ટના આધારે અથવા માતાપિતા યા સગાવહાલાની ફરિયાદને આધારે, યા તો કોઈ જવાબદાર સમાજસંસ્થાની ફરિયાદને આધારે. સમાજસંસ્થાઓ ફરિયાદ નોંધાવી શકે એ ઘણું સૂચક અને લાભદાયી છે કેમ કે માતાપિતા તરફથી કોમની વિરુદ્ધ જઈને ફરિયાદ કરવી કઠીન છે.

બિહાર, ઓરિસ્સા વગેરે રાજ્યોમાં પોતપોતાના દહેજ વિરૂદ્ધ કાયદાઓ છે અને એ બધામાં આવા સુધારા

દાખલ કરવામાં આવ્યા છે. પણ દહેજ પરત્વે વિશેષ મહત્ત્વનો કાયદો તો ૧૯૮૩નો ક્રીમીનલ લૉ એમેંડમેંટ એક્ટ છે જેમાં કલમ ૪૯૮ એના અન્વયે પતિ તરફથી કે પતિના સગાવહાલાઓ તરફથી થતી મારઝૂડ, કનડગત કે ક્રૂરતાને પણ ગુનો ગણી શકાય છે. આ કલમ પ્રમાણે સ્ત્રીને પૂરતી દહેજ ન લાવવા બદલ અપાતો માનસિક અને શારીરિક ત્રાસ જેનાથી એ આપઘાત કરવા પ્રેરાય અથવા એની માનસિક શાંતિ ખોઈ બેસે, એને પણ ગુનાહિત કૃત્ય લેખી શકાય. ઘણીવાર ખૂન કે આપઘાત પુરવાર કરી શકાતા નથી પણ જો એટલુંય પુરવાર થાય કે પતિ અથવા એના સગાવહાલાઓના ક્રૂર આચરણથી સ્ત્રી આપઘાત કરવા પ્રેરાઈ હતી તો ગુનો ગણી શકાય.

અલબત્ત, આવા કિસ્સાઓમાં સ્ત્રીએ આપઘાત કર્યો હોય કે ગણતરીપૂર્વક મારી નાખવામાં આવી હોય ત્યારે પુરાવા મળવા મુશ્કેલ છે ને તેથી પોલિસની આવા હિસ્સામાં કામગીરી મહત્ત્વપૂર્ણ બની રહે છે અને તે માટે કાયદેસરની વિધિઓ હોવી જોઈએ અને એનું પાલન થવું જાઈએ એમ પ્રખર ધારાશાસ્ત્રીઓ જેઓએ આવા કિસ્સાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે, તેમનું માનવું છે.

ઘણીવાર બળપૂર્વક બાળી નાખવાના બનાવ પછી મરણપથારીએ પડેલી સ્ત્રી હૉસ્પિટલમાં, અકસ્માત હતો એવું વિધાન કરે છે. પછી કહે છે કે એના પર ત્રાસ ગુજારવામાં આવતો અને છેલ્લે કહે છે કે એને જાણીજોઈને જીવતી સળગાવી દેવામાં આવી છે. ઘણીવાર આવાં વિધાનો પોલીસ બરાબર નોંધતા નથી અથવા તો સગાવહાલાઓ પૈસા આપી આવાં વિધાનો દાબી દેવાનો પ્રયત્ન કરે છે. ઘણીવાર સ્ત્રી પોતાના ઘરનાનો બચાવ કરવા ખાતર સાચી વાત કબૂલ કરતી નથી. કારણ એ જાણે છે કે એ જીવી જશે તો પાછું એને સાસરે જઈને રહેવાનું છે. એની પાસે બીજો વિકલ્પ ક્યાં છે? સાથે સાથે આવી સ્ત્રીઓ સામાન્ય રીતે પારકાઓ સાથે આવા વિધાનો કરવા ટેવાયેલી નથી હોતી.

દિલ્હીમાં દહેજ માટેની પોલીસના ખાસ વિભાગમાં સત્તર કિસ્સાઓમાં પકડાએલી દરેક વ્યક્તિ છૂટી ગઈ હતી. ઘણીવાર એક કોર્ટમાં સજા થાય તો ઉપલી કોર્ટમાં છૂટી પણ જવાય છે.

દુઃખની વાત તો એ છે કે પહેલા કામદાર વર્ગ આવા દૂષણથી મુક્ત હતો. હવે ઉપલા વર્ગોને જોઈ તેઓએ પણ દહેજ માંગવાની શરૂઆત કરી છે. મહારાષ્ટ્રમાં સૌ પ્રથમ મરાઠા ક્ષત્રિયોમાં એનો પ્રવેશ થયો. આ વસ્તી મોટે ભાગે મહારાષ્ટ્રના ફળદ્રુપ શેરડી ઉત્પાદનના પ્રદેશોમાં છે. હવે કણબી, સુથાર અને દલિતોમાં પણ તે પ્રચલિત છે. પહેલાં આ કોમોમાં માત્ર બસો પાંચસો રૂપિયામાં પતી જતું હતું ત્યાં હવે વધુ રકમની માંગણી થાય છે. લગ્નનો બધો ખર્ચ કન્યાપક્ષે ભોગવવો પડે છે અને ભેટસોગાદો પણ આપવી પડે છે.

આગળ આપણે આનાનો કિસ્સો જોયો. એ હિંદુ નથી. કેરાલાની સીરીઅન ક્રિશ્ચિયન છતાં ત્યાં પણ દહેજનો રિવાજ છે. આવી જ રીતે મેંગલોરના ખ્રિસ્તીઓ પણ આ રિવાજને અનુસરે છે. મુસ્લિમોમાં પણ આ રિવાજ છે. હૈદ્રાબાદની મુસ્લિમ કન્યાઓ વૃદ્ધ આરબોને સ્વીકારે છે કારણ સ્થાનિક મુરતિયાને દહેજ આપવા એમની પાસે પૂરતા પૈસા નથી. આવી કન્યાઓની શી વલે થાય છે તે તો સુવિદિત છે.

સંભવિત છે કે સ્ત્રીને વારસાનો હક્ક ન હોવાથી દહેજ દ્વારા એ મેળવી લે એવા કંઈક ખ્યાલથી આ પ્રથા શરૂ થઈ હશે. પણ વારસા હક્કો દરેક જાતિ અને ધર્મમાં જુદા જુદા છે છતાં દહેજનો રિવાજ બધે જ છે. આમ મુસ્લિમ અને ખ્રિસ્તી સ્ત્રીઓને બમણું સહન કરવું પડે છે. હિંદુ સ્ત્રીની માફક એમને વારસામાં કાયદેસરનો હક્ક નથી ને તોય દહેજ આપવાની રહે છે. આ બન્ને ધર્મોમાં સ્ત્રીને પિતાની મિલ્કતનો નહિવત્ ભાગ જ મળે છે.

સ્ત્રી સ્વાતંત્ર્ય માટેના બે મુખ્ય પાયા તે સ્ત્રી કેળવણી અને એને કામ કરવાની તક મળે એ છે. કેન્દ્ર સરકારનું



નવું ખાતું આ ક્ષેત્રમાં લક્ષ આપશે એ આનંદની વાત છે. ૨૫ ટકા અક્ષરજ્ઞાન ધરાવતી ને માત્ર ૧૪ ટકા વ્યવસાય ધરાવતી સ્ત્રીઓ આ દિશામાં આગળ વધે તે જરૂરી છે. પણ ફક્ત સ્ત્રીશિક્ષણથી જ દહેજનો પ્રશ્ન ઊકલી જશે એવી આશા રાખવી ઉતાવળી છે. કારણ યુવક જેટલો વધુ ભણેલો તેટલી દહેજની રકમ વધુ. ભણેલી સ્ત્રી પણ સારો વર મેળવવા દહેજ આપતાં અચકાતી નથી. કદાચ વાંધો હોય તોય શું? એમની પાસે વિકલ્પ નથી હોતો. આમ જો શિક્ષણ દ્વારા વિકાસ સાધવો હોય તો શિક્ષણના ધ્યેયને સમજીને એમાં આવશ્યક ફેરફાર કરવા પડશે. શાળાનાં પાઠ્યપુસ્તકોના અભ્યાસ પરથી માલૂમ પડે છે કે એમાંનાં ચિત્રાંકનો અને પ્રશ્નાવલિમાં સ્ત્રીઓ ભાગ્યે જ ધ્યાન ખેંચે છે. પરણવા અને દહેજ મેળવવા ખાતર શિક્ષકા તરીકે નોકરી કરતી સ્ત્રીઓ આ દૂષણનો સામનો કરવાનું શિક્ષણ વિદ્યાર્થીઓને શી રીતે આપી શકે?

અલબત્ત, નોકરી કરતી સ્ત્રીઓ વધુ હિંમત કેળવે છે. એના જીવનનાં મૂલ્યો બદલાય છે. એ પરિસ્થિતિનો સામનો કરવાનું નૈતિક બળ મેળવી શકે છે તેથી શિક્ષણ અને નોકરીની તક આ દિશામાં જરૂર ફાળો આપી શકે.

આ દિશામા શું શું થઈ શકે?

સ્ત્રી અંગેના ગુનાઓ માટે કાયદા તથા પોલીસ તંત્રમાં જુદી જોગવાઈ કરવી જોઈએ. આ ગુનાઓને સામાન્ય ગુનાઓ સાથે સાંકળી ન લેવા જોઈએ.

સુધા ગોયેલ કેસમાં કોર્ટના નિર્ણયનો વિરોધ કરવા માટે સમાજસેવી સંસ્થા 'સાહેલી' પર કોર્ટનું અપમાન કરવા બદલ કારણદર્શક નોટિસ કાઢવામાં આવી હતી. ત્રીસ વર્ષના પ્રયત્ન પછી સ્ત્રીઓ જ્યારે પોતાનો મત પ્રદર્શિત કરતી થઈ છે ત્યારે આવી રીતે અવાજ ને ગૂંગળાવાશે? જાહેરમાં કામ કરતી વ્યક્તિઓએ, ન્યાયાધીશોએ અને રાજકીય નેતાઓએ પણ એમના લગ્નપ્રસંગે દહેજ લીધી હતી કે નહિ તે શોધી કાઢવું જોઈએ.

દહેજને કારણે થયેલા મૃત્યુ વખતે સ્ત્રીના કુટુંબીજનો અને સ્ત્રીસેવાસંસ્થાઓને એ તપસમાં સામેલ કરવાં જોઈએ.

સ્ત્રીસંસ્થાના હોદ્દેદાર આવા રિવાજ સાથે સંકળાયેલા ન હોય તેની કાળજી સ્ત્રીસંસ્થાઓએ પણ રાખવી જોઈએ.

કુટુંબનિયોજન ઝુંબેશ અંગે સરકાર જેટલું ધ્યાન આપે છે તેટલી જ ગંભીરતાથી દહેજનો પ્રશ્ન પણ લેવાવો જોઈએ.

સ્ત્રીઓને નોકરીમાં વધુ તકો આપવી જોઈએ. અનુસૂચિત જાતિ વગેરે માટે રાખેલી અનામત જગ્યાઓમાંથી ૨૫ ટકા બહેનો માટે અનામત રાખવી જોઈએ એવી માગણી સ્ત્રી અત્યાચાર વિરોધ સ્ત્રીસંસ્થાઓએ કરી છે. નોકરીની તકોની અછત છે એવી દલીલ વજૂદ વગરની છે કેમ કે દેશના બધા જ આર્થિક પ્રશ્નો ઉકેલાઈ જાય ત્યાં સુધી વાટ જોવી શકય નથી; ને આમેય સ્ત્રીઓ કમાશે તે કુટુંબ માટે જ. વળી સ્ત્રીઓ દારૂ-જુગાર અને એવી બદીઓમાં પૈસા વેડફશે નહિ.

કામ કરતી સ્ત્રીઓ માટે વધુ હૉસ્ટેલ્સ અને આશ્રયસ્થાનોની જરૂર છે. આવી સંસ્થાઓમાં એવું વાતાવરણ હોવું જોઈએ કે સ્ત્રીઓની આત્મશ્રદ્ધા દૃઢ બને. કેટલીકવાર આવાં આશ્રયસ્થાનોનું વાતાવરણ એટલું કલુષિત હોય છે કે સ્ત્રીઓ પોતાના સાસરે દુઃખ સહન કરવું પડતું હોય છતાંય ત્યાં જવાનું પસંદ કરે છે.

આવું જ કંઈક બને છે સલાહકેન્દ્રોમાં. મારઝૂડ પછી આવી સ્ત્રી આવા કેન્દ્રમાં જાય છે. થોડા ઊભરો ઓછો થતાં પતિદેવો આવા કેન્દ્રમાં જઈ માફી માંગે છે. સ્ત્રી જાણે છે કે આ તો રોજની વાત છે. એણે તો આવી મારઝૂડ ઘણી વખત સહન કરી છે ને અગાઉ સગાંવહાલાની સલાહથી ભીનું સંકેલ્યું છે. સલાહનો હેતુ એ હોવો જોઈએ કે એને જીવનમાં ફરી શ્રદ્ધા જાગે, પોતાનામાં આત્મવિશ્વાસ વધે ને બીજા વિકલ્પો

વિષે સ્વતંત્ર રીતે વિચાર કરી શકે, સલાહકેન્દ્રો ઘેર પાછા જવાની અને સંધિ કરવાની સલાહ આપે એનો શો અર્થ?

લગ્નજીવનની પવિત્રતા કરતાં સ્ત્રીનું સ્વમાન અને સ્થિરતા વધારે મહત્ત્વનાં છે. આવાં કેટલાંક ઉપયોગી કેન્દ્રો છે. જ્યાં સ્ત્રી સલાહસૂચન અને માનવીય ઉષ્મા માટે જઈ શકે છે, દા. ત. નારીકેન્દ્ર, મુંબઈ; સાહેલી, દિલ્હી; સખીકેન્દ્ર, કાનપુર આવાજ, અમદાવાદ; સ્ત્રી-શક્તિ હૈદ્રાબાદ અને વિમોચન બેંગ્લોર.

સૌ ધર્મ માટે સમાન કાયદો હોવો જોઈએ, કારણ દહેજ દરેક ધર્મના અનુયાયીઓમાં જોવા મળે છે. જ્યારે દરેક ધર્મમાં વારસાહક્કો જુદા જુદા છે.

પોલીસતંત્ર માટે કે કાયદાના રક્ષકો માટે દહેજ માગનારાઓને પકડવા મુશ્કેલ છે. અખબારોની જાહેર-ખબરો જુઓ ખાસ કરીને લગ્નવિષયક જેમાં ડિસન્ટ (સુઘડ) લગ્નને નામે દહેજ આપવા યા લેવાનો ડર્ટી (મેલો) આશય પરખાય આવે છે. મુંબઈનાં અખ-બારોમાં જાહેરખબરો આવે છે વરને ફ્લેટ ધરાવતી કન્યા જોઈએ છે અથવા તો ફ્લેટ ખરીદી શકે તેટલા પૈસા દહેજમાં આપી શકે એવી. આવા લોકોની પાછળ પડી એમને પકડી ન શકાય? લાંચ માટે કે વેશ્યાગૃહ ચલાવવા માટે પોલીસતંત્ર બનાવટી ઘરાકો નથી મોકલતા? દહેજ માટે આમ કેમ ન થઈ શકે? દાણચોરી કે કરચોરીની માહિતી આપનારને સારાં ઈનામો મળે છે, આવી રીતે દહેજ આપનાર અંગે માહિતી લાવનારને ઈનામ કેમ ન આપી શકાય?

છેલ્લે સક્રિય સમાજસેવકો પણ આ દિશામાં ઉપયોગી કામ કરી શકે. એમનું કાર્ય ફક્ત સરકારને મદદ કરવાનું નથી પણ સરકાર જ્યારે રૂઢિચુસ્ત વલણ દાખવી કાયદાની ઢીલાશ અને તંત્રના જડત્વનો આશરો લઈ પગલાં લેવાનું ટાળે છે ત્યારે તેનો પડકાર કરવાનું પણ છે.

સાહેલીના કહેવા પ્રમાણે, 'અમે વિરોધ કરીશું આવેદન, સભા, સરઘસો દ્વારા અને જેલ ભરીશું પણ હવે અમે શાંત નહિ રહીએ. અમારો વિરોધ એ એક પડકાર છે દરેક સંસ્થાને પછી તે લોકસભા હોય, ન્યાયાલયો હોય કે કુટુંબસંસ્થા હોય.'

સરકારે આવા સક્રિય સેવકોને સાંભળવા અને સમજવા જોઈએ. નહિ તો માત્ર એવા સમાજસેવકો બહાર પડશે જે સરકારની હા માં હા ભણશે અને એમને સ્ત્રીના પ્રશ્નો અંગે કોઈ સૂઝ કે દૃષ્ટિ નહિ હોય ને તેથી સ્ત્રીઓના પ્રશ્નો માટે લડવાની હિંમત તો ક્યાંથી જ હોય?

આમ દહેજ એ સ્ત્રીના સ્વમાન અને સન્માન, એના વ્યક્તિ તરીકેના અસ્તિત્વ ને આદરનો સવાલ છે. સરકાર, સંસ્થાઓ અને જાગૃત લોકમત સૌ સાથે મળીને જ આ દૂષણનો સામનો કરી શકે.

(અનુ. : દુર્ગા મેઘનાદ ભટ્ટ)



# ગુજરાતમાં સ્ત્રીશિક્ષણ

**કલ્પના શાહ**

સ્ત્રીશિક્ષણનો ઇતિહાસ દોઢ સદી લાંબો છે. ૧૯મી સદીના અંત ભાગમાં થયેલા પ્રયત્નોને પરિણામે ૨૦મી સદીની શરૂઆતમાં સમગ્ર દેશમાં સ્ત્રી શિક્ષણની શરૂઆત થઈ હતી. સ્ત્રીશિક્ષણની શરૂઆત બે ફાંટે રહી. એક તરફ સમાજસુધારાની ચળવળ ચલાવનારા સમાજસુધારકોને સ્ત્રીશિક્ષણ વગર સમાજસુધારો અશક્ય લાગ્યો હતો. પરિણામે સમાજસુધારામાં સ્ત્રી-શિક્ષણને અગ્રીમતા અપાઈ. આમ અગ્રીમતા આપવા પાછળનો હેતુ બહુ સ્પષ્ટ હતો. જો છોકરાઓ અંગ્રેજી શિક્ષણ લઈ આગળ વધે અને છોકરીઓ તદ્દન અભણ રહે તો લગ્નબજારમાં કજોડાં ઊભાં થાય અને લગ્નસંસ્થા આખી જ ભયમાં મુકાય. ખાસ કરીને ઉપલી જ્ઞાતિ માટે આ વધુ સાચું હતું. વળી જો છોકરીઓમાં શિક્ષણનો ફેલાવો થાય તો સારી જીવનસંગિની બનવા ઉપરાંત તેઓ ઘર વધુ સારી રીતે ચલાવવાનું અને 'શિક્ષિત' કે 'કેળવાયેલી માતા' બનવાનું શીખી શકે. ઉપરાંત જરૂર પડે તો બે માણસ સાથે સારી રીતે બોલી ચાલી શકે કારણ કે શિક્ષણ દ્વારા તેઓને 'સારી' રીતભાત શિખવાડવાનો ખ્યાલ હતો. આ પ્રમાણે જ્યારે પુરુષસમાજમાં શિક્ષણ પ્રચલિત થયું ત્યારે આ સમાજને સ્ત્રીશિક્ષણની અનિવાર્યતા સમજાઈ અને સ્ત્રીશિક્ષણનો પ્રચાર શરૂ કરવામાં આવ્યો.

સ્ત્રીશિક્ષણ પર ભાર મુકાતાં ઠેર ઠેર ખાનગી દાન-સખાવત આ દિશામાં વહેતાં મુકાયાં. આ માતબર દાનોને પરિણામે દેશમાં ઠેકઠેકાણે કન્યાશાળાઓ અને મહિલાસંસ્થાઓનો ઉદ્ભવ થયો. આ પ્રયત્નો સ્વૈચ્છિક રહ્યા. સ્ત્રીશિક્ષણ માટે અવાજ ઉઠાવવો. તે માટે શક્ય એટલા બધા જ પ્રયત્નો કરવા અને એ કામ જારી રાખવું એનો જશ આપણા તે વખતના સમાજસુધારકોને જાય છે. તેઓ નૈતિક જવાબદારીથી અને રાષ્ટ્રીય ભાવનાથી બંધાએલા હતા. તેમણે તેમનું કામ ફક્ત નાણાં પૂરાં પાડી સંસ્થાઓ ખોલવા પૂરતું સીમિત ન માનતા, આ સંસ્થાઓનો વધારે ને વધારે સંખ્યામાં કન્યાઓ લાભ લે તે પણ જોયું. આ અંગે જે પ્રયત્નો કરવા પડે તે બધા પ્રયત્નો તેઓએ કર્યા. પરિણામે આ શૈક્ષણિક સંસ્થાઓ ચાલુ રહી શકી. બીજી તરફ મિશનરીઓએ પણ શાળાઓ ખોલવા માંડી. ધર્મનો પ્રચાર અને શિક્ષણ ખ્રિસ્તી મિશનરીઓના મિશનના બે મહત્ત્વનાં અંગો હતાં. ઉપરાંત દેશમાં લગભગ આ જ અરસામાં રાજ્ય કરતી બ્રિટિશ સરકાર ઉપર દબાણ વધતાં સરકારે હિંદી સ્થાનિક લોકોમાં શિક્ષણ દાખલ કરવાના પ્રયત્નરૂપે સરકારી શાળાઓ ખોલવા માંડી. આ પ્રયત્નોને લીધે સૌ પ્રથમ કુમાર કેળવણીની શરૂઆત થઈ અને ત્યાર પછી ધીરે ધીરે કન્યા કેળવણી દાખલ થઈ. લગભગ દરેક રાજ્યમાં આ રીતે વધતે ઓછે અંશે શિક્ષણ દાખલ થયું.

ખ્રિસ્તી મિશનરીઓએ ધર્મના પ્રચાર અર્થે ગુજરાતને એક ક્ષેત્ર તરીકે પસંદ કર્યું હતું. આથી ગુજરાતમાં સામાન્ય શિક્ષણ અને સ્ત્રીશિક્ષણની શરૂઆત બીજાં રાજ્યોની સરખામણીમાં વહેલી શરૂ થઈ હતી. સૌ પ્રથમ કન્યાશાળા ૧૮૧૮માં સુરતમાં સ્થપાઈ હતી. ત્યાર પછી તેમણે અમદાવાદ, વડોદરા, રાજકોટ, બોરસદ, પોરબંદર, દેવણ, ઘોઘા, વગેરે સ્થળોએ શાળાઓની સ્થાપના કરી હતી. આમ ગુજરાતમાં કન્યાકેળવણીની શરૂઆતનો જશ ખ્રિસ્તી મિશનરીઓને જાય છે. મિશનરીઓએ ફક્ત શાળાઓનાં

મકાનો ખોલીને સંતોષ નહિ માન્યો. પરંતુ વધારે ને વધારે છોકરીઓ શાળામાં ભણવા આવતી થાય તે માટે તેમને જુદાં જુદાં પ્રોત્સાહન આપવા શરૂ કર્યાં. આમાંનું એક પ્રોત્સાહન તે જે છોકરીઓ શાળા પૂરી કર્યા પછી પરણે તેને દહેજ રૂપે રૂ. ૪૫ની વસ્તુઓ આપવામાં આવતી તે હતું. શિક્ષણના ફેલાવાનો આ પ્રયત્ન સૂચક છે. અહીં શિક્ષણ દ્વારા દહેજ જેવા કુરિવાજોનો વિરોધ કરવાનું શીખવવાને બદલે પરંપરાગત મૂલ્યોને દૃઢ કરવાનું કામ કરાયું. આ અંગે અહીં નોંધવું જોઈએ કે છોકરીઓને શિક્ષણ આપવું જોઈએ તે સુધારાના કાર્યક્રમનો એક ભાગ હતો. સુધારાના કાર્યક્રમો અને સુધારાની અસરો પુરુષ વર્ગને ધ્યાનમાં રાખી નક્કી કરાઈ હતી. શિક્ષણ દ્વારા સ્ત્રીઓનું આગવું વ્યક્તિત્વ કે કારકિર્દી વિકસાવવાનો ખ્યાલ જરાપણ હતો નહિ. આથી સ્ત્રીશિક્ષણનો પ્રકાર અને કક્ષા રૂઢિગત પરંપરાનાં મૂલ્યોની સાથે સાથે રહ્યાં. શિક્ષણ લઈ સ્ત્રીઓ અન્યાયોનો કે સમાજના અવરોધોનો સામનો કરે તેવું શિક્ષણ અપાયું નહિ. શિક્ષણના આ વિરોધાભાસો આજે પણ ચાલુ છે. આ વિષે વિગતે આપણે આગળ ચર્ચા કરીશું.

૧૯મી સદીની શરૂઆતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ધાર્મિક તટસ્થતાને કારણે સ્ત્રીકેળવણી અંગે મૌન સેવ્યું હતું. સ્ત્રીકેળવણીની કોઈપણ યોજના એ તબક્કે લોકોમાં અપ્રિય નીવડવાના ભયે કંપની ચૂપ હતી. કંપની સ્થાનિક લોકોનો કોપ વહોરી લેવા માંગતી ન હતી. પરંતુ આ સમય જ એવો હતો જ્યારે સમાજસુધારકો માટે શિક્ષણનો પ્રચાર એ મહત્ત્વનું સાધન હતું. પરિણામે એક બાજુ સમાજસુધારકોનો શ્રમ અને લગની અને બીજી બાજુ સ્થાનિક શેઠિયાઓના માતબર દાન-સખાવતના કારણે ગુજરાતમાં સ્ત્રીશિક્ષણનાં મંડાણ થયાં. આ ગુજરાતી શેઠિયાઓ રોકડ રકમ સાથે પોતાનું મકાન શાળા માટે ઘણું ખરું વાપરવા આપતા. પરિણામે પ્રારંભિક તબક્કામાં કામની ઘણી સરળતા રહી. મુંબઈમાં જગન્નાથ શંકર શેઠે ૧૮૦૩ થી ૧૮૬૫ દરમિયાન કન્યાકેળવણીને સારો ટેકો આપ્યો હતો. તેમણે એક શાળાને પોતાના મકાનમાં બેસાડવાની સગવડ કરી આપી હતી. અમદાવાદમાં રા.બ. મગનભાઈ કરમચંદ કન્યાકેળવણીના આદ્ય પ્રણેતા ગણાયા. રૂ. ૨૦,૦૦૮નું દાન શહેરમાં બે કન્યાશાળા શરૂ થાય તે માટે તેમણે આપ્યું હતું. તે જ રીતે ઈ. સ. ૧૮૪૯માં અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રયાસથી હરકોર શેઠાણીએ પણ કન્યાશાળા શરૂ કરવા સખાવત પૂરી પાડી હતી. ઈ. સ. ૧૮૫૧માં સુરતમાં દુર્ગારામ મહેતાજીએ કન્યાશાળાની શરૂઆત કરી હતી. આ પછી વડોદરા, રાજકોટ વગેરે મોટાં શહેરોમાં કન્યાશાળાઓની સ્થાપના થવા માંડી. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં શહેરી વિસ્તારમાં મ્યુનિસિપાલીટીઓ અસ્તિત્વમાં આવી. સ્થાનિક બોર્ડોમાં લોકોના પ્રતિનિધિઓને સ્થાન મળવા માંડ્યું. આ લોકોએ કન્યાઓ માટેની શાળાઓ પર ધ્યાન આપવા માંડ્યું. ગ્રામ વિસ્તારોમાં લોકલ બોર્ડ અથવા લોકલ ફંડ કમિટીઓએ પણ કંઈક અંશે છોકરીઓની કેળવણીના પ્રશ્ન પર ધ્યાન આપવા માંડ્યું હતું. સ્થાનિક મંડળોએ કન્યાઓ માટેની શાળાઓ ખોલવા માંડી હતી. ચારે બાજુના પ્રયત્નોને પરિણામે કન્યાઓ માટેની પ્રાથમિક શાળાઓની સંખ્યામાં વધારો થતો ગયો. સાથે શાળાએ જતી કન્યાઓની સંખ્યામાં પણ એકધારો સળંગ વધારો ચાલુ રહ્યો.

સૌરાષ્ટ્રમાં કન્યા કેળવણી શરૂ કરવાનો જશ તે સમયના કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ કર્નલ લેન્ગને જાય છે. એમણે પોતાને ખર્ચે રાજકોટમાં કન્યાશાળાઓ શરૂ કરી હતી. સને ૧૮૮૧-૮૨માં કાઠિયાવાડ એજન્સીના કેળવણી ખાતાના તાબામાં ૨૨ કન્યાશાળાઓ હતી અને ખાનગી કન્યાશાળાઓની સંખ્યા આશરે ૨૦ જેટલી હતી. શરૂઆતની કન્યાશાળાઓના શિક્ષકો પુરુષો હોવાથી તેની સીધી અસર શાળાઓની સંખ્યા પર પડતી જણાઈ. સ્ત્રીશિક્ષકોની આવશ્યકતા સ્ત્રીશિક્ષણ તાલીમ સંસ્થામાં પરિણમી. સન ૧૮૮૬માં રાજકોટમાં 'બાર્ટન ટ્રેનિંગ કોલેજ ફોર વિમેન'ની સ્થાપના કરવામાં આવી. સન ૧૮૯૧માં વડોદરામાં બહેનો



માટે સ્ત્રી અધ્યાપન મંદિર શરૂ કરવામાં આવ્યું. આ રીતે ૧૯ મી સદીના અંતમાં ગુજરાતમાં બહેનો માટે વ્યાવસાયિક શિક્ષણની શરૂઆત થઈ ચૂકી હતી.

૨૦મી સદીની શરૂઆતમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય કેળવણીએ જોર પકડવા માંડ્યું. ગુજરાત તેમાંથી બાકાત રહી શક્યું નહિ. ઈ. સ. ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી. આની વ્યાપક અસર સ્ત્રીકેળવણી પર પડી. ગુજરાતમાં ઠેર ઠેર આશ્રમશાળાઓ અસ્તિત્વમાં આવી. આશ્રમશાળાઓના અભ્યાસક્રમમાં સ્ત્રીકેળવણીને વણી લેવામાં આવી. વળી આ દિશામાં બહેનોના અલગ વિદ્યાલયો શરૂ થયાં. નડિયાદનું વિઠ્ઠલ કન્યા વિદ્યાલય એનું સાક્ષી છે. આમ ચારે બાજુના પ્રયત્નોને પરિણામે ગુજરાતમાં સ્ત્રીશિક્ષણનો પ્રારંભ ઘણો સારો થયો. આ તબક્કે પ્રાથમિક શિક્ષણનો ફેલાવો ધસમસતા પ્રવાહ જેવો હતો. માધ્યમિક ક્ષેત્રે પણ આંક ઊંચે ચઢતો હતો. એ વખતનાં દેશી રાજ્યોએ પ્રશંસનીય ભૂમિકા ભજવી હતી. ઈ. સ. ૧૯૧૯ માં ગોંડલ રાજ્યે ગુજરાતમાં સૌ પ્રથમ કન્યા કેળવણી ફરજિયાત કરી આ ક્ષેત્રે પહેલ કરી. સયાજીરાવ ગાયકવાડે પણ પોતાની હદમાં ફરજિયાત કેળવણી કરી હતી. આમ ગુજરાતમાં સ્ત્રીશિક્ષણની શરૂઆત નોંધપાત્ર ગણાવી શકાય. આપણને સ્ત્રીશિક્ષણની સંસ્થાઓમાં અને તેમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓની સંખ્યામાં સતત એકધારો વધારો નોંધાતો જોવા મળે છે. માધ્યમિક શિક્ષણ પછી ઉચ્ચ શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ, દાક્તરી શિક્ષણ, ધંધાકીય શિક્ષણ વગેરે સ્ત્રીઓમાં પ્રચલિત થતું ગયું. આજે ગુજરાતમાં ઇજનેર, દાક્તરી, ટેક્નિકલ, બિઝનેસ મેનેજમેન્ટ વગેરે અભ્યાસક્રમોમાં વધારે ને વધારે સ્ત્રીઓ ઝંપલાવે છે અને પુરુષો સાથે સમાન ધોરણે હરીફાઈ કરી શકે છે. આમ છતાં નીચેના આંકડા દર્શાવે છે કે હજુ સ્ત્રીશિક્ષણ પુરુષ શિક્ષણની સરખામણીમાં ઘણું પાછળ છે. ૧૯૮૧માં ગુજરાતની સરકારી શિક્ષણ ટકાવારી લગભગ ૪૪% (૪૩.૭૦) છે. જ્યારે તેની સ્ત્રીઅક્ષરજ્ઞાનની સરકારી ટકાવારી લગભગ ૩૨% (૩૨.૩૦) છે. જોકે ૧૯૫૧ થી ૧૯૮૧ ના સમય દરમિયાન ગુજરાતમાં સ્ત્રીશિક્ષણનું પ્રમાણ ઠીક ઠીક વધ્યું છે. (જુઓ કોષ્ટક ૧).

### કોઠો-૧
### ૧૯૦૧ થી ૧૯૮૧ દરમિયાન ગુજરાતમાં અક્ષરજ્ઞાનનો વિકાસ

| સેન્સસ વર્ષ | અક્ષરજ્ઞાનની ટકાવારી | | |
|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | વ્યક્તિ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૯૦૧ | ૧૪.૫૨ | ૧.૦૧ | ૭.૯૩ |
| ૧૯૧૧ | ૧૫.૯૮ | ૧.૮૮ | ૯.૧૨ |
| ૧૯૨૧ | ૧૮.૦૦ | ૩.૨૮ | ૧૦.૮૫ |
| ૧૯૩૧ | ૧૮.૮૯ | ૩.૯૬ | ૧૧.૯૮ |
| ૧૯૪૧ | અપ્રાપ્ય | અપ્રાપ્ય | અપ્રાપ્ય |
| ૧૯૫૧ | ૩૦.૧૭ | ૧૨.૭૯ | ૨૧.૬૯ |
| ૧૯૬૧ | ૪૧.૧૩ | ૧૯.૧૦ | ૩૦.૪૫ |
| ૧૯૭૧ | ૪૬.૧૧ | ૨૪.૭૫ | ૩૫.૭૯ |
| ૧૯૮૧ | ૫૪.૪૪ | ૩૨.૩૦ | ૪૩.૭૦ |

સ્રોત : Population Dynamics in Gujarat, 1901–1981 Statistical Tables–Pravin Visaria.

આંકડાની વિગતમાં હજુ ઊંડે ઊતરી જાતિ અને ઉંમરના સંદર્ભમાં અક્ષરજ્ઞાન તપાસતાં જણાય છે કે ભણવા લાયક ઉંમરની છોકરીઓમાં અક્ષરજ્ઞાન લેવાનું પ્રમાણ વધ્યું છે. ૧૫ થી ૨૫ વર્ષની ઉંમરની છોકરીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ વધેલું જોવા મળે છે તે નોંધનીય છે. જે ઉંમરમાં પહેલાં મોટેભાગે બહેનો પરણી જઈ ઘર સંભાળતી તે હવે શિક્ષણ તરફ વળતી જાય છે એમ કહી શકાય.

### કોઠો–૨

### ૧૯૫૧ થી ૧૯૮૧ સુધી જાતિ અને ઉંમરના સંદર્ભમાં ગુજરાતમાં અક્ષરજ્ઞાન

| ઉંમર | ૧૯૫૧ | | ૧૯૬૧ | | ૧૯૭૧ | | ૧૯૮૧ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| બધી ઉંમર | ૩૧.૧૫ | ૧૩.૧૧ | ૪૧.૧૩ | ૧૯.૧૦ | ૪૬.૧૧ | ૨૪.૬૫ | ૫૪.૪૪ | ૩૨.૩૦ |
| ૫-૯ | ૧૪.૪૯ | ૮.૬૩ | ૩૦.૦૯ | ૨૦.૦૧ | ૩૦.૮૦ | ૨૨.૭૦ | ૪૪.૪૧ | ૩૫.૦૨ |
| ૧૦–૧૪ | ૪૫.૧૮ | ૨૬.૫૯ | ૬૭.૩૭ | ૪૧.૬૮ | ૬૮.૮૦ | ૪૬.૪૬ | ૭૬.૬૪ | ૫૭.૫૫ |
| ૧૫–૧૯ | — | — | ૬૧.૩૫ | ૩૩.૩૮ | ૬૯.૭૪ | ૪૫.૨૮ | ૭૩.૨૮ | ૫૧.૬૯ |
| ૨૦–૨૪ | — | — | ૫૬.૯૪ | ૨૫.૭૦ | ૬૭.૯૯ | ૩૬.૬૭ | ૭૨.૨૬ | ૪૩.૨૯ |
| ૨૫–૩૪ | ૪૪.૨૯ | ૧૪.૮૬ | ૫૦.૧૪ | ૨૧.૨૯ | ૫૮.૨૨ | ૨૬.૯૭ | ૬૭.૮૨ | ૩૬.૪૪ |
| ૩૫+ | ૩૭.૨૯ | ૮.૨૬ | ૪૩.૧૨ | ૧૨.૩૭ | ૪૬.૬૭ | ૧૬.૭૯ | ૫૨.૨૬ | ૨૦.૪૮ |

સ્રોત : સેન્સસ

પરિણામે મેટ્રિક, સ્નાતક કે ટેકનિકલ શિક્ષણમાં સ્ત્રીઓની ટકાવારી દરેક વય જૂથમાં સતત વધતી જોઈ શકાય છે. (કોઠો–૩).

### કોઠો–૩

### શિક્ષણની કક્ષા, ઉંમર અને જાતિના સંદર્ભમાં ગુજરાતમાં શિક્ષણની ટકાવારી. (૧૯૭૧–૧૯૮૧)

| શિક્ષણની કક્ષા | કુલ | વય જૂથ | પુરુષ | | સ્ત્રી | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| કક્ષારહિત અક્ષરજ્ઞાન | | બધી ઉંમર | ૪૮.૦૪ | ૪૧.૧૬ | ૫૫.૫૮ | ૪૬.૪૯ |
| | | ૫–૯ | ૯૬.૫૮ | ૯૮.૫૮ | ૭૯.૭૮ | ૯૮.૩૬ |
| | | ૧૦–૧૪ | ૬૨.૧૨ | ૫૪.૮૧ | ૬૧.૮૮ | ૫૪.૨૮ |
| | | ૧૫–૧૯ | ૨૩.૦૬ | ૧૯.૭૯ | ૨૯.૨૨ | ૨૧.૯૧ |
| | | ૨૦–૨૪ | ૨૫.૪૪ | ૧૯.૮૦ | ૩૩.૮૪ | ૨૩.૮૯ |
| | | ૨૫–૩૪ | ૩૭.૫૭ | ૨૪.૦૦ | ૪૬.૦૪ | ૨૯.૦૨ |
| | | ૩૫+ | ૪૭.૧૦ | ૪૧.૦૨ | ૬૧.૫૬ | ૫૦.૮૩ |
| | ગ્રામીણ | બધી ઉંમર | ૫૬.૦૧ | ૪૯ ૦૨ | ૬૬.૮૧ | ૫૬.૯૪ |
| | શહેરી | બધી ઉંમર | ૩૫ ૯૭ | ૨૯.૩૫ | ૪૪ ૭૮ | ૩૫.૨૭ |
| પ્રાથમિક | કુલ | બધી ઉંમર | ૨૭.૫૨ | ૨૬.૬૩ | ૨૭.૬૧ | ૨૮.૨૮ |
| | | ૫–૯ | ૩.૦૬ | ૧.૪૨ | ૧.૨૨ | ૧.૬૪ |
| | | ૧૦–૧૪ | ૩૨.૯૪ | ૩૭.૧૬ | ૩૨.૫૫ | ૩૭.૫૮ |



| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| | | ૧૫–૧૯ | ૩૧.૮૮ | ૨૯.૧૯ | ૩૨.૩૫ | ૩૧.૬૬ |
| | | ૨૦–૨૪ | ૨૫.૧૧ | ૨૪.૯૬ | ૩૦.૭૯ | ૨૯.૪૬ |
| | | ૨૫–૩૪ | ૨૭.૨૫ | ૨૬.૦૩ | ૩૨.૫૬ | ૩૦.૮૮ |
| | | ૩૫+ | ૩૧.૮૦ | ૨૯.૫૭ | ૩૦.૭૫ | ૩૧.૮૭ |
| | ગ્રામીણ | બધી ઉંમર | ૨૭.૭૮ | ૨૭.૪૮ | ૨૪.૨૫ | ૨૭.૭૧ |
| | શહેરી | બધી ઉંમર | ૨૭.૧૪ | ૨૫.૩૫ | ૩૧.૦૨ | ૨૮.૮૯ |
| મેટ્રિક અને ઉચ્ચતર માધ્યમિક | કુલ | બધી ઉંમર | ૧૧.૬૯ | ૧૭.૩૮ | ૮.૩૭ | ૧૪.૦૭ |
| | | ૫–૯ | — | — | — | — |
| | | ૧૦–૧૪ | ૦૦.૨૧ | ૦૦.૬૫ | ૦૦.૨૮ | ૦૦.૬૯ |
| | | ૧૫–૧૯ | ૧૬.૧૨ | ૨૫.૨૩ | ૧૭.૬૦ | ૨૬.૪૭ |
| | | ૨૦–૨૪ | ૨૮.૨૪ | ૩૩.૧૯ | ૨૧.૬૦ | ૨૮.૯૨ |
| | | ૨૫–૩૫ | ૧૮.૪૨ | ૨૭.૪૪ | ૧૨.૩૭ | ૨૩.૬૬ |
| | | ૩૫+ | ૧૦.૮૫ | ૧૭.૮૬ | ૪.૩૯ | ૧૦.૫૭ |
| | ગ્રામીણ | બધી ઉંમર | ૪.૭૨ | ૧૨.૪૯ | ૨.૨૩ | ૭.૯૨ |
| | શહેરી | બધી ઉંમર | ૨૨.૨૩ | ૨૪.૭૨ | ૧૪.૬૦ | ૨૦.૬૭ |
| બિન ટેકિનકલ ડિપ્લોમા, અથવા સર્ટિફિકેટ, ડિગ્રીથી ઊતરતી કક્ષા | કુલ | બધી ઉંમર | ૦.૨૬ | ૦.૧૮ | ૦.૧૭ | ૦.૨૪ |
| | | ૫–૯ | — | — | — | — |
| | | ૧૦–૧૪ | — | ૦.૦૩ | — | ૦.૦૧ |
| | | ૧૫–૧૯ | ૦.૦૪ | ૦.૧૬ | — | ૦.૧૫ |
| | | ૨૦–૨૪ | ૦.૩૦ | ૦.૧૬ | ૦.૪૦ | ૦.૩૬ |
| | | ૨૫–૩૪ | ૦.૬૩ | ૦.૨૧ | ૦.૪૮ | ૦.૪૭ |
| | | ૩૫+ | ૦.૪૨ | ૦.૩૬ | ૦.૨૦ | ૦.૫૪ |
| | ગ્રામીણ | બધી ઉંમર | ૦.૪૦ | ૦.૨૪ | ૦.૨૯ | ૦.૧૯ |
| | શહેરી | બધી ઉંમર | ૦.૦૪ | ૦.૦૯ | ૦.૦૪ | ૦.૩૦ |
| ટેકિનકલ ડિપ્લોમા અથવા સર્ટિફિકેટ, ડિગ્રીથી ઊતરતી કક્ષા | કુલ | બધી ઉંમર | ૦.૨૫ | ૦.૫૦ | ૦.૦૨ | ૦.૦૯ |
| | | ૫–૯ | — | — | — | — |
| | | ૧૦–૧૪ | — | — | — | — |
| | | ૧૫–૧૯ | ૦.૦૫ | ૦.૨૬ | ૦.૧૧ | ૦.૦૫ |
| | | ૨૦–૨૪ | ૦.૫૯ | ૧.૦૪ | ૦.૦૪ | ૦.૧૭ |
| | | ૨૫–૩૪ | ૦.૭૦ | ૧.૦૫ | ૦.૦૮ | ૦.૨૯ |
| | | ૩૫+ | ૦.૨૨ | ૦.૫૬ | ૦.૦૮ | ૦.૧૪ |
| | ગ્રામીણ | બધી ઉંમર | ૦.૧૦ | ૦.૨૩ | ૦.૦૧ | ૦.૦૪ |
| | શહેરી | બધી ઉંમર | ૦.૪૮ | ૦.૮૯ | ૦.૪ | ૦.૧૪ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| સ્નાતક અને તેથી વધુ | કુલ | બધી ઉંમર | ૨.૦૮ | ૪.૦૪ | ૧.૦૬ | ૨.૭૪ |
| | | ૫–૯ | — | — | — | — |
| | | ૧૦–૧૪ | — | — | — | — |
| | | ૧૫–૧૯ | ૦.૧૦ | ૦.૩૧ | — | ૦.૩૩ |
| | | ૨૦–૨૪ | ૩.૪૯ | ૭.૦૦ | ૩.૩૮ | ૭ ૬૬ |
| | | ૨૫–૩૪ | ૫.૭૭ | ૧૦.૨૯ | ૩.૧૪ | ૭.૬૪ |
| | | ૩૫+ | ૨.૬૫ | ૫.૦૭ | ૦.૮૪ | ૨.૩૭ |
| | ગ્રામીણ | બધી ઉંમર | ૦.૬૦ | ૧.૬૩ | ૦.૧૭ | ૦.૬૬ |
| | શહેરી | બધી ઉંમર | ૪.૩૩ | ૭.૬૬ | ૧.૯૭ | ૪.૯૮ |

સ્રોત : સેન્સસ, ૧૯૮૧.

વધુમાં રાજ્યને મધ્ય ગુજરાત. દક્ષિણ ગુજરાત, ઉત્તર પૂર્વીય ગુજરાત અને સૌરાષ્ટ્ર એ પ્રમાણે વિભાજતા જોઈએ તો સ્ત્રીશિક્ષણની ટકાવારી ભિન્ન ભિન્ન છે. જ્યારે સમગ્ર રાજ્યની સ્ત્રી-અક્ષરજ્ઞાનની ટકાવારી ૩૨.૩ ટકા છે, તેની સરખામણીમાં ઉત્તર-પૂર્વીય ગુજરાત અને કચ્છની ટકાવારી ઘણી ઓછી જોવા મળે છે, (૨૫.૭ અને ૨૬.૭ ક્રમશઃ) જ્યારે બીજી બાજુ દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતની ટકાવારી રાજ્યની ટકાવારી કરતાં ઊંચી છે (૩૬.૫, ૩૪.૮ ક્રમશઃ). સૌરાષ્ટ્રની તે ટકાવારી રાજ્યની ટકાવારીની અડોઅડ છે. ગુજરાતનો દક્ષિણ અને મધ્ય ભાગ તુલનામાં આર્થિક રીતે સમૃદ્ધ છે. જ્યારે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર પૂર્વીય ભાગો આ દૃષ્ટિએ નબળા છે. જે તે ભાગની આર્થિક સમૃદ્ધિની અસર તેના સ્ત્રી-અક્ષરજ્ઞાન પર જોઈ શકાય છે. જોકે સ્ત્રી અક્ષરજ્ઞાનમાં જે વધારો નોંધાયો છે તેનું પ્રમાણ ગુજરાતના બધા જ પ્રદેશો પર લગભગ સરખું જોવા મળે છે. દરેક પ્રદેશનો સરાસરી વધારો લગભગ ૬ થી ૭ ટકા જેટલો રહેવા પામ્યો છે. અક્ષરજ્ઞાનનો આ વધારો રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓને આભારી ગણાવી શકાય. જોકે દક્ષિણ ગુજરાત આગવું ધ્યાન ખેંચે છે. આર્થિક રીતે સમૃદ્ધ એવા આ પ્રદેશનું સામાજિક માળખું ગુજરાતના અન્ય ભાગો કરતાં અલગ છે. આદિવાસી તેમ જ અન્ય મધ્યમ અને કારીગર વર્ગની જાતિઓની સંખ્યા અહીં ઘણી મોટી છે.

કોઠો–૪

ગુજરાતના વિભિન્ન પ્રદેશોનું સ્ત્રીક્ષિણનું પ્રમાણ ૧૯૫૧-૧૯૮૧

| સેન્સસ વર્ષ | ગુજરાત રાજ્ય | દક્ષિણ ગુજરાત | મધ્ય ગુજરાત | ઉત્તર-પૂર્વીય ગુજરાત | સૌરાષ્ટ્ર | કચ્છ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૫૧ | ૧૩.૧ | ૧૭.૩ | ૧૪.૯ | ૯.૪ | ૧૧.૧૩ | ૧૦.૪૭ |
| ૧૯૬૧ | ૧૯.૧ | ૨૩.૧ | ૨૧.૯ | ૧૪.૫ | ૧૬.૦૪ | ૧૬.૦૯ |
| ૧૯૭૧ | ૨૪.૮ | ૨૭.૮ | ૨૮ ૧ | ૧૯.૨ | ૨૨.૦૬ | ૨૧.૦૬ |
| ૧૯૮૧ | ૩૨.૩ | ૩૬.૫ | ૩૪.૮ | ૨૫.૭ | ૩૧.૦૪ | ૨૬.૦૭ |

સ્રોત : Population Dynamics in Gujarat, 1901–1981 Statistical Tables–Pravin Visaria.



આમ છતાં સ્ત્રીઅક્ષરજ્ઞાનની બાબતમાં તે અન્ય ભાગોની સરખામણીમાં અગ્ર સ્થાન ભોગવે છે. આ સ્થિતિ નિર્માણ કરવામાં અનેક પરિબળોએ ભાગ ભજવ્યો હોય એમ કહી શકાય. પ્રથમ મહત્ત્વનું પરિબળ તેની આર્થિક સમૃદ્ધિ ગણાવી શકાય. બીજું મહત્ત્વનું પાસું તેનો લાંબો મિશનરી શિક્ષણ પ્રવૃત્તિનો ઇતિહાસ. ત્રીજું ગાંધીની અસર અને ગાંધીવાદી પ્રવૃત્તિનો ફેલાવો અને ચોથું મહત્ત્વનું પરિબળ વર્તમાન સરકારના નબળા વર્ગને ઉપર લાવવાના કાર્યક્રમોના ભાગ રૂપે નબળા વર્ગો માટે કરેલી શિક્ષણની જોગવાઈઓ. આ જ સંદર્ભમાં જિલ્લાવાર સ્ત્રીઅક્ષરજ્ઞાનના આંકડા જોતાં પણ આ સાચું હોય એમ પ્રતીત થાય છે. દક્ષિણ ગુજરાતમાં આવેલા અને મહદ અંશે કે સમગ્રપણે આદિવાસી વર્ચસ્વ ધરાવતા વલસાડ અને ડાંગ જિલ્લાઓની છેલ્લા દાયકાની ધ્યાન ખેંચતી પ્રગતિ નબળા વર્ગમાં શિક્ષણનો ફેલાવો વધારવાના સરકારના પ્રોત્સાહિત કાર્યક્રમોને આભારી ગણાવી શકાય. રાજ્યના મોટા ભાગના જિલ્લાઓની સ્ત્રીઅક્ષરજ્ઞાનની ટકાવારી રાજ્ય ટકાવારીની આસપાસ રહી છે જ્યારે પંચમહાલ અને બનાસકાંઠા તેની ઘણી નીચી ટકાવારી માટે ધ્યાન ખેંચે છે.

જે તે વિસ્તારમાં અક્ષરજ્ઞાનનો ફેલાવો સામાન્ય રીતે તેનાં આર્થિક અને સામાજિક પરિબળો પર આધાર રાખે છે. ભૌગોલિક દૃષ્ટિએ ઊંડાણમાં આવેલા અને આર્થિક રીતે પછાત વિસ્તારોમાં સ્ત્રીઅક્ષરજ્ઞાન ઓછું નોંધાયું છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારનો તફાવત પણ સ્પષ્ટ તરી આવે છે. હજુ આજે પણ ૧૯૮૧ના આંકડા મુજબ વાવ, થરાદ દાંતા, ધાનેરા ડીસા, કાંકરેજ. દિયોદર, સાંતલપુર, ખેડબ્રહ્મા, સમી, સહેર, લીમખેડા, દેવગઢબારિયા, છોટા ઉદેપુર, અને દેડીયાપાડા તાલુકાઓમાં સ્ત્રીઅક્ષરજ્ઞાન ૧૦ ટકાથી પણ ઓછું રહેવા પામ્યું છે.

કોઠો–૫

જિલ્લાવાર રાજ્યની સ્ત્રી–અક્ષરજ્ઞાનની પ્રગતિની ટકાવારી

| જિલ્લાનું નામ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૯.૬૭ | ૨૯.૨૯ | ૩૭.૩૮ | ૪૫.૫૩ |
| સુરત | ૧૯.૧૦ | ૨૪.૨૬ | ૩૦.૩૧ | ૩૭.૭૮ |
| વડોદરા | ૧૭.૦૨ | ૨૩.૪૩ | ૨૯.૬૯ | ૩૭.૨૯ |
| ખેડા | ૧૬.૪૨ | ૨૨.૭૪ | ૨૮.૪૮ | ૩૪.૩૪ |
| મહેસાણા | ૧૫.૧૬ | ૨૧.૯૭ | ૨૭.૪૬ | ૩૫.૧૦ |
| ભરુચ | ૧૩.૬૧ | ૨૧.૪૪ | ૨૪.૪૯ | ૩૩.૧૬ |
| રાજકોટ | ૧૩.૬૯ | ૨૦.૫૧ | ૨૮.૭૦ | ૩૮.૮૯ |
| અમરેલી | ૧૨.૭૦ | ૧૮.૬૨ | ૨૩.૧૫ | ૩૨.૦૧ |
| કચ્છ | ૦૯.૬૦ | ૧૬.૯૦ | ૨૧.૫૮ | ૨૬.૬૮ |
| જામનગર | ૧૦.૧૭ | ૧૬.૨૪ | ૨૨.૦૯ | ૩૨.૦૨ |
| ભાવનગર | ૦૯.૯૩ | ૧૫.૮૦ | ૨૧.૨૧ | ૨૭.૯૬ |
| સુરેન્દ્રનગર | ૧૦.૯૭ | ૧૪.૬૬ | ૧૯.૦૬ | ૨૫.૫૫ |
| જુનાગઢ | ૮.૦૨ | ૧૨.૮૩ | ૧૯.૬૦ | ૩૦.૧૫ |
| સાબરકાંઠા | ૪.૭૮ | ૧૧.૨૬ | ૧૭ ૬૪ | ૨૫.૫૪ |
| પંચમહાલ | ૫.૬૨ | ૦૮.૮૦ | ૧૧.૨૩ | ૧૪.૮૫ |
| બનાસકાંઠા | ૨.૧૪ | ૦૪.૫૬ | ૦૬.૯૪ | ૧૧.૩૬ |
| ડાંગ | ૧.૩૮ | ૦૩.૭૮ | ૦૭.૧૩ | ૨૧.૦૩ |
| વલસાડ | — | — | ૨૮.૬૮ | ૩૭.૯૮ |
| ગાંધીનગર | — | — | ૨૮.૮૪ | ૩૮.૮૪ |
| ગુજરાત રાજ્ય | ૧૨.૭૯ | ૧૯.૧૦ | ૨૪.૭૫ | ૩૨.૩૦ |

આ વિસ્તારો ક્યાં તો રણ કે કાંઠાના કે આદિવાસી વિસ્તારો છે જે આર્થિક સામાજિક રીતે પછાત છે. પંચમહાલ જિલ્લાના સંતરામપુર અને ઝાલોદ તાલુકાની આ ટકાવારી પણ એટલી જ નીચી રહી છે એમ કહી શકાય. (૧૦.૫ અને ૧૧.૦ ટકા ક્રમશઃ)

વિસ્તારની ભિન્નતા ઉપરાંત કક્ષાની ભિન્નતા પણ નજરે પડે છે (કોઠો–૩). શિક્ષણની કક્ષા જેમ ઊંચી ચઢતી જાય છે તેમ સ્ત્રીઓની સંખ્યાનું પ્રમાણ ઘટતું જોવા મળે છે. સને ૧૯૭૧–૭૨માં પ્રાથમિક

શાળાઓમાં કુલ ૩૫,૮૭,૩૦૧ વિદ્યાર્થીઓ ભણતા હતા. તે પૈકી ૧૩,૪૨,૩૦૯ કન્યાઓ અભ્યાસ કરતી હતી. આથી કુલ વિદ્યાર્થીઓના પ્રમાણમાં ૩૭.૪ ટકા સ્ત્રીઓએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. એ જ વર્ષમાં માધ્યમિક શાળાઓમાં ૮,૨૧,૮૦૦ વિદ્યાર્થીઓ ભણતા હતા. તે પૈકી ૨,૭૨,૭૫૬ કન્યાઓ અભ્યાસ કરતી હતી. આમ ભણતા વિદ્યાર્થીઓની કુલ સંખ્યામાં ૩૩.૨ ટકા સ્ત્રીઓના હતા. જ્યારે એ જ સમયે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં કુલ ૧.૫૮,૮૮૧ વિદ્યાર્થીઓ ભણતા હતા તે પૈકી ૪૧,૮૭૮ કન્યાઓ હતી, જે કુલ વિદ્યાર્થીઓના પ્રમાણમાં ૨૬.૪ ટકા હતી. આ રીતે પ્રાથમિક કરતાં માધ્યમિક ને માધ્યમિક કરતાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કન્યાઓની સંખ્યાનું પ્રમાણ ઘટતું જોવા મળે છે. જે છોકરીઓ પ્રાથમિક શાળામાં દાખલ થાય છે તે બધી જ ક્યાં તો તે શિક્ષણ પૂરું કરવા પામતી નથી ક્યાં તો ઉચ્ચ શિક્ષણ લેવા પામતી નથી. ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચતાં તેમની સંખ્યા ઠીક ઠીક ઘટી ગયેલી હોય છે (કોઠો–૩). ધોરણ એકમાં જેટલી સંખ્યામાં છોકરીઓ દાખલ થાય છે તેટલી જ સંખ્યામાં તેઓ ધોરણ ચાર પૂરું કરી બહાર પડતી નથી. મોટા ભાગની છોકરીઓનું શિક્ષણ બે-ત્રણ ધોરણ પૂરતું મર્યાદિત રહેતું હોય છે. ઉપરાંત આ અક્ષરજ્ઞાન એમને વ્યવહારમાં ખાસ કામ લાગતું ન હોવાથી વખત જતાં તેઓ લખતાં-વાંચતાં ભૂલી જાય છે. ગ્રામ્ય વિસ્તાર માટે આ ઘણું સાચું છે. તારાબહેન પટેલ તેમના સંશોધન 'ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ'માં જણાવે છે કે, ૫ થી ૧૭ અને ૧૮ થી ઉપરની વયજૂથની આદિવાસી બહેનોના લગભગ ૬ ટકા તેમના પ્રાથમિક શિક્ષણ દરમિયાન જ શાળા છોડી જતા રહે છે. તેઓ આગળ જણાવે છે કે અડધો અડધ આદિવાસી, હરિજન અને બિન-આદિવાસી હરિજન છોકરીઓ જે પહેલા ધોરણમાં (૧૯૬૪–૬૫) દાખલ થઈ હતી તે પહેલે જ વર્ષે શાળા છોડી ચાલી ગઈ હતી. જ્યારે બીજે વર્ષે શાળા છોડી જનારની સંખ્યા લગભગ ૧૦ ટકા જેટલી હતી.

બીજી તરફ રાજ્યના એક નાનકડા ઉપલા વર્ગની છોકરીઓમાંથી થોડીક છોકરીઓ શિક્ષણની જુદી જુદી દિશામાં ક્ષિતિજો આંબતી જોવા મળે છે. જોકે આ બહેનોની સંખ્યા અતિ અલ્પ છે. આ અલ્પ સંખ્યાનો મોટો ભાગ આપણને સામાન્ય પ્રવાહમાં જ એકઠો થયેલો જોવા મળે છે. કોઠા–૬ના આંકડા બતાવે છે કે હજુ આજે પણ બહેનો વિજ્ઞાન, વાણિજ્ય, દાક્તરી, એન્જિનિયરિંગ કે કાયદાના પ્રવાહમાં ઘણી જ ઓછી સંખ્યામાં જોવા મળે છે. શિક્ષણનાં આ ક્ષેત્રો હજુ પણ મોટા ભાગની સ્ત્રીઓથી છેટાં છે. આમ શિક્ષણની કક્ષા અને શિક્ષણના ક્ષેત્ર સાથે સ્ત્રી-શિક્ષણની ટકાવારી તપાસીએ તો ચિત્ર ધૂંધળું જ ભાસે છે. શિક્ષણની કક્ષા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ છોકરીઓ અને છોકરાઓ વચ્ચે સંખ્યાત્મક ખાઈ વધુ પહોળી થતી જાય છે. કોઠા–૬ ઉપરથી ખ્યાલ આવે છે કે

કોઠો–૬

**સુરતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં છોકરા-છોકરીઓની સંખ્યા (૧૯૮૪–૮૫)**

| સંસ્થાનું નામ | કુમાર | કન્યા |
|---|---|---|
| એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ | ૨૭૭ | ૭૯૦ |
| પી. ટી સાયન્સ કૉલેજ | ૪૬૭ | ૨૦૫ |
| કે. પી. કૉમર્સ કૉલેજ | ૯૦૦ | ૪૫૦ |
| કૉલેજ ઑફ એજ્યુકેશન | ૪૯ | ૯૫ |
| બરફીવાલા કૉમર્સ કૉલેજ | ૫૬૫ | ૨૦૭ |
| નવયુગ આર્ટ્સ કૉલેજ | ૪૩૬ | ૧૭૬ |
| નવયુગ સાયન્સ કૉલેજ | ૧૮૪ | ૨૪ |
| નવયુગ કૉમર્સ કૉલેજ | ૯૮૦ | ૩૭૦ |
| નવયુગ લૉ કૉલેજ | ૩૨૧ | ૩૫ |
| રિજિઓનલ કૉલેજ ઑફ એન્જિ. | ૨૫૦ | — |
| ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ | ૩૬૨ | ૧૩૮ |
| હોમિયોપેથ કૉલેજ | ૧૨૫ | ૫૫ |
| આયુર્વેદ મહાવિદ્યાલય | ૮૩ | ૧૦૩ |

સ્રોત : 'આલોક', શ્રીમતિ ક લ. શં. ખાંડવાળા સાર્વજનિક હાઈસ્કૂલ ફૉર ગર્લ્સ (પ્રા. વિ.) સુરત



શિક્ષણની કક્ષા વધવાની સાથે છોકરા-છોકરીઓની સંખ્યા વચ્ચેનો તફાવત વધતો રહે છે. જીવન ભારતી સુરતની જાણીતી શાળાઓમાંની એક શાળા છે. આ શાળામાં મોટે ભાગે ઉપલા મધ્યમ વર્ગમાંથી બાળકો ભણવા માટે આવે છે. જે શાળા ઉપલા મધ્યમ વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતી હોય ત્યાં જ જો છોકરા છોકરીઓની સંખ્યા વચ્ચે મોટો તફાવત રહેતો હોય તો અન્ય શાળાઓની વાત જ ક્યાં કરવી??

કોઠો–૭

| સંસ્થાના જુદા જુદા વિભાગ | વર્ષ ૧૯૮૪–૮૫ | |
|---|---|---|
| | કુમાર | કન્યા |
| જીવનભારતી બાળ ભવન | ૩૨૦ | ૩૨૦ |
| જીવનભારતી કિશોર ભવન | ૯૪૦ | ૬૪૭ |
| જીવનભારતી માધ્યમિક કક્ષા | ૪૫૭ | ૨૫૭ |
| જીવનભારતી ઉચ્ચતર કક્ષા | ૩૩૪ | ૨૦૪ |

કોઠો–૮

**જાતિ અને ઉંમરના સંદર્ભમાં શાળા–કૉલેજ જતાં સ્ત્રી–પુરુષોની ટકાવારી (૧૯૮૫).**

| વયજૂથ | કુલ | | | ગ્રામીણ | | | શહેર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | વ્યક્તિ | પુરુષ | સ્ત્રી | વ્યક્તિ | પુરુષ | સ્ત્રી | વ્યક્તિ | પુરુષ | સ્ત્રી |
| ૫–૯ | ૪૪.૮૯ | ૪૯.૯૭ | ૩૯.૪૧ | ૩૯.૭૧ | ૪૫.૬૯ | ૩૩.૨૬ | ૫૭.૮૩ | ૬૦.૬૫ | ૫૪.૭૭ |
| ૧૦–૧૪ | ૬૦.૬૩ | ૭૦.૩૫ | ૪૯.૬૬ | ૫૪.૩૦ | ૬૬.૧૦ | ૪૧.૦૧ | ૭૫.૯૨ | ૮૦ ૫૯ | ૭૦.૬૩ |
| ૧૫–૧૯ | ૨૮.૭૯ | ૩૭ ૪૯ | ૧૯.૧૨ | ૨૨.૨૮ | ૩૨.૦૮ | ૧૧.૬૩ | ૪૨.૨૧ | ૪૮.૨૮ | ૩૫.૧૩ |
| ૨૦–૨૪ | ૦૬.૫૧ | ૧૦.૧૦ | ૦૨.૯૩ | ૦૪.૧૨ | ૦૭.૨૧ | ૦૧.૧૮ | ૧૦.૯૦ | ૧૫.૦૮ | ૦૬.૩૮ |
| ૨૫–૩૪ | ૦૦.૮૬ | ૦૦.૬૫ | ૦૦.૪૩ | ૦૦.૫૨ | ૦૦.૮૩ | ૦૨.૦૦ | ૦૧.૫૦ | ૦૨.૦૩ | ૦૦.૯૦ |
| ૩૫+ | ૦૦.૩૦ | ૦૦.૩૯ | ૦૦.૨૧ | ૦૦.૨૨ | ૦૦.૨૯ | ૦૦.૧૪ | ૦૦.૪૯ | ૦૦.૯૪ | ૦૦.૩૮ |

સ્રોત : સેન્સસ, ૧૯૮૧.

૧૦થી ૧૪ વર્ષની ઉંમરનો ગાળો માધ્યમિક શિક્ષણનો છે. જ્યારે ૧૫ થી ૧૯નો ગાળો ઉચ્ચતર માધ્યમિક અને કૉલેજનો છે ૨૦ વર્ષની ઉંમરની સ્ત્રીઓ જ્યારે ભણે છે ત્યારે એમ માની શકાય કે તેઓ સ્નાતકથી ઉપરની કક્ષામાં અભ્યાસ કરતી હોવી જોઈએ કોષ્ટક–૮નાં આંકડા સૂચવે છે કે વયજૂથ વધતાં બહેનોની શાળા–કૉલેજોમાં જવાની સંખ્યા ઘટતી જાય છે. અર્થાત્ શિક્ષણની કક્ષા વધવા સાથે તેઓની ભરતીસંખ્યા ઓછી થતી જોવા મળે છે. ઉપરાંત વધુમાં આકડા બતાવે છે કે શિક્ષણની કક્ષા વધવા સાથે સ્ત્રી–પુરુષની સંખ્યા વચ્ચેની ખાઈ વધુ ને વધુ પહોળી થતી જાય છે.

એક બાજુ છોકરા અને છોકરીઓના શિક્ષણ વચ્ચેની ખાઈ પહોળી છે તો બીજી બાજુ છોકરીઓમાં પણ શિક્ષણનો ફેલાવો એક સરખો નથી જોવા મળતો. જ્ઞાતિ. વર્ગ, અને વિસ્તાર જેવાં પરિબળોનો પ્રભાવ સ્ત્રીશિક્ષણ પર સ્પષ્ટ વર્તાય છે. જ્ઞાતિવાર શિક્ષણની ટકાવારી મળવી મુશ્કેલ છે. પરંતુ ગુજરાતમાં બ્રાહ્મણ વાણિયા જ્ઞાતિની બહેનો એક જ્ઞાતિ જૂથ તરીકે શિક્ષણ ક્ષેત્રે અન્ય જ્ઞાતિઓની બહેનોની સરખામણીમાં આગળ છે. બ્રાહ્મણ/વાણિયા જ્ઞાતિઓમાં શિક્ષણનું સામાન્ય પ્રમાણ ૯૦%થી વધારે છે. સ્વાભાવિક રીતે જ આ જ્ઞાતિઓનું સ્ત્રીશિક્ષણ ઊંચું રહેવા પામે. જ્યારે જે જ્ઞાતિઓ શૈક્ષણિક રીતે પછાત છે તે જ્ઞાતિઓની શિક્ષણની ટકાવારી અને કક્ષા ઘણી ઊતરતી રહેવાના. વળી ઉપલા તેમ જ મધ્યમ વર્ગની

સ્ત્રીઓ શિક્ષણની જે કક્ષા સુધી પહોંચી શકે છે ત્યાં ગરીબ વર્ગની સ્ત્રીઓ નથી પહોંચી શકતી. નીચલા મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગની આવક મર્યાદિત હોવાને કારણે ઉચ્ચ શિક્ષણ પાછળનો ખર્ચ કુટુંબના પુરુષ વર્ગ પાછળ જ કરવામાં આવે છે. આ પ્રકારનો જ્ઞાતિ ભેદ ગુજરાતની પારસી કોમમાં પણ જોવા મળે છે. જોકે પારસી કોમ રાજ્યની અન્ય કોમો કરતાં સ્ત્રીશિક્ષણ તરફ ઉદાર વલણ ધરાવે છે. અંગ્રેજી શિક્ષણ પામેલાં અને શહેરમાં વસતાં પારસી કુટુંબો પોતાનાં બાળકોને જાતિ ભેદ વગર 'સારી' કેળવણીની સંસ્થામાં ભણવા મોકલે છે. આ પારસી કુટુંબોમાં શાળામાં ભરતી અને અધવચ્ચ શાળા છોડી જનારની સંખ્યામાં છોકરા છોકરીઓનો ભેદ નહિવત્ છે. જોકે આ ભેદ ગ્રામ્ય વિસ્તારમાં સ્પષ્ટ દેખાય છે. વધુમાં પારસી સ્ત્રીશિક્ષણ પારસી કુટુંબની આવક અને શિક્ષણ પર અવલંબે છે. આવક સાથે કુટુંબનું શિક્ષણ અતિ મહત્ત્વનું પરિબળ છે. તેમાં પણ જે કુટુંબની કક્ષા ઉચ્ચ શિક્ષણ પામેલી હોય તેવા કુટુંબનાં છોકરા-છોકરીઓના શિક્ષણમાં ભેદભાવ હોતા નથી. પરંતુ નીચલા મધ્યમ વર્ગમાં જ્યાં ભણતર પણ સામાન્ય છે તેવાં કુટુંબોમાં છોકરીઓ કરતાં છોકરાઓના જ અભ્યાસને મહત્ત્વ આપવામાં આવે છે. પારસી જેવી શિક્ષણક્ષેત્રે આગળ પડતી કોમમાં પણ સ્ત્રીશિક્ષણ આર્થિક શૈક્ષણિક કે ભૌગોલિક જેવાં પરિબળો પર આધાર રાખે છે. જ્યારે પુરુષ-શિક્ષણને આ પ્રકારનાં પરિબળો ખાસ અસર કરતાં નથી. આ પ્રમાણે જે તે કુટુંબની આર્થિક પરિસ્થિતિ પર તે તે કુટુંબની છોકરીઓના શિક્ષણનો આધાર રહેલો છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં પણ સ્ત્રીશિક્ષણ અને આર્થિક પરિબળોને સીધો સંબંધ છે. મધ્યમ અને મોટા ખેડૂતોમાં શિક્ષણની માત્રા સરખામણીમાં વધારે છે. જ્યારે ખેતમજૂર અને ગરીબ નાના ખેડૂતોનાં બાળકો હજુ શિક્ષણથી વંચિત છે. વળી મોટેભાગે મા-બાપ પોતાની છોકરીઓને નજીકમાં કે સ્થાનિક શિક્ષણસંસ્થાઓમાં અભ્યાસ કરાવવાનું વલણ ધરાવતાં જોવા મળે છે. કારકિર્દી અર્થે ઘણાં ઓછાં મા-બાપો છોકરીઓને સારી સંસ્થામાં બહાર મોકલે છે. પરિણામે કેળવણીની સંસ્થાઓની ઉપલબ્ધતા કે અભાવ સ્ત્રીશિક્ષણ પર—ખાસ કરીને શિક્ષણની કક્ષા અને પ્રકાર પર ઘેરી અસર કરતાં જોવા મળે છે.

ઉપરની માહિતી જોતાં જણાય છે કે ગુજરાતમાં સ્ત્રીશિક્ષણ દાખલ કરાયા પછી સ્ત્રી-અક્ષરજ્ઞાનનો ફેલાવો એકસરખો વધતો જોવા મળે છે. જો કે બધી જ સ્ત્રીઓ શિક્ષણસંસ્થાઓમાં દાખલ થયા પછી તે પૂરું કરવાને શક્તિમાન નથી હોતી. લોકોમાં સ્ત્રીશિક્ષણનો પડઘો જુદી જુદી રીતે ઝિલાયો છે. શિક્ષણ ઝીલવાનો આધાર જ્ઞાતિ, કૌટુંબિક આર્થિક સ્થિતિ અને ભૌગોલિક વિસ્તાર જેવાં પરિબળો પર અવલંબે છે. પરિણામે ઉપલી જ્ઞાતિની ઉપલા વર્ગની છોકરીઓ શિક્ષણ ક્ષેત્રે ઘણી આગળ જોવા મળે છે. જોકે તેમની સંખ્યા ખૂબ થોડી છે. ઉચ્ચ શિક્ષણ હજુ આજે પણ મોટા ભાગની ગુજરાતી બહેનો માટે દીવાસ્વપ્ન જેવું છે. હા. રાજ્ય સરકારે સ્ત્રીશિક્ષણના વિકાસ અર્થે ઘણાં પગલાં લીધાં છે. ૧૯૮૪ થી રાજ્યમાં સમગ્ર સ્ત્રીશિક્ષણ મફત બન્યું છે. અત્યાર સુધી રાજ્યનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મફત હતું છતાં પણ આ બંને કક્ષાએ અમુક સ્તરથી નીચે સુધી શિક્ષણ પહોંચી શક્યું નથી. ફક્ત મફત કેળવણી કરવાથી કેળવણીનો ફેલાવો કે કેળવણીની કક્ષા વધ્યાં નથી તે આપણો અનુભવ છે. ફીના પૈસા ખર્ચાય છે માટે જ છોકરીઓને શાળા-વિદ્યાલયોમાં નથી મોકલાતી એવું નથી. કૌટુંબિક આર્થિક ભીંસ ફીના પૈસા કરતાં અનેક ગણી વધારે છે. નીચલા વર્ગનાં મા-બાપ, બંને જ્યારે મજૂરીએ જતાં હોય ત્યાં ઘરની ૮–૧૦ની વયે છોકરી પોતાનાં નાનાં ભાઈ-ભાંડુને સંભાળવાનું અને ઘરનું બીજું ઘણું કામ કરતી હોય છે. વળી શાળાએ આવવાનું એટલે વ્યવસ્થિત કપડાં વગેરેની જરૂરિયાત પણ રહે છે. શાળાએ જવા સાથે



વણાયેલી બધી જરૂરિયાત પૂરી કરવાની આ મા-બાપોની આર્થિક તાકાત હોતી નથી. ઘણાં કુટુંબો પોતાની છોકરીઓને ૫, ૬ કે ૭ ધોરણ સુધી ભણાવતાં હોય છે. પણ આટલું શિક્ષણ એમને જિંદગીમાં આગળ બહુ કામ લાગતું નથી. લખતાં વાંચતાં તેઓ શીખે છે. પરંતુ એ કળાનો ઝાઝો ઉપયોગ એમને નથી. વળી ૮–૧૦ ધોરણ સુધી એમને ઇતિહાસ, ભૂગોળ કે ભાષાના વિષયો શીખવાના હોય છે. પ્રશ્ન એ છે કે આ વિષયોનું એમના જીવનમાં કેટલું મહત્ત્વ? સીવણ કે ગૃહવિજ્ઞાનના વિષયો મધ્યમ વર્ગનાં મૂલ્યોને પોષનારાં છે. હકીકતમાં એમને એવા શિક્ષણની જરૂર છે જેના વડે તેઓ પાંચ પૈસા કમાઈ શકે.

બીજી તરફ મધ્યમ વર્ગમાં છોકરીઓની કારકિર્દીનો ખ્યાલ એના પૂર્ણ સ્વરૂપે સ્વીકારાયો નથી. કુટુંબની આર્થિક જરૂરિયાત સંતોષવા માબાપ કે સાસરિયા છોકરીને કમાવા બહાર જવા દે છે. પરંતુ મહદ્ અંશે આ છોકરીઓએ ક્લાર્ક, ટાઈપીસ્ટ કે નર્સની તાલીમ લીધેલી હોય છે. વધુમાં વધુ સ્નાતકની કક્ષા એમને માટે પૂરતી થઈ રહે છે. જો જરૂર પડે કામે લગાડાય છે. અહીં મફત શિક્ષણથી સ્ત્રીઓની વ્યક્તિગત કારકિર્દીના ખ્યાલને બહાલી મળતી નથી. આથી આવી યોજનાઓને દાખલ કરતાં પહેલાં તેને પ્રાદેશિક ભિન્નતા, આધુનિક બજારવ્યવસ્થા અને માગ-પુરવઠા સાથે ખૂબ સારી રીતે સાંકળી લેવી પડે. રોજગારી કે સ્વરોજગારી તરફ દોરી જાય તેવી કુશળતા શિક્ષણ દ્વારા મળે અને જો તે કુશળતાની કક્ષા પણ સ્ત્રીઓ શિક્ષણ દ્વારા વધારી શકે તો કદાચ એવા શિક્ષણ તરફ તેઓ આકર્ષાશે. ઉપરાંત આવી યોજનાઓનો પૂરેપૂરો લાભ લેવો હોય તો સામાજિક–આર્થિક મૂલ્યો બદલ્યા વગર નહિ લઈ શકાય. અત્યારે તો આ મફત કેળવણી નો લાભ મહદંશે શહેરનો મધ્યમ અને ઉપલો વર્ગ લઈ જાય છે. કારણ કે આ શિક્ષણ દ્વારા એક તો થોડીક સ્ત્રીઓ શહેરમા 'વ્હાઈટ કોલર જોબ' મેળવવાને શક્તિમાન થાય છે અને બીજું આ મહિલાઓને લગ્નના બજારમાં સારો વર મળી રહે છે. સ્ત્રીઓની વ્યક્તિગત કારકિર્દીનો ખ્યાલ ઉપલા મધ્યમ વર્ગનાં મૂલ્યોની ફ્રેમમાં બંધબેસતો નથી. જોકે વલણ ધીરેધીરે બદલાતું જાય છે. પરંતુ કારકિર્દી સાથે જોડાયેલું ન હોવાને લીધે સ્ત્રીઓને કયું, ક્યાં સુધી અને શા માટે શિક્ષણ આપવું તે અંગે ગૂંચવણ ઊભી થાય છે. પરિણામે કેટલીક વાર છોકરીઓનો કોલેજનો ગાળો મા-બાપનો યોગ્ય મૂરતિયાની શોધનો સમય હોય છે. ઘણી વાર છોકરીઓને લગ્ન માટે અધવચ્ચ શિક્ષણ છોડી દેવું પડે છે અથવા તો સ્નાતકની પદવી લઈ ગૃહિણી બનવાનું જ હોય છે. આમ અહીં વિરોધાભાસ ઊભો થાય છે. એક તરફ જે વર્ગની સ્ત્રીઓએ વ્યવસાય કે કારકિર્દીના ખ્યાલને પચાવ્યો નથી ત્યાં શિક્ષણ વધી રહ્યું છે જ્યારે બીજી બાજુ જે બહેનો પરંપરાગત રોજી કરતી આવી છે અને જેને રોજી માટે વ્યવસાય જોઈએ છે ત્યાં અત્યારનું શિક્ષણ નકામું નીવડ્યું છે. શિક્ષણ સાથે વ્યવસાય અને કારકિર્દીને સાંકળવાનું કામ અતિ મહત્ત્વનું છે.

ઉપરની ચર્ચા આપણને શિક્ષણના વિષયવસ્તુ તરફ દોરી જાય છે. શિક્ષણનું વિષયવસ્તુ મોટે ભાગે સ્ત્રીને એક જ ઢાંચામાં ચીતરતું રહ્યું છે. અહીં માધ્યમિક શિક્ષણનાં પાઠ્યપુસ્તકોમાંથી કેટલાંક ઉદાહરણ આપ્યાં છે. આવા કંઈ કેટલાંય ઉદાહરણો આપણી શિક્ષણકૃતિઓમાંથી જડી આવે છે, જે સ્ત્રી અંગેની આપણી રૂઢિગત માન્યતાઓને દૃઢ કરતાં રહે છે. હાલ ધોરણ ૯ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં ગુલાબદાસ બ્રોકરનો 'બા'નો પાઠ શિખવાય છે. આ 'બા' રૂપી સ્ત્રીના પાત્રમાં તેનાં દાનવૃત્તિ, ઉદારતા, સાદાઈ, કરકસર, ત્યાગ. વાત્સલ્ય, કરુણામૂર્તિ અને મોટા મનના જેવા 'સદ્‌ગુણો' કેન્દ્રમાં છે. પાઠમાં વધુ કઠતી વસ્તુ જ્યારે બા તેમના કરકસરના પાઠો ફક્ત તેમની વહુઓને જ શિખવાડે છે તે છે. વહુથી 'જરા ઘી ઢોળાય' તો 'દીકરાને દેવાળુ' કઢાવવા જેવું તેમને લાગે છે. જાણે કે તેમના દીકરાઓ ક્યારે પણ એક પૈસો આમ તેમ વેડફતા ન હોય, કે પછી તેઓ પૈસો કમાતા

હોવાથી તેમને હક્ક મળી જતો હોય, અથવા તો આ પુરુષપ્રધાન સમાજના તેઓ વર્ચસ્વ ધરાવતા પુરુષો હોવાથી પૈસો ખર્ચવાની તેઓને આપોઆપ છૂટ મળી જતી હોય. વધુમાં મોટા ભાઈની વહુને 'બહુ ગરમી થઈ હોય અને પરસેવાથી કપડાં ભીંજાઈ ગયાં હોય તો તેમને કપડાં બદલી નાંખવાની ટેવવાળા' બતાવાયાં છે. બા તેમની આ ઉડાઉ (?) ટેવને ટોકવાનું જરાપણ ચૂકતાં નથી. પ્રશ્ન એ થાય છે કે આ વસ્તુઓ દ્વારા આપણે કયાં મૂલ્યોનું નિરૂપણ કરીએ છીએ? ધોરણ ૮ના ગુજરાતી પુસ્તકમાં કવિ બોટાદકરનું 'ભાભી'નું કાવ્ય લેવાયું છે. આ કાવ્યમાં ભાભીનાં નણંદના મોઢે વખાણ કરાયાં છે. આપણે ત્યાં નણંદ-ભાભીના સંબંધો હંમેશા વિવાદાસ્પદ રહ્યા છે. અહીં જ્યારે નણંદ ભાભીનાં વખાણ કરે છે ત્યારે એક સ્ત્રી વહુ તરીકે એની સૌથી છેલ્લી પરીક્ષામાંથી સુવર્ણચંદ્રક સાથે પસાર થઈ હોય તેવું લાગે છે. ચીલાચાલુ 'પિયરમાંથી પતિને ઘેર આવી પતિ અને તેનાં સ્વજનોના સંસારમાં ઓતપ્રોત થઈ જનારી કન્યાનાં અહીં વખાણ થાય છે કારણ કે તેમાં સ્ત્રીના ગૃહિણી તરીકેનાં ગુણ અને ગૌરવ વ્યક્ત થાય છે.'

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળે ૧૯૮૩માં 'શાળાના પાઠ્યપુસ્તકોમાં સ્ત્રીનું સ્થાન' વિશે એક પરિસંવાદનું આયોજન કર્યું હતું. આ પરિસંવાદ વખતે મહિલાઓના દૃષ્ટિકોણથી આપણાં પાઠ્યપુસ્તકોની છણાવટનો નિચોડ હતો કે સામાન્યતઃ પુસ્તકોના વિષયવસ્તુ સ્ત્રી જાતિ તરફ પૂર્વગ્રહવાળા રહ્યાં છે. ૧૯૮૩ના ધોરણ ૧૦ના પુસ્તકમાંથી સર્વ કૃતિઓમાં વિધેયાત્મક ગુણોમાં સ્ત્રીના માયાળુ સિવાય કોઈ ગુણનો ભાગ્યે જ ઉલ્લેખ થયો છે. વળી એક ઠેકાણે 'વિષયા'નું પાત્ર ચતુર અને હિંમતવાળું બતાવાયું છે છતાં તે પાત્ર 'ચંદ્રહાસ'ના રૂપમાત્રથી જ તેને મેળવવા ઉત્સુક બનતું બતાવાયું છે. 'સ્ત્રીના સંયમ અને વાત્સલ્યને બિરદાવવાના ટેવ લેખકોને પડી ગઈ છે. પુરુષોમાં તેવા ગુણો દર્શાવવામાં આવતા નથી.' ગુજરાતી કૃતિઓમાં સ્ત્રીનું સામાન્યતઃ નિરૂપણ મોટે ભાગે નિરાશાજનક છે. પુરુષની તુલનામાં સ્ત્રીને ઊતરતી જ દર્શાવાય છે. દીકરાના નિર્ણયને સ્વીકારીને તેનાથી ડરતી, પતિના નિર્ણયને માથે ચડાવતી, સ્વમાન છોડતી, ઈર્ષાળુ, ચંચળ બતાવી છે.' 'નાગાધિરાજ' કૃતિમાં જ્યારે 'સ્ત્રી કુલટા નીવડે' છે ત્યારે પુરુષને હિમાલય જતો બતાવ્યો છે. આમ સ્ત્રીને પત્ની રૂપે પુરુષની મિલકત તરીકે દર્શાવાઈ છે. હિંદીની કૃતિઓમાં સામાન્યતઃ સ્ત્રીને સ્વનું બલિદાન આપતી, મહાન ત્યાગ કરતી, પારચર્યા કરતી કે પતિના પગલાંને અનુસરતી ચીતરી છે. સ્ત્રીનો એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે નહિ પરંતુ કોઈની મા કે કોઈની પત્ની તરીકે ઉલ્લેખ છે. આપણાં પાઠ્યપુસ્તકો સ્ત્રી-પુરુષોની અસમાનતાનાં મૂલ્યો ફેલાવવામાં ઠીક ઠીક ભાગ ભજવતાં હોય છે. આ પુસ્તકો દ્વારા હમેશાં 'સારાં' અને 'ઊંચાં' ગણાતાં કામો પુરુષ લેખકોએ પુરુષો પાસે કરાવડાવ્યા છે. જ્યારે 'નીચા', 'ઊતરતા' અને 'ગૌણ' કામો સ્ત્રીઓ પાસે કરાવડાવ્યાં છે. પર્વતારોહણ કરતા કે બુદ્ધિયુક્ત રમતો રમતા કે બુદ્ધિયુક્ત ચર્ચા કરતા હમેશાં પુરુષો જ બતાવાયા છે. જ્યારે ભાઈઓ શાળાનો અભ્યાસ કરતા હોય ત્યારે તેમની બહેનો કયાં તો કચરો વાળતી દર્શાવાઈ હોય કે કયાં તો એને ભોજન પીરસતી બતાવાઈ હોય. ઇતિહાસ પણ આપણો 'હિસ-સ્ટોરી' જેવો લખાય છે. 'હર-સ્ટોરી'ને એમાં સ્થાન નથી એવું ઇતિહાસ વાંચતાં પ્રતીત થાય છે. ભારતના ઇતિહાસમાં સ્ત્રીના નામનો ઉલ્લેખ સહજપણે થવો જોઈએ ત્યાં પણ થયો નથી. નર્મદે વિધવાવિવાહ કર્યા હતા તે આપણને બધાને ખબર છે પરંતુ નર્મદ સાથે લગ્ન કરનાર એ વિધવા બહેને જે ક્રાંતિકારી પગલું ભર્યું હતું તેનું નામ શોધ્યું જડતું નથી. વિધવાવિવાહ વિરુદ્ધની ઝુંબેશ ટાણે સુરત-નવસારીની કેટલીક વિધવા બહેનો વિવાહ કરવા બહાર પડી હતી તેની ખબર ભાગ્યે જ કોઈને છે. આમ ઇતિહાસમાં સ્ત્રીઓનું પ્રદાન દેખાતું છે છતાં પણ તેનો ઉલ્લેખ નથી.

આમ સ્ત્રીની 'આકૃતિ'ને ચોક્કસ ખ્યાલ સાથે ઉપસાવવામાં આવી છે. માતા અને ગૃહિણીના કહેવાતા



ઊંચા સ્થાન સાથે સ્ત્રીને ત્યાગમૂર્તિ, કોમલાંગી, લજામણી, ડરપોક, પોચા મનની કે બુદ્ધિ પગની પાનીએ જેવી ઘસી ઘસીને ગાઢ ચીતરવામાં આવી છે. જો સ્ત્રીઓમાં ફક્ત આ જ લક્ષણો હોય તો સમાજના લગભગ બધાં જ કામમાંથી તેઓની બાદબાકી થઈ જાય. પણ તે સાચું નથી. જે વાસ્તવિક નથી તેને આદર્શ ગણી શિક્ષણ દ્વારા આપણી સમક્ષ ગ્રહણ કરવા મૂકવામાં આવે છે. મધ્યમવર્ગીય ખ્યાલો અને મૂલ્યો વડે શિક્ષણ શરૂથી જ દબાયેલું રહ્યું છે અને હજુ આજે પણ તે આ જ મૂલ્યોનો પ્રચાર કરે છે. સ્ત્રીને ગૃહિણી તરીકે બિરદાવી છે અને માતા તરીકે પૂજી છે, પરંતુ નીચલા વર્ગની સ્ત્રીઓ જે પરંપરાગત રીતે રળતી આવી છે અને સમાજના ઉત્પાદનનાં કાર્યોમાં જેઓની ઘણી મોટી ભાગીદારી છે તેનો કયાંય ઉલ્લેખ નથી. આની બે પ્રકારે વિપરીત અસર થાય છે. એક તરફ મધ્યમવર્ગની બહેનોમાં જ્યાં શિક્ષણ વધુ ને વધુ ફેલાતું જાય છે તેમને આ શિક્ષણ કારકિર્દી તરફ દોરી જવાને બદલે તેમની પરંપરાગત ભૂમિકા તરફ જ લઈ જાય છે. શિક્ષણ દ્વારા વ્યક્તિવિકાસ અને અન્યાયનો સામનો કરવાની તાકાત કેળવાતી નથી. છોકરીઓને ઉચ્ચ શિક્ષણ લગ્નબજારની માગને ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે. બિઝનેસ મેનેજમેન્ટ, ઈજનેર કે દાક્તર જેવી પદવીઓ આપવા પાછળનો મુખ્ય આશય પણ વધુ સારો મૂરતિયો કે વધુ કમાતો મૂરતિયો ઝડપવાનો હોય છે. હજુ આજે પણ જૂજ સ્ત્રીઓ જ સ્વતંત્ર કારકિર્દીનો ખ્યાલ અપનાવી શકી છે. ઉચ્ચ શિક્ષણ લઈને પણ ઘણી સ્ત્રીઓને ફક્ત ઘર સંભાળવાનું જ આવ્યું છે. જ્યારે બીજી બાજુ નીચલી જ્ઞાતિ અને નીચલા વર્ગોના બહેનોને આ શિક્ષણ 'પોતાનું' નથી લાગતું. શિક્ષણ દ્વારા પ્રસરતા ઉપલી જ્ઞાતિ અને મધ્યમવર્ગનાં મૂલ્યોની અસર આ લોકો પર હવે ધીરે ધીરે જોવા મળે છે. આર્થિક સધ્ધરતા પ્રાપ્ત થતાં જ આ લોકો 'સ્ત્રીનું સ્થાન ઘરમાં'ના ખ્યાલને અપનાવતા થાય છે. દક્ષિણ ગુજરાતમાં ઘાંચી, ખત્રી, ગોલા જેવી મધ્યમ જ્ઞાતિઓની સ્ત્રીઓ જે પરંપરાગત રોજી રળતી કે કુટુંબનો વ્યવસાય સંભાળતી તે હવે કોલેજ કરી ઘરમાં 'સારી ગૃહિણી' બનવાનો પ્રયત્ન કરતી નજરે ચઢે છે. ગુજરાતમાં ઠેર ઠેર રાંધણકળાના વર્ગોની બોલબાલા ચાલે છે તે આનું જીવતું જાગતું ઉદાહરણ છે. અહીં પ્રશ્ન થાય છે શું આ શિક્ષણ આપણને જોઈએ છે? સ્ત્રીશિક્ષણનો આપણો શો ખ્યાલ છે? ૧૯૯૧ની વસ્તી ગણત્રીના આંકડા સ્ત્રી–અક્ષરજ્ઞાનની હજુ ઊંચી ટકાવારી દર્શાવશે. શું આ વધતી ટકાવારી સાથે જ આપણને નિસ્બત છે? સ્ત્રીઓના અક્ષરજ્ઞાનની ટકાવારી વધે. કોલેજની પદવી માટેના શિક્ષણ લેનારની સંખ્યામાં સ્ત્રીઓનો વધારો નોંધાય અને છતાંય સ્ત્રીઓની સ્થિતિમાં ફેરફાર ન થાય તેવું બને. એટલે શિક્ષણથી સમાજપરિવર્તન આવે, ન્યાયી સમાજની રચના થાય એ જરૂરી નથી. શિક્ષણ બેધારી તલવાર છે. એનો ઉપયોગ અન્યાયી સમાજવ્યવસ્થાને ટકાવી રાખવા, વર્ચસ્વ ધરાવતા શોષિત વર્ગના સ્થાનને ન્યાયી અને જરૂરી ઠરાવવા માટે થઈ શકે—થાય છે. શાસક વર્ગ પોતાનાં હિતોનું રક્ષણ કરતાં મૂલ્યો શિક્ષણ દ્વારા બાળકોને આપે છે. તે રીતે અન્યાયી સમાજની સંસ્કૃતિ રચે છે અને એનું સિંચન કરે છે. પણ તે સાથે અક્ષરજ્ઞાન આવતાં ભણેલાં એમને આપવામાં આવે છે તે સિવાય બીજું વાંચવા માટે પણ શક્તિમાન થાય છે. બીજાના અનુભવોના સંપર્કમાં તેઓ આવે છે અને આ તકને લીધે તેમના મનમાં સવાલો ઊભા થવાની શકયતા રહે છે. આ સવાલો અન્યાય સામે સંઘર્ષ કરવાની જાગૃતિ પેદા કરી શકે. તેઓ પરંપરાગત મૂલ્યો આપતા શિક્ષણને પડકારી નવા વિષયવસ્તુ માટે પ્રયત્ન કરી શકે. આમ થતાં શિક્ષણ સમાજવ્યવસ્થાને બદલવાનું એક સાધન બની શકે. સવાલ એટલો જ છે કે એનો ઉપયોગ કોણ કેવી રીતે કરે છે. એટલે પિતૃપ્રધાન સમાજના આમૂલ પરિવર્તનમાં માનનારાઓએ શિક્ષણની ટકાવારીથી સંતોષ ન માનતા, શિક્ષણ સ્ત્રી–જાગૃતિ અને સંઘર્ષનું સાધન

બને તે માટે સતત પ્રયત્ન કરવો જોઈએ.


**સંદર્ભ સૂચિ**

1 Ahmed Karuma, The Social Content of Women's Education in India, 1921-81, Tentative Formulations, Nehru Memorial Museum & Library, New Delhi.

2 Gould Kefayun, Sex inequalities in the Duel System of Education : The Parsis of Gujarat, E.P.W. Vol. XVIII No. 39, Sept, 1983.

૩ પારેખ હીરાલાલ (સં.) ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઈતિહાસ, ભાગ-૧ (ગુ. વ. સા. ઈ.)

4 Rose Clare, Meeting Women's New Educational Needs; Jossey-Bass Inc. Publishers.

૫ ઠક્કર પ્રવીણા, ગુજરાતનો સ્ત્રીશિક્ષણનો ઈતિહાસ: અનડા બુક ડીપો, અમદાવાદ.

6 Visaria Pravin, Population Dynamics in Gujarat, 1901-1981. Statistical Tables. (Mimeo) Ahmedabad, Sardar Patel Institute of Social and Economic Studies, 1983.


❋ ❋ ❋


'અર્થાત્'નું આપનું લવાજમ
બાકી હોય તો સત્વરે મોકલી
આપવા વિનંતી.




# ગુજરાતમાં રોજગારમાં સ્ત્રીઓની ભાગીદારી

ઉષા કાન્હેરે

સમાજમાં સ્ત્રી-પુરુષ પરત્વેના કાર્યવિભાજન અંગેના પરંપરાપ્રાપ્ત મૂલ્યો-માન્યતાઓ પ્રમાણે કુટુંબમાં કમાવાનું કામ પુરુષ કરે, જ્યારે ઘરમાંના કામ બાળસંભાળ અને કુટુંબના સભ્યોની સરભરાસેવા સ્ત્રી કરે એવું મનાયું છે. આ પ્રકારના કાર્યવિભાજન સાથે કુટુંબનો સામાજિક દરજ્જો ને પ્રતિષ્ઠા સંકળાયેલા છે. આથી જ સ્ત્રીને કમાણીનું કામ કરવું પડે એ બાબત પરંપરાગત મૂલ્યો પ્રમાણે કુટુંબની સામાજિક પ્રતિષ્ઠાને બાધારૂપ મનાયું છે. વાસ્તવમાં, અલ્પસંખ્ય ઉચ્ચવર્ગીય ધનિક કુટુંબોને બાદ કરતાં આવું ચુસ્ત કાર્યવિભાજન ક્યાંય જોવા મળતું નથી. મોટાભાગની ગરીબ અને ગરીબીની રેખા નીચે જીવન જીવતી વસ્તીમાં સ્ત્રીઓ કમાણીના કામમાં ભાગ લેતી જ રહી છે. ઘણા કિસ્સાઓમાં (એક અંદાજ પ્રમાણે દસ ટકા જેટલાં કુટુંબોમાં) કુટુંબમાં તો તે જ મુખ્ય કમાનાર વ્યક્તિ હોય છે. શિક્ષિત મધ્યમ-વર્ગીય કુટુંબોમાં સ્ત્રીઓ અનેકવિધ ઊજળા વ્યવસાયોમાં કામ કરવા માંડી છે અને સામાજિક દરજ્જાના જૂના ખ્યાલો જીર્ણ થવા લાગ્યા છે.

કુટુંબમાં આર્થિક વળતરવાળાં કામ સ્ત્રીઓ કરતી જ આવી છે. ખેતી. પશુસંવર્ધન, ગૃહઉદ્યોગો, વેપાર જેવા કામકાજ જ્યારે કુટુંબમાં થતાં હોય છે ત્યારે તેમાં સ્ત્રીઓ સામેલ થતી હોય છે. સ્ત્રીનાં ઘરના કામોમાં આર્થિક મળતરવાળાં કામ જેવાં કે ઈંધણ, ચારો, ખાદ્ય, પાન, ફળ ફૂલ એકત્ર કરવાં કે ઘરની આસપાસ ઉગાડવાં, કાપડ વણવું, કપડાં સીવવા, ભરત-ગૂંથણ કરવું, જેવાં કામનો પણ સમાવેશ થતો હોય છે. પરંતુ સ્ત્રીના આ બધા કામકાજની કમાણીના કામ કે રોજગાર તરીકે વ્યવસ્થિત નોંધ લેવાતી નથી. ગૃહિણી તરીકેના અને બાળઉછેર સાથે સંકળાયેલાં કામોની તો શ્રમબજારમાં ગણતરી જ થતી નથી. તેમનું આર્થિક મૂલ્યાંકન જ થતું નથી, આથી જ, યુ.નો. દર્શાવે છે તેમ વિશ્વમાં બે તૃતીયાંશ કામ સ્ત્રીઓ કરે છે. તેમ છતાં કમાણીના કામ અંગે એકઠા કરાતા આંકડા પ્રમાણે સમાજમાં આર્થિક કમાણીનું કામ કે રોજગાર કરતી સ્ત્રીઓનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. આંતરરાષ્ટ્રીય સ્ત્રી વર્ષ (૧૯૭૫) અને સ્ત્રી દસકા (૧૯૭૫–૮૫) દરમ્યાન યોજાયેલ પરિષદો કોન્ફરન્સોમાં સ્ત્રીઓ દ્વારા ઘરમાં અને ઘર બહાર થતાં અનેકવિધ કામકાજો અને પ્રવૃત્તિઓની સમાજમાં યોગ્ય ગણતરી થાય અને તેમનું યોગ્ય આર્થિક મૂલ્ય (માત્ર સામાજિક કે મનોવૈજ્ઞાનિક સ્વરૂપની ગણના નહિ) અંકાય એવી માગણી વિશ્વભરમાં સ્ત્રીઓના સંગઠનોએ કરી છે.

ભારતમાં દર દસ વર્ષે થતી વસ્તીગણતરીઓ અને અવારનવાર થતા નેશનલ સેમ્પલ સર્વેમાં રોજગાર કે કમાણીનું કામ કરનાર વ્યક્તિઓ અંગે માહિતી એકત્ર થાય છે. ગુજરાતના ગ્રામીણ અને શહેરી વિસ્તારો અંગે થોડાં સંશોધન અભ્યાસો થયાં છે. આ બધાંને આધારે પ્રસ્તુત લેખમાં ગુજરાતમાં રોજગાર કે કમાણીના કામમાં સ્ત્રીની ભાગીદારી અંગે પૃથક્કરણ કર્યું છે.

રોજગાર કે આર્થિક પ્રવૃત્તિની વ્યાખ્યા વસ્તી ગણતરીઓમાં અને નેશનલ સેમ્પલ સર્વેમાં બદલાતી

કોઠા નં. ૧ : વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં સેક્ટરવાર રોજગાર કરતી સ્ત્રીઓ અને પુરુષોની ટકાવારી
કૌંસમાં પુરુષોની ટકાવારી દર્શાવી છે.

| રોજગાર ઔદ્યોગિક વર્ગીકરણ | ૧૯૦૧ | ૧૯૧૧ | ૧૯૨૧ | ૧૯૩૧ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ગુજરાત ૧૯૭૨-૭૩ | લાકડાવાલા, વિસારિયાનો લેખ ૧૯૭૭-૭૮ | ૧૯૮૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ખેડૂત | ૧૪૩ (૧૯૪) | ૧૫૫ (૩૯૮) | ૧૯૬ (૪૩૬) | ૬૦૪ (૫૧૮) | ૪૩૯ (૪૫૩) | ૬૧૦ (૪૯૫) | ૩૩૮ (૪૪૯) | ૫૧૩ (૪૮૦) | ૫૪૦ (૪૧૭) | ૩૦૪ (૩૯૪) |
| ૨ ખેતમજૂર | ૫૬૫ (૨૬૯) | ૬૩૦ (૨૧૦) | ૫૬૮ (૧૬૩) | ૨૨૪ (૧૦૬) | ૩૪૭ (૧૪૪) | ૨૪૪ (૧૪૩) | ૪૮૩ (૧૭૬) | ૨૦૪ (૧૩૭) | ૨૭૭ (૨૧૨) | ૪૭૧ (૧૭૬) |
| ૩ (અ) અન્ય ખેતી મજૂરી આનુષંગિક | ૩૧ (૪૫) | ૨૮ (૪૭) | ૩૮ (૪૮) | ૨૯ (૪૪) | ૪૦ (૩૩) | ૫૩ (૩૨) | ૯ (૨૨) | ૧૫૩ (૨૮) | અપ્રાપ્ય | અપ્રાપ્ય |
| પ્રાથમિક ક્ષેત્ર ૧+૨+૩(અ) | ૭૩૯ (૫૦૮) | ૮૧૩ (૬૫૫) | ૮૦૨ (૬૪૭) | ૮૫૭ (૬૬૬) | ૮૨૬ (૬૩૦) | ૯૦૯ (૬૭૦) | ૮૩૦ (૬૪૭) | ૮૭૦ (૬૪૫) | ,, ૮૬૧ (૬૨૯) | ,, ૭૭૫ (૫૭૦) |
| ૩ (બ) ખાણમાં કામ | — (૧) | ૧ (૨) | ૨ (૧) | ૨ (૩) | ૧ (૩) | ૨ (૩) | ૪ (૪) | અપ્રાપ્ય અપ્રાપ્ય | | |
| ૪ અને ૫ ઉત્પાદન | ૧૧૫ (૧૬૦) | ૧૦૧ (૧૨૩) | ૧૦૨ (૧૨૬) | ૬૫ (૧૧૧) | ૩૯ (૧૩૫) | ૪૪ (૧૨૭) | ૫૦ (૧૩૪) | ૩૬ (૧૨૪) | | |
| ૬ બાંધકામ | ૧૦ (૧૬) | ૮ (૧૨) | ૮ (૧૫) | ૯ (૧૭) | ૪ (૧૨) | ૭ (૧૬) | ૧૨ (૧૪) | ૨૩ (૨૩) | | |
| દ્વિતીય ક્ષેત્ર ૩બી+૪+૫+૬ | ૧૨૫ (૧૭૭) | ૧૧૦ (૧૩૭) | ૧૧૨ (૧૯૨) | ૭૬ (૧૩) | ૪૪ (૧૫૦) | ૫૩ (૧૪૬) | ૬૬ (૧૫૩) | ૫૯ (૧૪૭) | ૧૩૩ ૩૭૧ | ૨૨૫ (૪૩૦) |
| ૭ વેપાર વાણિજ્ય | ૫૬ (૧૦૬) | ૩૧ (૭૩) | ૩૧ (૭૨) | ૨૨ (૬૯) | ૨૭ (૮૨) | ૧૧ (૬૭) | ૧૧ (૭૯) | ૧૩ (૬૬) | | |
| ૮ પરિવહન–સ્ટોરેજ | ૧ (૧૩) | ૪ (૧૮) | ૭ (૧૬) | ૩ (૧૮) | ૩ (૨૨) | ૧ (૨૮) | ૪ (૩૩) | ૪ (૩૯) | | |
| ૯ અન્ય નોકરીઓ | ૭૮ (૧૯૦) | ૪૩ (૧૧૭) | ૪૮ (૧૨૨) | ૪૩ (૧૧૬) | ૧૦૦ (૧૧૬) | ૨૮ (૯૦) | ૮૪ (૮૮) | ૫૪ (૧૦૩) | | |
| ત્રેતીયિક ક્ષેત્ર ૭+૮+૯ | ૧૩૫ (૩૧૫) | ૭૮ (૨૦૮) | ૮૬ (૨૧૦) | ૬૮ (૨૦૩) | ૧૩૦ (૨૨૦) | ૪૦ (૧૮૫) | ૧૦૪ (૨૦૦) | ૭૧ (૨૦૮) | | |
| બધા રોજગાર કરતાં | ૧૦૦૦ (૧૦૦૦) | ૧૦૦૦ (૧૦૦૦) | ૧૦૦૦ (૧૦૦૦) | ૧૦૦૦ (૧૦૦૦) | ૧૦૦૦ (૧૦૦૦) | ૧૦૦૦ (૧૦૦૦) | ૧૦૦૦ (૧૦૦૦) | ૧૦૦૦ (૧૦૦૦) | ૧૦૦૦ (૧૦૦૦) | ૧૦૦૦ (૧૦૦૦) |
| રોજગાર કરનારની ટકાવારી | ૨૮.૭ (૪૮.૭) | ૩૦.૦ (૫૮.૬) | ૨૪.૧ (૫૪.૨) | ૨૮.૬ (૫૪.૯) | ૨૮.૦ (૫૧.૭) | ૨૭.૯ (૫૩.૫) | ૧૦.૩ (૫૧.૨) | ૨૯.૩ (૫૧.૫) | ૩૧.૮ (૫૩.૩) | ૧૧.૮ (૫૧.૮) |
| વસ્તી હજારમાં | ૪૪૪૦ (૪૬૫૫) | ૪૭૬૬ (૫૦૩૮) | ૪૯૪૨ (૫૨૩૩) | ૫૫૮૩ (૫૯૦૭) | ૭૯૩૧ (૮૩૩૨) | ૯૯૯૯ (૧૦૬૩૪) | ૧૨૮૯૫ (૧૩૮૦૨) | ૧૩૫૪૯ (૧૪૪૭૬૦) | ૧૫૨૨૮ (૧૬૨૦૪) | ૧૬૪૭૮ (૧૭૪૮૫) |



રહી છે. ક્યારેક મુખ્ય પ્રવૃત્તિ તરીકે કમાણીનું કામ કરનારની જ કમાનારમાં ગણતરી થાય છે. તો ક્યારેક અન્ય પ્રવૃત્તિ સાથે અવારનવાર કે થોડું કમાણીકામ કરનારની પણ ગણતરી થાય છે. વર્ષભરમાં મોટાભાગના સમયમાં કે સતત સ્વરૂપે કમાણીનું કામ કરનાર વ્યક્તિની કમાનારમાં ગણતરી થાય છે ત્યારે, અવારનવાર કે અનિયમિત રીતે કે થોડા સમય માટે કમાણી કામ કરતી સ્ત્રીઓની ગણતરી થતી હોતી નથી. બીજું, રોજગાર અંગે માહિતી એકત્ર કરતી વખતે કુટુંબના વડા પુરુષ માહિતી આપતા હોય છે, કુટુંબમાં કમાવાનું કામ સમાજનાં મૂલ્યો પ્રમાણે પુરુષનું ગણાય તેથી ઘરમાં કમાણી કામ કરતી કે અવારનવાર કે થોડાક સમય માટે કમાણી કામ કરતી સ્ત્રીઓની વિગતો આપતા નથી. વળી, કુટુંબમાં ગૃહિણી ને માતા તરીકેની વિવિધ કામગીરીઓ સાથે સ્ત્રીઓ કમાણીનું કામ કરતી હોય છે. તેથી મોટા પ્રમાણમાં તેઓ અનિયમિત એટલે કે સહાયક કાર્યકર તરીકે અથવા થોડા સમય માટે અવારનવાર ફાવે ત્યારે (સગર્ભાવસ્થા પ્રસૂતિકાળના વિક્ષેપ કે ખંડ સાથે) કમાણીના કામમાં જોડાતી હોય છે. આને લીધે મોટા પ્રમાણમાં અંશતઃ કે ગૌણ કમાનાર તરીકે સ્ત્રીઓની ગણતરી થતી હોય છે. આ બધાં કારણોને લીધે એકત્ર થયેલા આંકડામાં કમાણીની પ્રવૃત્તિ કરતી સ્ત્રીઓની વ્યવસ્થિત નોંધ થતી નથી. ભારતની ૧૯૬૧ અને ૧૯૮૧ ની વસ્તી ગણતરીઓમાં મુખ્ય પ્રવૃત્તિ તરીકે અને ગૌણ પ્રવૃત્તિ તરીકે કમાણીનું કામ કરનાર વ્યક્તિઓની નોંધ લેવાઈ છે, તેથી રોજગારમાં સ્ત્રીઓની ભાગીદારીનો વધુ વ્યવસ્થિત ખ્યાલ આવે છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને પ્રાપ્ત માહિતીને આધારે ગુજરાતમાં સ્ત્રી રોજગારીનો ખ્યાલ કર્યો છે.

૧૯૦૧ થી ૧૯૮૧ સુધીના વસ્તી ગણતરીના આંકડા (જુઓ કોઠો–૧)ના આધારે જોવા મળે છે કે આ વર્ષો–દસકાઓ દરમિયાન રોજગાર કરતી સ્ત્રીઓનું પ્રમાણ સમગ્ર ભારતની જેમ જ ગુજરાતમાં પણ ઘટી રહ્યું છે. રોજગાર કરતી (મુખ્ય પ્રવૃત્તિ તરીકે) સ્ત્રીઓનું પ્રમાણ ૧૯૦૧માં ૨૮.૭ ટકા, ૧૯૫૧મા ૨૮ ટકા, જ્યારે ૧૯૬૧માં ૨૭.૯ ટકા, ૧૯૭૧માં ૧૦.૩ ટકા અને ૧૯૮૧માં ૧૧.૮ ટકા જેટલું જોવા મળે છે. 'રોજગારા કરનારા'ની વ્યાખ્યામાં ફેરફારો થયા છે તે ધ્યાનમાં લઈએ તો પણ આ ઘટાડો નોંધપાત્ર બને છે.

મુખ્ય પ્રવૃત્તિ તરીકે કમાનારની સાથે કમાણીની પ્રવૃત્તિ અંશતઃ કે ગૌણ પ્રવૃત્તિ તરીકે કરનાર વ્યક્તિઓની માહિતી કેટલીક વસ્તી ગણતરીઓમાં મળે છે. મુખ્ય અને ગૌણ પ્રવૃત્તિ એમ બંને રોજગાર કરનારનો ખ્યાલ કરીએ તો ગુજરાતમાં રોજગારમાં ભાગીદારી કરતી સ્ત્રીઓનું પ્રમાણ ઊંચું આવે છે. ૧૯૬૧માં તે ૨૭.૯ ટકા અને ૧૯૮૧માં ૨૫.૩ ટકા થાય છે. નેશનલ સેમ્પલ સર્વેના ૨૭મા રાઉન્ડ (૧૯૭૨–૭૩) માં ૨૯.૩ ટકા અને ૩૨મા રાઉન્ડ (૧૯૭૭–૭૮)માં ૩૧.૬ ટકા જેટલું જોવા મળે છે. આ બધા આંકડા ઉપરથી કહી શકાય કે ગુજરાતમાં ચોથા ભાગથી વધુ કે ત્રીજા ભાગથી સહેજ ઓછી સ્ત્રીઓ રોજગાર રળવામાં સામેલ થયેલી છે.

કોઠો–૨

૧૯૮૧ (ગુજરાત) મુખ્ય અને ગૌણ પ્રવૃત્તિ તરીકે રોજગાર કરનાર સ્ત્રીઓ અને પુરુષો

| | મુખ્ય પ્રવૃત્તિ રોજગાર | | ગૌણ પ્રવૃત્તિ રોજગાર | |
|---|---|---|---|---|
| | પુરુષ લાખ | સ્ત્રી લાખ | પુરુષ લાખ | સ્ત્રી લાખ |
| ગ્રામીણ | ૬૩.૩૯ | ૧૬.૬૧ | ૧.૯૩ | ૧૩.૪૮ |
| શહેરી | ૨૭.૧૪ | ૨.૯૧ | ૦.૭૮ | ૮.૭૨ |
| કુલ | ૯૦.૫૩ | ૧૯.૫૨ | ૨.૭૧ | ૨૨.૨૦ |

૧૯૮૧ના વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે (કોઠો–૨) ગુજરાતમાં ૧૯.૫ લાખ સ્ત્રીઓ મુખ્ય પ્રવૃત્તિ તરીકે અને ૨૦.૨ લાખ સ્ત્રીઓ ગૌણ પ્રવૃત્તિ તરીકે રોજગાર કરે છે. આમ અડધાથી વધુ રોજગાર કરતી સ્ત્રીઓ અંશતઃ કે ગૌણ પ્રવૃત્તિ તરીકે રોજગાર

કરનારી છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર કરનાર સ્ત્રીઓમાંની અડધાથી સહેજ વધુ સ્ત્રીઓ ગૌણ પ્રવૃત્તિ તરીકે રોજગાર કરતી જોવા મળે છે. જ્યારે ગુજરાતના શહેરી વિસ્તારોમાં બે તૃતિયાંશ જેટલી રોજગાર કરતી સ્ત્રીઓ ગૌણ પ્રવૃત્તિ તરીકે રોજગાર કરે છે. આમ ગૌણ પ્રવૃત્તિ તરીકે રોજગાર કરતી સ્ત્રીઓનું પ્રમાણ શહેર વિસ્તારોમાં જ્યારે મુખ્ય પ્રવૃત્તિ તરીકે રોજગાર કરતી સ્ત્રીઓનું પ્રમાણ ગ્રામીણ વિસ્તારમાં વધુ જોવા મળે છે.

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં સ્ત્રીની ભાગીદારી વત્તી ઓછી રહી છે. ૧૯૭૧ અને ૧૯૮૧ના સ્ત્રી રોજગાર (મુખ્ય પ્રવૃત્તિ તરીકે રોજગાર કરતી સ્ત્રી) અંગેના આંકડા જોતાં જણાય છે કે એકંદરે ગુજરાતમાં હોય તેના કરતાં કચ્છ, પંચમહાલ, ભરુચ, સુરત, વલસાડ, અને ડાંગ જિલ્લાઓમાં સ્ત્રી રોજગારનું પ્રમાણ ઊંચું ૧૭ થી ૨૩ ટકા જેટલું રહ્યું છે. (કોઠો-૩) મુખ્ય પ્રવૃત્તિ અને ગૌણ પ્રવૃત્તિ તરીકે રોજગાર કરતી એમ રોજગાર કરતી બધી જ સ્ત્રીઓનો ખ્યાલ કરીએ તો ૧૯૮૧ માં સમગ્ર ગુજરાતમાં ૨૦.૭ ટકા સ્ત્રીઓ રોજગાર કરતી હતી જ્યારે ડાંગ, પંચમહાલ, વલસાડ, ભરુચ, સાબરકાંઠા, સુરત, અમરેલી, અને મહેસાણા જિલ્લાઓમાં વધુ પ્રમાણમાં (૪૪થી ૨૩ ટકા) સ્ત્રીઓ રોજગારમાં સામેલ હતી (કોઠો-૪) સ્ત્રી રોજગારનું ઊંચું પ્રમાણ ધરાવતા જિલ્લાઓમાં અનુસૂચિત જાતિઓ અને અથવા અનુસૂચિત જનજાતિઓની વસ્તી અન્ય જિલ્લાઓ કરતાં વધારે પ્રમાણમાં જોવા મળે છે અને આ જાતિઓમાં વધુ પ્રમાણમાં સ્ત્રીઓ રોજગારમાં સામેલ થતી હોય છે.



કોઠો-૩

જિલ્લાવાર પુરુષ અને સ્ત્રીની રોજગારમાં ભાગીદારી (૧૯૭૧-૧૯૮૧)

| | | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|
| ગુજરાત રાજ્ય | વ્યક્તિ | ૩૧.૪૫ | ૩૨.૪૦ |
| | પુરુષ | ૫૧.૨૪ | ૫૧.૭૭ |
| | સ્ત્રી | ૧૦.૨૬ | ૧૧.૮૫ |
| જામનગર | વ્યક્તિ | ૨૯.૭૮ | ૩૧.૧૪ |
| | પુરુષ | ૫૦.૬૦ | ૫૧.૮૪ |
| | સ્ત્રી | ૭.૬૯ | ૯.૩૨ |
| રાજકોટ | વ્યક્તિ | ૨૯.૬૯ | ૩૨.૦૩ |
| | પુરુષ | ૪૯.૧૭ | ૫૧.૬૮ |
| | સ્ત્રી | ૯.૧૨ | ૧૧.૩૧ |
| સુરેન્દ્રનગર | વ્યક્તિ | ૩૦.૭૨ | ૩૨.૫૫ |
| | પુરુષ | ૫૦.૫૯ | ૫૦.૮૬ |
| | સ્ત્રી | ૯.૬૨ | ૧૨.૯૬ |
| ભાવનગર | વ્યક્તિ | ૨૯.૫૫ | ૩૧.૩૧ |
| | પુરુષ | ૪૯.૩૮ | ૪૮.૫૮ |
| | સ્ત્રી | ૮.૫૭ | ૧૩.૨૯ |
| અમરેલી | વ્યક્તિ | ૨૯.૬૩ | ૩૧.૬૩ |
| | પુરુષ | ૫૧.૦૬ | ૫૦.૯૭ |
| | સ્ત્રી | ૭.૨૩ | ૧૧.૮૦ |
| જૂનાગઢ | વ્યક્તિ | ૩૦.૨૩ | ૨૯.૭૬ |
| | પુરુષ | ૫૦.૩૮ | ૪૯.૨૩ |
| | સ્ત્રી | ૮.૭૦ | ૯.૩૭ |
| કચ્છ | વ્યક્તિ | ૩૩.૦૨ | ૩૧.૮૫ |
| | પુરુષ | ૫૨.૬૨ | ૫૧.૫૬ |
| | સ્ત્રી | ૧૩.૬૫ | ૧૨.૧૩ |
| બનાસકાંઠા | વ્યક્તિ | ૩૧.૦૨ | ૩૦.૫૦ |
| | પુરુષ | ૫૪.૪૩ | ૫૨.૫૯ |
| | સ્ત્રી | ૬.૧૪ | ૭.૧૮ |
| સાબરકાંઠા | વ્યક્તિ | ૨૯.૨૪ | ૩૧.૦૮ |
| | પુરુષ | ૫૦.૯૬ | ૫૦.૭૭ |
| | સ્ત્રી | ૬.૭૩ | ૧૦.૯૪ |
| મહેસાણા | વ્યક્તિ | ૨૮.૨૩ | ૨૯.૭૫ |
| | પુરુષ | ૪૮.૮૫ | ૪૮.૯૨ |
| | સ્ત્રી | ૬.૭૦ | ૧૦.૦૦ |
| ગાંધીનગર | વ્યક્તિ | ૨૯.૬૬ | ૨૯.૨૧ |
| | પુરુષ | ૫૧.૩૯ | ૪૭.૫૧ |
| | સ્ત્રી | ૬.૨૨ | ૯.૪૯ |
| અમદાવાદ | વ્યક્તિ | ૨૯.૩૫ | ૨૯.૮૪ |
| | પુરુષ | ૪૯.૪૫ | ૪૯.૧૬ |
| | સ્ત્રી | ૬.૧૫ | ૮.૧૪ |
| ખેડા | વ્યક્તિ | ૨૯.૧૭ | ૩૧.૧૩ |
| | પુરુષ | ૫૦.૭૮ | ૫૨.૧૯ |
| | સ્ત્રી | ૫.૦૦ | ૮.૧૧ |
| પંચમહાલ | વ્યક્તિ | ૩૬.૬૯ | ૩૩.૮૪ |
| | પુરુષ | ૫૪.૪૮ | ૫૩.૮૫ |
| | સ્ત્રી | ૧૭.૮૪ | ૧૨.૦૪ |
| વડોદરા | વ્યક્તિ | ૩૨.૦૬ | ૩૩.૨૧ |
| | પુરુષ | ૫૨.૫૩ | ૫૩.૮૪ |
| | સ્ત્રી | ૯.૩૪ | ૧૦.૭૧ |
| ભરૂચ | વ્યક્તિ | ૩૫.૩૧ | ૩૭.૩૬ |
| | પુરુષ | ૫૨.૫૩ | ૫૪.૯૨ |
| | સ્ત્રી | ૧૭.૧૭ | ૧૮.૭૪ |
| સુરત | વ્યક્તિ | ૩૭.૧૯ | ૩૯.૮૪ |
| | પુરુષ | ૫૪.૩૦ | ૫૭.૪૯ |
| | સ્ત્રી | ૧૯.૧૧ | ૨૦.૭૭ |
| વલસાડ | વ્યક્તિ | ૩૫.૪૫ | ૩૬.૨૦ |
| | પુરુષ | ૫૦.૮૯ | ૫૨.૯૦ |
| | સ્ત્રી | ૧૯.૭૬ | ૧૯.૨૧ |
| ડાંગ | વ્યક્તિ | ૪૧:૮૨ | ૩૯.૬૬ |
| | પુરુષ | ૫૬.૪૮ | ૫૬.૦૫ |
| | સ્ત્રી | ૨૬.૩૪ | ૨૨.૮૦ |

ગ્રામીણ ગુજરાતના ૧૯૭૧ના વસ્તી ગણતરીના આંકડાઓને આધારે (કોઠો-૫) હીરવે એમ જણાવે છે કે અનુસૂચિત જનજાતિઓની વધુ વસ્તી ધરાવતા જિલ્લાઓમાં સ્ત્રી રોજગારનું પ્રમાણ વધુ જોવા મળે છે અને વિકાસની દૃષ્ટિએ પછાત જિલ્લાઓમાં પણ સ્ત્રી રોજગારનું પ્રમાણ વધુ જોવા મળે છે, જેમ કે ડાંગ, સુરત, વલસાડ, પંચમહાલ, ભરૂચ અને કચ્છ—આ જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારમાં ૧૬ થી ૨૬ ટકા જેટલું સ્ત્રી રોજગારી (મુખ્ય પ્રવૃત્તિ તરીકે)નું પ્રમાણ છે. તેવી જ રીતે ગ્રામીણ ગુજરાતના વિકાસની દૃષ્ટિએ આગળ પડતા (સિંચાઈ વધુ, નવીન ટેકનોલોજીનો વપરાશ વધુ હોય તેવા) જિલ્લાઓમાં સ્ત્રી રોજગારનું પ્રમાણ ઓછું છે. તેઓ એવું જણાવે છે કે સધન બનતાં ખેડૂત કુટુંબોમાં ઊંચો સામાજિક દરજ્જો પ્રાપ્ત કરવાની દૃષ્ટિથી સ્ત્રીઓ વેતન માટે રોજગાર કરતી બંધ થાય છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે ગામડાંઓમાં મહદ શે સ્ત્રીઓ ઓછા વળતર વાળાં અને એકધારો શ્રમ કરવો પડે તેવાં શ્રમિક કામોમાં મજૂરી કરે છે. કુટુંબની આર્થિક સ્થિતિ સુધરતાં આવા શ્રમમાંથા તં મુક્તિ પામે અને ઘરમાંના કામ પર ધ્યાન કેન્દ્રિત કરતી હોય એ પણ સંભવિત છે.

શહેરી ગુજરાતમાં ૧૯૮૧ના વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે (કોઠો-૬) એકંદરે ૬.૫ ટકા સ્ત્રીઓ મુખ્ય અને ગૌણ પ્રવૃત્તિ તરીકે રોજગારમાં જોડાયેલી છે. જ્યારે સુરેન્દ્રનગર, અમરેલી, કચ્છ, મહેસાણા, ગાંધીનગર, ભરૂચ અને સુરત જિલ્લાઓમાં સહેજ વધુ પ્રમાણમાં (૮ થી ૧૧ ટકા જેટલું) સ્ત્રીઓ રોજગારમાં જોડાયેલી છે. અહીં એ વાત ધ્યાન ખેંચે છે કે વધુ

શહેરીકરણ ધરાવતા જિલ્લાઓમાં અન્ય જિલ્લા કરતાં સ્રીરોજગારનું પ્રમાણ ઓછું જોવા મળે છે. સુરત અને કચ્છ જિલ્લા આ બાબતમાં અપવાદરૂપ છે. સુરતમાં અનુસૂચિત જાતિની વસ્તી વધુ છે અને આ બંને જૂથની જાતિઓમાં સ્રીઓ વધુ પ્રમાણમાં રોજગારમાં સામેલ થતી હોય છે. આથી જ અહીં શહેરીકરણનું પ્રમાણ સરેરાશ જેટલું કે તેથી વધુ હોવા છતાં સ્રી રોજગારનું પ્રમાણ પણ વધુ છે. આ બે જિલ્લાના અપવાદ બાદ કરીએ તો જેમ શહેરીકરણનું પ્રમાણ વધુ તેમ જિલ્લામાં સ્રીની રોજગારીમાં ભાગીદારી ઓછી એવું જોવા મળે છે. શહેરીકરણ વધતાં વધુ સ્રીઓ રોજગારથી વંચિત બને છે.

કોઠો–૪

ગુજરાતમાં જિલ્લાવાર રોજગાર કરતી સ્રીઓ અને પુરુષોની ટકાવારી (૧૯૮૧ વસ્તી ગણતરી)

| | સ્રીઓ | | | પુરુષો | | |
|---|---|---|---|---|---|---|
| | મુખ્ય | ગૌણ | કુલ | મુખ્ય | ગૌણ | કુલ |
| સમગ્ર ગુજરાત | ૧૧.૦૮ | ૧૩.૯૦ | ૨૫.૩૦ | ૫૧.૮૭ | ૧.૫૦ | ૫૩.૩૦ |
| રાજકોટ | ૧૦.૬૩ | ૫.૪૮ | ૧૬.૧૧ | ૫૧.૦૨ | ૦.૬૨ | ૫૧.૬૪ |
| સુરેન્દ્રનગર | ૧૨.૦૨ | ૯.૮૬ | ૨૧.૮૮ | ૫૧.૬૩ | ૦.૯૯ | ૫૨.૬૨ |
| ભાવનગર | ૧૨.૨૪ | ૬.૩૧ | ૧૮.૫૫ | ૫૧.૬૬ | ૦.૫૩ | ૫૨.૧૮ |
| અમરેલી | ૧૦.૫૩ | ૧૧.૯૧ | ૨૨.૪૪ | ૫૧.૦૪ | ૦.૮૦ | ૫૧.૮૪ |
| જૂનાગઢ | ૮.૭૦ | ૮.૪૮ | ૧૭.૧૬ | ૪૯.૫૧ | ૦.૯૭ | ૫૦.૪૮ |
| જામનગર | ૮.૯૦ | ૭.૩૪ | ૧૬.૨૪ | ૫૧.૭૪ | ૦.૬૬ | ૫૨.૪૦ |
| કચ્છ | ૧૧.૭૬ | ૭.૪૬ | ૧૯.૨૨ | ૫૧.૭૨ | ૦.૯૦ | ૫૨.૬૨ |
| બનાસકાંઠા | ૬.૭૫ | ૧૦.૭૭ | ૧૭.૫૨ | ૫૨.૫૯ | ૦.૬૫ | ૫૩.૨૪ |
| સાબરકાંઠા | ૯.૪૬ | ૧૭.૦૫ | ૨૬.૫૧ | ૫૦.૭૯ | ૧.૦૩ | ૫૧.૮૨ |
| મહેસાણા | ૮.૪૨ | ૧૩.૭૨ | ૨૨.૧૪ | ૫૯.૧૯ | ૦.૮૭ | ૫૦.૦૬ |
| ગાંધીનગર | ૭.૭૪ | ૩.૪૦ | ૧૧.૧૪ | ૪૯.૨૪ | ૦.૦૬ | ૪૯.૮૪ |
| અમદાવાદ | ૭.૦૬ | ૩.૫૭ | ૧૦.૬૩ | ૫૦.૪૦ | ૦.૪૯ | ૫૦.૮૯ |
| ખેડા | ૭.૩૦ | ૯.૧૩ | ૧૬.૪૩ | ૫૨.૧૨ | ૦.૬૧ | ૫૨.૭૩ |
| પંચમહાલ | ૧૧.૮૧ | ૨૨.૭૬ | ૩૪.૫૭ | ૫૩.૭૫ | ૧.૧૯ | ૫૪.૯૪ |
| વડોદરા | ૧૦.૪૮ | ૭.૯૦ | ૧૮.૩૮ | ૫૪.૨૯ | ૦.૫૦ | ૫૪.૭૯ |
| ભરૂચ | ૧૮.૫૩ | ૯.૨૦ | ૨૭.૭૩ | ૫૪.૮૯ | ૦.૭૯ | ૫૫.૬૮ |
| સુરત | ૨૦.૧૯ | ૫.૬૯ | ૨૫.૮૮ | ૫૭.૬૪ | ૦.૩૧ | ૫૭.૯૫ |
| વલસાડ | ૧૮.૯૪ | ૧૨.૪૬ | ૩૧.૪૦ | ૫૩.૫૦ | ૧.૦૫ | ૫૪.૫૫ |
| ડાંગ | ૨૨.૭૮ | ૨૧.૩૦ | ૪૪.૦૮ | ૫૬.૨૯ | ૦.૬૭ | ૫૬.૯૬ |



કોઠો–૫

ગ્રામીણ ગુજરાતમાં રોજગારમાં પુરુષ-સ્રીઓની ભાગીદારીનું પ્રમાણ—૧૯૭૧

| | | |
|---|---|---|
| ગુજરાત | ૫૩.૮૩ | ૧૨.૦૬ |
| જામનગર | ૫૩.૦૫ | ૯.૧૩ |
| રાજકોટ | ૫૧.૬૪ | ૧૨.૦૫ |
| સુરેન્દ્રનગર | ૫૨.૬૯ | ૧૧.૧૮ |
| ભાવનગર | ૫૧.૬૪ | ૧૦.૩૦ |
| અમરેલી | ૫૨.૨૯ | ૭.૮૯ |
| જૂનાગઢ | ૫૨.૫૬ | ૧૦.૦૮ |
| કચ્છ | ૫૪.૩૭ | ૧૫.૭૨ |
| બનાસકાંઠા | ૫૫.૨૩ | ૬.૩૧ |
| સાબરકાંઠા | ૫૧.૨૭ | ૬.૮૭ |
| મહેસાણા | ૪૯.૫૮ | ૭.૨૧ |
| ગાંધીનગર | ૫૧.૩૩ | ૫.૯૯ |
| અમદાવાદ | ૫૧.૯૦ | ૮.૫૨ |
| ખેડા | ૫૨.૨૫ | ૫.૦૧ |
| પંચમહાલ | ૫૫.૫૦ | ૧૯.૪૮ |
| વડોદરા | ૫૪.૮૧ | ૧૧.૨૩ |
| ભરૂચ | ૫૩.૫૦ | ૨૩.૯૮ |
| સુરત | ૫૪.૫૦ | ૨૩.૯૮ |
| વલસાડ | ૫૧.૨૦ | ૨૨.૧૭ |
| ડાંગ | ૫૬.૪૮ | ૨૬.૩૪ |

શહેરી વિસ્તારોમાં રોજગાર કરતી સ્રીઓનું અને પુરુષોનું પ્રમાણ ગ્રામ વિસ્તારોની સરખામણીમાં ઓછું જોવા મળે છે. અને પુરુષો કરતાં સ્રીઓમાં ગામડાં ને શહેરોના પ્રમાણ વચ્ચે વધુ તફાવત જોવા મળે છે. એટલે ગામડાંની સરખામણીમાં શહેરોમાં રોજગાર કરતા પુરુષોમાં જે ઘટાડો થાય છે તેના કરતાં પણ રોજગાર કરતી સ્રીઓમાં વધુ ઘટાડો થાય છે. બીજું ૫૦ હજારથી વધુ વસ્તીવાળાં મોટાં શહેરો-માં, નાનાં શહેરો (૨૦ હજારથી ઓછી વસ્તીવાળાં)ની સરખામણીમાં ઓછા પ્રમાણ સ્રીઓ રોજગારમાં જોડાયેલી છે. જેમ શહેર મોટું તેમ તેમાં રોજગાર કરતી સ્રીઓનું પ્રમાણ નીચું એવો ક્રમ પણ જોવા મળે છે (જુઓ કોઠો–૭). આમ ગામડાંમાંથી શહેરમાં અને નાના શહેરમાથી મોટા શહેરમાં રોજગાર કરતી સ્રીઓનું પ્રમાણ ઘટે છે. શહેરીકરણ સ્રીઓને રોજગારમાંથી બહાર ફેંકે છે. શહેરમાં રોજગારની તકો વધુ હોય, નવા ઉદ્યોગધંધા વિકસતા હોય તેમ છતાં વધુ ને વધુ સ્રીઓ રોજગારમાંથી બાકાત રહે છે.

કોઠો–૬

શહેર વિસ્તાર–ગુજરાત–૧૯૮૧ જિલ્લાવાર રોજગાર કરતાં સ્રી-પુરુષોની ટકાવાર માહિતી

| | પુરુષો | | સ્રીઓ | |
|---|---|---|---|---|
| | મુખ્ય પ્રવૃત્તિ | ગૌણ પ્રવૃત્તિ | મુખ્ય પ્રવૃત્તિ | ગૌણ પ્રવૃત્તિ |
| સમગ્ર ગુજરાત | ૪૯.૮૫ | ૦.૩૨ | ૫.૪૯ | ૧.૦૩ |
| **જિલ્લાવાર** | | | | |
| જામનગર | ૪૯.૬૭ | ૦.૩૦ | ૫.૨૬ | ૦.૭૯ |
| રાજકોટ | ૪૯.૧૪ | ૦.૨૬ | ૪.૨૭ | ૦.૫૫ |
| સુરેન્દ્રનગર | ૪૮.૪૩ | ૦.૯૦ | ૭.૧૧ | ૨.૪૧ |
| ભાવનગર | ૪૮.૨૫ | ૦.૫૫ | ૪.૭૦ | ૧.૦૬ |
| અમરેલી | ૪૭.૯૭ | ૦.૪૭ | ૫.૮૭ | ૨.૭૫ |
| જૂનાગઢ | ૪૬.૭૪ | ૦.૩૬ | ૫.૧૬ | ૧.૨૮ |
| કચ્છ | ૫૦.૫૪ | ૦.૬૧ | ૬.૪૦ | ૧.૨૯ |
| બનાસકાંઠા | ૪૭.૦૮ | ૦.૪૫ | ૪.૧૨ | ૧.૩૮ |
| સાબરકાંઠા | ૪૭.૦૯ | ૦.૪૯ | ૪.૮૧ | ૧.૩૪ |
| મહેસાણા | ૪૬.૮૦ | ૦.૩૯ | ૪.૭૫ | ૩.૨૮ |
| ગાંધીનગર | ૪૫.૯૨ | ૦.૨૫ | ૬.૯૮ | ૦.૫૨ |
| અમદાવાદ | ૪૯.૬૧ | ૦.૨૫ | ૪.૮૧ | ૦.૫૦ |
| ખેડા | ૪૮.૦૫ | ૦.૨૩ | ૫.૦૩ | ૧.૦૯ |
| પંચમહાલ | ૪૬.૭૯ | ૦.૩૩ | ૪.૫૫ | ૧.૨૪ |
| વડોદરા | ૫૦.૩૨ | ૦.૨૩ | ૫.૫૫ | ૦.૭૫ |
| ભરૂચ | ૫૦.૨૮ | ૦.૨૯ | ૮.૮૯ | ૧.૨૪ |
| સુરત | ૫૬.૬૮ | ૦.૧૯ | ૭.૨૬ | ૦.૫૨ |
| વલસાડ | ૫૩.૨૭ | ૦.૪૧ | ૯.૦૩ | ૧.૯૨ |
| ડાંગ | — | — | — | — |

કોઠો-૭

ગુજરાત ૧૯૭૧ વસ્તી ગણતરી

વિવિધ પ્રકારનાં શહેર અને સ્ત્રી રોજગારીનું પ્રમાણ

| શહેરનું કદ (વસ્તી) | કુલ સંખ્યા | સ્ત્રી કમાનારનું પ્રમાણ | શહેર પ્રાથમિક | દ્વૈતીયીક | ત્રૈતીયીક |
|---|---|---|---|---|---|
| ૧ લાખથી વધુ | ૭ | ૫.૦૯ | ૦.૨૬ | ૧.૫૨ | ૩.૩૧ |
| ૨ ૫૦ હજારથી લાખ | ૧૮ | ૪.૯૨ | ૦.૭૧ | ૧.૦૯ | ૩.૧૨ |
| ૩ ૨૦ હજારથી ૫૦ હજાર | ૪૨ | ૫.૪૩ | ૧.૪૪ | ૧.૪૭ | ૨.૫૨ |
| ૪ દસ હજારથી વીસ હજાર | ૭૩ | ૬.૧૯ | ૨.૫૪ | ૧.૩૩ | ૨.૩૨ |
| ૫ પાંચ હજારથી દશ હજાર | ૭૧ | ૭.૬૪ | ૪.૨૫ | ૧.૩૬ | ૨.૦૩ |
| ૬ પાંચ હજારથી ઓછી | ૫ | ૮.૫૩ | ૬.૧૮ | .૪૦ | ૧.૪૭ |
| કુલ | ૨૧૬ | ૫.૪૮ | ૧.૧૮ | ૧.૪૬ | ૨.૯૦ |

**રોજગાર વ્યવસાયનો પ્રકાર**

રોજગાર કરતી સ્ત્રીઓ કયા કામ–ધંધા–ઉદ્યોગમાં કામ કરે છે? વસ્તી ગણતરીના રોજગાર વ્યવસાયોના વર્ગીકરણ પ્રમાણે (કોઠો–૧૦) ગુજરાતમાં મોટા ભાગની (૮૦થી૯૧% જેટલી) રોજગાર કરતી સ્ત્રીઓ પ્રાથમિક ક્ષેત્ર સેક્ટરના રોજગાર જેવા કે ખેતી, પશુપાલન, અને આનુષંગિક વિવિધ કામોમાં કામ કરે છે. પુરુષોનું આ વ્યવસાયોમાં પ્રમાણ ૫૦ થી ૬૬ ટકા જેટલું છે.

દ્વૈતીયીક ક્ષેત્ર–સેક્ટરમાંના વ્યવસાયો જેવા કે ગૃહ ઉદ્યોગ, ખાણ, બાંધકામ અને અન્ય ઉદ્યોગોમાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે. શરૂઆતની વસ્તી ગણતરીઓમાં તે ૧૦ થી ૧૨.૫ ટકા જેટલું જ છે જ્યારે ૧૯૫૧ પછી તેથી પણ ઓછું એટલે કે ૪.૫ ટકાથી ૬.૫ ટકા જેટલું જોવા મળે છે. આ વ્યવસાયોમાં પુરુષોનું પ્રમાણ ૧૨ થી ૧૯ ટકા જેટલું રહ્યું છે અને ૧૯૫૧ પછી એ ૧૫ ટકાની આસપાસ રહ્યું છે.

ત્રૈતીયીક ક્ષેત્રના વ્યવસાયો એટલે કે વેપાર, પરિવહન, સ્ટારેજ તેમ જ જાહેર ક્ષેત્રની અન્ય નોકરીઓમાં સ્ત્રીઓનું પ્રમાણ ૮થી ૧૩ ટકા જેટલું જોવા મળે છે અને વિવિધ વસ્તી ગણતરીઓમાં તેમાં થતી વધઘટ અનિયમિત જણાય છે. આ કામોમાં પુરુષોનું પ્રમાણ ૧૮ થી ૧૨ ટકા જેટલું રહ્યું છે.

છેલ્લી ત્રણ વસ્તી ગણતરીઓમાં રોજગારનું ખેતી, ખેતમજૂરી અને અન્ય મજૂરી એમ ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરીએ તો (જુઓ કોઠો–૮) જોવા મળે છે કે રોજગાર (મુખ્ય પ્રવૃત્તિ તરીકે) કરતી સ્ત્રીઓમાં ખેડૂતનું પ્રમાણ ઘટયું છે અને ખેતમજૂર ને અન્ય કામોમાં તેમનું પ્રમાણ વધ્યું છે.

રોજગાર કરતી સ્ત્રીઓનો દરજ્જો કેવો રહ્યો છે એ જોઈએ તો એમ જણાય છે કે ખેતીમાં રોજગાર કરતી મોટાભાગની સ્ત્રીઓ અન્યના ખેતર પર મજૂરી કરે છે. પોતાના ખેતર પર કામ કરતી હોય તેવી ખેડૂત સ્ત્રીનું પ્રમાણ ઓછું છે. વળી, છેલ્લા ત્રણ દસકા દરમ્યાન ખેતીમાં વધુ ને વધુ રોજગાર કરતી સ્ત્રીઓ (અઢી ગણીથીય વધુ) ખેતમજૂર બની છે. રોજગાર કરતા પુરુષોમા પણ ખેડૂતોમાં ઘટાડો અને 'ખેતમજૂર' માં વધારો થયેલો જોવા મળે છે. પરંતુ સ્ત્રીઓમાં પુરુષોની સરખામણીમાં વધુ પ્રમાણમાં તેમ થયું છે.



કોઠો–૮

ખેતી, ખેતમજૂરી અને અન્ય વ્યવસાયમાં સ્ત્રી, પુરુષ અને બાળકોનું ૧૯૬૧ થી ૧૯૮૧માં પ્રમાણ

| | | ખેડૂત | | | ખેતમજૂર | | | અન્ય કામદાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ | | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
| | બાળક | ૨૨.૪૯ | ૧૪.૨૦ | ૧૩.૮૯ | ૭.૩૮ | ૮.૮૯ | ૮.૪૧ | ૧૩.૧૦ | ૧૦.૦૦ | ૧૧.૦૪ |
| | પુરુષ | ૨૯.૧૩ | ૨૪.૦૬ | ૨૨.૪૨ | ૭.૮૫ | ૧૧.૪૨ | ૧૦.૧૩ | ૨૦.૧૮ | ૧૭.૧૩ | ૧૧.૬૮ |
| | સ્ત્રી | ૧૫.૪૫ | ૩.૬૧ | ૪.૭૭ | ૬.૮૭ | ૬.૧૮ | ૬.૫૮ | ૫.૬૧ | ૨.૩૪ | ૩.૦૯ |
| શહેરો | બાળક | ૨૭.૦૩ | ૧૭.૪૨ | ૧૭.૭૩ | ૮.૭૬ | ૧૦.૭૦ | ૧૦.૪૭ | ૯.૩૦ | ૫.૯૨ | ૬.૫૭ |
| | પુરુષ | ૩૫.૩૭ | ૨૯.૭૮ | ૨૮.૨૫ | ૯.૪૪ | ૧૩.૮૪ | ૧૨.૬૭ | ૧૩.૪૯ | ૧૦.૦૦ | ૧૦.૬૯ |
| | સ્ત્રી | ૧૮.૩૯ | ૪.૪૧ | ૬.૦૮ | ૮.૦૬ | ૭.૩૯ | ૮.૧૭ | ૪.૯૭ | ૧.૬૪ | ૨.૨૪ |
| ગામડાં | બાળક | ૨.૧૯ | ૧.૪૯ | ૧.૫૩ | ૧.૧૮ | ૧.૭૯ | ૧.૭૯ | ૩૦.૧૩ | ૨૬.૦૬ | ૨૫.૮૫ |
| | પુરુષ | ૨.૯૧ | ૨.૫૪ | ૨.૫૪ | ૧.૧૭ | ૨.૧૩ | ૨.૨૮ | ૪૮.૨૯ | ૪૩.૯૭ | ૪૩.૩૬ |
| | સ્ત્રી | ૧.૩૪ | ૦.૨૮ | ૦.૩૯ | ૧.૧૯ | ૧.૧૮ | ૧.૨૩ | ૮.૬૩ | ૫.૨૨ | ૫.૯૫ |
| ગુજરાત—કુલ | | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
| | બાળક | ૫૩.૩૩ | ૪૩.૧૨ | ૩૭.૭૬ | ૧૪.૭૭ | ૨૨.૪૮ | ૨૨.૮૨ | ૩૧.૯૦ | ૩૪.૪૦ | ૩૯.૪૨ |
| | પુરુષ | ૪૯.૫૪ | ૪૪.૮૭ | ૩૯.૩૫ | ૧૧.૯૫ | ૧૭.૬૪ | ૧૭.૫૮ | ૩૮.૫૧ | ૩૭.૪૯ | ૪૩.૦૭ |
| | સ્ત્રી | ૬૧.૦૩ | ૩૩.૭૭ | ૩૦.૩૯ | ૨૦.૫૪ | ૪૮.૩૫ | ૪૭.૧૦ | ૧૮.૪૩ | ૧૭.૮૮ | ૨૨.૫૧ |
| ગામડાં | બાળક | ૬૩.૭૬ | ૫૫.૪૩ | ૫૦.૪૧ | ૧૭.૬૯ | ૨૮.૩૪ | ૨૯.૬૫ | ૧૮.૫૫ | ૧૬.૨૩ | ૧૯.૯૪ |
| | પુરુષ | ૬૩.૦૯ | ૫૯.૦૪ | ૫૭.૪૭ | ૧૫.૨૨ | ૨૨.૭૭ | ૨૩.૮૧ | ૨૧.૬૯ | ૧૮.૧૯ | ૨૧.૯૨ |
| | સ્ત્રી | ૬૪.૮૮ | ૩૮.૮૦ | ૩૪.૮૯ | ૨૧.૯૦ | ૫૩.૯૬ | ૫૨.૭૪ | ૧૩.૨૨ | ૭.૨૪ | ૧૨.૩૭ |
| શહેરો | બાળક | ૮ ૧૦ | ૫.૪૧ | ૪.૦૮ | ૨.૧૧ | ૪.૫૫ | ૪.૬૧ | ૮૯.૩૯ | ૯૦.૦૪ | ૯૧.૩૧ |
| | પુરુષ | ૬.૨૯ | ૫.૫૧ | ૪.૦૧ | ૧.૫૧ | ૩.૪૧ | ૩.૫૧ | ૯૨.૨૦ | ૭૧.૮૦ | ૯૨.૪૮ |
| | સ્ત્રી | ૧૮.૬૮ | ૪.૪૬ | ૪.૭૦ | ૫.૫૮ | ૧૫.૬૦ | ૧૪.૮૭ | ૭૫.૭૪ | ૭૯.૭૪ | ૮૦.૪૩ |

કોઠો–૯

ગુજરાતમાં દર હજાર રોજગાર કરતી વ્યક્તિદીઠ તેમનો રોજગારમાં દરજ્જો (વસ્તી ગણતરીના આંકડા)

| | પુરુષ | | | સ્ત્રી | | |
|---|---|---|---|---|---|---|
| (અ) ખેતીકામ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
| ૧ ખેતમજૂર | ૧૯૪ | ૨૮૨ | ૩૦૯ | ૨૫૨ | ૫૮૯ | ૬૦૮ |
| ૨ ખેડૂત | ૮૦૬ | ૭૧૮ | ૬૭૧ | ૭૪૮ | ૪૧૧ | ૩૯૨ |
| કુલ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| (બ) ગૃહ ઉદ્યોગ | | | | | | |
| ૧ વેતનદાર | ૭૩ | ૪૮ | અપ્રાપ્ય | ૧૮ | ૩૯ | — |
| ૨ એકલાં કે કુટુંબમાં ઉદ્યોગ કરનાર | ૯૨૭ | ૯૫૨ | — | ૯૮૨ | ૯૬૧ | — |
| કુલ | ૧૦૦૦ | ૧૦૦૦ | — | ૧૦૦૦ | ૧૦૦૦ | — |
| (ક) અન્ય ઉદ્યોગ ધંધા | | | | | | |
| ૧ માલિક | ૮૯ | ૨૩ | — | ૧૭ | ૩ | — |
| ૨ કામદાર | ૫૫૩ | ૫૭૯ | — | ૩૨૯ | ૬૪૫ | — |
| ૩ સ્વયં રોજગાર | ૨૮૧ | ૨૮૨ | — | ૫૪૪ | ૨૪૩ | — |
| ૪ કુટુંબમાં રોજગાર કરનાર | ૭૭ | ૧૧૬ | — | ૧૧૦ | ૧૦૯ | — |
| કુલ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |

ગૃહ ઉદ્યોગોમાં કામ કરતી સ્ત્રીઓમાં મોટાભાગની ૯૬ થી ૯૮ ટકા જેટલી સ્વયંરોજગાર કે કુટુંબના ઉદ્યોગ ધંધામાં કામ કરે છે અને અલ્પ પ્રમાણમાં અન્યના ધંધા-ઉદ્યોગોમાં વેતન લેનાર તરીકે, કામદાર તરીકે કામ કરે છે. અહીં પણ વેતનદાર તરીકે કામ કરતી સ્ત્રીઓનું પ્રમાણ વધ્યું છે અને સ્વયંરોજગાર કે કુટુંબના ઉદ્યોગ-ધંધામાં કામ કરનાર તરીકેનું તેમનું પ્રમાણ થોડું ઘટયું છે.

વેપાર ને અન્ય ધંધામાં કામ કરતી મોટાભાગની (૬૪.૫ ટકા) વેતનદાર તરીકે કામ કરે છે અને અલ્પ પ્રમાણમાં (૧૯.૯ ટકા) સ્વયં કે કુટુંબના વેપાર-ધંધામાં કામ કરે છે. અહીં પણ સ્ત્રી વેતનદારનું પ્રમાણ લગભગ બમણું થયું છે. જ્યારે પુરુષના આ પ્રમાણમાં ખાસ ફેર પડયો નથી.

આમ રોજગાર કરતી મોટાભાગની સ્ત્રીઓનો રોજગારમાં દરજ્જો વધુ પ્રમાણમાં નિમ્ન સ્વરૂપનો જોવા મળે છે. રોજગાર કરતી સ્ત્રીઓ ખેતીમાં ખેતમજૂરનો, ગૃહ ઉદ્યોગમાં વેતનદાર અથવા સ્વયં કે કુટુંબમાં કામ કરનાર તરીકેનો અને વેપારધંધા કે નોકરીમાં વેતનદાર કે સ્વયં કે કુટુંબના ઉદ્યોગધંધામાં કામ કરનાર તરીકેનો દરજ્જો ધરાવે છે. જૂજ (૦.૦૫ ટકા) રોજગાર કરતી સ્ત્રી માલિક તરીકેનો દરજ્જો ધરાવે છે.

રોજગાર કે કમાણી કામ કરતી ૯૪ ટકા જેટલી સ્ત્રીઓ અસંગઠિત ક્ષેત્રમાં રોજગાર કે કમાણીનાં કામ કરે છે. આથી સંગઠિત ક્ષેત્રના કામદારો માટેના સુરક્ષા અને વેતન નિર્ધારિત કરતા ઔદ્યોગિક કામદારોના લાભ તેમને મળતા નથી. ઊંચાં વેતન,



નિશ્ચિત કામના કલાકો, કાર્યસ્થળમાં સુરક્ષા, સલામતીની તકેદારીઓ, બાથરૂમ, આરામસ્થાન અને કેન્ટીન, ઘોડિયાઘર, માતૃત્વ, માંદગી, હક્ક કેજ્યુઅલ રજાઓ જેવા લાભથી મોટાભાગની રોજગાર કરતી સ્ત્રીઓ વંચિત રહે છે ખૂબ જ થોડી (૬ ટકા જેટલી) રોજગાર કરતી સ્ત્રીઓને આ લાભ મળે છે. ઔદ્યોગિક કામદારોનો લાભ સંગઠિત ક્ષેત્રમાં રોજગાર કરતી સ્ત્રીઓને પણ અલ્પ પ્રમાણમાં મળે છે એવું માતૃત્વ સંદર્ભી લાભ અંગેના હિરવેના અભ્યાસ પરથી જણાય છે. તેમનો સંપૂર્ણ અભ્યાસ દર્શાવે છે કે ગુજરાતમાં ફેક્ટરીઓમાં કામ કરતી સ્ત્રીઓ પૈકી માંડ ૦.૧ ટકા સ્ત્રીઓએ માતૃત્વ સંદર્ભી લાભ મેળવ્યો છે.

**શહેરમાં સ્ત્રીરોજગાર**

આગળ જોયું તેમ ગુજરાતમાં શહેરોમાં રોજગાર કરતી સ્ત્રીઓનું પ્રમાણ ઓછું રહ્યું છે. અને જેમ શહેર મોટું તેમ રોજગારમાં સામેલ થયેલી સ્ત્રીઓનું પ્રમાણ નીચું એવું જોવા મળે છે ઔદ્યોગીકરણ અને શહેરીકરણની દષ્ટિએ ગુજરાત પહેલાં ત્રણ રાજ્યોમાં સ્થાન પામે છે. પરંતુ આ વિકાસની સ્ત્રી રોજગાર પર વિપરીત અસર થઈ છે એવુ કેટલાંક સંશોધનો પણ જણાવે છે. ગુજરાતમાં વીજળી શક્તિ વાપરતા અને વીજળી નહિ વાપરતા ઉદ્યોગોમાં સ્ત્રી કામદારોના અભ્યાસ પરથી પટેલે દર્શાવ્યું છે કે વીજળી નહિ વાપરતા ઉદ્યોગોમાં સ્ત્રીકામદારોનું પ્રમાણ ૨૭.૮ ટકા જેટલું છે જ્યારે વીજળી વાપરતાં કારખાનાઓમાં તે ૭૩ ટકા જેટલું (નીચું) છે. ઉદ્યોગોમાં નવી ટેકનોલોજી, યંત્રોના વપરાશ આવે તે સાથે ઉદ્યોગોમાં સ્ત્રી કામદારોનું પ્રમાણ ઘટે છે એવું જોવા મળે છે. તમાકુ અને છીંકણીના ઉદ્યોગોમાં ૪૮.૮ ટકા કામદારો સ્ત્રીઓ છે. પરંતુ સીગારેટ બનાવવાના કારખાનામાં સ્ત્રીકામદારોનું પ્રમાણ ઓછું ૧૩.૨ ટકા જેટલું જ છે. ફળ માછલી, વગેરેના કેનિંગના ઉદ્યોગોમાં ૩૪.૫ ટકા કામદારો સ્ત્રીઓ છે. જ્યારે વધુ સોફસ્ટીકેશન અને યાંત્રીકરણવાળા ડેરી પ્રોસેસિંગના ઉદ્યોગોમાં ૧.૩ ટકા જ સ્ત્રીકામદારો છે. રૂની જિનિંગ મિલોમાં ૩૬.૫ ટકા, પાવરલુમથી ચાલતી મિલોમાં ૫.૧૨ટકા સ્ત્રી કામદારો છે, જ્યારે કાપડ ઉદ્યોગની મિલોમાં સ્ત્રી કામદારોનું પ્રમાણ તેનાથી પણ નીચું છે અને ઉત્તરોત્તર ઘટી રહ્યું છે. તૈયાર પોશાકો બનાવવાના ઉદ્યોગોમાં ૫૨.૪ ટકા સ્ત્રી કામદારો છે. પરંતુ નિટિંગની મિલોમાં ૮.૪ ટકા જેટલાં (ઓછાં) સ્ત્રીકામદારો છે. આમ ઉદ્યોગોમાં યંત્રોનો વપરાશ વધે, ઉત્પાદનપ્રક્રિયામાં સોફિસ્ટિકેશન આવે, તેમ સ્ત્રી કામદારો તે ઉદ્યોગોમાં ઘટે એવું જણાય છે.

કેટલાંક હસ્તકૌશલ ધરાવતાં ઉદ્યોગો જેવાં કે ઈલેક્ટ્રોનિક ઘડિયાળો, દાગીના, પ્રિન્ટિંગ અને ધાતુ-કામના ઉદ્યોગોમાં સ્ત્રી કામદારોનું પ્રમાણ ઊંચું–એક તૃતિયાંશથી એક દ્વિતિયાંશ જેટલું જણાય છે. અને હજી આ ઉદ્યોગોમાં સ્ત્રી કામદારોનું પ્રમાણ ઘટતું જણાયું નથી.

મોટાભાગના ઉદ્યોગોમાં કામ કરતી સ્ત્રીઓ અકુશળ અથવા ઓછી કુશળતાવાળાં કામ કરે છે. એકધારા કંટાળો આવે તેવાં, જેમાં ઓછું વેતન મળે, આગળ વધવાની તક ન હોય અને તેના તે જ કામમાં પડયાં રહેવું પડે એવાં કામો સ્ત્રીઓને ફાળે આવે છે.

પરંપરાગત કામધંધાઓમાં જેવાં કે કડિયાકામ, સુથારીકામ, બાંધકામનાં અન્ય કામોમાં સ્ત્રીઓ મજૂર તરીકે કામ કરતી જોવા મળે છે અને વર્ષો સુધી તે કામ કરે ત્યાં સુધી તેઓ તે પ્રકારનું કામ જ કરતી રહે છે. કુશળ કારીગર, કડિયા, મિસ્ત્રી તરીકે સ્ત્રીઓ ખાસ જોવા મળતી નથી.

ઉત્પાદન કામોમાં, મિલો, ફેક્ટરીઓમાં સ્ત્રી રોજગાર કરે છે ત્યારે કાપડ ઉદ્યોગોમાં, વણાટકામ, સિલાઈકામ, પાટીકામ, ધાતુકામ. પોશાક બનાવનાર જેવાં કામોમાં તેઓ રોજગાર કરતી હોય છે. તેવી જ રીતે ખાદ્ય ચીજોનાં ઉત્પાદનમાં તમાકુ અને તેની બનાવટોમાં, રંગ

રસાયણમા ઉદ્યોગોમાં, વાહનવ્યવહાર ને આનુષંગિક સેવાઓમાં તેઓ કામ કરે છે. જાહેરક્ષેત્રના ઉત્પાદન ઉદ્યોગો કરતાં ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોમાં સ્ત્રી કામદારોનું પ્રમાણ વધુ છે. (કોઠો–૧૦) અને ખાનગી ક્ષેત્રના ફેક્ટરી–મિલોમાં ઓછાં વેતન, સુરક્ષા અને સગવડનો અભાવ, કામ મળવાની અનિશ્ચિતતા, ગમે ત્યારે રાખે કે કાઢે આ પ્રકારનું શોષણ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

### કોઠો–૧૦
### ગુજરાતની ફેક્ટરીઓમાં સ્ત્રીઓનું પ્રમાણ નોંધપાત્ર હોય તેવાં કામોમાં સ્ત્રી-પુરુષ કામદારોનું પ્રમાણ ટકામાં (૧૯૮૦)

| | | જાહેર ક્ષેત્ર | | ખાનગી ક્ષેત્ર | |
|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧ | ખાદ્ય ચીજો ઉત્પાદન | ૯૯.૩૨ | ૦.૬૮ | ૮૮.૦૫ | ૧૧.૯૫ |
| ૨ | ખાદ્ય ચીજો ઉત્પાદન | ૯૨.૯૧ | ૭.૦૯ | ૯૦.૯૨ | ૯.૦૮ |
| ૩ | તમાકુ ને તેની બનાવટો | — | — | ૬૨.૪૭ | ૩૭.૫૩ |
| ૪ | કોટન ટેક્સટાઈલ | ૯૫.૫૦ | ૪.૫૦ | ૯૩.૧૦ | ૬.૮૭ |
| ૫ | ગરમ રેશમી સિન્થેટીક કાપડ | — | — | ૯૭.૯૯ | ૨.૦૧ |
| ૬ | કાપડ બનાવનાર | — | — | ૬૩.૮૮ | ૩૬.૧૨ |
| ૭ | લાકડાકામ | — | — | ૮૧.૪૭ | ૧૮.૫૩ |
| ૮ | પેપરકામ | ૯૮.૫૧ | ૧.૪૯ | ૯૬.૮૩ | ૩.૧૭ |
| ૯ | ચામડાકામ | — | — | ૯૦.૪૯ | ૯.૫૧ |
| ૧૦ | રબર પ્લાસ્ટિક પેટ્રોલિયમ | — | — | ૯૪.૨૪ | ૫.૭૬ |
| ૧૧ | રંગ રસાયણ | ૯૯.૮૦ | ૦.૨૦ | ૯૬.૭૦ | ૩.૩૦ |
| ૧૨ | અધાતુ ખનિજ બનાવટો | ૮૧.૮૨ | ૧૮.૧૮ | ૮૬.૯૯ | ૧૩.૦૧ |
| ૧૩ | હલકી અને મિશ્ર ધાતુના ઉદ્યોગો | — | — | ૯૮.૫૫ | ૧.૪૫ |
| ૧૪ | ધાતુની બનાવટો (યંત્ર સિવાય) | — | — | ૯૬.૯૧ | ૩.૦૯ |
| ૧૫ | વીજળિક યંત્રો સિવાયના ઉદ્યોગો | ૯૯.૮૦ | ૦.૯૨ | ૯૮.૯૨ | ૧.૦૮ |
| ૧૬ | વીજળિક યંત્ર ઉદ્યોગો | — | — | ૮૭.૭૨ | ૧૨.૨૮ |
| ૧૭ | વાહનવ્યવહાર | ૯૯.૭૭ | ૦.૨૩ | ૯૫.૩૮ | ૪.૬૨ |
| ૧૮ | પરચૂરણ ઉત્પાદન | — | — | ૮૬.૩૬ | ૧૩.૬૪ |
| ૧૯ | વીજળી ઉદ્યોગો | ૯૯.૭૦ | ૦.૩૦ | ૯૯.૪૭ | ૦.૫૩ |
| ૨૦ | વૉટર વર્ક્સ | ૯૮.૬૦ | ૧.૪૦ | — | — |
| ૨૧ | વાહનવ્યવહાર આનુષંગિક સેવા | — | — | ૪૩.૪૮ | ૫૬.૫૨ |
| ૨૨ | રીપેર કામો | ૯૯.૨૮ | ૦.૭૨ | ૯૯.૬૪ | ૦.૩૬ |



અમદાવાદના શ્રમિક વ્યવસાયોમાં કામ કરનાર સ્ત્રી કામદારોના પટેલના અભ્યાસોમાં જોવા મળે છે કે અમદાવાદમાં મોટા ભાગની શ્રમિક રોજગાર કરતી સ્ત્રીઓ માથોડા મજૂરી, હાથલારી ખેંચનાર, સિલાઈકામ, ધાતુકામ, રૂ સાફ કરનાર, સોડા વગેરેની બાટલી ધોનાર, રબરસ્ટેમ્પ બનાવનાર, પ્રેસમાં ટાઈપ ગોઠવનાર જેવાં કામ કરે છે. સ્વયંરોજગાર કરનાર તરીકે સ્ત્રીઓ માથે ટોપલો લઈને શાકભાજી, ફળ વગેરે વેચે છે. ફેંકેલા કાગળ વીણે છે, વણાટ કે ધોબીકામ કરે છે. મોટે ભાગે સ્ત્રીનાં આવાં કામ તેમની કોમ કે કુટુંબમાં પરંપરાથી થતાં આવતાં હોય છે. નવી કુશળતા કે તાલીમ માંગતા કામોમાં સ્ત્રીઓ નહિવત જોડાયેલી છે. કેમ કે મોટા ભાગે તેઓ અભણ હોય છે કે નામનું જ ભણતર ધરાવતી હોય છે. નિમ્ન સ્તરની જ્ઞાતિ કોમો ઉપરાંત મધ્યમ અને ઉચ્ચ સ્તરની જ્ઞાતિ કોમોની સ્ત્રીઓ પણ અનાજ સફાઈ, તમાકુ ને છીંકણીનાં કામ, ટાઈપ ગોઠવવા, રબરસ્ટેમ્પ બનાવવા જેવાં કામો કરે છે. તેમનો અભ્યાસ દર્શાવે છે કે રોજગાર કરતી સ્ત્રીઓ યુવાન (૧૫–૧૯ વર્ષ) વયે જ રોજગારમાં જોડાઈ છે અને લગ્ન, બાળકો ને કુટુંબની જવાબદારીઓ સાથે કમાણીકામ કરે છે. આધેડ વયની શ્રમિક કામો કરતી સ્ત્રીઓ તેમને કાપડ ઉદ્યોગની મિલોમાં જોવા મળી હતી, જ્યારે યુવાન સ્ત્રીઓ અન્ય ઉદ્યોગોમાં કામ કરતી હતી. શ્રમિક કામો કરતી આ બધી સ્ત્રીઓના વેતનમાં નહિવત વધારો, બઢતીનો અભાવ, અને એક જ સ્થળે કામ કરવાનું વલણ જોવા મળ્યું હતું. લગ્ન, માતૃત્વ કે માંદગી (પોતાની કે પતિની) ને કારણે અથવા ફેક્ટરી બંધ પડે તો સ્ત્રી જૂનું કામ છોડે અન નવું લે અને તેથી રોજગાર બદલતી જોવા મળી હતી. તેમનો અભ્યાસ દર્શાવે છે કે સ્વરોજગાર કરતી સ્ત્રીઓ કુટુંબ કે કોમના જ કામધંધા કરતી હતી અને મજૂર કરતાં વધુ કમાણી કરતી હતી.

અમદાવાદની નિમ્ન સામાજિક-આર્થિક સ્તરની કેટલીક ગુજરાતી હિંદુ જ્ઞાતિઓ અને કોમોમાં સ્ત્રીઓ અંગેના કાન્હેરેના અભ્યાસમાં શ્રમ કરી રોજગાર રળતી સ્ત્રીઓ અંગે કેટલીક હકીકતો ધ્યાન બહાર આવે છે. શ્રમિક કુટુંબોમાં સ્ત્રીઓ રોજગાર કરશે કે નહિ અને કયા રોજગાર કરશે એનો આધાર તેમના કુટુંબ અને કોમ કે જ્ઞાતિની પરંપરા પર હોય છે. આ અભ્યાસમાં બધી જ રોજગાર કરતી સ્ત્રીઓ તેમના પરંપરાથી ચાલ્યા આવતાં અને સ્વીકૃત એવા કામધંધા કરતી હતી. વાઘરી સ્ત્રીઓ જૂનાં કપડાંનો, પ્યાલાબરણીનો ધંધો કે શાકભાજી, ફળ કે જૂના ડબ્બા-ડબ્બી ખરીદવા વેચવાનો ધંધો કરતી હતી. ખલાસી સ્ત્રીઓ નારિયેળના છોડામાંથી કાથી-દોરડા બનાવવાનો ગૃહઉદ્યોગ કરતી હતી. ગોલા સ્ત્રીઓ લોકોને ઘેર જઈને અથવા દાણાની દુકાનોમાં અનાજ સાફ કરવાનું કામ કરતી હતી. રબારી સ્ત્રીઓ પશુની સંભાળ કે દૂધનો વેપાર કરતી હતી અથવા ઉચ્ચ અને મધ્યમ વર્ગના કુટુંબોનાં વાસણ કપડાં ને ઘરની સફાઈનાં કામ કરતી હતી. દરજી, કુંભાર, જેવી કોમોમાં સ્ત્રીઓ ઘરના હુન્નરમાં મદદ કરતી હતી. અન્ય પછાત કોમની સ્ત્રીઓ ઘેર બેસીને કાગળ વાળવાનું, કપડાં-ગોદડી સીવવાનું કે દુકાન-ઓફિસની સફાઈ કરવાનું કામ કરતી હતી. ઠાકરડા કુટુંબોમાં જ્યાં પરંપરાથી કાપડ ઉદ્યોગમાં કામદારનું કામ થતું હતું ત્યાં સ્ત્રીઓ કયારેક મિલમાં કામે જતી હતી. આ ધાજ જ્ઞાતિ/કોમોમાં કમાણી કરતી સ્ત્રીઓના પતિ મોટા પ્રમાણમાં સંગઠિત ક્ષેત્રના અર્ધકુશળ અને શ્રમિક ચોથા વર્ગના કામો કારીગર, પટાવાળા પગી જેવા કરતા હતા. જ્યારે કુટુંબનાં પરંપરાગત કામો સ્ત્રીઓ કરતી હતી. પતિ-પત્ની બંને કુટુંબનો વેપાર ધંધો કરે તેવું વાઘરીઓ અને રબારીઓમાં વધુ પ્રમાણમાં જોવા મળતું હતું અને આ કોમમાં સ્ત્રીઓ પૂર્ણ સમય (આઠ કલાક કે વધુ સમય) રોજગાર કામ કરતી હતી. અન્ય જ્ઞાતિઓની મોટા ભાગની સ્ત્રીઓ પાંચ-છ કલાક જેટલા સમય માટે અને અનિયમિત સ્વરૂપે કમાણી કામ કરતી હતી તથા કુટુંબની આર્થિક સ્થિતિ સુધરતાં કમાણી કામમાંથી નીકળી જવાનો ઈરાદો રાખતી હતી. ફક્ત વાઘરી

અને રબારી કોમની સ્ત્રીઓ કાયમ અને સતત સ્વરૂપે કમાણી કામ કરવા માંગતી હતી. બીજું એ પણ જોવા મળ્યું હતું કે આ બધાં ગરીબ કુટુંબોમાં જુવાન દીકરી કે વહુઓ કરતાં આધેડ વયની માતા કે સાસુઓ વધુ પ્રમાણમાં રોજગારનું કામ કરતી હતી.

શહેરની ગુજરાતી હિંદુ નિમ્ન સ્તરની આ બધી જ્ઞાતિ / કોમોમાં સંસ્કૃતિકરણની પ્રક્રિયા જોવા મળી. કુટુંબના વડા સંગઠિત ક્ષેત્રના શ્રમિક કામોમાં પ્રવેશે, કુટુંબની આર્થિક સ્થિતિ સુધરે એટલે કુટુંબ માટે ઊંચી સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના હેતુથી કુટુંબ-ની સ્ત્રીઓ વેતન માટે બહાર શ્રમ કરવા જવાનું બંધ કરે. ઊંચી જ્ઞાતિઓના કૌટુંબિક જીવનનું અનુકરણ કરવા માંડે, કન્યાના લગ્નમાં પૈસા લેવાનું (પરંપરાગત કન્યા-વિક્રયના રિવાજ) બંધ થાય અને કન્યાદાન તથા વરને પહેરામણી આપીને લગ્ન કરવાનું શરૂ થાય. છૂટાછેડા, નાતરું, કે પુનઃ લગ્ન વિધવા-લગ્નની આ બધી જ કોમોમાં છૂટ હતી તે બંધ થાય. સ્ત્રીઓની હેરફેર પર નિયંત્રણ આવે, ગૃહકાર્યોમાં જ તેમના જીવનની પરિસમાપ્તિ થાય. સંસ્કૃતિકરણની પ્રક્રિયા આમ નિમ્ન સ્તરની જ્ઞાતિકોમોમાં સ્ત્રીઓની સ્વતંત્રતા પર કાપ મૂકે છે. તેમને આર્થિક રીતે આશ્રિત કે પરાવલંબી બનાવે છે. તથા ઘરમાં બંધિયાર કરે છે. ફક્ત વાઘરી અને રબારી કોમોમાં સંસ્કૃતિકરણ છતાં સ્ત્રીઓ કુટુંબનાં કમાણીકામ ચાલુ રાખતી હતી. પોતાના રોજગારને કાયમી સ્વરૂપે સ્વીકારતી હતી. આર્થિક સ્થિતિ સુધરતાં વાઘરી સ્ત્રી પોતાનો કુટુંબનો ધંધો મોટા પાયા પર વિકસાવતી હતી. જ્યારે રબારી સ્ત્રી બીજાંનાં ઘરોમાં કપડાં-વાસણ-ઘરની સફાઈ કરવાનું કામ બંધ કરીને પોતાને ઘેર ગાય-ભેંશ રાખીને દૂધનો ધંધો કરતી હતી. નિમ્ન સ્તરની આ બધી સ્ત્રીઓ અભણ કે નહિવત્ શિક્ષણ ધરાવતી હતી અને તેથી તેમને માટે કુટુંબના પરંપરાગત શ્રમિક કામ સિવાય અન્ય રોજગારની શકયતા જ ન હતી, પરંતુ આ સ્ત્રીઓ તેમની દીકરીઓને શિક્ષણ આપીને કે અન્ય નવાં કામોની તાલીમ આપીને વધુ કમાણીવાળા વ્યવસાયોમાં દાખલ કરવાની ઉમેદ સુધ્ધાં રાખતી ન હતી. બલ્કે છોકરીઓને થોડુંક લખી (પત્ર લખી શકે), વાંચી (દુકાનનાં પાટિયાં, બસનો નંબર) શકે એટલું જ ભણાવીને પરણાવી દઈ સાસરે મોકલી દેવા ઉત્સુક હતી, ઘરમાં કમાણી કામની પરંપરા હોય તો તેમાં તેમને જોતરતી હતી. જ્યારે પોતાના દીકરાઓને તેઓ ખૂબ ભણાવવા તથા ચોથા વર્ગના કે મિલના અન્ય નવા વ્યવસાયોની તાલીમ આપવા માંગતી હતી.

શહેરોમાં રોજગાર કરતી સ્ત્રીઓ ઘણા મોટા પ્રમાણમાં સ્વયંરોજગાર કે કુટુંબના કામધંધામાં કામ કરતી હોય છે. આ કામોમાં મૂડી મેળવવાની. કાચો માલ મેળવવાની, તૈયાર કરેલા માલને માટે બજાર મેળવવાની, કામ કરવા કે માલ વેચવા માટે જગા મેળવવાની અપાર વિટંબણાઓ હોય છે. વેપારી દ્વારા, પોલીસ દ્વારા શોષણ અને કનડગતનો સામનો કરવાનો રહે છે. રદ્દી કાગળ વીણનાર, શાક-ફળ વેચનાર, જૂનાં કપડાં ડબ્બા-ડબ્બીનો વેપાર કરનાર, ઘેર બેસીને છાપકામ, પેચવર્ક, બ્લોકપ્રિન્ટીંગ, ચિન્દીમાંથી તૈયાર પોષાક બનાવનાર, બીડી વાળનાર, પાપડ વણનાર, કાંતનાર ને વણનાર એવા સ્વયંરોજગાર જેવા શ્રમિક કામધંધાઓ કરતી સ્ત્રીઓની સમસ્યાઓ હલ કરવા માટે તેમને સંગઠિત કરી તેમને મદદ કરવાની પહેલ અમદાવાદમાં સેવા (સ્વાશ્રયી મહિલા સંઘ) સંસ્થાએ કરી છે. અમદાવાદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં તેમ જ ગુજરાતમાં અન્ય સ્થળોએ પણ તેનો પ્રસાર થવા માંડયો છે. સ્વયંરોજગાર કરતી શ્રમજીવી બહેનોને સંગઠિત કરીને, વ્યવસાયની તાલીમ આપવી, તથા તેમના વ્યવસાયની સમસ્યાઓ હલ કરવાના પ્રયાસો કરવા, કાયદાકીય, બેન્કીંગની, ઘોડિયાઘરની એવી સુવિધાઓ આપવી આ પ્રકારની પ્રવૃત્તિઓ 'સેવા' કરી રહી છે.

ગુજરાતમાં મહિલા આર્થિક વિકાસ નિગમ શરૂ થયું છે. રોજગાર વ્યવસાયોમાં સ્વરોજગાર કરવા



માંગતી સ્ત્રીઓને તાલીમ, આર્થિક મદદ તથા માર્ગ-દર્શન આપવાનું કામ પણ શરૂ થયું છે. મહિલા સાહસિક ઉદ્યોજકોને માટે તાલીમી સંસ્થા, મહિલા બેંક, મહિલા પોલીટેકિનકા, મહિલા સેલ જેવા વિભાગો દ્વારા સરકાર પણ મહિલાઓને બિનપરંપરાગત ને ટેકનોલોજી સાથે સંકળાયેલ ઈલેકટ્રોનિક કે કોમ્પ્યુટર જેવાં કામોમાં સામેલ કરવાના પ્રયાસો કરે છે. શ્રમજીવી રોજગાર કરતી ગ્રામીણ અને શહેરી સ્ત્રીઓના વ્યવસાયમાં ઘટતી જતી ભાગીદારીને તથા શોષણના અગાધ દરિયાને નાથવાની શરૂઆત થઈ છે. એ ગુજરાત માટે આશાસ્પદ ગણી શકાય.

શહેરોમાં શ્રમિક કામો કરતી સ્ત્રીઓ મોટે ભાગે અભણ કે નહિવત્ શિક્ષણ ધરાવતી હોય છે. તેથી શિક્ષણ કે તાલીમ નહિ પણ કુટુંબ/કોમનાં કે પરંપરાગત જ કમાણી કામ નિર્ધારિત કરે છે. શહેરોમાં શિક્ષિત સ્ત્રીઓ શિક્ષણને પરિણામે શિક્ષિત ઊજળા વ્યવસાયો જેવા કે પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં શિક્ષિકા, ઑફિસ, મિલ, કચેરીમાં ક્લાર્ક વેપાર વાણિજ્ય પેઢીઓમાં સેલ્સગર્લ, ટેલિફોન ઑપરેટર કે નર્સ જેવા વ્યવસાયોમાં કામ કરે છે. તેવી જ રીતે ડૉક્ટર, વકીલ, પ્રોફેસર, ઑફિસર, ઈજનેર, મેનેજર જેવા ઊંચા ઊજળા વ્યવસાયોમાં પણ જોડાય છે. પરંતુ આવા સામાજિક રીતે પ્રતિષ્ઠિત ને ઊજળા મનાતા વ્યવસાયોમાં કામ કરતી સ્ત્રીઓનું પ્રમાણ ટકાવારી કાઢીએ તો ઘણું જ જૂજ જણાય છે.

### ગ્રામીણ વિસ્તારમાં સ્ત્રી રોજગાર

આગળ જોયું તેમ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર કરતી સ્ત્રીઓનું પ્રમાણ વધુ છે અને અડધાથી પણ વધુ ગ્રામીણ રોજગાર કરતી સ્ત્રીઓ મુખ્ય પ્રવૃત્તિ તરીકે રોજગાર કરે છે. તેમ છતાં અહીં સ્ત્રી રોજગારીનું પ્રમાણ ઘટી રહ્યું છે એ નોંધપાત્ર બાબત છે. ગામડાંઓમાં સ્ત્રીઓ મોટે ભાગે ખેતીમાં, પશુપાલનમાં કે તેને આનુષંગિક કામોમાં રોજગાર રળે છે. અલ્પ પ્રમાણમાં દ્વિતીયક ક્ષેત્રના ગ્રામીણ ઉદ્યોગામાં ને નહિવત્ પ્રમાણમાં તૃતીય ક્ષેત્રના નોકરી-ધંધામાં રોજગાર કરતી હોય છે.

મોટા ભાગની ગ્રામીણ રોજગાર કરતી સ્ત્રીઓ ખેતમજૂર તરીકે, ગાય ભેંસ, મરઘાં-બતકાં પાળનાર પશુપાલક તરીકે કામ કરે છે કે રૂના કાલાં ફોલવાં, શીંગ ફોલવી જેવાં કામ કરે છે. હિરવેના અભ્યાસો દર્શાવે છે કે ગામડામાં એકધારા, કંટાળાજનક, શ્રમિક મહેનતવાળા પણ વેતન ઓછું મળે તેવા કામો સ્ત્રીઓને ફાળે આવે છે. તેઓને અનિયમિત રીતે કામ મળતું હોય છે. 'કામ' ઘટતાં તેમની પ્રથમ છટણી થતી હોય છે અને 'કામ' વધતાં તેમને છેલ્લે રોજગારમાં સામેલ કરાતી હોય છે. ખેતીનાં કામોમાં નવી ટેકનોલોજી, નવાં બિયારણ, ખાતર, જંતુનાશકોનો વપરાશ થતાં નવાં યંત્રો સાધનો ઉપયોગમાં આવે છે ને તે સાથે સ્ત્રીઓ રોજગારમાંથી બહાર ફેંકાય છે, કેમકે 'નવી' બાબતોની જાણકારી, તાલીમ પુરુષોને મળે છે અને તે કામ પુરુષનું બને છે. દાખલા તરીકે ખેતરમાં નીંદવાનું કામ સ્ત્રીઓ કરતી હોય છે, જંતુ-નાશક દવાઓના છંટકાવથી આ કામ ઘટી જાય છે અને જંતુનાશકો સ્પ્રે કરવાનું કામ પુરુષો કરે છે. પશુપાલનમાં પશુમાવજતનું ઘણું બધું કામ સ્ત્રીઓ કરતી હોય છે પણ સ્ત્રીઓની દૂધમંડળીઓ જવલ્લે જ જોવા મળે છે.

'કામ'ના સંદર્ભમાં ગામડાંની સ્ત્રીઓ પસંદગી કરતી હોય છે. સ્ત્રીઓ ઘરની નજીક કામ મળે તેને પસંદ કરે છે. વધુ કલાકો સળંગ ઘરબહાર રહીને કામ કરવું પડે—કામ માટે દૂર જવું પડે તે તેને ઘરની જવાબદારીઓને લીધે અનુકૂળ પડતું નથી. સ્ત્રી સગર્ભા હોય, બાળક ધાવણું હોય ત્યારે અવારનવાર ગેરહાજર રહેતી, સતત સ્વરૂપે લાંબા કલાકો સુધી કામ આપી ન શકે, પુરુષોની જેમ ખેતીની સર્વ પ્રક્રિયા-ઓમાં કામ ન કરે આવાં બધાં કારણોને લીધે ગામડાંમાં જમીનદારો સ્ત્રીને બદલે પુરુષ મજૂરને પસંદગી આપતા હોય છે અને ખેતીનો વિકાસ થતાં સ્ત્રીઓના હાથની મજૂરી છીનવાઈ જતી હોય છે.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાનાં ગામડાંઓના સેમ્પલ સર્વેને આધારે હિરવે જણાવે છે કે એક તરફ સ્ત્રીઓ રોજગારમાંથી ઘટે છે અને બીજી તરફ મોટા-ભાગનાં (૮૩ ટકા જેટલાં) કુટુંબો ગરીબી રેખાની નીચે રહે છે. આનો અર્થ એવો થાય કે ગ્રામીણ શ્રમ-બજાર સ્ત્રીના રોજગાર માટે ઘણું પ્રતિકૂળ બને છે. સ્ત્રીઓનું રોજગારમાં ઘટતું જતું પ્રમાણ તેમની રોજગાર કરવાની તૈયારીનો અભાવ દર્શાવતું નથી બલ્કે પ્રતિકૂળ શ્રમબજારનું દ્યોતક છે. બીજા એક અભ્યાસમાં હિરવે દર્શાવે છે કે ગ્રામીણ ગુજરાતમાં કુટુંબ નાનું હોય કે મોટું, સંયુક્ત હોય કે વિભક્ત, સ્ત્રી અભણ હોય કે શિક્ષિત—આવી બાબતોની સ્ત્રી રોજગાર ઉપર ખાસ અસર પડતી જણાતી નથી. પરંતુ આર્થિક બાબતો, જેવી કે સિંચાઈ, બેવડા પાક લેવાની પદ્ધતિ, કુટુંબની માથાદીઠ આવક, જેવી બાબતોની સ્ત્રી રોજગાર પર અસર પડે છે. નવીન રીતો અપનાવીને સધન બનતા ખેડૂતો ઘરની સ્ત્રીને વેતન માટે મજૂરીએ મોકલતા નથી આથી જ આર્થિક રીતે સધ્ધર જિલ્લાઓમાં ગ્રામીણ સ્ત્રીરોજગારીનું પ્રમાણ ઓછું જોવા મળે છે સુધરેલાં બિયારણ, ખાતર, જંતુનાશકો, નવો પાક લેવાની રીતોથી મજૂરની માગ વધે છે પણ તેવાં કામોમાં પુરુષ મજૂરની પસંદગી થતી હોય છે. વળી વાવણી, લણણી જેવા સમયે સમૂહમાં મજૂરોની માગ ઊભી થાય છે અને તેમાં ભાગ્યે જ સ્ત્રીઓ સામેલ થઈ શકે છે. ગુજરાતમાં ખેતીકામોમાં લઘુતમ વેતન ધારો અમલમાં આવ્યો છે. જોકે હજી અલ્પ પ્રમાણમાં જ તે અમલી બની શક્યો છે. પરંતુ તેનો અમલ થતાં સ્ત્રીઓ રોજગાર-માંથી નીકળી જાય છે, કેમકે અડધા દિવસની રોજીની તેમાં જોગવાઈ નથી

ગુજરાતના ઝડપી થઈ રહેલ વિકાસમાં સ્ત્રીઓનું રોજગારીની ભાગીદારીમાં પ્રમાણ વધવાને બદલે ઘટતું જાય છે. ગામડા કરતાં શહેરોમાં અને નાનાં શહેરો કરતાં મોટાં શહેરોમાં રોજગાર કમાતી સ્ત્રીઓની ટકાવારી ઘટતી જાય છે. તે રીતે અઘરું અને કંટાળા-જનક કામ સ્ત્રીને ફાળે આવે છે અને જેમ જેમ યાંત્રીકરણ વધે તેમ તેમ સ્ત્રી કામદારોની બાદબાકી થાય છે.

[આ લેખ માટે વસ્તી ગણતરીના હેવાલો પરથી જરૂરી કોઠા તૈયાર કરવામાં મદદ કરી છે તે બદલ લેખિકા સમાજશાસ્ત્ર વિભાગનાં સંશોધન મદદનીશ મંજરી શાહના આભારી છે.]

## સંદર્ભ સૂચિ

1 Hirve Indira

1 (1983) : A note on employment Problems of rural Women in Gujarat in Lakadawala D. T. (ed.) Gujarat Economy—Problems and Prospects.

2 Female Employment in rural Gujarat Some issues, in Indian Journal of Labour Economics. pp. 161

3 Employment Planning according to labour force characteristics—A Case of rural Women.

4 (1985) Denial of Maternity benefits to Women in India.
(ગાંધી શ્રમ પ્રતિષ્ઠાન)

2 Kanhere Usha (1984)

Women's work and employment among lower strata castes—Communities in a Metropolis—Ahmedabad.
Paper presented to 2nd National Conference on Women's Studies.

(1985) Women and Socialization among some lower strata castes communities in Ahmedabad. ICSSR Research report'

3 Patel B. B.

1 (1979) Blue Collar Women Workers in Ahmedabad. Sardar Patel Institute of Economic and Social Research.

2 (1984) Technology, Employment and Occupation of Women Workers—in Gujarat in Manufactring Sector. Madras Institute of Development Studies ના સ્ત્રીઓ પરના વર્કશોપમાં.

૪ પટેલ વિભૂતિ (સંકલન)
(૧૯૮૨) ભારતમાં સ્ત્રીની તાસીર, લોકાયન ગુજરાત.

5 Seva Publication,
(1982) We, the Self-employed.

6 Varma Pramod and Others
(1985) Discrimination against female workers—a note. I. I. M. A. Working Paper.

7 Visariya Parvin

1 (1983) Level and Structure of employment. Employment in Gujarat 1901-81, in Lakadawala D. T. (ed.) Gujarat Economy—Problems and Prospects. S. P. Institute of economic and social Research.

# ગુજરાતી નવલકથામાં આધુનિક નારીનું નિરૂપણ

**અંજના દેસાઈ**

પ્લેટો પછી એરિસ્ટોટલથી માંડીને અત્યાર સુધી સ્ત્રીને વિખંડિત અથવા અપૂર્ણ પુરુષ[1] લેખવામાં આવી છે. ભારતમાં પણ વૈદિક કાળ પછી આવી જ વિચારસરણી પ્રચલિત રહી છે.[2] ફ્રોઈડનાં વિધાનોએ આવી માન્યતાઓને વૈજ્ઞાનિક ઓપ આપ્યો. આ વિચારસરણીમાં ભરતી-ઓટ આવતાં રહ્યાં પણ સરેરાશ સામાજિક વાસ્તવિકતાની પારાશીશીમાં જોઈએ તો સ્ત્રીની ભૂમિકા વિષેના ખ્યાલો અને અપેક્ષાઓ કંઈક આ પ્રકારનાં રહ્યાં છે...

જીવવિજ્ઞાનની દૃષ્ટિએ...સંતાન પેદાશનું યંત્ર
આર્થિક રીતે...અવેતન મજૂરણ

સામજિક જીવનમાં...આઘાતશોષક અને સામંજસ્ય સાધનારી

લાગણીના સ્તરે...ધૈર્યવાન, આત્મબલિદાન કરનારી
વ્યંગાત્મક ચિત્રણમાં...નિંદાખોર, વિઘ્નસંતોષી, ચાલબાજ
બૌદ્ધિક સ્તરે...બાહ્ય ટાપટીપમાંથી ઉપર ન આવી શકનારી
પૌરાણિક કલ્પનામાં...દેવી, મા અથવા મોહિની

આ નિબંધના શીર્ષકમાં સાહિત્યસ્વરૂપ અને સમયકાળ-અભિગમની જે મર્યાદાઓ દર્શાવી છે એમાં ઉપર ગણાવેલી બધી માન્યતાઓ-મોજણીઓ પ્રત્યક્ષ રૂપે નથી જોવા મળતી. સવાલ એ તપાસવાનો છે કે નારીપાત્રોના નિરૂપણમાં આથી જુદું શું છે અને જે છે એ કેટલે અંશે આધુનિક છે. જે મુદ્દાઓ રજૂ કરવાના છે તે ૧૯૧૩ થી ૧૯૮૩ દરમ્યાન લખાયેલી ૧૨ નવલકથાઓના આધારે કરવા પ્રયત્ન કર્યો છે. વિચારણાનું કેન્દ્ર સાહિત્યિક મૂલ્યો કરતાં સામાજિક-વ્યક્તિગત મૂલ્યો પર છે. જે નવલકથાઓ ચર્ચા માટે પસંદ કરી છે. એમાંની લગભગ બધી જ સાહિત્યક દૃષ્ટિથી ચર્ચાયેલી અને વખણાયેલી છે. પરંતુ ચર્ચાયેલી અને વખણાયેલી બધી જ નવલકથાઓ સમાવી નથી. દા.ત. ઇલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના' અથવા કુન્દનિકા કાપડિયાની બહુ-સન્માનિત 'સાત પગલાં આકાશમાં' લીધી નથી. એમાં પાત્ર નિરૂપણ કરતાં case studies નો ઓછાયો વધુ વર્તાય છે. ચર્ચા માટે પસંદ કરેલી નવલકથાઓ છે :

ક. મા. મુનશી, 'વેરની વસૂલાત' (૧૯૧૩-૧૪)
ર. વ. દેસાઈ, 'દિવ્યચક્ષુ' (૧૯૩૨)
પન્નાલાલ પટેલ, 'મળેલા જીવ' (૧૯૪૧)
ઈશ્વર પેટલીકર, 'જનમટીપ' (૧૯૪૪)
મનુભાઈ પંચોળી, ઝેર તો પીધાં છે જાણી જાણી-૧ (૧૯૪૪)
ધીરૂબેન પટેલ, 'વડવાનલ' (૧૯૬૩)
રઘુવીર ચૌધરી, 'અમૃતા' (૧૯૬૫)
સરોજ પાઠક, 'નાઈટમેર' (૧૯૬૯)
મધુ રાય, 'કામિની' (૧૯૭૦)
વર્ષા અડાલજા, 'રેતપંખી' (૧૯૭૪)
ભગવતીકુમાર શર્મા, 'સમયદ્વીપ' (૧૯૭૪)
વર્ષા અડાલજા, 'ખરી પડેલો ટહુકો' (૧૯૮૩)



નવલકથાઓનાં સ્ત્રીપાત્રોની ચર્ચા શરૂ કરતાં પહેલાં તપાસની ભૂમિકા સ્પષ્ટ કરવી પડશે. દરેક વ્યક્તિનું જીવન સમય અને સ્થળની સીમાઓમાં આકાર પામે છે. બીજાની અનુભૂતિ અને યાદદાસ્તમાં આ સીમાઓ વટાવી દેવાય છે. પરંતુ કલાકારો સિવાય ભાગ્યે જ કોઈ સભાનતાપૂર્વક એ પ્રકારના અમરત્વની ઉપાસના કરતા હોઈ મોટા ભાગની વ્યક્તિઓને અનાયાસ એ લાધે છે પણ એ વાત અલગ છે. કલાકૃતિઓમાંથી અમર બની રહેલાં પાત્રો કોઈ ને કોઈ પ્રકારે માનવસહજ વિટંબણાઓને અને આકાંક્ષાઓને વાચા આપતાં હોય છે. ગુજરાતી નવલકથાઓમાંથી એવાં અવિસ્મરણીય અને મૂળભૂત અનુભૂતિમૂલક સત્યો લઈને આવતાં સ્ત્રી પાત્રો કેટલાં?

સમયનો ક્રમ પુરુષના જીવનમાં કઈ રીતે પાંગરે છે એનું સચોટ ચિત્ર શેક્સપિયરે Seven ages of man વાળી પ્રખ્યાત ઉક્તિમાં આલેખ્યું છે.[3] ધ્યાન પર લેવા જેવી બાબત એ છે કે દરેક તબક્કે શક્તિ, રુચિ અને પ્રવૃત્તિ નિર્ણાયક બળો છે. સ્ત્રીનું જીવન જો સમયને આધારે વિભાજિત કરવાનું હોય તો શક્તિ અને રુચિને સ્થાને એને વય પ્રમાણે જે સહાયક (supporting) ભૂમિકા અદા કરવાની હોય છે તેનો આધાર લેવો પડે—પુત્રી, બાલિકા, યૌવના, પત્ની, માતા, વૃદ્ધા. આ ક્રમમાં આપણે તપાસીશું કે નવલકથાકારોએ કઈ રીતે વિવિધ તબક્કાઓમાં સ્ત્રીને આલેખી છે.

સ્થળની રેખા સ્ત્રી માટે સામાન્યતઃ ઘર; વ્યવસાયી હોય તો શાળા, હોસ્પિટલ, ઓફિસ. ગામડાની ખેડૂત સ્ત્રી અથવા તો આર્થિક અને સામાજિક રીતે નિમ્ન વર્ગની સ્ત્રીને માટે ઘર અને ઘરની બહારનું કાર્યક્ષેત્ર અવિભિન્ન બની રહે છે, બારમાંથી બે જ નવલકથાઓમાં ગામડાંનાં પાત્રો છે, 'મળેલા જીવ' અને 'જનમટીપ'માં. બંનેમાં કાર્યક્ષેત્ર ગૌણ છે, વ્યક્તિગત સંબંધો જ મધ્યસ્થાને છે. સ્થળને ખ્યાલમાં રાખીને પણ આપણે જોઈશું કે નવાં સ્ત્રીપાત્રોમાં વિશિષ્ટ શું છે? કંઈ છે ખરું?

આધુનિક કોને અને શાને કહેવું? ફક્ત સદી અથવા સાલને આધારે તો એ નક્કી થઈ શકે જ નહિ; કારણ કે તો તો અત્યારે જીવતાં આપણે સહુ આધુનિક કહેવાઈએ...પુત્રવધૂને બાળતી સાસુઓ પણ. આધુનિકતા આપણે અમુક લક્ષણોમાં જોઈએ છીએ જેથી કહેનારા કહી શકે કે 'સરસ્વતીચંદ્ર'માં આલેખાયેલા પાશ્ચાત્ય-પૌર્વાત્ય સંઘર્ષોને બીજો કોઈ સર્જક આંબી શક્યો નથી,[4] અથવા તો ૧૭મી સદીનો જોન ડન આધુનિક કવિ કહેવાય. બૌદ્ધિક સભાનતા એ આધુનિકતાનું આગવું લક્ષણ છે. વ્યક્તિ તરીકે આપણે પોતે શું છીએ, શું નથી એને પ્રમાણિકપણે જાણવાનો-દાખવવાનો પ્રયત્ન, પોતે શા માટે શું કરી રહ્યા છીએ એ બાબતની નિખાલસતા, કરતા નથી છતાં થવા દઈએ છીએ એનો એકરાર આવાં...વલણોથી વ્યક્તિની આધુનિકતા છતી થાય છે. જાગૃતિ, સ્વપ્રમાણિકતા અને એમાંથી ઊપજતાં ઘર્ષણો અને સંઘર્ષનો સ્વીકાર અને આડંબરવૃત્તિ અને બહાનાવૃત્તિનો બહિષ્કાર, એને આધુનિકતાનાં પ્રતિબિંબ માનીએ તો એ કાટલે પણ જોખવું પડે કે કેટલા નવલકથાકારોનાં દૃષ્ટિબિન્દુ અને એમનાં સર્જેલાં કેટલાં સ્ત્રી પાત્રો આધુનિક કહી શકાય? રુઢિચુસ્ત, બીબાંઢાળ વર્તનનો ઓછાયો પાત્રને અને સર્જકને આધુનિક થતાં રોકે છે...પછી એ રૂઢિ કે બીજું અર્વાચીન કેમ ના હોય! નાવીન્ય તાજગીમાં નહિ પણ સમકાલીનતામાં સમાયેલું દેખાય ત્યારે તો આ વાત ભારપૂર્વક સ્પષ્ટ કરવી જોઈએ.

સમય, સ્થળ અને આધુનિકતા એમ ત્રણ માપદંડ વર્ગીકરણ ચર્ચાની સગવડ ખાતર સ્વીકાર્યા છે પરંતુ ચર્ચામાં ક્રમ સમયનો રાખીને સ્થળ અને લેખકનું દૃષ્ટિબિંદુ અને/અથવા પાત્રના વર્તનની તાજગીનો સાથે સાથે નિર્દેશ કરવાનું સુગમ રહેશે.

પહેલી અવસ્થા તો સ્ત્રી કે પુરુષની બાલ્યાવસ્થા જ છે પરંતુ નવલકથાના કેન્દ્રસ્થાને બાળક હોય એ ભાગ્યે જ બને. 'વડવાનલ'માં ધીરૂબેન પટેલે કંઈક અંશે મનોવૈજ્ઞાનિક તથ્ય ધરાવતું, પ્રતિકૂળ પરિસ્થિતિ-

માં ઊછરી અવિકસિત રહેતું રેખાનું પાત્ર દોર્યું છે. રેખાના મામાની દીકરી અંજના અનાથ થઈને એમના ઘરમાં આશ્રિત બનીને આવે છે અને ધીમે ધીમે એના રૂપરંગ અને ચાલાકીથી રેખાની માને જીતી લે છે. શ્યામવર્ણી અને સામાન્ય દેખાવની રેખાને સતત અન્યાય અને લઘુતાગ્રંથિ મૂંઝવે છે. પોતાનાં મા-બાપના સ્નેહવિહોણા લગ્નનું સત્ય પણ રેખા પોતા તરફના માના કંટાળા-નિરાશાથી તારવી લે છે: 'મને લાગે છે કે હું રૂપાળી નહોતી એ બાબતનું માને કદાચ એટલું દુઃખ નહિ હોય જેટલું હું તદ્દન મારા બાપુ જેવી દેખાતી એ વાતનું હશે.' (પૃ. ૧૧) અંજનાને આપણે કિશોરી વયથી રેખાને ચાલબાજીપૂર્વક રંજાડતી દુષ્ટા તરીકે જોઈએ છીએ. આખી વાર્તા જેલમાં લખાયેલી રેખાની ડાયરી સ્વરૂપે રજૂ થાય છે. તાદૃશ સ્મૃતિચિત્રો-માં પ્રતીત થાય છે કે રેખાને પોતાની મા તરફથી સ્વીકૃતિ ન મળતાં એ કઈ રીતે વધુ ને વધુ સંકોચાયેલી અને ભીરૂ બનતી જાય છે. બાલમાનસની વડીલો પાસેથી સ્વીકૃતિ-પ્રશંસાની ઝંખના, અન્ય બાળક તરફ એ ઢળતાં જોઈને જાગતી ઈર્ષ્યા અને મૂંઝારો, એમાંથી જન્મતી લાચારી અને આત્મપીડક વૃત્તિ પ્રતીતિકર રીતે રજૂ થયેલાં છે. 'મુગ્ધાવસ્થા વીત્યા પછીય એ (રેખા) અંજના માટે સમભાવ બતાવવાના નામે છેતરાવાનું પસંદ કરે છે, જેને સમજપૂર્વકનો આત્મદ્રોહ કહી શકાય.'[૫]

બધી ઘટનાઓ બની ગયા બાદ જ્યારે અંજનાના ખૂનના આરોપ માટે રેખા જેલમાં છે ત્યારે એને મળવા આવતી સાધ્વી વિષે એ ઝંખે છે: 'એને માટે મારા મનમાં એવું આકર્ષણ જાગ્યું છે, જો એ એવું કંઈક કરે, માત્ર ફરજ બજાવવાને ખાતર અહીં આવ્યા કરવાને બદલે મારી મા બની જાય, મને એની દીકરી બનવા દે...તો હું શું ન કરું? એ કહે છે તે બધું જ, કદાચ...પણ એ કેમ સમજતી નથી?' (પૃ.૬૨૦) ખોળામાં માથું લઈ સાંત્વન આપતી માતા માટેનો માણસ સહજ તલસાટ લેખિકાએ અસામાન્ય ઘટનાના સંદર્ભમાં સાતત્ય પૂર્વક વિકસાવેલો છે.

એથી આગળ પણ અસ્વીકૃતિ–ધિક્કારનો ડર રેખામાં એટલો ઘેરો અને ઊંડો છે કે એ પોતાની પુત્રી બેલાને પણ ભવિષ્યમાં પોતાની વિરુદ્ધ ન્યાય તોળતી કલ્પે છે અને એ લક્ષ્યમાં રાખીને જ ડાયરીમાં 'વડવાનલ' રૂપે વાર્તા કહે છે. બચાવ એને કાયદાની અદાલતમાં નથી કરવો પણ બેલાના હૃદયમાં કરવો છે. અહીં સંતાનને ભવિષ્યના ન્યાયાસન પર બેસાડી પોતાના માનસિક ગૂંચવાડાને વધુ ગૂંચવતાં માતાપિતાની મનોવૈજ્ઞાનિક છબી વધુ અસરકારક થઈ શકત પણ ધીરુબેન એનો flash-backમાં રેખાના દૃષ્ટિબિન્દુથી કહેવાયેલી કથનીની ચાંપ દબાવવા માટે જ ઉપયોગ કરે છે.

'વેરની વસૂલાતમાં' જગત અને તનમન બાળ-કિશોર ઉંમરનાં આવે છે ખરાં પરંતુ મુનશીને પ્રણયકથા અને વેરવૃત્તિના metamorphosis આલેખવામાં રસ હોવાથી એ બે બાળક જેવાં કદી લાગતાં જ નથી. બલ્કે હિન્દી ચલચિત્રોમાં આવતાં દોઢડાહ્યાં, ચીબાવલાં, ભવિષ્ય વિષે મહાન પ્રતિજ્ઞા કરનારાં 'બાળકોની' પ્રણાલીનાં લાગે છે. દીકરી બાળપણથી જ લગ્નને પોતાનું નિશ્ચિત ભાવિ અને ધ્યેય માનીને ઊછરે છે અને ચાલે છે એ સામાજિક પરિસ્થિતિ પૂર્ણપણે સ્વીકારાયેલી છે. નાવીન્ય માત્ર પ્રેમબંધનનો આધાર લેવામાં છે, અને તે પણ ચિરપરિચિત ઢાંચામાં છે, ફક્ત એટલા તફાવત સાથે કે અહીં પ્રારબ્ધને બદલે જ્ઞાતિભેદ અંતરાયરૂપ છે. જ્ઞાતિભેદ પણ સામાજિક દૂષણ કરતાં નિમિત્તના ધોરણે રહે છે. પતિગૃહે પીડાતી અને ઝૂરતી તનમન અથવા પિતૃગૃહે અવગણાતી રમા રહસ્યકથાનાં ચીલાચાલુ સ્ત્રીપાત્રો કરતાં વિશેષ જુસ્સાદાર રીતે ઊપસતાં નથી.

એ જ પ્રમાણે 'મળેલા જીવ' માં પણ પ્રેમીઓને અલગ રાખનાર અવરોધ તરીકે જ્ઞાતિભેદ દર્શાવાયો છે. પરંતુ પન્નાલાલ પટેલ એને પાયામાં રાખીને દાખવે છે કે પહેલાં એ રૂઢિ સ્વીકારી પટેલ કાનજી પોતાના બાલિશ નિર્ણયથી જીવીને પોતાના ગામના



વાળંદ ધૂળા સાથે પરણાવી લાવે છે. પૂરા વિશ્વાસથી એ જીવી માટે કહી શકે છે કે: 'હું કહું તો કૂવામાં પણ પડે.' (પૃ. ૬૩) પણ ધૂળા-જીવીનાં લગ્ન બાદ જે પરિસ્થિતિ નિર્માણ થાય છે તેમાં નૈતિક મૂલ્યોની સભાનતા આવતાં એના પગલાની કઠોરતા અને કરુણતા ઘુંટાતાં જાય છે. પરિસ્થિતિની માંગ અનુસાર લેવાવા જોઈતા નિર્ણયપૂર્વક નહિ પણ અજાણ્યે પળાતાં જીવનમૂલ્યો અનુસાર પાત્રો જાણે કે વર્તે છે.'[૬] હવે સર્જાતી યંત્રણામાં જીવી-કાનજી રહેંસાય છે. પણ જીવી તો પ્રિયપાત્રને આજ્ઞાંકિત સ્ત્રી જ રહે છે. એક વાર તે આત્મહત્યાનો પ્રયત્ન કરે છે પણ જીવીનો આ પહેલો સ્વતંત્ર નિર્ણય કમનસીબે અફળ નીવડે છે જીવીએ પોતા માટે તૈયાર કરેલો ઝેરી રોટલો ભૂલમાં ધૂળો ખાઈ જાય છે અને મૃત્યુ પામે છે. ખરેખર તો જીવી માટે આ ઘટના વધારે કમ-નસીબ બની રહે છે કેમ કે ત્યાર પછી કાનજી આગળ પોતાની સફાઈ ન આપી શકાતાં એની મનોયાતનાથી એ ચિત્તભ્રમ જેવી થઈ જાય છે. એની આ દશા થતાં છેવટે કાનજી એને મેળામાંથી બારોબાર શહેરમાં લઈ જાય છે. અહીં એટલું સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આ કે તે સંજોગોમાં જીવી તો પરિસ્થિતિનું પ્યાદું જ બની રહે છે.

મોટા ભાગના લેખકોના અભિગમમાં જ્ઞાતિભેદ અને વડીલવરણી સિવાય લગ્ન બાબતનાં બીજાં દૂષણો ખાસ ધ્યાન ખેંચતાં નથી. પુત્રીનાં મા-બાપને કચડી નાખતી અને સ્ત્રીઓને હાડોહાડ અપમાનિત કરતી દહેજ પ્રથાથી સ્ત્રીપાત્રો પર થતી ભીંસ જોવા મળતી નથી. કન્યાઓને બનીઠનીને અપેક્ષિત પતિ-સાસરિયાં આગળ પ્રદર્શિત થવું પડે એ નાનમ અને માનહાનિના વારંવાર થતા પુનરાવર્તનનું 'વડવાનલ'માં આલેખન સરસ થયું છે. પરંતુ એમાં પણ રેખા અને અંજના વચ્ચેની હરીફાઈ અને અંજના દ્વારા અને એને લીધે થતું રેખાનું અપમાન આ દૂષણને એક વધુ નિમિત્ત બનાવી દે છે.

લગ્નવિષયક વાસ્તવિકતાની ઝલક જુદી દિશા-માંથી જોવા મળે છે. 'રેતપંખી'માં સુનંદા કાકા-કાકીને ઘરે ગામડામાં એમની દીકરી તારાની સાથે સાથે મોટી થતાં પોતાનું ઓશિયાળાપણું અનુભવે છે. એ પરિ-સ્થિતિમાંથી છટકવા ખાતર પોતાથી મોટી ઉમ્મરના વિધુર જગમોહનદાસ સાથે પરણવા સંમત થાય છે. આટલી પાર્શ્વભૂમિકાની હકીકતમાં સમાજવ્યવસ્થાની અને લાચાર યૌવનના આંધળિયાની જે પ્રતીતિ થાય છે એ પ્રમાણભૂત છે.

આવી વ્યવસ્થામાં લાગણી કરતાં ગોઠવણને જ પ્રાધાન્ય આપવામાં આવે છે એ પાર્શ્વભૂમિકા 'નાઇટ-મેર'ની પણ છે. નિયતિના લગ્નની વાત સાર્થ જોડે ચાલતી હોય છે પરંતુ ફોઈબાની ગોઠવણથી સાર્થના ભાઈ અનન્ય સાથે એનું લગ્ન થાય છે. આને કારણે થતી મનોવ્યથા અને લગ્ન પછી ઘરમાં ઓછાબોલા સાર્થની હાજરીથી સર્જાતી કફોડી પરિસ્થિતિ ઢાંકવાના નિયતિના મરણિયા પ્રયાસોનો ચિતાર નવલકથામાં મળે છે. પોતાને છેતરવા માટે પહેલી રાતની શુષ્કતા પછી અનન્ય પર આલિંગનોનું આક્રમણ કરતી નિયતિ ઓફિસમાં પ્રેમસભર ગૃહસંસારની કાલ્પનિક શબ્દજાળ રચતી નિયતિ, હકીકતમાં એક નાઈટમેર જીવે છે.

પ્રેમલગ્ન પણ સંસ્કારના અંતરને લીધે અફળ જાય એ 'સમયદ્વીપ'માં નીલકંઠ-નીરા વચ્ચેના તણાવમાં પ્રદર્શિત થઈ શકત પણ નીરાની આધુનિકતા ફક્ત ઉપલકિયા જ રહે છે. ગામડામાં જન્મેલો-ઉછરેલો, શહેરમાં ભણેલો નીલકંઠ પોતાની પસંદગીથી સાથે ભણતી, પરન્યાતની નીરાને પરણે છે. દંપતી નીલકંઠના ગામે આવે છે. ત્યાં નીરાના બ્રાહ્મણ ન હોવાથી અને એની વેશભૂષા-કેશભૂષા શહેરી હોવાથી તંગદિલી અને confrontationની પરિસ્થિતિને કથા આવરે છે. પણ કથાના જ શબ્દોમાં કહીએ તો 'નીલકંઠ જે બે અંતિમો વચ્ચે વહેંચાઈ ગયો છે એમાંના એકના પ્રતીકરૂપ નીરા છે.' (પૃ. ૧૩૯) નીરાનું શહેરીપણું અને આધુનિકતા ઉપરછલ્લાં છે. પોતાનો ગુસ્સો અને

બંધનમુક્તિ એ વારંવાર 'બૉબ્ડ' વાળ ઉછાળીને પ્રદર્શિત કરે છે. એનો વિરોધ સાડી ન પહેરતાં ચૂડીદાર-કુર્તામાં જ ગામડે આવવા-રહેવામાં સમાયેલો છે. આ પ્રતીકાત્મક વર્તનથી એ બ્રાહ્મણિયા રીત-રિવાજ અને રૂઢિ સામે વિરોધ દર્શાવે છે કારણ કે એ રૂઢિ છે. નીરા અને નીલકંઠ બેઉની સ્ત્રીની આધુનિકતા પરત્વેની વિભાવના બહુ મર્યાદિત છે. નીલકંઠના મનોજગતમાં મોડેલ રૂપાલી બેનર્જી, કૅબરે ડાન્સર બનવાનાં સ્વપ્ન સેવતી ટાઇપિસ્ટ મિસ પિન્ટો, ફિરોઝ નીકમ સાથે આડસંબંધ રાખતી રોમા સંઘવી પોતાના શહેરી જીવનમાં વિકસેલી આધુનિકતાના પર્યાયરૂપે આવે છે. આ ઉપરછલ્લી આધુનિકતાની સામેના પલ્લામાં લેખકે મૂક્યાં છે: પડ્યું પાનું નિભાવી લેતાં નીલકંઠનાં બા અને જયાભાભી. શહેરમાં પાછી ફરતી નીરા જે 'મુક્ત' વર્તનના અવકાશના વિચારોથી હરખાય છે તે આ પ્રમાણે છે: "હવે 'રીટ્ઝ'માં એસ્પ્રેસો ફરીથી પી શકાશે, લાંબા ગ્લાસમાં કૉફીનું ફીણ ઊભરાઈ આવશે અને નીચા નમીને સ્ટ્રૉ વડે એ પીતી વખતે ટેબલ પર સામે બેઠેલી વ્યક્તિ સાથે આંખો ટકરાઈ હસી ઊઠશે. કોણ હશે એ વ્યક્તિ? નીલ...નીલ...કે પછી?... 'બર્થ કન્ટ્રોલ'નાં નિષ્ણાત લેડી ડૉક્ટર... શું નામ એનું? મિસ પારેખ, એની સાથે 'ઓરલ પિલ્સ'ની, 'સેફ્ટી-ગેરન્ટી' વિશે ચર્ચા કરી શકાશે... 'ફેમીના'ના તાજા અંકમાં જોઈને સલવાર-કમીઝની નવી ડિઝાઈન નક્કી કરવી પડશે..." (પૃ. ૧૫૪...ટપકાં લેખકનાં મૂકેલાં) આધુનિકતા વિરુદ્ધ રૂઢિનો આ સંઘર્ષ કથાનું કેન્દ્ર હોવા છતાં એને સપાટી પરની માવજત આપીને લેખકે એક બળવાન વિષયને કુંઠિત કરી નાખ્યો છે.

'કામિની'માં પણ પ્રેમ-સંબંધોમાં વાસ્તવિકતા-છલનાની ભેદરેખા ક્યારે વિલીન થઈ જાય છે તે પ્રશ્ન ઉદ્ભવે છે. આભાસ અને યથાર્થ (appearance and reality), સાહિત્ય અને જીવન વચ્ચેની અસ્પષ્ટ સીમાઓ અને પારસ્પરિક સંબંધ વિષે પિરાન્દેલો-છાપ તાત્ત્વિક પ્રશ્નો ઊભા કરીને એમની છણાવટ કરવાનો નાટ્ય સંદર્ભ ઊભો થાય છે. મધુ રાય આ દ્વારા સ્ત્રી-પુરુષ સંબંધોની સંકુલતા નવતર નિરૂપણથી મોટી અપેક્ષાઓ જગાડે છે ખરા પણ એમની ટેકનિકની ચાગલાઈમાં પાત્રનિરૂપણ એટલું કાચું રહી જાય છે કે અપેક્ષાઓ અધવચ્ચે જ રૂંધાઈ જાય છે. નાટ્ય લેખક કેશવ ઠાકર, અભિનેત્રી કામિની, સર્જેલ પાત્ર શેખર ખોસલા વચ્ચે કેવા સંબંધો છે, નથી, હોઈ શકે અને એમાં કામિનીનું અસ્તિત્વ શું અને એનું પ્રદાન કેટલું એવા પાયાના પ્રશ્નો વિકૃત મનોજગતની અને ટેકનિકની આંટીઘૂંટીમાં દફનાવી દેવાયા છે.

'દિવ્યચક્ષુ'માં પ્રેમની કંઈક વિશિષ્ટ રમત રમાય છે. પુષ્પા અને રંજન બન્ને અરુણને ચાહે છે અને એ કોઈ જાગીર હોય એ રીતે એકબીજાને એના પરના હક્ક આપ-લે કરે છે. '...આ નવલકથામાં જ્યાં જ્યાં પ્રેમની વાત શરૂ થાય છે ત્યાં 'ટાલ્લુ' બનીને રહી જાય છે.'[7] 'અમૃતા'માં આ પરિસ્થિતિ ઉલટાવીને અનિકેત ઉદયનની તરફેણમાં અમૃતા પરનો સ્વામીત્વ હક્ક પાછો ખેંચી લે છે. એટલે 'દિવ્યચક્ષુ'ની ઘટના કરતાં કોઈ પ્રગતિ થઈ નથી. બલ્કે જે વરણીસ્વાતંત્ર્ય વિષેની વિચારધારા નવલકથાના કેન્દ્રમાં છે તેના પરિપ્રેક્ષ્યમાં તો અમૃતાની પોતાની વરણી અને વિકલ્પોનું અવમૂલ્યાંકન થાય છે. અમૃતા પોતે જ કંઈક ઈનામ હોય એ રીતે વરણીના પ્રશ્નને ઉદયન-અનિકેત વચ્ચેની પસંદગી પર કેન્દ્રિત કરે છે.

રંજન અને અમૃતા બન્ને પરંપરાગત કૌતુકરાગી નવલકથાની નાયિકા જેવી સર્વગુણ અને સાધન સંપન્ન કામ્ય યુવતીઓ છે. ઉપરાંત આધુનિકાઓ તરીકે તે 'મુક્ત' યુવતીઓ પણ છે. બન્નેના કૌટુંબિક સંજોગો વધુ પડતા સાનુકૂળ હોઈ બહારની દુનિયામાં પ્રવેશવામાં કોઈ અંતરાય નથી. એ 'મુક્તિ' ને કારણે રંજન ઢળી પડતા અરુણના હાથમાંથી ધ્વજ લઈ એનું આરોપણ કરે છે અને અમૃતા પીએચ.ડી.ની ઉચ્ચતમ ઉપાધિ મેળવ્યા પછી સ્વેચ્છાએ હરેફરે છે. સહજ રીતે પુરુષ સાથે સમકક્ષ વર્તન કરી શકે તે બન્નેના આકર્ષણનું રહસ્ય છે. જો કે અમૃતાને ઉદયનને ધબ્બો મારવાની ઇચ્છા થાય છે ત્યારે એને પોતાને લાગી આવે છે કે પુરુષોની સોબતથી બરછટ વર્તન કરવાની ઇચ્છા જાગે છે. (પૃ. ૧૧૧) ૧૯૩૨માં રંજનને રૂઢિચુસ્ત આચરણથી વિમુક્ત બતાવવા ર. વ. દેસાઈ એને અરુણની અડોઅડ ચલાવે (પૃ. ૪૬), સ્મિતની પરબ મંડાવે (પૃ. ૩૭), ઊંઘતા અરુણને ચુંબન અપાવે (પૃ. ૨૪૫). ૧૯૬૫માં રઘુવીર ચૌધરી અમૃતાને ઉદયન જ્યારે બળપૂર્વક એનું બ્લાઉઝ બ્રેસીયર ફાડી નાખે ત્યારે અક્ષુબ્ધ બનાવે (પૃ. ૧૯૭). આ આધુનિકતાનું પ્રયાણ સવળી કે અવળી દિશામાં છે એ પ્રશ્ન Rhetorical આલંકારિક બની જાય છે.

રંજન વિશે આર. આઈ. પટેલ કહે છે એ સાવ સાચું છે: 'એના આધુનિક ઉછેર છતાં એનામાં પ્રેમમાં હોય એવી હિંદુ સ્ત્રીની રૂઢિગત વફાદારી અને ભક્તિભાવ છે.'[8] જ્યારે અનિકેત અમૃતાને કહે છે: 'ઓહો તો હું કેટલો બધો સુખી છું! તમને બન્નેને (ઉદયન અને અમૃતાને) ચાહું છું. અને એમ કહી પણ શકું છું.' ત્યારે અમૃતા અકળાઈને જવાબ આપે છે: 'અભિનંદન. તમે કહી શકો છો તે હું નહિ કહી શકું કારણ કે હું નારી છું" (પૃ. ૧૦૭) અનિકેતના સંદર્ભમાં એ પણ આત્મનિર્ભરતાના પ્રશ્નો વિસરી જાય છે. એના 'છાયા' (ઘર) છોડી જવું એ પણ ભાભીએ કરેલી એના વર્તનની ટીકા સામેનો પ્રત્યાઘાત છે, chosen fredom (પસંદગીનું સ્વાતંત્ર્ય) નથી. એના અભ્યાસની એના વ્યવહારજીવન પર અસર એટલી જ કે પોતાના નારીસ્વાતંત્ર્ય વિષેના વિચારો વ્યક્ત કરવા માટે પ્રસંગોપાત્ત મંચ મળે. એનો વાસ્તવિક વિકલ્પ તો બે પુરુષોમાંથી એકને પસંદ કરવા પર જ અટકે છે. જોકે ઉદયનની અને અનિકેતની વિચારસરણીઓ અને જીવનસરણીઓ વિરોધાભાસી છે. અમૃતાએ બેમાંથી એકને વરવામાં પોતાના આત્મનિર્ણયના હક્કનો પરિત્યાગ કરવાપણું છે. એ પણ રુચિ અને કર્તવ્યના દ્વંદ્વમાં અટવાય છે (પૃ. ૧૫૩). શરૂઆતમાં પોતાની જાતને શકુન્તલાના સ્થાને ગોઠવવાના મિથ્યા પ્રયત્નોથી આગળ વધી શકતી નથી. 'શકુન્તલાએ જે તપ પાછળથી કર્યું તે પહેલાં કરી લેવું સારું છે. જાગૃતિ વિનાના સમર્પણનો શો અર્થ?' (પૃ. ૨૮) આમ અહીં પણ પ્રશ્ન તો અંતે સમર્પણનો જ રહે છે. અમદાવાદમાં કૉલેજની છાત્રાઓ આગળના પ્રવચનમાં લેખક અમૃતા પાસે કહેવડાવે છે: 'મહાકવિએ પણ એક મુદ્રિકાના પ્રતીકમાં સમાવી શકાય એટલું જ શકુન્તલાના સ્મરણને આંક્યું! દુષ્યંતના પ્રતાપી નામવાળી મુદ્રિકા જલમાં સરકી ગઈ અને શકુન્તલાનું સમગ્ર અસ્તિત્વ ભૂંસાઈ ગયું '(પૃ.૨૬૧) અમૃતાનું અસ્તિત્વ પણ ઉદયન-અનિકેતન વચ્ચે ઝોલાં ખાતું રહે છે. 'પાત્ર અને સર્જકના વિચારોને એકરૂપ થવામાં જે રેણ કરવું પડે છે તેનો સાંધો દેખાઈ ન આવે એટલું કૌશલ અહીં દેખાતું નથી.'[9]

ઉદયન અમૃતાને બૌદ્ધિક રીતે ખીલવવામાં પ્રોત્સાહન અને મદદ આપે છે (નવલકથાના સંદર્ભમાં તો સર્વસ્વ આપે છે), જેમ કે વિદ્યાચતુર ગુણસુંદરીની સાહિત્ય માટેની રુચિને પોષે છે. (સરસ્વતીચંદ્ર–૨) અમૃતા અંતે સ્ત્રીસહજ રીતે મરણાસન્ન ઉદયનની સારવાર કરે છે અને એની માતૃભૂખ સંતોષે છે. અવિવાહિત હોવા છતાં ભીલોડા ગામે જઈ ઉદયનના ઘરમાં રહેવું વાસ્તવિક બહાદુરી કરતાં કલ્પનાકથાના પરિવેશ જેવું રહે છે કારણ કે પરિસ્થિતિમાં કોઈ રોકટોક કે રોધક પરિબળ નથી. ઉદયનના 'અહં'નું 'તત્'માં રૂપાંતરણ કરવા અમૃતા-અનિકેતનો ક્યાંક ક્યાંક સાધન તરીકે ઉપયોગ થયાની ગંધ આવે છે.'[10] સરસ્વતીચંદ્રના સંદર્ભમાં આર. આઈ. પટેલ કહે છે: 'તત્ત્વતઃ શુદ્ધ હૃદયવાળી, ભલી સ્ત્રીઓના માધ્યમ દ્વારા શુભ સક્રિય થાય છે.'[11] અને અમૃતામાં રઘુવીર ચૌધરીએ વિચાર પર સ્નેહનો અને સભાનતા પર સમાજનો વિજય બતાવવામાં અમૃતાનું પાત્ર વ્યાપારશીલ રાખ્યું છે. ઉદયનની આંધળી ગતિને કથાન્તે અમૃતા દ્વારા એની ધરી મળે છે.'[12]

વિશિષ્ટ રીતે મૌલિક અને ગૌરવશીલ સ્ત્રી પાત્ર છે લગ્નના જ સંદર્ભમાં રહી પોતાના સ્વમાન અને મુક્તિ સ્થાપતી 'જનમટીપ'ની ચંદા. એના વિશે નવલકથાના ગ્રામજગતમાં પ્રશ્ન એ જ છે કે એને કોણ પરણે અને એ કોને પરણે. સીતાએ શિવધનુષ્યને પણછ ચઢાવી અને જનકને વર પસંદગી માટેની કસોટી મળી ગઈ. ચંદાએ પોતાની ભયમુક્ત નજરથી વશ કરીને માતેલા સાંઢને નાથ્યો માટે એ પણ સ્વયંવર પસંદ કરવાની કક્ષાએ આપોઆપ પહોંચી જ ગઈ. એણે ભીમાનું ઘર માંડ્યું તે પોતાના ગૌરવની જાળવણી થાય એ શરતે અને અપમાનકારક છેડતીનો ભીમા તરફથી ઉત્તર ન આપતાં એને છોડી ગઈ. ભીમો મરણાસન્ન થતાં ફરી હોસ્પિટલમાં એની ચાકરી કરવા પહોંચી ગઈ પણ એને સાજો કરી ફરી પિયર જ જતી રહી. આમાં ચંદાનું જક્કીપણું હશે કદાચ, પણ ખરેખર તો એ બતાવે છે કે એને મન પ્રેમ અને સ્વમાનનું મૂલ્ય સરખું છે અને મિથ્યાભિમાનને એમાં સ્થાન જ નથી. છેવટે એની શરત પળાતાં, ભીમાને જનમટીપની સજા થવા છતાં ફરી ચંદા ભીમાનાં મા-બાપ, ભાઈબેનને સાચવવા આવી પહોંચે છે. સાસુ-સસરા, ગામલોક કોઈ પણ એના વર્તનને મનસ્વી, જક્કી કહીને તરછોડી અથવા નીંદી શકતા નથી. આ બધાનો સાર એ જ કે પતિના સુખદુઃખ, માન-અપમાન અને એના તરફથી અન્યાય સુદ્ધાં માથે ચઢાવતી સીતાની સાવ વિરુદ્ધ વર્તન કરનાર ચંદા પણ પોતાની ટેક અને વફાદારી બંને સાચવે છે. એક તરફ એની આ વિશિષ્ટતા છે તો બીજી તરફ સામાન્ય સ્ત્રીસહજ ગણાતાં ઘરગથ્થુ કામકાજમાં પણ એ અજોડ નિપુણતા ધરાવે છે અને એમાં એને નાનમ નથી. પોતાને ધોરણે જીવીને પણ સામાજિક રીતે પ્રશંસનીય બનવાનું એનામાં સામર્થ્ય છે. સારાંશ એ જ કે વ્યક્તિત્વનાં સાચ અને સામર્થ્યથી સમાજને પોતાના ધોરણે બદલી શકાય છે અને વ્યક્તિત્વની અભિવ્યક્તિ માટે બધાં સામાજિક ધોરણો ઉલ્લઘવાની આવશ્યકતા નથી.

પ્રેમલગ્ન જ સાચાં લગ્ન—પછી એ સામાજિક રીતે થયાં હોય કે નહિ એ માન્યતા 'સરસ્વતીચન્દ્ર'માં છે. એ જ રીતે 'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં છે. 'જેવી રીતે સરસ્વતીચન્દ્ર-કુમુદનાં લગ્ન થતાં નથી તેવી રીતે સત્યકામ-રોહિણીનાં લગ્ન થતાં નથી.[13] કુમુદનાં લગ્ન નાલાયક પ્રમાદધન અને રોહિણીનાં સુશીલ હેમંત જોડે થાય છે. કુમુદની દ્વિધા લગ્ન બાદ શ્વસુરગૃહે નવીનચન્દ્ર તરીકે સરસ્વતીચન્દ્રનું આગમન થાય છે ત્યારે પ્રગટે છે. રોહિણી લગ્ન પહેલાં હેમંતની માંદગીમાં એની નજીક પહોંચે છે ત્યારે 'હેમંતના ગૌરવની રક્ષા કરવા મથતી અને સત્યકામ પ્રત્યેની વફાદારીને વિચારે મૂંઝાતી રોહિણીના ચરિત્રમાં પૂર્વાપર સંતુલન સચવાયું છે.'[14] કુમુદ અને રોહિણી બન્ને વિધવા થાય છે અને કુમુદની જેમ જ રોહિણીને પણ અનુકૂળ સંજોગો મળી રહેવાથી સામાન્ય પ્રકારના પીડા, માનહાનિ વેઠવાં પડતાં નથી, બલ્કે બેઉને એક પ્રકારનું સાર્થકય મળે છે. વૈધવ્યનું આ શુદ્ધ સાર્થકય વાસ્તવિક તો નથી જ, કદાચ ઇચ્છનીય પણ નથી, પરંતુ એક પ્રકારની સમાધાનિયા પલાયનવૃત્તિ છે.

'દિવ્યચક્ષુ'માં સુશીલાનું વૈધવ્ય વધુ વાસ્તવિક નિરૂપણ પામ્યું છે પણ પછી એમાંથી ઊપજતા પ્રશ્નોનું કૃત્રિમ સમાધાન કરી દેવાયું છે. જ્યારે સુશીલાના પિતા ધનસુખલાલ પોતાની બીજી વારની પત્ની સુમતિ જોડે હીંચકા પર અડોઅડ બેસીને હીંચતાં હીંચતાં જનાર્દન-સુશીલાના લગ્નના પ્રસ્તાવ પર ત્રાટકે છે ત્યારે વિધવા-વિધુરના આચરણ વિષેનાં બેવડાં ધોરણનું આડકતરું પણ સચોટ દર્શન થવા પામે છે. (પૃ. ૨૦૭) સ્ત્રી-પુરુષની જાતીયતા વિષેનાં બેવડાં ધોરણો વ્યક્તિગત પ્રશ્નોમાં પ્રવર્ત છે તેમ સામાજિક સ્તરે પણ પ્રવર્તતાં જોવા મળે છે જેની વાત 'જનટીપ'માં થઈ શકી છે. ચંદા જ્યારે ભીમાને છોડીને જતી રહે છે ત્યારે એ વ્યક્ત થાય છે. ગામલોકના પ્રતિભાવમાં અને ભીમાની દહેશતમાં. પુરુષ એક કરતાં વધુ વાર લગ્ન કરે તે પ્રત્યે કોઈને કશું કહેવાપણું નથા હોતુ. પણ 'નાતરિયા નાત'ની હોવાથી ચંદા અને એની સમગ્ર ન્યાત નિશ્ચિતરૂપે ઊતરતી સામાજિક કોટિના બની જાય છે.



સમાજના વડીલો સ્ત્રીની જાતીય વૃત્તિ જેમ ઊર્ધ્વીકૃત અથવા વિકૃત સ્વરૂપે જ જોઈ શકે છે તેવી જ સ્થિતિ લગભગ સર્જક નવલકથાકારની પણ હોય એવું આ વિષયની માવજત ઘણી વાર જે દષ્ટિબિંદુથી થઈ છે તે જોતાં જણાય છે... 'દિવ્યચક્ષુ'ના એકમાત્ર અપવાદ સિવાય. ઊંઘતા અરુણને ચુંબન કરી જગાડતી રંજનમાં જાતીય સંબંધ બાબતમાં વેવલાવેડાનો અભાવ અને સ્વસ્થ સાહજિકતા વ્યક્ત થયાં છે, પણ અંતમાં તો પાછા ર. વ. દેસાઈ પણ રંજનના પ્રિયતમા સ્વરૂપને માતૃસ્વરૂપમાં ઊર્ધ્વીકૃત કરવાનો જ પ્રયત્ન કરે છે. 'અમૃતા'માં બાલારામની નદીમાં નહાવા પડેલાં અમૃતા-અનિકેતનો પ્રસંગ આની સાથે સરખાવતાં જણાશે કે ઉદયને પાલનપુરમાં એનું બ્લાઉઝ-બ્રેસીયર ફાડેલાં તે ઘટના પછી આ પ્રસંગે અમૃતા અનિકેતને ગાઢ ચુંબન આપી ઉદયનને પડકારે ત્યારે એમાં આપણને પ્રેમની અભિવ્યક્તિ કરતાં પોતાના વરણીસ્વાતંત્ર્યની પ્રસ્થાપના કરવાની અમૃતાની એક બાહ્ય મુદ્રા જ દેખાય છે. એ જ અમૃતા પ્રેમની લાગણીની સાચુકલી અભિવ્યક્તિ જ્યારે કરતી બતાવાય છે ત્યારે તો એની માતૃભાવના જ પ્રબળપણે વ્યક્ત થાય છે. ઉદયનની મમતાપૂર્વક સંભાળ લેતી અમૃતામાં એના માતૃરૂપની છબી ઝિલાતી જોવા મળે છે.

'કામિની'ની નાયિકા વિકૃત જાતીયતાનું પ્રતીક બનીને રજૂ થઈ છે. જાતીયજીવનનો સંતોષ લેવો કે આપવો બંને એને માટે અસંભવ છે એટલે એની જાતીયતા એની શારીરિક ભૂખ કરતાં વધુ તો એની માનસિક જરૂરત પૂરી પાડવાની ક્રિયાત્મક અભિવ્યક્તિ હોય છે. એની ભાભી સ્વાતિ, જે વંધ્યા છે, તેનો પણ સ્ત્રીની જાતીયવૃત્તિ વિષે વક્ર અભિગમ છે, કામિનીને તે શેખર ખોસલા પર વેર લેવાના કીમિયા તરીકે સલાહ આપે છે: 'તો પરણી જા એને. તારો છંછેડાયેલો અહમ્ શાંત થઈ જશે અને એને આખી જિંદગી તરફડાવીને રિબાવી રિબાવીને એને [Sic: વ્યાકરણ ભૂલ મૂળ નવલકથાની] ખતમ કરજે.' (પૃ. ૨૧૪) એ સલાહ આપી, વિચારતી રહે છે: ' પુરુષોને સ્ત્રીભૂખ્યા, લાલચુ, વાતવાતમાં લાભ ઉઠાવનારા કહેવાયા છે. પણ સ્ત્રી પાસે પુરુષ તદ્દન રાખનું રમકડું બની જાય છે...અને સ્વાતિઓ અને કામિનીઓ પુરુષોના ઘમંડ ઉપર રાજ્ય ચલાવે છે...ખરેખર સ્ત્રીઓની સ્રૈણ કામનાઓના દોરવાયા પુરુષો જીવે છે, પુરુષો સ્ત્રીના હાથના ઈશારે નાચે છે અને સમજે છે પોતે રાજ કરે છે. સ્ત્રી પુરુષથી ચડિયાતી બની જાય તો પુરુષ હાંસીનું પાત્ર બને છે.' (પૃ. ૨૧૪–૨૧૫) સ્ત્રી–પુરુષ વચ્ચે લાગણીના સંબંધની આધારભૂત ભૂમિકા તરીકે મધુ રાયનાં પાત્રો પણ જાતીયતાને જોઈ શકતાં નથી' 'નાઈટમેર'ની નિયતિને પામવો હતો સાર્થ અને પામી એનો ભાઈ અનન્ય. આના માનસિક પ્રત્યાઘાત રૂપે એ પોતાને આત્મછલનામાં ખોઈ નાખે છે...ઓફિસમાં પ્રસન્ન દાંપત્યની બનાવટી વાતો દ્વારા અને ઘરમાં ઝંખનામાં દબૂરાયેલા સાર્થ પ્રત્યે બેતમા હોવાનો દેખાવ કરીને. પતિ સાથે એના પ્રેમના આક્રમક પ્રદર્શનમાં પણ પેલા ન બોલતા સાર્થને ભૂલવાના, પોતાનું unexplained અપમાન ભૂલવાના મિથ્યા પ્રયત્નો જ પ્રગટ થાય છે.

માતૃત્વ એ જ સ્ત્રીનું સૌથી સ્વીકાર્ય સ્વરૂપ બની રહે છે. ચંદા અને અમૃતા બન્ને સહજ માતૃત્વથી પ્રિય પાત્રની સારવાર કરવા પહોંચી જાય છે, બલ્કે સારવારની પરિસ્થિતિ ઉપસ્થિત થતાં જ એમની લાગણીના અસ્તિત્વ અને ઊંડાણનો તાગ પમાય છે. માતૃત્વ એ અમૃતામાં અંતરના ઊંડાણમાં પ્રતીત થતી ઝંખના છે જે ભત્રીજા તરફના ઉમળકામાં પણ છતી થાય છે. અને આખરે ઉદયન પાસે એને ખેંચી જાય છે. ચંદામાં પણ એ બાળક, પ્રાણી, વડીલ પતિ તરફના એના વાત્સલ્યમાં વ્યક્ત થાય છે. 'દિવ્યચક્ષુ'માં સુશીલા પણ હરિજનવાસમાં ઉછરતાં પોતાના જનાર્દનથી થયેલા અનૌરસ પુત્ર કિસન સાથે સૂક્ષ્મ તંતુથી વણાયેલી રહે છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં રોહિણી પણ પોતાના દિયર અચ્યુતને માની હૂંફ આપે છે અને એના તરફથી આદર અને સંતોષ પામે છે.

માતૃત્વની ખરી સમસ્યાઓ તો છે પ્રસવપીડાનો ભય, અનૌરસતા, ઓરમાયાપણું, અનિચ્છિત ગર્ભ, બાળકની શારીરિક અને માનસિક કુંઠિતતા. ૧૫૮૧માં લખાયેલા ‘રૂપચન્દ્ર કુંવર રાસ’માં સોહાગના કદી નહિ પરણવાના નિર્ણય પાછળનું ખૂબ જ સૂક્ષ્મ અને સાચું કારણ એણે સાંભળેલી પ્રસવવેદનાથી પીડાતી સ્ત્રીની ચીસ છે.[૧૫] બાળજન્મની સાથે સંલગ્ન ભય અને વેદના પ્રત્યે અહીં જે તિર્યક ઈશારો છે તેટલું પણ સ્ત્રીના અંતરમનનું અવગાહન ‘આધુનિક’ નવલકથાકાર નિરૂપી શક્યો નથી. અનૌરસતાનો પ્રશ્ન ર. વ. દેસાઈએ ‘દિવ્યચક્ષુ’માં કૃત્રિમ રીતે નિવાર્યો છે અને એવા સંતાનની સ્વીકૃતિ–અસ્વીકૃતિ વિશે મા અથવા બાળકના પક્ષે કોઈ વાસ્તવિક ગૂંચવણ દર્શાવી નથી. વર્ષા અડાલજાએ ‘રેતપંખી’માં યુવાન સ્ત્રીને મોટાં થઈ ગયેલાં બે અપર સંતાન હોય એ પરિસ્થિતિને છેડી છે. સુનંદા જગમોહનદાસની બીજી પત્ની તરીકે આવે છે ત્યારે અમલા અને વિનય એનો અનેક રીતે અસ્વીકાર અને વિરોધ દર્શાવે છે. નવલકથાના જગતમાં પ્રમાણમાં સહેલાઈથી સુખદ સમાધાન થઈ જાય છે...ત્યાં સુધી કે જગમોહનદાસના મૃત્યુ બાદ અમલા-વિનય જ સુનંદાને એમના મિત્ર શ્રીવર, જેની જોડે સુનંદાને સ્નેહ થયો છે, એની જોડે પરણવા વીનવે છે. આ વધુ પડતું લાગે તો પણ પ્રશ્ન સહજ રીતે રજૂ થયો છે અને અતિશયોક્તિભર્યા Melodramaથી રહિત છે.

વધુ વિશેષતા વર્ષા અડલજાએ ‘ખરી પડેલો ટહૂકો’માં દાખવી છે. એમાં માતૃત્વને લગતા બે નાજુક પ્રશ્નો નાજુકાઈથી વણી લેવામાં આવ્યા છે. પહેલો પ્રશ્ન છે અનિચ્છિત ગર્ભનો. ગામડિયણ વૃન્દાનો પતિ અનંત આર્થિક સફળતાની દોડમાં પ્રાણપણે ઝંપલાવી ખૂબ આગળ નીકળી જાય છે. પરિણામે ભૌતિક સુખસગવડથી પરિતૃપ્ત વૃન્દા લાગણીનો ખાલીપો અનુભવે છે. પુત્ર સચીન પિતાના ઢાંચામાં જ ઢળેલો છે. ઘણાં વર્ષે ફરી વૃન્દાને ગર્ભ રહે છે જેથી એ અતિશય નારાજ અને વ્યથિત થાય છે પણ અનંતના ઉત્સાહથી ફરી બંને વચ્ચે સેતુ બંધાવાની આશા આવે છે અને પુત્રી શ્યામાના જન્મ સુધી બને છે પણ એમ જ.

આથી પણ સૂક્ષ્મ બીજો પ્રશ્ન હવે ઉદ્ભવે છે. કારણ કે શ્યામાને Cerebral palsy છે તેથી એ કદી પણ અન્ય બાળકની જેમ કશું જ કરવા અશક્તિમાન છે. આ હૃદયવિદારક સત્ય પચાવ્યા પછી વૃન્દાના જીવનને નવી દિશા મળે છે અને આવાં બાળકો અને તેમની માતાઓનું એક નવું જ વિશ્વ ખડું થાય છે. સફળતાના સઘળા પર્યાય બદલાઈ જાય છે અને શ્યામા પાછળ અથાગ મહેનત પછી થતી એની નાનામાં નાની ક્રિયા શિખર સર કરવા જેટલો સંતોષ આપે છે. ફરી પાછી વૃન્દા અનંતના વિશ્વથી દૂર ફંગોળાઈ જાય છે અને ચબરાક સચીનની પણ ભાષા એને માટે પરાઈ સમી બની રહે છે. પ્રશ્ન વાસ્તવિક છે, વાસ્તવિક રીતે રજૂ થયેલો છે અને છતાં પ્રતિકૂળ પરિસ્થિતિમાં રહી સ્ત્રી માતા તરીકે કેવી વધારે શક્તિશાળી બનીને બહાર આવે છે તેનું હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે. નોંધનીય બાબત બીજી એ છે કે પત્નીત્વ અને માતૃત્વને ટકરાતાં બતાવાયાં છે જે વાસ્તવિક હકીકત ભાગ્યે જ ગુજરાતી નવલકથામાં અન્યત્ર નિરૂપાઈ છે.

‘ખરી પડેલો ટહૂકો’માંથી સ્ત્રીના વ્યવસાયલક્ષી પ્રશ્ન વિષે પણ સરસ ઝલક મળે છે. વૃન્દાને કોકટેલ પાર્ટીમાં લઈ જનાર એનો ‘આધુનિક’ પતિ અનંત જ પત્ની ઘર બહાર અન્ય વ્યવસાય કરે એ વિષેના સંકુચિત ખ્યાલનું પ્રતિબિંબ છે. વૃન્દા આર્થિક જરૂરિયાત માટે નહિ પણ બૌદ્ધિક જરૂરિયાત માટે નોકરી કરવા ઇચ્છે છે પણ અનંત એ વાતને તુચ્છકારી કાઢે છે. એમાં એને પોતાની કર્તાહર્તા તરીકેની કાબેલિયતની અવહેલના દેખાય છે. આ એક ન બદલાતી ગ્રંથિઓમાંથી પરિણપતી સંકુચિતતાનું ઉદાહરણ છે. એમ. એન. શ્રીનિવાસ કહે છે ‘મજૂરી કમાવા કામ કરવું તે નીચા દરજ્જાની નિશાની હોવાનો ખ્યાલ બહુ વ્યાપક છે... પરિણામે સામાજિક ઉત્કર્ષની સાથે એઓ (સ્ત્રીઓ) વધુ ને વધુ ગૃહકેન્દ્રી બને છે.’[૧૬]



‘વડવાનલ’માં પણ હારેલી, અકળાએલી રેખા પોતાનું સ્વમાન ફરી મેળવવા કલાની ઉપાસના કરે અને કલાકૃતિઓ વેચી આવક મેળવે એમાં એના પિતાને નાનમ અને સામાજિક પતન જ લાગે છે. ‘નાઈટમેર’ની નિયતિ મધ્યમવર્ગની આર્થિક પરિસ્થિતિને લઈને નોકરી કરતી રહે છે અને પરોક્ષ રીતે એ એની emotional જરૂરિયાત પણ છે જ. પરંતુ નિયતિ પણ પોતાના કામને સહજ ગૌરવથી જોઈ શકતી નથી. અને એની સહકાર્યકર બહેનો શ્વેતા, રોહિણીનું જે રીતે આલેખન થાય છે તેમાં સામાન્યતઃ ઓફિસમાં કામ કરતી સ્ત્રીઓનું અવમૂલ્યાંકન જ જોવા મળે છે. એ જ પ્રકારનું અવમૂલ્યાંકન ‘સમયદ્વીપ’માં સ્મરાતી રૂપાલી બેનર્જી, રોમા સંઘવી અને મિસ પિન્ટોનાં પાત્રોમાં જોવા મળે છે. આ હળવાં કટાક્ષચિત્રો નથી તેમ સહાનુભૂતિ જગાવનાર શહેરી જીવનનાં દબાણોમાંથી ઉદ્ભવતાં વિરૂપચિત્રો પણ નથી. અણગમો જગાવનાર સમગ્ર વાસ્તવિકતા હોય એ રીતે રજૂ કરવામાં આવ્યાં છે.

કામિનીની અભિનયશક્તિ પણ નાટ્યલેખક કેશવ ઠાકરનું કીર્તિ મેળવવાનું માત્ર સાધન છે. જેમ કે નાનપણથી એની માતાએ પણ એના રૂપનો વ્યાપાર કર્યો છે. અને આ માહિતી આપનાર છે આ બધી વાતથી રીઢો થઈ ગયેલો કામિનીનો ભાઈ સુંદર. આમ જોઈએ તો કોઈ પણ સ્તરે વ્યવસાય એ સ્ત્રીનું વ્યક્તિત્વ અને શક્તિ ખીલવનાર સ્વીકાર્ય પરિબળ તરીકે સ્થાપિત થતાં જોવા મળતાં નથી.

તે જ પ્રમાણે પોતાના જીવનસંસારથી પોતાની જાતને ધીમે ધીમે દૂર ધકેલાઈ જતાં અનુભવતાં પ્રૌઢ અને વૃદ્ધ સ્ત્રીપાત્રો પણ ધ્યાન ખેંચતાં નથી. એ અવસ્થાનું માત્ર પ્રાસંગિક નિરૂપણ થાય છે. ‘વેરની વસૂલાત’માં જગતની મા ગુણવંતી પણ રઘુભાઈની કામુક નજરના શિકાર તરીકે અને રહેંસાયેલી વિધવા તરીકે આગવું નિરૂપણ પામતી નથી. જગતની વેરભૂખ જગાવનાર નિમિત્તના સ્તરે જ એની યાતનાઓ રહે છે. ‘વડવાનલ’માં રેખાની મા અને ‘રેતપંખી’માં તારાની મા, સુનંદાનાં કાકી, બાળકની વાત્સલ્યભૂખ ન સંતોષી શકનાર સ્વકેન્દ્રિય પાત્રો તરીકે જ ઊપસે છે. મધુ રાયે ‘કામિની’માં સૂચવ્યું છે તે પ્રમાણે ‘રેતપંખી’માં પણ તારાની શહેરમાં છિન્નભિન્ન થઈ ગયેલી જિંદગી અને અતૃપ્ત જીવન પાછળના મનોવૈજ્ઞાનિક કારણ તરીકે એની માને જોઈ શકાત પણ લેખિકા એ રીતે પાત્રની ક્ષમતાને તાગતાં નથી. ‘રેતપંખી’માં છબીરૂપે સતત હાજર એવાં અમલા-વિનયનાં મા, જગમોહનદાસનાં પહેલાં પત્ની સુમનબહેન, ધીરે ધીરે એવી સ્ત્રી તરીકે ઊપસે છે જે પતિ સામે તાકાત બતાવવા બાળકો પર વર્ચસ્વ સ્થાપે. પરંતુ આ પાત્રાલેખન આતંકભરી પરિસ્થિતિની પાર્શ્વભૂમિકા તરીકે સ્મૃતિચિત્રોમાંથી નીપજે છે અને વ્યક્તિ પોતે હાજર નથી. ‘નાઈટમેર’માં પણ નિયતિનાં ફોઈબા કન્યાના લગ્નમાં પરંપરાગત લાગણીશૂન્યતા અને ક્ષુલ્લક વ્યવહારૂપણાના આકારરૂપે નિયતિના મનોજગતમાં વસે છે. પ્રૌઢાવસ્થાના તણાવો, વૃદ્ધાવસ્થાનાં લાચારી અને એકલતા જે સ્ત્રી માટે વિશેષ સમસ્યાજનક અવસ્થાઓ છે એ ધ્યાન ખેંચતાં નથી.

અસામાન્ય સ્ત્રીપાત્રને કેન્દ્રસ્થાને રાખી મહાકાવ્યો અથવા ઐતિહાસિક કથાઓને સ્ત્રીનામનાં શીર્ષક આપવાનો શિરસ્તો હતો જેમકે ‘કાદમ્બરી’, ‘શકુન્તલા’, ‘સ્વપ્નવાસવદત્તા’ અથવા તો ક. મા. મુનશીની ‘લોમહર્ષિણી.’ ર. વ. દેસાઈએ સામાન્ય સ્ત્રીનામોનાં શીર્ષક આપવા માંડયાં જેવાં કે ‘કોકિલા’, ‘બંસરી’, ‘શોભના’ પરંતુ આ કોઈ પણ કથામાં નાયિકા કેન્દ્રસ્થાને નથા. ‘કોકિલા’માં કોકિલા કરતાં જગદીશની વાત છે અને ‘શોભના’માં શોભના કરતાં પરાશરની. ‘બંસરી’ એક રહસ્યકથા જેવી હોઈ પાત્રનું કંઈ મહત્ત્વ નથી. આવાં પ્રચલિત સ્ત્રીનામનાં શીર્ષક આપવાની પ્રથામાં ‘કામિની’ અને ‘અમૃતા’ પણ આવે છે. નાયિકા કામિની પણ બંસરીની જેમ નવી શૈલીની મનોવૈજ્ઞાનિક-તત્ત્વચિંતક રહસ્યકથાનું નિમિત્ત છે. અમૃતા શોભનાની જેમ આધુનિક જેવા વિચારો

ડહોળે છે પણ જેમ શોભના આદર્શવાદી પરાશરને માટે, તેમ અમૃતા અસ્તિત્વવાદી ઉદયનને માટે પ્રેમ-તત્ત્વની ઓળખ પ્રાપ્ત કરવાના સાધનરૂપ બની રહે છે. ર. વ. દેસાઈ પોતાના સ્વરમાં ટીકાટિપ્પણ કરે અને રઘુવીર ચૌધરી પાત્રને પોતાના વાજિંત્ર તરીકે વાપરે... બેઉ તરીકાથી એમ લાગ્યા વિના રહેતું નથી કે સ્વાયત્તતા ધરાવતાં પાત્ર સર્જી ન શકાય ત્યારે નિબંધ લખી નાખ્યો હોય તો ચાલે. પાત્રોના સંવાદને બદલે લાંબાં લાંબાં ભાષણ અને પત્રોમાં કથા ખોડંગાય ત્યારે પાત્રની પ્રતીતિનું શું ?

સ્ત્રી પાત્રોનું નિરૂપણ જીવંત-જાગૃત ન થવાનું બીજું એક કારણ એ પણ છે કે લેખકો (કૃતિ પરથી જોઈ શકાય ત્યાં સુધી) અને એમનાં સર્જેલાં પાત્રોમાં વિનોદવૃત્તિનો સમૂળગો અભાવ છે જે પીડાકારક છે. 'દિવ્યચક્ષુ'માં રંજન વિમોચનની ટીખળ કરે છે પણ વિમોચનનું પાત્ર જ પોથીપંડિતના વ્યંગચિત્ર જેવું છે એટલે રંજનની ટીખળનું પ્રદાન ગૌણ બને છે. તેમ છતાં વધુ સહજ અને દિલચસ્પ રીતે રંજન અરુણને જાણી જોઈને મૂંઝવવાની ચેષ્ટાઓ કરે છે અને બહેનપણી પુષ્પા જોડે મસ્કરી કરે છે તેથી તે વધુ જીવંત બને છે. આપણને સહેજે પ્રશ્ન થાય છે કે રંજનનું મુક્ત હાસ્ય ત્યાર પછીની ગુજરાતી નવલકથામાં ક્યાં વિલાઈ ગયું ? વિનોદવૃત્તિની સર્વોચ્ચ પરખ તે પોતાની જાત પર હસી શકવું તે અને તેથી પણ આગળ પોતા પર કોઈ હસતું હોય તે સહી જ નહિ પણ માણી શકવું તે. આ એક પ્રતીતિકર સ્વભાન (realistic self-awareness)નું લક્ષણ છે. આ હળવાશનો અભાવ પણ કૃતિઓને ખોટી રીતે ભારેખમ બનાવી દે છે અને લેખકોના અભિગમ અને પાત્ર નિરૂપણ બીબાંઢાળ રહી જવાનું એક વધુ કારણ બને છે.

એટલું તો નિર્વિવાદ છે કે આપણે નિબંધની શરૂઆતમાં સ્ત્રીસંબંધી જે પરંપરાગત વિભાવનાઓ જોઈ તેના પ્રતિનિધિરૂપ પાત્રો ઓછાં જોવા મળે છે. પણ સામે છેડે લેખકોએ જે નવાં સ્ત્રીપાત્રો કલ્પ્યાં છે તે આધુનિક દેખાતાં પરંતુ વસ્તુતઃ ઢાંચાઢાળ પાત્રો જ છે. અને આપણે આધુનિકતાને સમજીએ છીએ ત્યાં સુધી ઢાંચાઢાળપણું અને આધુનિકતા વદતોવ્યાઘાત (contradiction in terms) છે. પ્રણયત્રિકોણનો ઢાંચો ફરી ફરી સામે ટકરાય છે. જ્યાં જ્યાં તે બાજુએ મુકાયો છે, ત્યાં ત્યાં તાજગીભર્યું વ્યક્તિત્વ વિકસ્યું છે. લેખિકાઓ કુદરતી રીતે જ સ્ત્રીના મનોજગત અને સમસ્યાઓનું વધુ પ્રતીતિકર આલેખન કરી શકી છે. અને એમના અભિગમમાં નિખાલસતાનો અહેસાસ થાય છે. આ પરિસ્થિતિ પર વિચારતાં એ ખટકો જરૂર લાગે છે. કે Patronising paternalism માંથી વિસ્તાર થશે ખરો ?

સામાન્ય સ્ત્રીઓની સામાન્ય જિંદગીમાં જે અવરોધો છે એના આલેખનનો આપણા સાહિત્યમાં એટલો દુકાળ છે કે 'સાત પગલાં આકાશ'માં જેવી મહદ્ અંશે derivative અને શૂન્ય અંશે સર્જનાત્મક કૃતિની પણ બોલબાલા થાય છે. સમસ્યાઓના આલેખનથી જ દરેક વ્યક્તિના આત્મપરીક્ષણ અને અભિજ્ઞાન માટેનો યત્ન સ્વીકાર્ય બનાવવા વિષે જાગૃતિ આવી શકે આવું વાતાવરણ સર્જવા સિવાય બીજો કોઈ ઇલાજ કે ધ્યેય સાહિત્ય પાસે હોઈ શકે નહિ. કુન્દનિકા કાપડિયા જે ઉકેલ બતાવે છે એ વાસ્તવિક્તાનો છેદ ઉડાડી દે છે. આનંદગ્રામની તરંગી સગવડો માત્ર એ લોકો જ ભોગવી શકે જેમણે દુઃખી થતાં થતાં ભંડોળ ભેગું કર્યું હોય. વધુમાં પરીની જાદુઈ લાકડી ફરે અને બધા માણસો અને સંજોગો સાનુકૂળ થઈ જાય એવી દુનિયામાં તમને મૂકી દે છે. આવી કલ્પના પરીકથાના જાદુઈ રથમાં વરદાન આપવા ઊતરી આવતા દેવતાઓની યાદ આપે છે. 'આ રંગદર્શી કથાઓમાં આધિપ્રાકૃતિક અને ચમત્કારનું તત્ત્વ એટલું સામાન્ય છે કે માનવીય સમસ્યાનું માનવીય નિરાકરણ શોધવાના એને જકડતાં નિયંત્રણમાંથી મુક્ત કરી લેખક પોતાની કલ્પનાને નિર્બંધ વિહરવા દઈ શકે છે.'[૧૭]

સાહિત્ય પાસેથી સામાજિક હકીકતનું નિરૂપણ



અથવા સામાજિક સમસ્યાઓના ઉકેલની અપેક્ષા ન હોઈ શકે પરંતુ સમાજની સાથે રહેવામાં, એનો વિરોધ કરવામાં કે પછી એને અવગણવામાં પણ સમાજનું અસ્તિત્વ સાહિત્યકારને સ્પર્શે છે. માટે જ સાહિત્યનો સમાજશાસ્ત્રીઓ secondary supporting data તરીકે ઉપયોગ કરી શકે. ખાસ તો સાહિત્ય જીવનના કલ્પનોત્થ પુનર્નિર્માણ તરીકે બદલાતાં અને ન બદલાતાં મૂલ્યોનું પ્રતિબિંબ પાડે છે. આનંદ અને મનોરંજન આપવા સાથે ઉત્તમ સર્જનાત્મક કૃતિઓ હમેશાં આપણી માનસિક બારીઓ ખોલીને વિચારોની અવરજવર પ્રેરે છે. આવી અકુંઠિત અવરજવર અવરોધાઈ ગઈ હોય ત્યારે નવલકથાકાર-વિવેચકોના શબ્દોમાં જ કહીએ તો તેમની પાસેની અપેક્ષા છે, 'મુક્તિ પછી વિસ્તાર(ની). અપેક્ષા પૂર્ણતાની નથી, પ્રસરવાની છે, અનુભવ દ્વારા તેમ જ સ્વરૂપમાં, અનુભવનો વીંટો વાળી લેવાને બદલે એને ઉન્મુક્ત કરવા (ની)...'[૧૮]

[**નોંધ :** આ લેખ તૈયાર કરવામાં કુંજવિહારી મહેતાએ પુસ્તકોની યાદી તૈયાર કરવામાં મદદગાર સૂચનો આપ્યાં છે, જી.પી. સનાઢ્યએ પુસ્તકો મેળવવામાં મદદ કરી છે અને રમેશભાઈ ઓઝાએ જોડણી અને ભાષાની ભૂલો સુધારવા અથાગ મહેનત કરી છે એ સૌનો ઋણ-સ્વીકાર કરું છું.]

**સંદર્ભ**


૧ Rosemary Agonito (ed), 'History of Ideas and Women', New York, G.P. Putnam's Sons, 1977, P. 41;

૨ નીરા દેસાઈ, 'ભારતની સ્ત્રીનું સમાજમાં સ્થાન', મુંબઈ, આર. આર. શેઠની કંપની, ૧૯૬૭, પૃ. ૯-૪૭

૩ William Shakespeare, 'As You Like It' II-vii, 139-166;

૪ શિરીષ પંચાલ, 'નવલકથા' (સાહિત્ય સ્વરૂપ પરિચય શ્રેણી-૩) અમદાવાદ : ચંદ્રમૌલિ પ્રકાશન, ૧૯૮૪. પૃ.૮૪.

૫ રઘુવીર ચૌધરી અને રાધેશ્યામ શર્મા, 'ગુજરાતી નવલકથા', અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૭૨, પૃ. ૨૧૩.

૬ હેમંત દેસાઈ, 'મળેલા જીવ', 'ગુજરાતી કથાવિશ્વ : નવલકથા' સં. બાબુ દાવલપુરા અને નરેશ વેદ, વલ્લભવિદ્યાનગર : શબ્દવિવેક, ૧૯૮૫, પૃ.૧૪૨.

૭ જયંત વ્યાસ, 'દિવ્યચક્ષુ' એજન, પૃ. ૧૦૪

૮ 'In spite of all her modern upbringing she has the traditional loyalty and devotion of a Hindu Women in love', R. I. Patel, 'History of the Gujarati Novel', Ph. D. thesis, Bombay University, 1950, p. 383;

૯ રમેશ ઓઝા, 'અમૃતા', 'ગુજરાતી કથાવિશ્વ', ઉપરોક્ત, પૃ. ૨૪૩.

૧૦ ચૌધરી અને શર્મા. ઉપરોક્ત પૃ. ૨૬૪.

૧૧ 'The Good Works through essentially Pure-hearted and good Women....' R. I. Patel, ઉપરોક્ત પૃ. ૧૮૧-૮૨

૧૨ ચૌધરી અને શર્મા, ઉપરોક્ત પૃ. ૨૬૪

૧૩ શિરીષ પંચાલ, ઉપરોક્ત, પૃ. ૧૦૫

૧૪ ધીરેન્દ્ર મહેતા, 'ઝેર તો પીધાં છે જાણી જાણી' 'ગુજરાતી કથાવિશ્વ' ઉપરોક્ત, પૃ. ૨૨૪-૨૨૫.

૧૫ R. I. Patel, ઉપરોક્ત પૃ. ૩૩

૧૬ 'The idea is widespread that working for wages is a mark of low status... with the result that upward mobility leads to their (women's) 'immurement', M.N. Srinivas, 'The Changing Position of Indian Women', Delhi, Oxford University Press, 1978, p.12;

૧૭ 'The supernatural and Miraculous element is so common in these romantic tales that the writer can indulge his imagination set free from the bonds of the crampinq restriction of finding a human solution to a human problem', R.I. Patel, ઉપરોક્ત પૃ. ૬

૧૮ ચૌધરી અને શર્મા, ઉપરોક્ત પૃ. ૩૨

# નારી મુક્તિ ગીતો

કલ્પના શાહ

કવિતાને કવિની કલ્પનારચના કહેવામાં આવે છે. કવિતા એટલે કલા, કલ્પના, ભાવ અને લાગણીનું સુંદર મિશ્રણ. પરંતુ કલ્પના, લાગણી અને ભાવ સાવ અધ્ધર હોતાં નથી. તે જે તે સમાજના સંપર્કની હયાતીમાંથી જન્મે છે. દરેક સમાજની સાહિત્યકૃતિમાં સામાજિક પરિસ્થિતિનું પ્રતિબિંબ સ્પષ્ટપણે પડતું હોય છે.

ગુજરાતી પદ્ય કૃતિઓ પણ સમાજ જીવનના પડઘા ઝીલવામાંથી બાદ નથી. ગુજરાતી કવિતાના વિવિધ તબક્કા જે તે સમાજ પરિવર્તનના તબક્કાની સાથે જોડાજોડ રહ્યા છે. પ્રથમ તબક્કો પ્રાચીન કવિતાનો છે. ૧૮૪૫ પહેલાંના આ સમયની કવિતાઓ મોટે ભાગે ભક્તિ અને કુદરત સાથે જોડાયેલી હતી. ૧૮૪૫ પછી ગુજરાતી કવિતાનો અર્વાચીન યુગ શરૂ થાય છે. ૧૮૫૦ થી ૧૯૧૫ સુધીનો સુધારાયુગ અને પંડિત યુગ તેના નામ પ્રમાણે તે સમયના સમાજની સ્થિતિ કવિતાઓ દ્વારા વ્યક્ત કરે છે. આ સમયની કવિતાઓમાં દીન-દલિત વર્ગને થતાં અન્યાય અને શોષણ પ્રતિ પ્રકોપ પ્રગટ થાય છે. નર્મદથી માંડી ગાંધી સુધીના આ યુગમાં કવિતાનું વિષયવસ્તુ મહદંશે સમાજ સુધારો, સંસ્કૃતિ, ચિંતન, આદર્શ, બોધ, સ્વાતંત્ર્ય આંદોલન જેવા સામાજિક પાસાંઓની આસપાસ રહેલું છે. સમાજ-સુધારાના ભાગરૂપ લગ્ન અંગેનાં દૂષણો તરફ ઠીક ઠીક નિર્દેશ થતો જોવા મળે છે. નર્મદ, દલપતરામ કે નવલરામ જેવા કવિઓની કવિતામાંથી લગ્ન સંસ્થામાં સ્ત્રીની દુર્દશાનો તેમ જ કેળવણીના અભાવને લીધે સ્ત્રીના સંકુચિત માનસ અને તેનામાં રહેલી અંધશ્રદ્ધા વિષે આપણને ખ્યાલ આવે છે. કદાચ સુધારાયુગના આ સાહિત્યકારોની કાવ્યરચનામાં આપણને જરૂર સ્ત્રીઓની બેહાલીની કબૂલાત અને સ્ત્રીસુધારાની તાતી આવશ્યકતાનો ખ્યાલ આવે છે. છતાં પણ સ્ત્રીની દુર્દશા દૂર કરનારા માર્ગો જેવા કે સ્ત્રીનો વ્યક્તિવિકાસ, સ્વતંત્ર વ્યક્તિત્વ કે આર્થિક નિર્ભરતા જેવા વિષયોને આ સમયના કવિઓએ છેડયા નથી.

૧૯૧૫ થી ૧૯૪૦ સુધીના ગાળામાં ગાંધીની ઠીક ઠીક અસર કવિતા પર દેખાય છે. સ્વાતંત્ર્ય સંગ્રામ કે દેશ પ્રેમ ગાંધી યુગની કવિતાનાં મુખ્ય અંગો હતાં. ૧૯૪૦ પછી ગુજરાતી કવિતાનો પ્રવાહ બદલાતો લાગે છે. ૧૯૪૦થી ૫૫ સુધી ગુજરાતી કવિતા સામાજિક પ્રશ્નોનો સંદર્ભ છોડી સૌન્દર્ય પ્રવાહ તરફ વળે છે. અહીં કવિઓ સીધા વસ્તુકથનને સ્થાને કલ્પનાનો વિનિયોગ, ભાવપ્રતીકો અને સૌન્દર્યઆસ્વાદ વડે કવિતાને નવાજે છે. આ નવીન વળાંકમાં સ્ત્રીઓની દુર્દશા, લાચારી, અધમતા વગેરે ભુલાઈ જઈ તેનું સ્થાન નારી દેહનું સૌન્દર્ય લે છે. નારી જ કવિતાનું પ્રધાન વિષયવસ્તુ રહ્યું હોવા છતાં નારી તરફ જોવાની આપણી કવિતાની દૃષ્ટિ બદલાઈ જાય છે. સ્ત્રીનું સુંદર, કોમળ, લજામણું, વિનયી, ગભરુ, કાંપતું રૂપ જ કવિઓ ઊપસાવી તેને આદર્શમાં ખપાવવા પ્રયત્ન કરતા નજરે ચઢે છે. સ્ત્રી તરફથી હૃદયની અને પુરુષ તરફથી બુદ્ધિની અપેક્ષા રખાતી જોવા મળે છે. સ્ત્રીની સંગિની કે સહધર્મચારિણી તરીકે કલ્પના કરવામાં આવી છે. મોટાભાગની કાવ્યકૃતિઓમાં સ્ત્રીનું સ્થાન શૃંગાર રસમાં જ રહેવા પામ્યું છે. 'નારી : કેટલાંક સ્વરૂપ'માં ઉમાશંકર જોષીએ નારી સ્વભાવના ગુણ અને મર્યાદા બન્ને દર્શાવ્યા છે. 'નારી સુધા અને વારુણી છે, તો તેનામાં ઈર્ષા અને પુરુષદ્વેષ પણ છે.' કવિએ નારીના શીળા અને નમણા સ્વરૂપ પર જ ભાર મૂક્યો છે. ગુજરાતી કવિઓને નારીનું સૌમ્ય સ્વરૂપ જ લોભામણું લાગ્યું છે. સંકલ્પ, નિશ્ચયાત્મકતા, બહાદુરી, સ્વસ્થતા, જવાબદારી, હિંમત જેવા નારીમાં રહેલા ગુણોને કવિતામાં ક્યાંયે આલેખાયા નથી. દુઃખ કે હતાશામાં સામાન્ય સ્ત્રી પુરુષની જેમ દારૂનો આશરો શોધવાને બદલે જીવનનો શક્ય એટલો સામનો કરતી હોય છે. સ્ત્રીની આ શક્તિ કાવ્યકૃતિઓમાં ક્યાંય નિરૂપણ પામી નથી. મોટા ભાગે માના પ્રેમની ઘેલછા, લાડ અને ત્યાગને; પત્નીના નમણા, ગૃહિણી તરીકે ન્યોછાવર થઈ જતા રૂપને અને જો કુમારિકા હોય તો તેના મુગ્ધ સૌન્દર્યને વિશેષણોથી નવાજી ઊંચે ચઢવાયાં છે. જે બહુ સાચું નથી તેને આદર્શ ગણાવાયું છે અને જે હકીકત છે તેને ભુલાવાઈ છે. થોડુંઘણું સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતી, બુદ્ધિચાતુર્યથી વર્તતી કે દલીલ કરતી સ્ત્રી કવિઓને 'બરછટ' લાગે છે.

૧૯૪૦ પછીના અનુ ગાંધીયુગમાં કવિતાઓ પર સમાજનાં બાહ્ય પરિબળોની મનુષ્ય જીવન પરની અસરની ઝાંખી વર્તાય છે. યંત્ર યુગે કવિતાઓ પર સ્પષ્ટ અસર કરી છે. વિષમ, વિછિન્ન, લક્ષ્યહીન, એકલપણું, અનિશ્ચિતતા જેવા ભાવો કવિતાઓ દ્વારા જરૂર વ્યક્ત થતા જોવા મળે છે. માનવીય અસ્તિત્વની સમસ્યાઓ જેવી કે ગરીબી, બેકારી, ભૂખમરો, લાચારી હતાશા અને જીવનની છિન્નભિન્નતાનો તીવ્ર સૂર કવિતાઓ દ્વારા ફેલાય છે. પરંતુ જ્યારે કવિતામાં નારી કેન્દ્રસ્થાને હોય છે ત્યારે આ સમયની કાવ્ય-કૃતિઓનો પ્રવાહ પણ સૌન્દર્યાભિમુખ રહ્યો છે. ઊલટું આ સમયમાં કવિઓનું મુખ્ય વિષયવસ્તુ પ્રણય ભાવ રહેવા પામ્યો હોવાથી નારી સૌન્દર્યને કવિઓએ મન મૂકીને આલેખ્યું છે. નારીઅસ્તિત્વની વેદના ક્યાંય ડોકિયાં કરતી દેખાતી નથી. છેક આજ સુધી નારીવાચાને સ્થાન નથી મળ્યું. નારી પુરુષની નજરે જ બહુધા જોવાઈ છે. શક્ય છે કે ગુજરાતમાં કવયિત્રીઓની સંખ્યા ગણીગાંઠી છે તેથી આમ બન્યું હોય પરંતુ જેઓ છે એમની કૃતિઓમાં પણ નારી શક્તિ રૂપે રજૂ થઈ શકી નથી.

વધુમાં છેલ્લા એક-બે દાયકાથી વિશ્વભરમાં નારી-મુક્તિ સંગ્રામની જ્વાળાઓ ઊઠી છે. આની અસર પણ આપણા સ્થાપિત ગુજરાતી સાહિત્ય પર નથી થઈ શકી એમ કહી શકાય. હા, નારી મુક્તિ માટે લડત આપતી બહેનોનો આ દિશામાં જાગૃત ફાળો શરૂ થયો છે. કદાચ એમની રચનાઓ સાહિત્યની શાસ્ત્રીય દૃષ્ટિએ અપૂર્ણ જરૂર હશે પરંતુ તે અંતરની લાગણી અને સ્વાનુભવોને સ્પષ્ટપણે વ્યક્ત કરી શકે છે. કલ્પના કે તરંગોના વમળમાંથી છૂટી નારીની સ્થિતિને વાચા આપવાનું કામ આ ઊગતી રચનાઓ કરે છે. આખરે સાહિત્ય જગત તો સમાજનું પ્રતિબિંબ ઝીલતું જ હોવું જોઈએ, નહિ?

જો કે આ પ્રકારની પોતીકી રચનાઓની સંખ્યા ગુજરાતી સાહિત્યમાં અત્યંત થોડી છે. મોટેભાગે આપણને ગુજરાતી અનુવાદ જ જોવા મળે છે. મહિલાઓ વિષે મહિલાઓ દ્વારા વ્યક્ત થતા ભાવો પર આધારિત રચનાઓ એ નવો ઊગતો પ્રવાહ છે. અહીં એવાં થોડાંક કાવ્યો આપી નારી અવાજની પ્રતીતિ કરાવવાનો નમ્ર પ્રયાસ છે.

## ૧ : સ્ત્રીઓની સર્જનાત્મક અભિવ્યક્તિ

હું છું એક ખતરનાક મહિલા  
કારણ, હું તમારા વિચારોના કિલ્લામાં  
કેદ પુરાવાની નથી,  
વિચારોથી અને વર્તનથી એમાંથી  
બહાર નીકળવા મથી રહી છું.

આજનો યુગ પ્રશ્નો પૂછવાનો યુગ છે.  
હું છું એક ખતરનાક મહિલા,  
કારણ હું પ્રશ્નો પૂછું છું,  
...નથી લાગતું કે હવે  
વિચારવાનો સમય આવી ગયો છે?

ના, હું બાજી મ્હારા હાથમાં લઈ
લેવા માંગતી નથી,
આમ જોવા જઈએ તો એથી
કાંઈ ખાસ ફરક પડવાનો નથી,
પણ હું એમ માનું છું કે
આ પૃથ્વી આપણા બધાની છે
અને દરેક માણસ વ્યક્તિ બની શકે છે,
શું આ બહુ વિચિત્ર લાગે છે?
ના? તો ચાલો આપણે આ સ્વીકારીએ,
હું છું એક ખતરનાક મહિલા
કારણ, આ કામમાં તમને પણ
સાથી બનાવીશ.

કોઈ નેતા ને કોઈ ઘેટાં
એ સમીકરણ હવે નહિ ચાલે,
હું છું એક ખતરનાક મહિલા
કારણ આ સમીકરણના રાજકારણ વિશે સભાન છું,
મારું જીવન, મારું ચારિત્ર્ય ને મારી સીમાઓ
હું પોતે રચવા માગું છું.
મારા હાથમાં ફૂલો નથી કે શસ્ત્રો પણ નથી,
મૈત્રી માટે લંબાવેલા હાથમાં છે કરાટેની શક્તિ.
હું તમારે માટે જીવીશ નહિ,
કે તમારે ખાતર મરીશ નહિ.
ને એવો આગ્રહ પણ નહિ રાખું
કે તમે મારે ખાતર મરો કે જીવો,
હું છું એક ખતરનાક મહિલા
કારણ મારું જીવન ને મારા વિચારો
મારી પસંદગીના છે....

**અલકા દેસાઈ**

## ૨ : દ્વિધા

પડી પ્રેમમાં પુસ્તક સાથે
ઘેલી થઈ હું પ્રેમવશ
કહ્યું નહિ ત્યારે તમે કે હું તો હતી પરિણીત.
બાળલગ્ને પરિણીત.
કરાવ્યો જ્યારે પ્રેમપરિચય
કહ્યું નહિ ત્યારે તમે કે હું તો હતી સમર્પિત
રસોડાને સમર્પિત.

હતું મારા રમકડે એક નાનકડું રસોડું
વાટ જોવાતી હતી એક વૃદ્ધિની
મારી અને રસોડાની.

નહિ કે હું તમને દોષ દઉં,
આ તો બસ એટલું જ કે
બુકકેસો રસોડે ફીટ થાય નહિ
ને લાયબ્રેરી છે દૂર,
વળી સૌ જાણે છે કે પ્રેમ અને નિષ્ઠા
ખૂબ પજવે, થકવે, ચીરે, તોડે,
હોય જો બંને ભિન્ન,
નહિ કે હું તમને દોષ દઉં
ના રે ના
હોતું હશે?
દોષ તો બધો કાનૂનનો છે,
જુઓ ને? બે ધણીની બંધી જ છે ને!

મૂળ અંગ્રેજીમાં : **જોય દેશમુખ**
અનુવાદ : **સોનલ શુક્લ**

## ૩ : આસપાસમાં

પ્રેસની અડોઅડ
કે પછી પોલીસસ્ટેશનની પડખે?
એક કલાંત, વૃદ્ધ માનવે
દીકરી અને દહેજથી ભરેલો પટારો
મૂક્યો મુરતિયાને ઉંબરે.

પ્રેસની અડોઅડ,
કે પછી પોલીસસ્ટેશનની પડખે?
ના દીઠા કોઈએ ક્રોધે જળતી જિહ્વાના લબકારા,
કે ના ગંધાઈ ધૂમ્રસેર,
કોઈએ કશું જ ના જોયું,
પટારો જ્યાં લગી બન્યો નહિ
એક વિકરાળ કરાલ જ્વાલા.

તુરત ચર્ચાઈ આ બાબત,
છપાઈ અને જાહેર થઈ.
વીસરશો ના, બની હતી એ
પ્રેસની અડોઅડ,
કે પછી પોલીસસ્ટેશનની પડખે?

**જોય દેશમુખ**
અનુવાદ : **સોનલ શુક્લ**

## ૪ : લગ્ન

લગ્ન એ
૧૨ તોલા સોનું
રૂ. ૨,૦૦૦ હોલના,
લાલ અક્ષરે લખાયેલી નિમંત્રણ પત્રિકાઓ
૫૦૦ મ્હોંઢાં
શ્રીખંડ-પુરીથી ભરવાનાં.
સ્ટીલનાં વાસણો
સિલ્કની સાડીઓ
અને છોગામાં એક છોકરો અને એક છોકરી,
લગ્ન એ
કંઈ ક્ષુલ્લક બાબત નથી.

**નિષ્ઠા દેસાઈ**
અનુવાદ : **સિદ્ધિ ઝવેરી**

## ૫ : વેચાણ

સોફા ઉપર સૂતી સૂતી
એ વિચારતી હતી
એને 'જોવા' આવનાર
એનું કુટુંબ : મોભાદાર
એની આવક : ચાર આંકડા
એનો વ્યવસાય : એન્જિનીયર
એનો દેખાવ : ઠીક ઠીક
એણે એની
એના પતિ તરીકેની કલ્પના કરી
અને પોતાને
એના રસોડામાં કલ્પી,
એની મોટરબાઈકની પાછળ
એની બાજુમાં
એની બાંહોમાં
અને એ લજ્જાળુ
મુસ્કુરાઈ.

એ આવ્યો
એણે જોયું
એણે નાપસંદ કરી
'સાવ સાદી છે' એમ કહ્યું.

બારી પાસે બેસીને
એ વિચારતી હતી
એના નવા પ્રસ્તાવ વિશે
એના પિતાએ લખ્યું'તું,

એનું કુટુંબ : પૈસાપાત્ર
એની આવક : પૂરતી
એનો વ્યવસાય : ધંધો
એનો દેખાવ : ઊંચો-પાતળો
એવું તો જાહેરખબર કહેતી હતી
અને એણે કલ્પના કરી
પોતાની
એની પત્ની તરીકે
એની ગૃહસ્વામિની તરીકે
એના ઘરમાં
એના શયનખંડમાં
અને એક ધીમો
નિશ્વાસ નાંખ્યો.

એણે લખ્યું,
એણે પૂછ્યું,
એણે નાસંમતિ આપી
'દહેજ ઘણું ઓછું છે'—એણે કહ્યું.

અને એટલે
નવા ફોટા તરફ તાકતી
એણે
પોતાની જાતને
ફરી વેચાતી કલ્પી
નવેસરથી.

**જોય દેશમુખ**
અનુવાદ : **સિદ્ધિ ઝવેરી**

## ૬ : નારી

નારી
તારા સપનાં અને પુરુષની ઇચ્છા
તારા રક્તને
એક બાળકમાં બદલી નાખે છે.

નારી
ભૂખ અને યંત્રણાથી ટળવળતા
તારાં બાળકો
તારા લોહીથી બનેલા દૂધને પીને
નવું જીવન મેળવે છે.

નારી
ચાર દીવાલોમાં, ધુંધવાતા ચૂલામાં, ખેતરો અને પાકમાં
તારું લોહી
પરસેવાનાં નાનાં ટીપાં બનીને વહે છે
છતાં પણ
તું આ વ્યવસ્થામાં ગુલામ છે!

હા, તું ગુલામ છે!
તું મૌનની છાયાની માફક ફેલાયેલી છે
પુરુષ-અહમ્‌ની દીવાલ નીચે
જેણે નથી થવા દીધો
તારા વ્યક્તિત્વનો
સહજ વિકાસ.

પ્રત્યેક આનંદ કિંમત માંગે છે
પણ તું આપેક્ષી છે
માત્ર એક અરજ કૃપાદષ્ટિની.
ખુશખુશાલ તું
પ્રસ્તુત કરે છે સ્વયંને
માત્ર આનંદ જ નહિ
સ્વયં પરના આધિપત્ય માટે પણ!

જે તારું બધું જ લૂંટી લે છે
જૂઈનાં ફૂલ કે એક સાડી આપીને
એ તારા દયાળુ પતિ છે!
જે તને સાથ આપે છે
મધુર હાસ્ય અને મીઠા શબ્દોથી
એ તારો પ્રેમી કહેવાય છે!

જીવનમાં જે કંઈ ગુમાવ્યું
તેં ગુમાવ્યું, પ્રાપ્તિ બધી
એના ભાગે આવી.

નારી
તારાં આંસુઓથી
આ વ્યવસ્થા નહિ બદલાય
તું તારા આક્રોશની આગમાં
એને ડુબાડી દે.
તારા અધિકારો માટે
બળવો કર
ક્રાન્તિપથના આગેકદમ સાથે
તારા કદમનો તાલ મેળવ.

જે નિઝામ તને
ઉપભોગની વસ્તુ માને છે
ત્યાંથી બહાર નીકળીને આગળ વધ
એ નવા સમાજ તરફ
જે તને એક શક્તિ
એ વ્યક્તિનો દરજ્જો આપે છે
અને ક્રાન્તિનો સંકલ્પ કરી લે.



તારા હૃદયમાં
ક્રાન્તિસૂર્યના ઉદય વગર
વિજય અસંભવ છે.

**વારા વારા રાવ**
અનુવાદ : **નેહા શાહ**

## ૭ : નારીમુક્તિ ગીતો-૧

એ અમારી જીતને રોકવા માંગે છે
ખામોશી છોડો સમયની માંગ છે
અમે અમારો અવાજ ઊઠાવીએ છીએ
એ નારાજ કેમ? એ નારાજ કેમ?
ખામોશી છોડો સમયની માંગ છે
અમે લડીએ છીએ કે સમાનતા હોય
અમે લડીએ છીએ કે માનવતા હોય
અમે લડીએ છીએ કે સુખ હોય
અમે લડીએ છીએ કે શાંતિ હોય
અમે લડીએ છીએ કે ન્યાય હોય.
અમે નારી મુક્તિ સંગ્રામ માટે લડીએ છીએ. ખામોશી...

એમને ડર છે અમારી શક્તિનો
એમને ડર છે અમારા સંગઠનનો
એમને ડર છે અમારી એકતાનો
એમને ડર છે અમારા સંઘર્ષનો
એમને ડર છે અમારી મુક્તિનો
રૂઢિ, ધર્મ, નાત, જાતથી અમને તોડવા
માંગે છે. ખામોશી...
(રંગભેદ વિરોધી ગીત પર આધારિત)

**વિભૂતિ પટેલ**

## ૮ : નારીમુક્તિ ગીત-૨

ચાલો આવો બ્હેનો એકસાથે મળી
આપણે નવા સમાજના સર્જનનાં ગીતો ગાઈએ
આપણે નવી ચેતના લાવીએ.
જ્યાં સમાનતા, ન્યાય અને માનવતા હોય
જ્યાં નારી પર પુરુષનો એકાધિકાર ના હોય
આપણે ન્યાયી સમાજ બનાવીએ.
જ્યાં ગુલામ ન હોય, જ્યાં માલિક ના હોય,
જ્યાં દલિત કે સવર્ણ, હિંદુ કે મુસ્લિમ ના હોય,
આપણે માનવને માનવ બનાવીએ.
આપણે જોહુકમીનો મુકાબલો કરીએ
આપણે નીડર બનીને નારી સંઘર્ષને વધારીએ
આપણે નવાં મૂલ્યો લાવીએ.

**વિભૂતિ પટેલ**

❁ ❁ ❁

# સ્ત્રીની વ્યક્તિમત્તા અને સ્વતંત્ર વિકાસ

**વિભૂતિ પટેલ**

'વિચારવલોણું પરિવાર' નામની સ્વૈચ્છિક સંસ્થા જે અભ્યાસ વર્તુળો, રચનાત્મક પ્રવૃત્તિઓ, લોકશિક્ષણ દ્વારા લોકજાગૃતિનું કામ કરે છે એણે વિશ્વના બહુ-ચર્ચિત ફિલસૂફ, લેખિકા અને નારીવાદી સાયમન દ બોવિયેરના જગવિખ્યાત પુસ્તક 'ધી સેકન્ડ સેક્સ'નો સારાનુવાદ પુસ્તિકા રૂપે છાપ્યો છે. સ્ત્રીની વ્યક્તિમત્તા અને સ્વતંત્ર વિકાસ માટે આગ્રહ રાખતા આ પુસ્તિકાના લેખિકા છે ડૉ. રજનીબેન આશર. એમના જ શબ્દોમાં 'મતાધિકાર આપવાથી કે તેમની સમાન હક્કોની માંગણી સંતુષ્ટ કરવાથી સ્ત્રીનું જીવનધોરણ સુધારી શકાય નહિ. સ્ત્રીનું જીવનધોરણ સુધારવા આવશ્યકતા છે તેમને જાગૃત કરવાની, તેમને પોતાના હક્કો પ્રત્યે અને ફરજો પ્રત્યે ક્રિયાન્વિત કરવાની, સ્ત્રી-જીવન સાથે વણાયેલા નકારાત્મક વલણને દૂર કરવાની.' (પુસ્તિકાની પ્રસ્તાવના પાન નં. ૪)

નાનાં નાનાં ૧૯ પ્રકરણોમાં સ્ત્રીજીવન અને સ્ત્રી-માનસને સ્પર્શતા બધા જ મહત્ત્વના વિષયોને આ પુસ્તિકામાં આવરી લેવાયા છે. 'જીવશાસ્ત્રની દૃષ્ટિએ સ્ત્રી'થી શરૂઆત કરીને લેખિકા દર્શાવે છે કે 'સ્ત્રી-પુરુષ ભિન્નતાનુ કારણ શોધવા તેમની શારીરિક વિશેષતાઓનો અભ્યાસ પર્યાપ્ત નથી. દરેક સજીવ અસ્તિત્વ, સમાજના સાન્નિધ્યમાં પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પોતાને અભિવ્યક્ત કરતું હોવાથી તેના જીવનનાં અન્ય પરિણામો પણ ધ્યાનમાં લેવાં જોઈએ. તેથી સ્ત્રીવિષયક અભ્યાસ ઐતિહાસિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક સંદર્ભમાં થવો જોઈએ.' (પાન ૧૦)

પુરુષકેન્દ્રી અને પુરુષો દ્વારા લખાયેલ ઇતિહાસ કેટલા બધા પૂર્વગ્રહોથી ભરેલો છે તેનું વિવરણ 'રાજ્ય ક્રાંતિ બાદ ફ્રાંસમાં સ્ત્રીજીવન'માં કર્યો છે. રોઝા લક્ષમબર્ગ કે મેડમ ક્યૂરી જેવી સ્ત્રીઓએ સમાજમાં અનોખું પ્રદાન કરી પુરવાર કરી આપ્યું કે 'સ્ત્રીઓની ઐતિહાસિક ક્ષુદ્રતા માટે તેમની લઘુતા કારણભૂત નથી, પરંતુ ઐતિહાસિક ક્ષુદ્રતાને કારણે તેમને લઘુતા સ્વીકારવી પડી છે.' (પાન ૨૦)

સૌથી વધુ બૌદ્ધિક પડકાર આપતું પ્રકરણ છે 'સ્વપ્ન, ભય અને પ્રતિકૃતિ.' સ્ત્રી-પુરુષ સંબંધોમાં રહેલી અસમાનતા અને વિષમતાનું માનસશાસ્ત્રીય અવલોકન કરીને પુસ્તિકા દર્શાવે છે કે 'પુરુષની અપેક્ષા મુજબ સ્ત્રીએ દાસી, સહચારિણી. પ્રેક્ષક કે પરીક્ષકની ભૂમિકા સ્વીકારવી જોઈએ. પુરુષની આ વિવિધ અપેક્ષા-ઓને તૃપ્ત કરવા મથતી સ્ત્રી પોતાનું સ્વત્વ જાળવી શકતી નથી.'

બાલ્યાવસ્થા, તરુણાવસ્થાની વિવિધ પ્રકારની સંઘર્ષજન્ય પરિસ્થિતિઓ સ્ત્રીમાનસમાં પ્રશ્નો ઊભા કરે છે. જાતીય જીવનનાં બેવડાં મૂલ્યો—પુરુષ માટે પૂર્ણ સ્વતંત્રતા-સ્વચ્છંદતા જ્યારે સ્ત્રીઓ માટે બંધન—સ્ત્રી-પુરુષ સંબંધની અસમાનતાનાં પ્રતીક છે.

'સમલૈંગિકતા અને સ્ત્રી' પ્રકરણમાં વિશ્વવિખ્યાત માનસશાસ્ત્રીઓ જેવા કે મેરનોન, ફ્રોઈડ, એડલરના

......

સ્ત્રી પરિચય : રજની આશર, વિચાર વલોણું પરિવાર પ્રકાશન, વલ્લભવિદ્યાનગર; આવૃત્તિ પહેલી, ૧૯૮૦ : મૂલ્ય, સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વ અને અસ્તિત્વનો સ્વીકાર.



મંતવ્યો જણાવી લેખિકાએ જે વિચારો દર્શાવ્યા છે તે સીમોન–દી–બુવિયેરના લાગતા નથી. 'સમલૈંગિકતા એક પ્રકારના સામાજિક અનિષ્ટ તરીકે ગણાવી શકાય.' (પાન ૩૩) એવું સીમોને લખ્યું હોય એવું મારા જાણ્યામાં નથી.

'લગ્નજીવન અને સ્ત્રી' પ્રકરણ સ્ત્રીજીવનની મર્યાદા અને સીમાચિહ્નો સમાજે પૂર્વયોજિત રાખ્યાં છે તે હકીકત તરફ અંગૂલિનિર્દેશ કરે છે. સ્ત્રીજીવનનું પરાવલંબન સ્ત્રીને પતિનું વર્ચસ્વ સ્વીકારવા અને અસલામતીની ભાવનામાં રાચવા મજબૂર કરે છે... 'પરિણીત યુગલને અવિભાજ્ય કે સીમિત એકમ તરીકે ન સ્વીકારતા બન્ને એકમો સ્વતંત્ર ધોરણે સમાજમાં અંતર્ગત થાય તો જ પરસ્પરનો પ્રેમ અને આદર વધારી શકાય.' (પાન ૩૫) વાક્યમાં સ્ત્રીની વ્યક્તિ-મત્તાના સ્વીકારની ભલામણ કરવામાં આવી છે.

'સ્ત્રી માતા તરીકે' પ્રકરણમાં સમાજની બીબાંઢાળ મનોવૃત્તિ અને વલણ સામે કહ્યું છે કે 'જો સ્ત્રી વ્યાવસાયિક, સામાજિક કે અન્ય પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાની માનસિક જરૂરિયાતો સંતોષી શકે તો તે બાળકો પ્રત્યે તંદુરસ્ત વલણ દર્શાવી શકે, તેમની સાથે સ્વસ્થ સંબંધો વિકસાવી શકે. બાળક પણ પોતાની પ્રવૃત્તિમાં જેટલે અંશે સ્વાવલંબી થાય તેટલા પ્રમાણમાં તેના વ્યક્તિત્વનો વિકાસ સાધી શકાય. જે સ્ત્રીઓ પોતાનું વૈયક્તિક જીવન પ્રવૃત્તિઓ સભર રાખી, બાળકો પાસેથી ઓછામાં ઓછી અપેક્ષા રાખે તે જ સ્ત્રીઓ ઉત્કૃષ્ટ બાળઉછેર કરી શકે.' (પાન ૩૭)

'સામાજિક જીવન અને સ્ત્રી'માં સ્ત્રીઓના રોજિંદા કામની નીરસતાથી માંડી સ્ત્રી એક ઉપભોગનું સાધન, જીવનની મર્યાદિત ક્ષિતિજો, લગ્નોત્તર સંબંધો, વિજાતીય મૈત્રી, સ્ત્રીજીવનની યાંત્રિકતા જેવા વિષયોનું ટૂંકમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પિતૃપ્રધાન સમાજ વેશ્યાવૃત્તિને જન્મ આપી એને કઈ રીતે ચાલુ રાખે છે એ પ્રક્રિયાનું પૃથક્કરણ 'સ્ત્રી–વેશ્યા કે વારાંગના તરીકે' પ્રકરણમાં આલેખવામાં આવ્યું છે.

'પ્રૌઢાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધીમાં સ્ત્રી' પ્રકરણ માનસશાસ્ત્રની દૃષ્ટિએ ખૂબ અસરકારક છે. 'પરિ-સ્થિતિ અને ચારિત્ર્યના સંદર્ભમાં સ્ત્રી' પ્રકરણમાં 'સ્ત્રી વિરોધી સ્ત્રી', આળસ, અલ્પસંતુષ્ટતા, બાલિશતા, પરાધીનતા, અજ્ઞાન, નિષ્ક્રિયતા જેવા અવગુણો જેનું સ્ત્રીમાં નિરૂપણ કરવામાં આવે છે તેનાં કારણો તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સ્ત્રીની લઘુતા-ગ્રંથિ. ગુરુતાગ્રંથિ અને અન્ય મનોવલણોને પણ સમજવા માટે 'સ્ત્રીના અન્ય રૂપો' પ્રકરણ સમજ આપે છે.

સ્ત્રીમુક્તિયાત્રા શા માટે શરૂ થઈ છે તેનું કારણ બતાવતાં લેખિકા કહે છે કે 'સ્ત્રી અને પુરુષ બંનેમાં દેહ અને આત્માની મહત્તા અને મર્યાદાનું સરખું જ નાટક ભજવાય છે. બંને પરત્વે કાળચક્રની દૃષ્ટિ તાકી રહી છે. બંને માટે એકબીજાનું અસ્તિત્વ અનિવાર્ય છે. બંનેનું સ્વાતંત્ર્ય પરસ્પર ગૌરવપ્રદ બની શકે તેમ છે. અન્યના સ્વાતંત્ર્યનો સ્વીકાર કરવાથી જ અધિકાર સંબંધી વિવાદ દૂર કરી શકાશે અને પરસ્પર પ્રેમ, આદર અને સમાનતા કેળવી શકાશે.' (પાન ૫૦)

આ નાનકડી મહત્ત્વની પુસ્તિકામાં એક સૌથી ભૂલભરેલ ઐતિહાસિક કથન છે : 'સામંતશાહીનો ઉદય થતાં જ કુટુંબમાં પુરુષપ્રધાનતાને સ્થાને સ્ત્રી-પુરુષ સમાનતા અસ્તિત્વમાં આવી. સંપત્તિના અભાવને કારણે વંશવારસ કે માલિકીનો પ્રશ્ન જ ન રહ્યો. સામંતશાહીની પ્રથા બંધ થવા છતાં ગરીબાઈને કારણે પતિ-પત્ની સમાન ધોરણે જીવન વિતાવતાં. આ પ્રકારનું જીવન ગ્રામવાસીઓ અને શ્રમજીવીઓ માટે સામાન્ય હતું. સમાજના નીચલા સ્તરની સ્ત્રી આર્થિક સ્વાવલંબનને કારણે સ્વતંત્ર ધોરણે રહી શકતી'. (પાન ૧૬)

સમલૈંગિકતા અને સામંતશાહી સમાજમાં સ્ત્રી આ બે વિષયો સિવાય આખા પુસ્તકમાં સાયમન-દી-બુવિયેરના વિચારોને ન્યાય આપવામાં આવ્યો છે.

સાયમનના દળદાર પુસ્તક—ધી સેકન્ડ સેક્સ—ના બે ગ્રંથોએ સ્ત્રી-સ્વાતંત્ર્યના આંદોલનમાં એક મહત્ત્વની વૈચારિક ક્રાંતિને જન્મ આપ્યો હતો. આ અવલોકન લખાઈ રહ્યું છે ત્યારે જ સમાચાર મળ્યા કે ગઈકાલે સિમોનનું ૭૮ વર્ષની વયે પેરિસમાં અવસાન થયું. સિમોને ફક્ત પોતાનાં લખાણો-નવલકથા, નવલિકા, નિબંધો, ૪ ખંડની આત્મકથામાં સમાજ પરિવર્તનની વાતો કરીને સંતોષ નહોતો માન્યો પણ પોતાના સિદ્ધાંતો અને મૂલ્યોને પોતાના અંગત જીવનમાં પણ જીવી બતાવ્યાં હતાં. તેમનાં બીજાં પુસ્તકો–All Men are Mortal, The Blood of others, The Mandarins, She came to stay, Mamoirs of Dutiful Daughter, The Prince of life નું પણ સાહિત્યરસિકોએ ગુજરાતીમાં ભાષાંતર કરવું જોઈએ.

❀ ❀ ❀

## ‘કથા...પુનઃરચનાની’ : સબળ પ્રતિકારની કથની

**આમ્રપાલી દેસાઈ**

‘કથા મારી... તમારી... સૌની... ખંડેર જીવનની પુનઃ રચના’ની લેખિકા (મૂળ અંગ્રેજીમાં) ફ્લેવિયા, જેનો ગુજરાતી અનુવાદ કરનાર છે નયના મહેતા.

આ આત્મકથાને લેખિકાએ પુરુષશાહી જોહુકમીના સબળ પ્રતિકારના ચોક્કસ ઉદ્દેશ સાથે લખી છે. ૧૯૬૭ ડિસેમ્બરમાં થયેલ એના લગ્નથી શરૂ કરી ૧૯૮૪ સુધીમાં આવેલ એના જીવનનો ચઢાવ-ઉતાર એણે અહીં આલેખ્યો છે.

એનો પતિ ઊંચો, દેખાવડો, ચાર આંકડાનો પગારદાર, ગ્રામ્ય કુટુંબના દસમા સંતાન તરીકે જન્મેલો અને ફ્લેવિયાથી ૧૨ વર્ષ મોટો પુરુષ છે. એટલે જ કદાચ વડીલપણું ફ્લેવિયા સાથેના વર્તનમાં વિશેષ અનુભવાય છે.

ફ્લેવિયા અપરિણીત માસીને ત્યાં ઉછરેલી, કોન્વેન્ટ-માં ભણેલી, માસી અને પિતાના અવસાનને લીધે દક્ષિણ યમનમાં થોડો સમય નોકરી કરેલી. બહેનો અને માતા સાથે (એમ માત્ર સ્ત્રીઓ સાથે જ) સંપર્કમાં આવેલી સ્ત્રી છે. એના લગ્ન વિષેના ખ્યાલો વાંચનને લીધે થોડા રોમેન્ટીક છે.

ખ્રિસ્તી ધર્મ પાળતું, દહેજ લીધા વિનાનું આ કહેવાતું આદર્શ લગ્ન હતું. ફ્લેવિયાના પતિ દ્વારા મારની શરૂઆત લગ્ન પહેલાનાં માતાને ઘરે રહેલાં ઘરેણાંની બાબતથી થઈ. આ પ્રસંગે દહેજ નહિ લીધાનો અફસોસ પતિ જુદી રીતે પ્રગટ કરે છે. ત્યારબાદ એના પતિએ બીજી વાર લાકડીથી મારી, ત્રીજી વાર પટ્ટાથી મારી એવી વાત ફ્લેવિયા આત્મકથામાં કરે છે ખરી, પરંતુ એણે મારનાં કારણો પણ એ સાથે જણાવ્યાં હોત તો વાચકોને એની પરિસ્થિતિ સમજવામાં સરળતા રહેત.

પિતાને બાર બાળકો છે તો પોતાને છ તો હોવાં જ જોઈએ એવી રુઢિગત માન્યતા, રોજના ખર્ચનો પત્ની પાસેથી લેખિત હિસાબ માંગવો એટલું જ નહિ પરંતુ જો હિસાબ ન મળે તો અને પૈસા ખૂટે તો તે ભરપાઈ કરવાની જવાબદારી પણ પત્નીની જ, પતિના હુકમ સાથે મસોતું સારું ન કરતાં એને કલાકો સુધી બાથરૂમમાં પૂરી રાખવાનું રાક્ષસી કૃત્ય, આ બધા પ્રસંગો પતિને શિક્ષણ કે સમજથી પર એવા પુરુષ-શાહી માનસનો પ્રતિનિધિ સિદ્ધ કરે છે. એનો પતિ આટલું કરવાથી જ અટકાતો નથી, એથીય આગળ જઈ પત્નીને ‘સાડી પહેર અને તારા હાથ પરના ઘા છુપાવી દે’ એવું કહીને પોતાની મારવાની હોંશ પૂરી કરી પત્નીને પાર્ટીઓમાં લઈ જતાં પહેલાં હુકમો દ્વારા સમાજ સમક્ષ ગાલે તમાચો ખાઈને મોઢું લાલ રાખવાની ફરજ પાડે છે.

ફ્લેવિયાને પહેલા પુત્ર અને ત્યારબાદ બે પુત્રી જન્મી છે. આમ છતાં એના પતિના વ્યવહારમાં કોઈ ફેર પડતો નથી. કોઈ ને કોઈ બહાના હેઠળ સતત ગાળો અને મારપીટ ચાલુ જ રહે છે. ‘તું બુડથલ છે, તને કંઈ આવડતું નથી. એટલે જ તું માર ખાય છે’, જેવા આક્ષેપો અને મારથી ફ્લેવિયાએ પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી દીધો. પતિ સારો પગારદાર હોવા છતાં લેખિકાની અંગત આર્થિક મુશ્કેલી પણ ખૂબ હતી. પત્નીનો ઘર પર કોઈ અધિકાર સ્થપાતો નથી, એટલું જ નહિ પણ ફ્લેવિયાના દમના રોગ માટે અને પરેજી માટે જ જો પતિ પૈસા ન આપે તો એની અન્ય પ્રવૃત્તિ માટે તો અપેક્ષા જ શી રાખી શકાય ?

ફ્લેવિયા બહેનો અને મા તરફથી મળતી ભેટો-માંથી સારી ગૃહિણી બનવા અને એ દ્વારા પતિનો પ્રેમ પ્રાપ્ત કરવા રચનાત્મક પ્રવૃત્તિ તરફ પણ વળી. સીવણ, ભરતકામ, જામ અને અથાણાં બનાવતાં શીખી. કૂંડાંઓમાં ફૂલઝાડ રોપવાનો પણ શોખ કેળવ્યો. પરંતુ એ કહે છે તેમ ‘મારા છોડ વધ્યા પણ મારું લગ્ન-જીવન સુધર્યું નહિ’.

પત્ની સાથેની મારપીટ બાબતે સગાં-વ્હાલાં વચ્ચે પડતાં એટલે ફ્લેવિયાના પતિએ એમની સાથેના સંબંધ પણ તોડી નાખ્યા હતા, પરિણામે ફ્લેવિયા સમાજમાં હોવા છતાં સમાજથી અલગ પડી ગઈ.

ફ્લેવિયાના શરીર પર પડેલા મારનાં નિશાન જોઈ એને મફત દવા આપતા ડૉક્ટરે પણ પાદરીને મળવાનું કહ્યું. ફ્લેવિયા પાદરી પાસે ગઈ, પાદરીએ લગ્નના સંઘર્ષ બાબત સલાહ આપતાં ચર્ચનું નામ કહ્યું, પણ ત્યાંના પાદરીએ જો પતિ-પત્ની સાથે આવે તો જ વાતચીત કરવાની તૈયારી બતાવી, તો એક પાદરીએ ફ્લેવિયાનો પતિ પોતાની ઉપર ગમે તેવા આળ મૂકી દે એ ડરે વચ્ચે પડવાની ના પાડી. એક પાદરીએ પતિ રોગી હોય તો સહી લીધો હોત કે નહિ તેવી દલીલ કરી પતિને સહી લેવાની સલાહ આપી. એક પાદરી ફ્લેવિયાના પતિ પાસે ગયા તો ખરા પરંતુ એનાથી પતિમાં સુધારો થવાને બદલે ક્રોધમાં વધારો થયો. ટૂંકમાં ધર્મના પ્રતિનિધિઓ પણ ફ્લેવિયાની પરિ-સ્થિતિમાં સુધારો કરવામાં નિષ્ફળ રહ્યા.

ફ્લેવિયા કાયદા દ્વારા રક્ષણ મેળવવા પોલીસ પાસે ગઈ, પણ ‘ભણેલો માણસ પોલીસથી નહિ ગભરાય, ઊલટું ઘરની અશાંતિ વધશે’ એવી બીક બતાવી ફ્લેવિયાની અંગત બાબતમાં મદદરૂપ થવામાં આનાકાની કરી એટલે આ બાબતમાં પોલીસતંત્ર પાસેથી પણ ફ્લેવિયાને મદદની ઝાઝી આશા બંધાઈ નહિ.

પતિનો માર સહન ન થતાં ફ્લેવિયા બે-ત્રણ દિવસ સગાને ત્યાં રહેતી અને પછી પાછી આવી રહેતી. આમ એણે દરેક વખતે પતિને તાબે થઈ જઈ પરિસ્થિતિ બદલવામાં પૂરો પ્રયત્ન કરી જોયો પણ તેથી પરિસ્થિતિમાં કોઈ ફેર પડ્યો નહિ. લગ્નજીવન ટકાવી રાખવા ફ્લેવિયાએ અથાગ પ્રયત્નો કર્યા, કારણ સમાજમાં તો જ એનું સ્થાન રહે જો તે સફળ પત્ની કે માતા હોય, પણ પતિના જુલ્મી વર્તનને કારણે ફ્લેવિયા નિષ્ક્રિય બની ગઈ. આમ છતાં

......

ફ્લેવિયા, ‘કથા મારી-તમારી-સૌની - ખંડેર જીવનની પુનઃરચનાની’, અનુવાદક : નયના મહેતા, મુંબઈ, નારીકેન્દ્ર પ્રકાશન, ૧૯૮૫, પૃ. ૫૯, કિં. રૂ. ૧૦

જીવનનું ધ્યેય માતા તરીકેની ફરજ પૂરી કરવાનું તો યથાવત્ જ રાખ્યું. વક્રતા એ છે કે જે સમાજ માટે એ આટલો માર અને જુલમ સહન કરતી રહી એ સમાજના લોકોએ, પતિએ મારીને કાઢી મૂકેલી, ભીની અર્ધનગ્ન સ્ત્રી અને આંખમાં મરચું નાંખી કાઢી મૂકેલાં બાળકોને મદદ કરવા પાછી પાની કરી.

ફ્લેવિયાએ છેવટે મન મક્કમ કરી આર્થિક રીતે તો સધ્ધર થવાનું નક્કી કર્યું. એણે ટ્યૂશનો શરૂ કર્યાં. પતિનો વિરોધ છતાં મક્કમતાથી એણે પોતાનાં ટ્યૂશનોનું કામ ચાલું રાખ્યું. આવનાર વિદ્યાર્થિનીઓ ફ્લેવિયાના ઘરની સ્થિતિ પામી ગઈ. આવનાર વિદ્યાર્થિનીઓમાંની એક કલ્પના, એની માતાનું પ્રથમ સંતાન. કલ્પના કેવળ પુત્રી થઈ જન્મી હોવાને લીધે માતા, પતિ તરફથી ત્રાસ ભોગવતી એ જ રીતે આસિફના પિતાનો મિજાજ પણ ફ્લેવિયાના પતિ જેવો જ હતો. બીજી વિદ્યાર્થિની (પ્રભા)ની માસી (પ્રતિભા)નો પતિ પણ એને ખૂબ મારતો. આ વિદ્યાર્થિનીઓને લીધે ફ્લેવિયા પોતાના જેવી યાતના ભોગવતી સ્ત્રીઓના સંપર્કમાં આવી અને જ્યારે કલ્પનાની મમ્મીએ પોતાના વિષમ સંજોગોમાં પણ ફ્લેવિયાના ઘરમાં તકલીફ હોય તો, પોતાના ઘરમાં ટ્યૂશન આપવા નિમંત્રણ આપ્યું ત્યારે ફ્લેવિયા પોતાના જેવી પીડિત બીજી બહેનોની મદદ કરવાની તૈયારીથી આશ્ચર્ય સાથે ભાવવિભોર થઈ ગઈ અને એ સાથે જ 'પારસ્પારક સહાય કેન્દ્ર' ખોલવાનો વિચાર ઉદ્ભવ્યો.

ફ્લેવિયાને ચર્ચમાં એક છોકરીનો ભેટો થયો જે એને 'બળાત્કાર વિરોધી મંચ'માં લઈ ગઈ. ફ્લેવિયા ત્યાંના કામમાં ભૂર્ભેના બળાત્કારના કેસમાં આકસ્મિક રીતે જ ભાષાની જાણકારી હોવાને લઈને ગોઠવાઈ ગઈ. શરૂ શરૂમાં એના પતિએ પણ આ જૂથની માહિતી જાણવામાં રસ લીધો, પરંતુ ફ્લેવિયાનું 'મંચ'ના કામમાં ગૂંથાયેલા રહેવું અને એ દ્વારા એના આત્મવિશ્વાસનું દૃઢ થવું એના પતિથી સહન ન થયું અને એણે મારઝૂડ કરી, એટલું જ નહિ પણ જૂથની બહેનોને 'ચાલુ બાઈઓ' તરીકે ઓળખાવી પોતાની અસહિષ્ણુતા પણ દર્શાવી.

ફ્લેવિયાએ પોતાના જીવન વિષે લેખ લખતાં એના જૂથને એની લેખનશક્તિની, અભિવ્યક્તિની સાચી ઓળખ થઈ. એને એક મિત્રે સ્ત્રીઓ પરની મારઝૂડ પરના એક પ્રોજેક્ટમાં કામ અપાવ્યું. ફ્લેવિયા પતિની મારઝૂડ સહન કરતી હોવાથી શરમ, સંકોચ અને ગભરાટને કારણે માનસિક પક્ષાઘાતથી પણ પીડાતી હતી, પરંતુ આ પ્રોજેક્ટમાં કામ કરતાં એના ધ્યાનમાં આવ્યું કે આ કોઈ અંગત નહિ, પણ 'સામાજિક' પ્રશ્ન છે. પરિણામે એનામાં સામાજિક સંદર્ભે આ અંગે વધુ વિચારવાનો ઉત્સાહ જાગ્યો.

ત્યારબાદ સ્ત્રી મુક્તિ આંદોલનની પરિષદ પૂરી થતાં એણે ઝૂંપડપટ્ટીમાં આરોગ્ય કાર્યકર તરીકેની નોકરી સ્વીકારી. નોકરીને પહેલે જ દિવસે પતિએ બાળકો સહિત એને કાઢી મૂકી. આ વખતે તે મંચની એક બહેનને ત્યાં રહી. મંચની બહેનોએ નક્કી કર્યું કે ફ્લેવિયાનો સામાન એના પતિના ઘરેથી લઈ આવવો. સ્વમાન ગુમાવી બેઠેલી શક્તિહીન સ્ત્રીને બદલે આ વખતે મંચની મદદથી ફ્લેવિયાએ જુદો જ રાહ લીધો. પતિની ગેરહાજરીમાં જ ઘરેથી ફ્લેવિયા ફ્રીજ, કબાટ, કપડાં વગેરે લઈ આવી. ઓછું ભણતર અને એને પરિણામે ઓછી આવક હોવા છતાં ફ્લેવિયાએ હવે જુદા રહેવાનું નક્કી કરી લીધું હતું. એ રહેવા માટે મકાન શોધતી હતી. પરંતુ મુંબઈ જેવા શહેરમાં ઓછી મૂડીએ મકાન મેળવવું એ 'લોઢાના ચણા ચાવવા' જેટલું મુશ્કેલ કામ હતું. એ બાળકો સાથે 'પેઈંગ ગેસ્ટ' તરીકે પણ રહી. છેવટે ખૂબ દૂર મકાન મળ્યું તો એકલી સ્ત્રી જાણીને માલિકી વગરનું મકાન એને વેચીને છેતરવામાં આવી અને એમ એ ઘર પણ એણે જતું કરવું પડ્યું. બીજું ઘર રાખ્યું, પરંતુ ખૂબ અગવડો અને બાળકોના ભણતરનો પ્રશ્ન હોવાથી થાકી હારીને ફ્લેવિયા બાળકો



સહિત પતિને ઘેર પાછી ફરી. આવા સંજોગોમાં વધારે શૂર છૂટે એ સમજી શકાય તેમ છે. મહેણાં-ટોણાં અને મારઝૂડમાં કોઈ ફેર પડ્યો નહિ. બીજી બાજુ મંચનું કામ તો ચાલુ જ હતું. મંચે એક નારી કેન્દ્ર ઊભું કર્યું હતું. આ નારી કેન્દ્ર ફ્લેવિયાના 'પારસ્પરિક સહાય કેન્દ્ર'ના વિચાર બીજનું જ પરિણામ હતું. એમાં બહેનોના અંગત સામાજિક પ્રશ્નો બાબતે સલાહસૂચન આપવાનું અને જરૂર પડે તો આશ્રય આપવાનું પણ કાર્ય થતું હતું. ફ્લેવિયા એની સંચાલિકા તો બની, પણ અભ્યાસ ઓછો હોવાથી આગળ ભણવું જરૂરી બન્યું. એણે ભણવાનું શરૂ કર્યું. ફરી એકવાર બાળકોને પિતાને આશરે છોડવાં પડ્યાં. અહીં એણે માતૃત્વની નવી વ્યાખ્યા બાંધી– જેમાં પ્રેમની સાથોસાથ માતાની પ્રગતિ અને વિકાસની તક હોવી પણ એટલી જ જરૂરી છે તે ખ્યાલ સ્પષ્ટ થયો.

ફ્લેવિયાની પરીક્ષા વખતે એનો પતિ બાળકોને ખૂબ હેરાન કરતો. આમ છતાં ફ્લેવિયાએ હિંમત રાખી ભણવાનું ચાલું રાખ્યું ને ફર્સ્ટ ક્લાસ ડિસ્ટીંગશન સાથે એ બી. એ. પાસ થઈ. એ અરસામાં જ કેનેડામાં મોન્ટ્રીયલમાં આંતરરાષ્ટ્રીય પરિષદમાં અભ્યાસપત્ર રજૂ કરવાનું એને આમંત્રણ મળ્યું, પરંતુ એને બાળકોની ચિંતા હતી. અહીં બાળકો માતાની વહારે ધાયાં.

ફ્લેવિયાના આ સંઘર્ષમાં એનાં ત્રણે બાળકોએ સંપૂર્ણ સહકાર આપ્યો, પરંતુ આ સાંસારિક યુદ્ધમાં બાળકોએ ખૂબ સહન કર્યું. અવરનવર બદલવી પડેલી સ્કૂલ, એના કરતાં પણ વિશેષ તો અજાણ્યાને ત્યાં, 'પેઈંગ ગેસ્ટ' તરીકે, બોર્ડિંગમાં અને પિતાના ઘરમાં પણ અસલામત રહેઠાણ, કેટલીક વાર માતા સાથે તો કેટલીક વાર એકલાં રહીને પરિસ્થિતિનો એમણે સામનો કર્યો છે. ને એમ કરતાં ૧૨ વર્ષની શીતલે ગૃહિણી પણ બનવું પડ્યું છે. જ્યારે પ્રસન્ના વધુ અંતરમુખી બનીને જીવન પ્રત્યે બેદરકાર બની ગઈ. વિક્રમે પિતા પાસે રહેવાનું સ્વીકારીને પોતાની માતા અને બહેનોનો સ્નેહ અને હૂંફ ગુમાવ્યાં.

મોન્ટ્રીયલમાં ફ્લેવિયાએ 'પત્નીઓ પરની મારઝૂડ સામે અમારી લડત' પર અભ્યાસપત્ર રજૂ કર્યું. આ અંગે અનુકૂળ પ્રત્યાઘાત પડ્યા અને એક સ્ત્રી પ્રતિનિધિએ તો પતિની ક્રૂરતાનો જાત અનુભવ પણ જણાવ્યો. આ સંદર્ભમાં ફ્લેવિયાને પણ પત્નીઓ પરના પતિઓના જુલ્મોનો પરિચય મળ્યો અને ત્યાંની સ્થિતિય વધુ દયનીય હતી તેનો ખ્યાલ આવ્યો. સ્ત્રી સર્વત્ર ઉપેક્ષિત છે એ તારણ પર આવવામાં આ પરિષદે ફ્લેવિયાને ઠીક ઠીક ઉદાહરણો પૂરાં પાડ્યાં.

પરિષદમાંથી પાછા ફરતાં ફ્લેવિયાને વળી અંગત મુશ્કેલીઓ શરૂ થઈ. પિતાએ છોકરીઓને સાથે રાખવાની ના પાડી દીધી. બાળકીઓ માટે વસઈની કોન્વેન્ટમાં એડમિશન લેવા ગઈ તો સ્કૂલે દાંપત્ય વિચ્છેદવાળાં યુગલનાં બાળકોને પ્રવેશ આપવાની ના પાડી. કેમ જાણે કોઈ સામજિક અપરાધ હોય એવું વર્તન શિક્ષણ સંસ્થાનું પણ રહ્યું. થાકીને ફ્લેવિયાએ ભરણ-પોષણનો દાવો માંડ્યો પણ કાંઈ વળ્યું નહિ. બાળકો ન છૂટકે પાછા પિતા પાસે ગયાં. પિતાને કુટુંબને સતત ધાકધમકી અને ત્રાસ આપવાનું વળી એક કારણ ન્યાયતંત્રે પૂરું પાડ્યું. છેવટે ફ્લેવિયા ઉપલી અદાલતમાં ગઈ. પુત્રની હિંમત અને સમજને કારણે ખૂબ મુશ્કેલીથી એને છોકરીઓનું વાલીપણું મળ્યું. પતિની આવકને ધ્યાનમાં લઈને બાળકી દીઠ માસિક રૂ. ૧૫૦ ખાધાખોરાકીના આપવાનો હુકમ કોર્ટે કર્યો, પરંતુ છેવટ સુધી હંફાવવાના પ્રયત્નો ચાલુ રાખી એના પતિએ છેવટનો ઘા કરતાં નોકરી પણ છોડી દીધી જેથી ફ્લેવિયાને કે બાળકોને ખાધાખોરાકી આપવાનો પ્રશ્ન જ ઊભો ન થાય.

આમ શરૂઆતથી અંત સુધી ફ્લેવિયાનો પતિ ખૂબ ઝનૂનપૂર્વક પત્નીને રંજાડતો દેખાય છે. એને પોતાના સુખી જીવનની ઇચ્છા જણાતી નથી, પરંતુ પરપીડકવૃત્તિ જ સતત કાર્યરત દેખાય છે. આમ આ

પુસ્તકમાં એક વિકૃત માનસિક હાલત અનુભવતી વ્યક્તિ તરીકેની છાપ જ તે ઉપસાવે છે. 'પત્નીઓ પર પતિની મારઝૂડ'નો પ્રોજેક્ટ અને ટ્યુશન પર આવતાં વિદ્યાર્થીઓનાં ઘરની પરિસ્થિતિ પરથી એમ લાગે છે કે એનો પતિ એક માત્ર અપવાદ નથી, પરંતુ ધર્મ, વર્ણ, વર્ગ, સંસ્કૃતિના ભેદ હોવા છતાં પુરુષનું પરપીડનવૃત્તિનું પ્રાધાન્ય દુનિયામાં બધે લગભગ સરખું છે. આમ તો આ સમસ્યા સ્થાપિત–રૂઢિગત પુરુષ પ્રધાન મૂલ્યોને આભારી છે, પણ આ આત્મકથા એના સબળ પ્રતિકારનું મોટું ઉદાહરણ છે. લેખિકાએ અહીં જાતે જ કહ્યું છે કે આત્મદયાનો ભોગ બનવા નહિ, પરંતુ બીજી સ્ત્રીઓ આવી પરિસ્થિતિમાંથી રસ્તો કાઢે એ માટે એણે આ આત્મકથા લખી છે. લેખિકા આને સફળ જિંદગીની આત્મકથા ન હોવાનું કહે છે, પરંતુ જેનું વ્યક્તિત્વ માર ખાતી પત્નીથી શરૂ કરી નારી કેન્દ્ર ઊભું કરવા સુધી પહોંચ્યું હોય, એ સાથે આંતરરાષ્ટ્રીય પરિષદમાં જવાનું આમંત્રણ મેળવે, સમસ્યા હોવા છતાં બાળકોનો વિકાસ ન અવરોધાય એ પરિસ્થિતિ ઊભી કરી શકે અને એના જ શબ્દોમાં કહીએ તો 'જીવવાનું, જોખમ ખેડવાનું, અવનવું શીખવાનું, અરે ભૂલો કરવાનું પણ સ્વાતંત્ર્ય છે' એવો આત્મવિશ્વાસ કેળવે એને સફળતા નહિ તો બીજું શું કહીશું?

આ સંઘર્ષમાંથી મેળવેલી સફળતા માટે ફ્લેવિયા બધો યશ પોતે લેતી નથી, પરંતુ સામાન્ય સ્ત્રીઓને, વિધવા માતાને, પોતાની બહેનોને, ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને, ટ્યુશનના વિદ્યાર્થીઓને, તેમની માતાઓ અને નારી આંદોલનની બહેનોને પણ એ યશ આપે છે એમાં એની પરિપક્વતા, સમજ અને ઉદારતા પ્રકટ થાય છે.

લેખિકા પ્રસંગોનો ક્રમ નથી જાળવી શકી એ આ આત્મકથાની મર્યાદા ગણાય, જેમ કે પાના નં. ૧૫ પર સ્વતંત્ર થવાના નિર્ણય પછી એકાએક પતિના તિરસ્કારયુક્ત સંબંધની વાત અણધારી રીતે આવતાં વાત અલગ પડે છે ને પ્રવાહ ખંડિત થાય છે.

અઠવાડિયામાં જ અનુવાદ કરી આપવાની ઉતાવળમાં વાક્યો, કે વાક્યખંડો દોષપૂર્ણ રહ્યાં છે આથી મૂળકૃતિ બરાબર પકડી શકાતી નથી એ અહીં નોંધવું રહ્યું.

આમ છતાં આ આત્મકથા સ્ત્રી વિષયક સ્ફોટક સામાજિક પ્રશ્નને રજૂ કરે છે. પ્રશ્નની જટિલતા અહીં જણાવી છે ને એમાંથી ઉકેલ લાવવાની એની મથામણ પણ અનુભવાય છે, પણ આ પ્રશ્ન તો જ હલ થઈ શકે જો સ્ત્રીવિષયક કાયદાઓનો અમલ કરવામાં યુદ્ધને ધોરણે કાર્યવાહી હાથ ધરવામાં આવે.

❋ ❋ ❋



# સ્ત્રીઓને થતો આર્થિક અન્યાય—એક સમજૂતી

ઇન્દિરા હિરવે

તાજેતરમાં થયેલો આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાનો એક અભ્યાસ બતાવે છે કે, તેના સભ્ય દેશોમાં માનવ-જીવનની ભૌતિક જરૂરિયાતો સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલાં જે કોઈ કાર્યો થાય છે તે કુલ કાર્યોના લગભગ ૬૭ ટકા કાર્યો સ્ત્રીઓ કરે છે. પરંતુ આ દેશોમાં જે કુલ આવક પેદા થાય છે તેના ફક્ત ૧૦ ટકા આવક સ્ત્રીઓને મળે છે અને કુલ મિલકતના ૧ ટકા મિલકત જ સ્ત્રીઓને નામે છે. આ આંકડા સ્ત્રીઓને થતા આર્થિક અન્યાયનો સારો એવો ખ્યાલ આપે છે. કારણ કે, તે સ્પષ્ટપણે બતાવે છે કે સ્ત્રીઓ કુલ કામનો ઘણો મોટો બોજો ઉપાડે છે તોપણ તેને કુલ આવક કે મિલકતમાં નજીવો ભાગ જ મળે છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, સ્ત્રીઓએ કરેલાં આ કાર્યોનો મોટો ભાગ આર્થિક પરિભાષામાં કાર્ય તરીકે પણ ગણાતો નથી. કારણ તે બજારમાં વેચાતો–ખરીદાતો નથી. ધોબી કપડાં ધૂએ તો તે કાર્ય છે, પણ ઘરમાં સ્ત્રી કપડાં ધૂએ તો તે કાર્ય નથી! રસોઈઓ રસોઈ કરે તો તે કાર્ય છે, પણ સ્ત્રી ઘરમાં રસોઈ બનાવે તે કાર્ય નથી! કાર્યની આ મર્યાદિત પરિભાષાને કારણે રાષ્ટ્રીય આવકના આંકડાઓમાં સ્ત્રીઓની આ આવકનો ક્યાંય સમાવેશ થતો નથી. તેમ જ રોજગારીના અભ્યાસોમાં આ સ્ત્રીઓની રોજગારી પણ ગણવામાં આવતી નથી. આથી જ્યારે રોજગારીના અને શ્રમના પ્રશ્નોની ચર્ચા થાય છે અને તેને અંગે કાર્યક્રમો ઘડાય છે ત્યારે તેમાં સ્ત્રીઓના આ કાર્યનો સમાવેશ કરવામાં આવતો નથી. ઉત્પાદનની અને વિકાસની નીતિ અને કાર્યક્રમો આ સ્ત્રીઓની ખુલ્લી રીતે જ અવગણના કરે છે. એમ ધારવામાં આવે છે કે, અર્થતંત્રનાં મુખ્ય કાર્યોનો બોજો પુરુષો ઉપાડે છે તેથી આ બધી નીતિ પુરુષોને અનુલક્ષીને જ ઘડાવી જોઈએ.

આર્થિક નીતિઓમાં રહેલા આ પુરુષલક્ષી અભિગમને કારણે સ્ત્રીઓને અનેક રીતે અન્યાય થાય છે. આ અન્યાયનું શું સ્વરૂપ છે તેમ જ તેના મૂળમાં ક્યાં પરિબળો કામ કરે છે એની ચર્ચા પ્રસ્તુત લેખમાં કરવામાં આવી છે. છેવટે આ અંગે શું કરી શકાય એ વિષે પણ ચર્ચા કરવામાં આવી છે.

## આર્થિક અન્યાયનું સ્વરૂપ

સ્ત્રીઓને થતા આર્થિક અન્યાયની ચર્ચા કરતાં પહેલાં સ્ત્રીઓને આર્થિક ન્યાય એટલે શું તે સમજવું જરૂરી છે. અહીં આર્થિક ન્યાય એટલે આર્થિક વિકાસ માટે સમાન તક એમ અર્થ કરવામાં આવ્યો છે. એટલે કે, જ્યારે આર્થિક વિકાસ કરવા માટે સ્ત્રીઓને પુરુષોને મળે છે તેવી તકો મળે અને વિકાસના ફળમાં પણ સમાન ભાગ મળે ત્યારે સ્ત્રીઓને આર્થિક ન્યાય મળે છે એમ કહી શકાય. આ સમાનતા યંત્રવત્ નથી, એટલે કે સ્ત્રીઓ પણ શર્ટ-પેન્ટ પહેરે કે સિગરેટ ફૂંકે એવી અપેક્ષા નથી. પરંતુ સ્ત્રીઓને આગળ વધવા માટે તે સ્ત્રી છે તે માટે અવરોધો ન ઊભા થવા જોઈએ એ અહીં જરૂરી ગણવામાં આવ્યું છે.

સ્ત્રીઓને થતા આર્થિક અન્યાયનાં વિવિધ પાસાંઓને નીચે પ્રમાણે વર્ણવી શકાય.

### ૧ અન્યાયકારી આર્થિક મૂલ્યો

સૌ પ્રથમ પાયાનો આર્થિક અન્યાય એ છે કે, અર્થશાસ્ત્રીઓએ ઊભા કરેલાં આર્થિક મૂલ્યો જ સ્ત્રીઓને માટે અન્યાયકારી છે. આવકની સમાન વહેંચણી, મૂડીનાં સાધનોની સમાન વહેંચણી, ઉપભોગ માટેની સમાન તકો વગેરે આધુનિક આર્થિક મૂલ્યો હમેશાં પુરુષોને માટે જ ગણવામાં આવે છે. મૂડીની માલિકી એટલે પુરુષોની જ, આવક મેળવનારા એટલે પુરુષો જ એમ ધારી લેવામાં આવે છે અને પુરુષો વચ્ચે મૂડીનાં સાધનોની સમાન વહેંચણી થવી જોઈએ કે પુરુષોની આવક વધારે સમાન થવી જોઈએ એમ રજૂઆતો કરવામાં આવે છે. ઉદાહરણરૂપે કેરાલામાં થયેલા જમીનસુધારા અંગેના તાજેતરના એક અભ્યાસે બતાવ્યું છે કે, જમીનની કહેવાતી સમાન વહેંચણીમાં સ્ત્રીઓને ખૂબ અન્યાય થયો છે. જમીન સુધારો આવ્યો તે પહેલાં જે અનેક સ્ત્રીઓ જમીનની માલિક હતી તે હવે 'પ્રગતિશીલ જમીન સુધારા' પછી જમીન વિનાના મજૂરોની હરોળમાં મૂકાઈ ગઈ છે.[૧] પુરુષલક્ષી આર્થિક મૂલ્યો આમ સ્ત્રીઓને માટે ઘણા અન્યાયકારી બન્યાં છે. આર્થિક વિકાસ સાથે સ્ત્રીઓના ઊતરતા જતા આર્થિક દરજ્જાની જે ફરિયાદો જોવા મળે છે, તેનાં મૂળમાં આ અન્યાયકારી આર્થિક મૂલ્યો જ છે.

### ૨ આર્થિક વિકાસની અસમાન તકો

સ્ત્રીઓને થતા આર્થિક અન્યાયનું બીજું મહત્ત્વનું પાસું એ છે કે, તેને વિકાસ માટે સમાન તકો ઉપલબ્ધ નથી. મૂડીનાં સાધનોની માલિકી મોટે ભાગે પુરુષોના હાથમાં હોવાને કારણે સ્ત્રીઓ બેન્કો કે બીજી નાણાંકીય સંસ્થામાંથી શાખ મેળવી શકતી નથી. કેટલાંક સામાજિક તેમ જ સાંસ્કૃતિક મૂલ્યોને કારણે સ્ત્રીઓને કેળવણીની, તાલીમની તેમ જ નોકરી-ધંધાની ઘણી મર્યાદિત તકો મળે છે. નોકરી-ધંધામાં દાખલ થયા પછી પણ આ જ કારણોને લીધે તેમનો વિકાસ મર્યાદિત બની જાય છે. આને પરિણામે કુલ શ્રમના એક ભાગરૂપે સ્ત્રીઓને ન્યાય મળતો નથી અને પુરુષોની તુલનામાં તે હમેશાં પાછળ રહે છે.

### ૩ શ્રમબજારમાં સ્ત્રીઓ

શ્રમબજારમાં કામ કરનારી સ્ત્રીઓનો વિચાર કરીએ એટલે કે, અર્થશાસ્ત્રીઓ જેને 'કાર્ય' ગણે છે તે કરનારી સ્ત્રીઓનો વિચાર કરીએ તો સ્પષ્ટપણે દેખાય છે કે શ્રમબજારમાં સ્ત્રીઓનું સ્થાન ઊતરતી કોટીનું છે. પહેલું તો પુરુષોના પ્રમાણમાં કામ કરનારી સ્ત્રીઓનું પ્રમાણ ઘણું ઓછું છે. ૧૯૭૧ અને ૧૯૮૧ના વસ્તીગણતરીના આંકડા તપાસીએ તો જણાશે કે, ગુજરાતમાં ૧૯૭૧માં ૫૧.૨ ટકા પુરુષો અને ૧૦.૩ ટકા સ્ત્રીઓ કામ કરતી હતી, અને ૧૯૮૧માં આ ટકા અનુક્રમે ૫૧.૨ અને ૧૧.૮ હતા. આ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે, સ્ત્રીઓનું આ ઓછું પ્રમાણ તેમને ઓછું કામ જોઈએ છે તે કારણે નહિ, પણ તેમને વધુ કામ મળતું નથી તેને કારણે છે.[૨] કામ કરનારી સ્ત્રીઓનું બીજું મહત્ત્વનું લક્ષણ એ છે કે, તેમને પુરુષોના પ્રમાણમાં ઘણા ઓછા દિવસો માટે કામ મળે છે. દક્ષિણ ગુજરાતમાં કરવામાં આવેલો એક અભ્યાસ બતાવે છે કે, કામ કરનારી સ્ત્રીઓને સરેરાશ ૧૫૩ દિવસનું કામ મળે છે. જ્યારે પુરુષોને ૨૧૮ દિવસનું કામ મળે છે.[૩] ગુજરાતનાં કારખાનાઓમાંની સ્ત્રીઓની રોજગારીના આંકડા પણ આમ જ સૂચવે છે.[૪] શ્રમ-બજારમાં સ્ત્રીઓને થતા અન્યાયનું ત્રીજું લક્ષણ એ છે કે સ્ત્રીઓ ઓછી ઉત્પાદકતા અને ઓછી મજૂરીવાળી પ્રવૃત્તિઓમાં કામ કરે છે અને તેમનું રોજગારીનું વૈવિધ્ય ઘણું ઓછું છે. ગુજરાતના જ આંકડા તપાસીએ તો જણાશે કે ૧૯૭૧ અને ૧૯૮૧માં સ્ત્રી કામદારોના અનુક્રમે ૮૩ ટકા અને પ્રાથમિક ક્ષેત્રમાં (ખેતી અને આનુષંગિક) કામ કરતી હતી. જ્યારે પુરુષો માટેના આ ટકા અનુક્રમે ૬૪ અને ૫૭ હતા. ફરીથી, સ્ત્રી કામદારોની આ ઓછી કાર્યવિવિધતા તેમને બીજાં ક્ષેત્રોમાં કામ કરવું નથી તે કારણે નહિ, પણ તેમને બીજાં ક્ષેત્રોમાં સહેલાઈથી કામ નથી મળતું તેને



કારણે છે. ચોથું, સ્ત્રીઓને પુરુષોના પ્રમાણમાં કાયમી સ્વરૂપનું કામ ઘણું ઓછું મળે છે. એમ જોવા મળે કે, સ્ત્રીઓ મોટેભાગે દાંડિયા તરીકે, કોંટ્રાકટ કામદાર તરીકે કે ઉધડ કામ કરનારા તરીકે કામ કરતી હોય છે. જ્યારે પુરુષોને પ્રમાણમાં લાંબાગાળાનું કાયમી સ્વરૂપનું કામ વધારે મળે છે. એન.એસ.એસ.ના તેમ જ ૨૭મા તેમ જ ૩૨મા રાઉન્ડના આંકડાઓ આ વાતનું સમર્થન કરે છે. પાંચમું, સ્ત્રીઓમાં પુરુષો કરતાં બેકારીનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો કામ શોધવા છતાં કામ ન મેળવનારાઓનું પ્રમાણ પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધારે જોવા મળે છે. અને છેલ્લે, ઉપરનાં બધાં પરિબળોને કારણે સ્ત્રીઓના એકંદરે વેતનના દર પણ પુરુષોના પ્રમાણમાં નીચાં હોય છે. ટૂંકમાં, શ્રમ બજારમાં સ્ત્રીઓની પરિસ્થિતિ પુરુષો કરતાં ઘણી વધારે વિકટ છે.[૫]

### ૪ ટેકનોલોજીનો વિકાસ અને સ્ત્રીઓ

આપણા પુરુષલક્ષી અર્થતંત્રમાં ટેકનોલોજીનો વિકાસ સ્ત્રીઓને ખાસ લાભકારક નીવડ્યો નથી, બલકે, નુકસાનકારક નીવડ્યો છે એમ ઘણા અભ્યાસોએ બતાવ્યું છે. જ્યાં નવી ટેકનોલોજી દાખલ થાય છે ત્યાંથી સ્ત્રીઓને પદ્ધતિસર કાઢી મૂકવામાં આવે છે એમ પણ જોવા મળે છે.[૬] ખેતીમાં, ઓફિસોમાં, ઉદ્યોગમાં અને એમ લગભગ બધાં ક્ષેત્રોમાં આ પ્રકારની હકાલપટ્ટી જોવા મળે છે. ખરું કહીએ તો ઘણીવાર સ્ત્રીઓને માટે યોગ્ય ગણાતી ટેકનોલોજી પણ સ્ત્રીઓને ખરેખર લાભ આપતી નથી. કારણ કે, આ ધંધાઓ કે ઉદ્યોગોમાં પણ સ્ત્રીઓને કામ મળે છે પણ તેનો દરજ્જો ગૌણ જ રહે છે. દાખલા તરીકે સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે, ખાદી અને ગ્રામોદ્યોગો, તૈયાર કપડાંનો ઉદ્યોગ, ઇલેક્ટ્રોનીક્સ વગેરે ઉદ્યોગની ટેકનોલોજી સ્ત્રીઓને કામ આપી શકે તેવી છે.[૮] પરંતુ આ ઉદ્યોગમાં કરવામાં આવેલા અભ્યાસો જણાવે છે કે, સ્ત્રીઓને અહીં કામ મળે છે, પણ તેમના રોજગારીના દરજ્જામાં કોઈ સુધારો થતો નથી. ઘણીવાર તેમનું અનેક રીતે શોષણ પણ થાય છે. સ્ત્રીઓ અહીં ફક્ત મજૂર તરીકે અને તે પણ કામચલાઉ કોન્ટ્રાક્ટ કે બિનકાયમી મજૂર તરીકે નીચા વેતને કામ કરે છે. તેને સુપરવાઈઝર કે મેનેજર પણ ભાગ્યે જ બનાવવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો કહેવાતી અનુરૂપ ટેકનોલોજી પણ સ્ત્રીઓની શ્રમબજારની પરિસ્થિતિમાં કોઈ ખાસ ફેરફાર કરતી નથી. પુરુષોની મેનેજમેન્ટ નીચે કામચલાઉ મજૂરી કરવા સ્ત્રીઓને તક મળે તે વાત સ્ત્રીના દરજ્જામાં કોઈ નોંધપાત્ર ફેરફાર કરતી નથી.[૯] ઊલટું ટેકનોલોજીનો વિકાસ પુરુષલક્ષી છે અને તે સ્ત્રીઓના વિકાસની અવગણના કરે છે એમ કહેવું વધારે યોગ્ય થશે.

### ૫ સ્ત્રીઓ પર પડતો કામનો બોજો

આપણે શરૂઆતમાં જોયું કે, આપણા અર્થતંત્રમાં કુલ કામનો લગભગ ૬૭ ટકા બોજો સ્ત્રીઓ પર પડે છે. એટલે કે પુરુષો કુલ કામના ત્રીજા ભાગનું જ કામ કરે છે અને બાકીનું કામ સ્ત્રીઓ પર આવી પડે છે. આની ઘણી વિપરીત અસરો જોવા મળે છે.

એક અસર તો એ છે કે, કમાનારી સ્ત્રીઓનો કામનો બોજો ખૂબ વધી ગયો છે. ડબલ્યુ.એચ.ઓ.એ કરેલો એક અભ્યાસ બતાવે છે કે, કામ કરનારી સ્ત્રીઓ ઘરની બધી જવાબદારીઓ પણ સંભાળે છે, જેને પરિણામે કામની બેવડી જવાબદારી તેમના પર પડે છે. આ અભ્યાસ એમ પણ જણાવે છે કે, ઘરકામ કરવા કોઈ નોકર હોય કે પુરુષ પણ ઘરમાં મદદ કરતો હોય તોપણ જે સ્ત્રી બહાર કામ કરે છે તેનો કામનો બોજો નિશ્ચિતરૂપે વધી જાય છે.[૧૦] એ વાત નોંધપાત્ર છે કે, આ હકીકત વિકસેલા તેમ જ વિકસતા એમ બન્ને પ્રકારના દેશોમાં જોવા મળે છે.

એમ ગણતરી કરવામાં આવી છે કે, આજના વિકસતા દેશોમાં ૧૧-૧૩ ટકા કુટુંબો સ્ત્રીની કમાણી પર નભે છે. એટલે કે આ કુટુંબોમાં સ્ત્રી જ કુટુંબોની વડી છે. આ કુટુંબોના ત્રીજા ભાગ કરતાં પણ વધારે કુટુંબો ગરીબ કુટુંબ હોય છે. શ્રમબજારમાં વિકટ

પરિસ્થિતિમાં મુકાયેલી સ્ત્રીઓને આ કુટુંબને પોષવાનો બોજો ઘણો વધારે પડતો લાગે છે. કામચલાઉ કામ મેળવીને, ઓછે પગારે અને નીચી ઉત્પાદકતાવાળાં કામો કરીને સ્ત્રીઓ જ્યારે કુટુંબનું ભરણપોષણ કરે છે ત્યારે તેમની પરિસ્થિતિ ખરેખર ઘણી વિકટ હોય છે. આંતરરાષ્ટ્રીય શ્રમસંસ્થાનો બીજો એક અભ્યાસ આથી નોંધે છે કે, આ ત્રીજો ક્રોસ ઉપાડનારી સ્ત્રીઓની દશા ગંભીર વિચારણા માગી લે છે.[૧૧]

સ્ત્રીઓ પર પડતા કામના બોજાની કેટલીક વિપરીત અસરો તેમની તંદુરસ્તી અને એકંદર જીવન પર જોવા મળે છે. જોકે, આ બાબતમાં વિકસતા દેશોનો અનુભવ ખાસ નોંધાયો નથી, પણ વિકસિત દેશોમાં કરવામાં આવેલા અભ્યાસો એમ બતાવે છે કે, ઉત્પાદનની પ્રક્રિયા, મશીનોની બનાવટ કારખાનાંના નિયમો વગેરે બધું પુરુષોને લક્ષમાં લઈ નક્કી કરવામાં આવતું હોવાથી સ્ત્રીઓ પર ઘણીવાર આ બધાની અયોગ્ય અસરો જોવા મળે છે. વધુ પડતો અવાજ, વધુ પડતા હલનચલન અને વાઈબ્રેશન, જુદાં જુદાં રસાયણોનો ઉપયોગ ઘણીવાર પુરુષો કરતાં સ્ત્રીઓને વધુ હાનિકારક નીવડે છે.[૧૨] પરંતુ સામાન્ય રીતે આ અંગે મેનેજમેન્ટ જાગૃત પણ હોતી નથી અને તેમને આ અયોગ્ય અસરોની ખબર હોય તો યોગ્ય પગલાં પણ લેતી નથી.

### ૬ સ્ત્રીઓ માટેના કાર્યક્રમો/કાયદાઓનો અમલ

સ્ત્રીઓની વિશિષ્ટ પરિસ્થિતિ તથા તેમના ખાસ પ્રશ્નોને ખ્યાલમાં રાખીને સ્ત્રીઓ માટે ખાસ કાર્યક્રમો ઘડવામાં આવે છે. તેમનાં હિત માટે ખાસ કાયદાઓ અને કાર્યક્રમોનો અમલ બહુ સંતોષકારક થતો જોવા મળતો નથી. એલિઝાબેથ રીડના શબ્દોમાં કહીએ તો સ્ત્રીઓને માટેના આંતરરાષ્ટ્રીય વર્ષ અને આંતરરાષ્ટ્રીય દાયકા પછી પણ તેમના કાર્યક્રમો અને તેમની પરિસ્થિતિ વચ્ચે ઘણો ફેર છે. ઘણા ઉચ્ચ હેતુ હોવા છતાં આ કાર્યક્રમો અસરકારક રીતે અમલમાં આવી શકતા નથી.[૧૩] આ કાર્યક્રમોની નિષ્ફળતા પાછળ કામ કરનારાં પરિબળોનું પૃથક્કરણ કરવા એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં પ્રસૂતિનો કાયદો અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યો હતો. કારણ કે, આ એક એવો કાયદો છે જે માતૃત્વની જવાબદારીઓને કારણે સ્ત્રીઓને થતા ગેરલાભોને દૂર કરવાનો અને તે દ્વારા સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતા લાવવા પ્રયત્નો કરે છે.[૧૪] આ અભ્યાસનું એક મહત્ત્વનું તારણ એ હતું કે, સ્ત્રી તરફી કાયદાઓ અને કાર્યક્રમોની નિષ્ફળતા માટે માલિકો. સરકાર તેમ જ સ્ત્રી-કામદારો પોતે પણ જવાબદાર છે. માલિકો માને છે કે. સ્ત્રીઓની ઉત્પાદકતા ઓછી છે, રજાઓ બહુ લે છે અને પુરુષોના પ્રમાણમાં વધુ ખર્ચાળ નીવડે છે. આથી તેઓ કાં તો સ્ત્રીઓને કામ આપતા નથી અને આપે છે તો એ રીતે આપે છે કે સ્ત્રીઓને પ્રસૂતિના લાભો ખાસ મળે નહિ. પરણેલી યુવાન સ્ત્રીઓને કામ ન આપવું, ૪૫ વર્ષની ઉપરની સ્ત્રીઓને કામે રાખવી, સ્ત્રી કામદારોને કાયમી ન બનાવવા અને બને ત્યાં સુધી કાયદેસર હોય તોપણ પ્રસૂતિના લાભ ન આપવા વગેરે પગલાં સામાન્ય રીતે માલિકો લેતા જોવા મળે છે. સરકાર પણ સ્ત્રી-કામદારોના હક્કના રક્ષણ માટે બહુ ઉત્સાહી દેખાતી નથી. સ્ત્રી તરફી કાયદાના પાલન તરફ બહુ ધ્યાન આપતી નથી અને સ્ત્રી કામદારો પોતે પણ પોતાના હક્ક માટે જાગૃત નથી અને જાગૃત હોય તો હિંમતવાન નથી કે પોતાના હક્કો તે માગી શકે. પરિણામે, આ અભ્યાસ બતાવે છે કે, ગુજરાતના કુલ સ્ત્રી કામદારો-ના ૧/૨ ટકા કામદારોને પણ પ્રસૂતિના કાયદાઓનો માંડ લાભ મળે છે. સ્ત્રીઓને સમાનતા આપવા માટે આ કાયદો આમ ભાગ્યે જ કંઈ કરી શક્યો છે. એમ લાગે છે કે, પુરુષપ્રધાન અર્થતંત્રના નીતિ-નિયમો પુરુષોને કેન્દ્રમાં રાખીને ઘડવામાં આવ્યાં છે. સ્ત્રીઓના હિત વિશે કાયદાઓના ઘડનારા તેમ જ અમલ કરનારા બહુ જાગૃત નથી. પરિણામે કાયદા કે કાર્યક્રમો દ્વારા પણ આજની પરિસ્થિતિમાં સ્ત્રીઓને કેટલી



મદદ કરી શકાય એ એક મોટો પ્રશ્ન જ છે.

સમાપનમાં કહીએ તો સ્ત્રીઓને થતા આર્થિક અન્યાયનું સ્વરૂપ ખરેખર ગંભીર છે. પરંતુ તેથી વધુ ગંભીર એ હકીકત છે કે, આ અન્યાયમાંથી બહાર લાવવાના રસ્તા વિકટ છે. કારણ આજના સમાજને તેમ જ સમાજનાં આધુનિક પ્રગતિશીલ મૂલ્યોને પણ તે સ્વીકાર્ય નથી.

## આર્થિક અન્યાયનાં મૂળ

આજે અર્થતંત્ર સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ભેદભાવ રાખે છે એ હકીકત સર્વસ્વીકાર્ય છે. સ્ત્રીપુરુષની માંગ, પુરવઠો કે તેમનું શ્રમબજાર જુદાંજુદાં હોય છે. તેમની પરનો કાર્યબોજ, તેમની આવક અને ઉપભોક્તા ધોરણ તેમ જ તેમની ઉત્પાદકતા પણ જુદી જુદી હોય છે. આ તફાવત એટલે કે સ્ત્રીની આ બધામાં ઊતરતી કક્ષાની પરિસ્થિતિને સમજાવવા માટે ઘણા સિદ્ધાન્તો રજૂ કરવામાં આવ્યા છે. સ્ત્રીના આર્થિક અન્યાયના મૂળને સમજાવતી આ મુખ્ય રજૂઆતો નીચે પ્રમાણે વર્ણવી શકાય.

### ૧ સ્ત્રીઓમાં ઓછી માનવમૂડી છે

સ્ત્રી કામદારો અને પુરુષ કામદારોમાં એકંદરે જોવા મળે છે કે, સ્ત્રી કામદારો કરતાં પુરુષોમાં વધુ માનવમૂડી સચિત થયેલી હોય છે. એટલે કે પુરુષોને વધુ કેળવણી, તાલીમ, અનુભવ વગેરે મળે છે જેથી તેમની ઉત્પાદકતા સ્ત્રીઓના પ્રમાણમાં વધુ હોય છે. પુરુષ કામદારો તેથી સ્ત્રીઓના પ્રમાણમાં શ્રમ બજારમાં વધુ અનુકૂળ પરિસ્થિતિમાં હોય છે. તેમને વધુ પગારવાળાં કામ મળે છે. તેમનો નોકરી-ધંધામાં જલદી વિકાસ થાય છે અને આર્થિક સત્તા તેમના હાથમાં ભેગી થાય છે. જ્યારે બીજી બાજુ સ્ત્રીઓ અશિક્ષિત કે ઓછું ભણેલી હોય છે, તેને તાંત્રિક તાલીમ પણ ઓછી મળે છે. તેથી તે બિનકુશળ કાર્યોમાં કે ઓછી ઉત્પાદકતાવાળાં કાર્યોમાં જોવા મળે છે. તેના વિકાસની તકો મર્યાદિત રહે છે અને એકધારા પ્રકારનાં (કારકુન, સેક્રેટરી, ટાઈપીંગ) કામોમાં જ્યાં વિકાસની તક ઓછી છે (dead-end jobs) તેમાં તે વધુ જોવા મળે છે.

### ૨ સામાજિક કારણો

આ સિદ્ધાન્ત પ્રમાણે સ્ત્રીને થતા આર્થિક અન્યાય માટે સામાજિક કારણો જવાબદાર છે. આપણાં સામાજિક મૂલ્યો એમ કહે છે કે, સ્ત્રીનું મુખ્ય કામ ઘરમાં છે. તેની મુખ્ય ફરજ બાળકોની, ઘરડાંઓની અને પુરુષોની સંભાળ રાખવાની છે. આ ઉપરાંત જરૂર પડે તો જ કે ઇચ્છા હોય તો જ તે બહારનું કામ કરી શકે છે. સ્ત્રીને માટે મુકરર થયેલી આ સામાજિક ભૂમિકા તેના પર એવી ઠોકી બેસાડી હોય છે કે, સ્ત્રી આની બહાર નીકળીને બીજી કોઈ ભૂમિકાનો સામાન્ય રીતે વિચાર કરતી નથી. તે બીજું કામ કરે છે ત્યારે તે ફક્ત થોડા સમય માટે કરે છે અને તેમાં વ્યક્તિગત વિકાસની મહત્ત્વાકાંક્ષા હોતી નથી. પરિણામે સ્ત્રીઓ ઓછા મહત્ત્વવાળા, ઓછા ઉત્પાદક, નીચા વેતનવાળા ઉદ્યોગ-ધંધામાં જ મુખ્યત્વે કામ કરતી હોય છે.

### ૩ મર્યાદિત કામોમાં સ્ત્રીઓની ગિરદી

જ્યારે કોઈ કાર્યમાં કામ કરનારાઓની સંખ્યા ઘણી મોટી હોય છે ત્યારે ત્યાં કામ કરનારાની ભીડ થાય છે અને પરિણામે મજૂરના વેતનના દર નીચા જાય છે. અર્થતંત્રના શ્રમબજારમાં પણ આમ જ બને છે. સ્ત્રીઓ મોટેભાગે કેટલાંક મર્યાદિત કામો કરવા જ તૈયાર થાય છે. આથી આ કામોમાં તેમની ભીડ થઈ જાય છે. દાખલા તરીકે નર્સ, શિક્ષિકા, કારકુન, બિનકુશળ શ્રમ વગેરે કામો સામાન્ય રીતે સ્ત્રીઓ પસંદ કરે છે અને પોલીસ, ડ્રાઈવર, કંડક્ટર, સૈનિક, ઈજનેર. વૈજ્ઞાનિક, મિકેનિક વગેરે અનેક કામો કરવા તે તૈયાર થતી નથી આથી થોડાં કામોમાં તેમની ગિરદી થાય છે, જેની તેમની રોજગારી અને વેતન પર માઠી અસર પડે છે. સ્ત્રીઓને પ્રતિકૂળ એવા

પુરવઠાનાં આ લક્ષણનો માલિકો લાભ લે છે અને સ્ત્રી કામદારોને ઓછામાં ઓછા દરે કામ આપે છે તેમ જ બીજી અનેક રીતે શોષણ કરે છે.

**૪ સ્ત્રી કામદારો વધુ મોંઘા હોય છે**

આ સિદ્ધાંતનું સમર્થન કરનારા માને છે કે, માલિકોને માટે પુરુષો કરતાં સ્ત્રી–મજૂરો વધુ મોંઘા પડે છે. સ્ત્રી મજૂરો વધુ મોંઘા હોવાનાં કારણો આ પ્રમાણે છે :

૧ સ્ત્રીઓ વધારે રજાઓ લે છે. બાળકોની માંદગી માટે, કુટુંબની અન્ય જવાબદારીઓને કારણે કે, પછી પ્રસૂતિ વખતે સ્ત્રીઓ રજા લેતી હોય છે. આને લીધે તેનો નિભાવ-ખર્ચ મોંઘો પડે છે.

૨ સ્ત્રીઓ રાતની પાળીમાં કામ કરતી નથી. તેમ જ મોડે સુધી કે વહેલા આવીને પણ જરૂર પડચે કામ કરતી નથી. સ્ત્રી કામદારો હોય ત્યાં માલિકને બાથરૂમ, આરામની રૂમ, ઘોડિયાઘર વગેરે સવલતો માટે પણ ખર્ચ કરવું પડે છે અને આથી પણ તેઓ વધારે ખર્ચાળ બને છે.

૩ સ્ત્રીઓની ઉત્પાદકતા ઓછી છે. કારણ તે મન લગાવીને કામ કરતી નથી. કામ કરવામાં તેનું ધ્યાન ઓછું હોય છે કારણ કે તેનું મુખ્ય ધ્યાન ઘર પર હોય છે અને તેથી પણ એકંદરે સ્ત્રીઓને કામ આપવું મોંઘું પડે છે.

સ્ત્રી મોંઘી પડે છે તેના ઉપર આપેલાં કારણો ખરાં છે તેમ કહી શકાય નહિ. કારણ કે આ અંગે પદ્ધતિસર થયેલા અભ્યાસોનો કોઈ ટેકો નથી. પણ આવી માન્યતાઓ માલિકોમાં પ્રચલિત છે અને આવા પૂર્વગ્રહો સ્ત્રીઓની આડે આવે છે એમ ઘણીવાર જોવા મળ્યું છે.

**૫ સાંસ્કૃતિક કારણો**

આપણી પુરુષપ્રધાન સંસ્કૃતિએ એવા નીતિ–નિયમો ઘડયાં છે કે તેમને કારણે સ્ત્રીને કામે રાખવી અનુકૂળ રહેતું નથી. આથી માલિકો સ્ત્રીઓને પસંદ કરતા નથી. દાખલા તરીકે સામાન્ય રીતે સ્ત્રી શરમાળ અને ભીરુ હોય છે. આત્મવિશ્વાસથી નવા લોકો સાથે કે નવી પરિસ્થિતિ સાથે અનુકૂળ થઈને તે કામ કરી શકતી નથી. તે એકલી પ્રવાસ કરતી નથી અને પરપુરુષો સાથે પણ પ્રવાસ કરતી નથી. રજાને દિવસે કે કામના સમય સિવાયના સમયે આવીને કામ કરવા પણ તે તત્પર હોતી નથી. આ બધાને પરિણામે તેને કામમાં રાખવા માટે માલિકો બહુ ઉત્સાહ ધરાવતા નથી. માલિકો સ્ત્રીઓને કામે રાખે છે તો પણ જવાબદારીનું કામ આપતાં કચવાટ કરે છે. પરિણામે રોજિંદા, સાદા અને એકધારા પ્રકારનાં કામોમાં જ સ્ત્રીઓને કામ મળે છે.[૧૫]

**૬ કુટુંબમાં શ્રમવિભાજન**

આ સમજૂતી એમ માને છે કે, કુટુંબમાં કુલ કાર્યનું વિભાજન જે રીતે થાય છે તે જ સ્ત્રીની ઊતરતી પરિસ્થિતિ અને અન્યાય માટે જવાબદાર છે. સામાન્ય રીતે કુટુંબમાં ઘરનાં કામ જેવાં કે બાળકોને ઉછેરવાનાં, ઘરને સંભાળવાના, ઘરના સભ્યોની દેખરેખ રાખવાનાં વગેરે સ્ત્રીઓને માથે હોય છે અને બહાર જઈને કમાવવાની જવાબદારી પુરુષોને માથે હોય છે. આ શ્રમવિભાજનમાં એવી એક ધારણા છે કે. ઘરનાં કામ ઊતરતી કક્ષાનાં છે, સહેલાં છે અને બહારની દુનિયા સાથેનાં કામ મહત્ત્વનાં છે. આ ધારણાને પરિણામે ઊતરતી કક્ષાનાં કામ કરનારી સ્ત્રીને ફક્ત કુટુંબમાં જ નહિ, પણ તેને પરિણામે કુટુંબની બહાર પણ ઊતરતો દરજ્જો પ્રાપ્ત થાય છે. અર્થતંત્રમાં હલકાં કામ, ઓછી ઉત્પાદકતાવાળા કામ, ઓછી જવાબદારીવાળાં અને ઓછાં વેતનવાળાં કામ સ્ત્રીઓને આપવામાં આવે છે, ને પ્રમાણમાં મહત્ત્વનાં કામ પુરુષોને મળે છે. ઘણીવાર આ માન્યતા એવી પણ પરિસ્થિતિ સર્જે છે કે, સ્ત્રીઓ જે કંઈ કામ કરવા જાય છે તેને પણ તે સ્ત્રીઓ કરે છે માટે જ ઊતરતો દરજ્જો આપવામાં આવે છે અને તેને ઓછા મહત્ત્વનાં




ગણીને તેમાં ઓછાં વેતન આપવામાં આવે છે. ટૂંકમાં, આ સમજૂતી પ્રમાણે કુટુંબમાં થતું સ્ત્રી-પુરુષ વચ્ચેનું શ્રમવિભાજન તેને થતા આર્થિક અન્યાયને માટે જવાબદાર છે.

સ્ત્રીને થતા આર્થિક અન્યાય અંગે સમજૂતી આપનારા ઉપરના સિદ્ધાંતો પૂર્ણપણે સ્વીકાર્ય ન હોય તો પણ તે દરેકમાં કંઈક તથ્ય રહેલું છે. સ્ત્રીઓની પરિસ્થિતિને જવાબદાર ખરા કે ખોટા પૂર્વગ્રહો અને માન્યતાઓ તરફ તે અંગુલિનિર્દેશ કરે છે. આ સમજૂતીઓને જરા ઊંડાણમાં તપાસીએ તો સ્પષ્ટ થશે કે તે બધી સમજૂતી પાયાની બે બાબતો પર આધાર રાખે છે : એક બાબત છે સ્ત્રીઓની માતૃત્વની અને કૌટુંબિક જવાબદારીઓની, બીજી બાબત છે : તેમાંથી પરિણમતી સ્ત્રીઓની સામાજિક અને સાંસ્કૃતિક જવાબદારીઓની. દાખલા તરીકે સ્ત્રીઓમાં ઓછી માનવમૂડી છે. કારણ કે કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓને કારણે સ્ત્રીઓ કેળવણી, તાલીમ કે કેરિયરને મહત્ત્વની ગણતી નથી. સ્ત્રીઓની મર્યાદિત કામોમાં ગિરદી છે. કારણ કે સ્ત્રીઓ અમુક જ પ્રકારનાં કામો કરે તેમ તેની કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ કહે છે. સ્ત્રી કામદારો વધુ મોંઘા પડે છે કારણ તેને કૌટુબિક જવાબદારીઓ પૂરી કરવા વધુ રજા લેવી પડે છે અને બાળકો સંભાળવા તેને ઘોડિયાઘરની પણ જરૂર પડે છે.

**ચાર્ટ**

**સ્ત્રીને થતા આર્થિક અન્યાયનાં મૂળ**



અહીં પ્રશ્ન એ થાય છે કે, સ્ત્રીઓના અન્યાયનાં આ મૂળ—તેને માથે નાખવામાં આવેલી કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ, દૂર કરી શકાય તેમ છે કે નહિ? એક વાત સ્પષ્ટ છે કે સ્ત્રી બાળકને જન્મ આપે છે તે જરૂર કુદરતી જરૂરિયાત છે પરંતુ બાળક અને કુટુંબને સંભાળવાની પણ તેની જ ફરજ છે એ કુદરતી કે biological જરૂરિયાત નથી. આ જરૂરિયાતો સ્ત્રી અને પુરુષ બન્નેએ મળીને ઉપાડવી જોઈએ અને તેમ ન થાય એવી પરિસ્થિતિ જો ક્યાંય હોય તો ઓછામાં ઓછું આ જવાબદારીઓ ઉપાડવાને માટે સ્ત્રીઓને શિક્ષા તો ન જ થવી જોઈએ. જો સ્ત્રીઓને તેણે ઉપાડેલી જવાબદારીઓને કારણે અર્થતંત્રમાં તેમ જ એકંદર સમાજમાં અન્યાય થતો હોય તો તે દૂર થવો જ જોઈએ.

## શું કરી શકાય ?

સ્ત્રીઓને થતો આર્થિક અન્યાય દૂર થવો જોઈએ એ કહેવું સહેલું છે પણ તે કઈ રીતે દૂર કરી શકાય એ કહેવું પણ ખરેખર મુશ્કેલ છે.

સ્ત્રીઓને થતા અન્યાયને દૂર કરવા માટે પાયાનાં આર્થિક અને સામાજિક મૂલ્યો બદલાવવાં જોઈએ અને એ વાતનો સ્વીકાર થવો જોઈએ કે સ્ત્રી-પુરુષ વચ્ચેની સમાનતા જ વિકાસ માટેની પહેલી શરત છે. પરંતુ મૂલ્યો બદલાવાની પ્રક્રિયા લાંબા ગાળાની છે અને લાંબા ગાળે પણ મૂલ્યો તો જ બદલાશે જો ટૂંકા ગાળામાં યોગ્ય પગલાં લેવામાં આવે. આથી અહીં કેટલાંક પાયાનાં ટૂંકા ગાળાનાં પગલાં સૂચવવામાં આવ્યાં છે. જેથી સ્ત્રીઓને અન્યાયમાં તાત્કાલિક રાહત મળે અને લાંબા ગાળે આર્થિક ન્યાય પણ મળે.

### ૧ મૂળભૂત અન્યાય દૂર કરવ

સૌથી પહેલી જરૂરિયાત કેટલાક મૂળભૂત આર્થિક અન્યાય દૂર કરવાની છે. આ માટે સૌ પ્રથમ તો, મૂડીનાં સાધનો પર સ્ત્રીઓને માલિકી હક્ક આપવો જોઈએ. કુટુંબની જમીન અને તમામ મિલકત પતિ-પત્ની બન્નેના સંયુક્ત નામે જ કરવી જોઈએ. આમ કરવાથી સ્ત્રી આર્થિક વિકાસમાં સક્રિય ભાગ લઈ શકશે. તેને તે માટે શાખ મળશે એટલું જ નહિ પણ કુટુંબમાં જ્યારે આર્થિક પ્રવૃત્તિ માટે શાખ લેવામાં આવશે ત્યારે તે અંગેના નિર્ણય લેવામાં તેનો પણ ફાળો રહી શકશે કારણ, તેની સહી પણ તે માટે જરૂરી બનશે. બીજું, સ્ત્રી ઘરમાં કરે છે તે તમામ કામને આર્થિક કામમાં સમાવી લેવું જોઈએ. એટલે કે રાષ્ટ્રીય આવકના આંકડામાં તેને ગણવું જોઈએ અને રોજગારીના આંકડામાં પણ આ રોજગારીનો સમાવેશ કરવો જોઈએ. આમ કરવાથી આ કામને અને તેથી સ્ત્રીઓને મહત્ત્વ મળશે અને આર્થિક આયોજનમાં આ કામ અને રોજગારીનો પણ વિચાર કરવામાં આવશે. સ્ત્રીઓના આર્થિક વિકાસને તેથી સીધી રીતે ટેકો મળશે. ત્રીજું, આર્થિક વિકાસની પરિભાષા તેમ જ આધુનિક આર્થિક મૂલ્યોનું અર્થઘટન એવી રીતે કરવું જોઈ કે તેમાં સ્ત્રી તેમ જ પુરુષ બન્નેનાં હિતોનો સ્પષ્ટપણે સમાવેશ કરવામાં આવે. આવકની, મૂડીનાં સાધનોની, ઉપભોગની વગેરેની વૃદ્ધિ અને સમાનતા સ્ત્રી અને પુરુષો બન્ને માટે જુદી જુદી રીતે જોવી જોઈએ. આ વિકાસના દરો સ્ત્રીઓને માટે અન્યાયી થતા તો નથી ને, તેનો પણ દરેક વખતે સ્પષ્ટપણે વિચાર કરવો જોઈએ. આ બધાં પગલાં ચીલાચાલુ મૂલ્યો પર આક્રમક છે પણ તેમ કર્યા વિના સ્ત્રીઓના આર્થિક અન્યાવને દૂર કરી શકાય તેમ નથી.

### ૨ આર્થિક વિકાસ યોજનાઓમાં સ્ત્રીઓ અંગે વિચાર

આર્થિક વિકાસની યોજનાઓમાં સ્ત્રીઓ ભાગ લઈ શકે તે માટે તેમ જ આર્થિક વિકાસના લાભ તેમને પણ મળે તે માટે એક ખાસ અભિગમ અપનાવવો જોઈએ. સદ્ભાગ્યે પંચવર્ષીય યોજનાઓમાં આ દિશામાં શરૂઆત થઈ ચૂકી છે. ૧૯૭૮–૮૩ની જનતા સરકારની યોજનામાં સ્ત્રીઓની રોજગારી તેમ જ તેના પ્રશ્નો વિશે ખાસ વિચારણા કરવામાં આવી હતી. સ્ત્રી-રોજગારીને ટકો આપવા ખાસ કાર્યક્રમો ઘડાયા હતા. છઠ્ઠી અને સાતમી યોજનાઓમાં આ દિશામાં વધુ પ્રગતિ થઈ છે. સ્ત્રી અને બાળકોના વિકાસ માટેના ખાસ કાર્યક્રમો (જેમ કે–ડી. ડબલ્યુ, સીઆરએ) આ યોજનાઓ દરમ્યાન દાખલ કરવામાં આવ્યા છે. પરંતુ આ કાર્યક્રમોને જોઈએ તેટલું મહત્ત્વ હજુ પ્રાપ્ત થયું નથી અને આ દિશામાં ઘણું કરવાનું બાકી છે. સ્ત્રીઓની રોજગારી કે તાલીમ માટે જુદો કાર્યક્રમ કરવાને બદલે વિકાસના પ્રત્યેક કાર્યક્રમમાં સ્ત્રીઓને માટે ખાસ રકમ ફાળવવામાં આવે અને ખાસ પ્રયત્નો કરવામાં આવે તો સ્ત્રીઓને વધુ ફાયદો થવાનો સંભવ છે. યોજનાઓના પરિશિષ્ટ રૂપે તૈયાર થયેલા સ્ત્રીઓના કાર્યક્રમોને બદલે યોજનાઓના ભાગરૂપે ઘડવામાં આવેલા કાર્યક્રમો વધુ લાભદાયી થવાની શક્યતા છે.

### ૩ સીધા પ્રહારનો અભિગમ અને તે માટેના કડક નિયમો

જેમ ગરીબી દૂર કરવા માટે તેની પર સીધા પ્રહાર કરવાનો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે, તે રીતે સ્ત્રીઓના અન્યાયને દૂર કરવા અન્યાય પર પણ સીધા પ્રહારની નીતિ અપનાવવી જોઈએ. આ માટે જરૂર પડે કડક નિયમો કરવા જોઈએ. કારણ કે શરૂઆતમાં નવો અભિગમ અર્થતંત્રમાં સહેલાઈથી સ્વીકાર્ય બનશે નહિ.

પહેલું તો પ્રસૂતિની જવાબદારીને કારણે તેમ જ બાળકોને સંભાળવાની જવાબદારીને કારણે સ્ત્રીઓને આર્થિક અન્યાય ન થાય તે માટે સમગ્ર અર્થતંત્રને આવરી લેતી યોજનાઓ ઘડવી જોઈએ. ગુજરાતમાં આ અંગે કરેલો અમારો અભ્યાસ બતાવે છે કે, આજે કુલ સ્ત્રી કામદારોના માંડ અડધો ટકો સ્ત્રીઓ પ્રસૂતિના કાયદાનો લાભ લે છે. આ લાભ બધાને મળે તે માટે કાયદાકીય મર્યાદા વધારવી જોઈએ અને તેનો કડક રીતે અમલ થવો જોઈએ.[૧૬] બીજું, સ્ત્રીઓને રોજગારીના બજારમાં અન્યાય ન થાય તે માટે તેમની વિશેષ પરિસ્થિતિને લક્ષમાં રાખીને રોજગારી

રોજગારી જો ઉપલબ્ધ કરવામાં આવે તો તેને લાભ લઈ શકે છે. ત્રીજું, સ્ત્રીઓને કામમાં રા... માટે માલિકો પર કેટલીક કાયદાકીય ફરજો ... જોઈએ. તેમને કાયમી કામ ન આપતા હોય તે... અંગે પણ કડક નિયમો કરવા જોઈએ. માલિ... પૂર્વગ્રહોને દૂર કરવા માટે શરૂઆતમાં તો ફરજિ... બંધનો જ મદદકારક બની શકશે એમ લાગે... ચોથું, જ્યાં સ્ત્રીઓ કામ કરે છે ત્યાં સુપરવા... અને મેનેજરની જગ્યા પણ તેને મળે અને તે... જરૂરી તાલીમ પણ તેને મળે તે માટે ખાસ વ્ય... થવી જોઈએ અને તે નિયમોનું કડક રીતે ... થવું જોઈએ. પુરુષોના સંચાલન નીચે સ્ત્રી મજૂ... સંખ્યા વધારવાથી સ્ત્રીઓનો આર્થિક અન્યા... થવાનો નથી એ વાત હવે ધીમે ધીમે સ્પષ્ટ... છે. પાંચમું, સ્ત્રીઓને આર્થિક વિકાસની સમાન... મળે તે માટે કેળવણીમાં, તાલીમમાં તેમ જ રોજગ... બને ત્યાં ક્વોટા નિશ્ચિત કરવા જોઈએ.

છેવટે સમાપનમાં એ કહેવું અપ્રસ્તુત ... ગણાય કે, સ્ત્રીઓને થતા આર્થિક અન્યાયને ... કે દૂર કરવા બિનરૂઢિગત અભિગમ અપનાવવો... અને તેના અમલમાં પણ કડકાઈ રાખવી પડશે... વિના આજનું આપણું અર્થતંત્ર કે સમાજ ... ન્યાય કરે એમ લાગતું નથી.

### સંદર્ભ


1 જૂઓ : Rekha Mehra and K. Sarad... 'Women and Rural Transform... Indian Council of Social Science Re... and Centre For Women's Develo... Studies, Concept Publishing Co... New Delhi, 1983.

2 જૂઓ : Indira Hirway, 'Empl... Planning According to Labo... Characteristics', Indian Journal of ... Economics, January, 1980.

અહીં પ્રશ્ન એ થાય છે કે, સ્ત્રીઓના અન્યાયનાં આ મૂળ—તેને માથે નાખવામાં આવેલી કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ, દૂર કરી શકાય તેમ છે કે નહિ? એક વાત સ્પષ્ટ છે કે સ્ત્રી બાળકને જન્મ આપે છે તે જરૂર કુદરતી જરૂરિયાત છે પરંતુ બાળક અને કુટુંબને સંભાળવાની પણ તેની જ ફરજ છે એ કુદરતી કે biological જરૂરિયાત નથી. આ જરૂરિયાતો સ્ત્રી અને પુરુષ બન્નેએ મળીને ઉપાડવી જોઈએ અને તેમ ન થાય એવી પરિસ્થિતિ જો ક્યાંય હોય તો ઓછામાં ઓછું આ જવાબદારીઓ ઉપાડવાને માટે સ્ત્રીઓને શિક્ષા તો ન જ થવી જોઈએ. જો સ્ત્રીઓને તેણે ઉપાડેલી જવાબદારીઓને કારણે અર્થતંત્રમાં તેમ જ એકંદર સમાજમાં અન્યાય થતો હોય તો તે દૂર થવો જ જોઈએ.

## શું કરી શકાય ?

સ્ત્રીઓને થતો આર્થિક અન્યાય દૂર થવો જોઈએ એ કહેવું સહેલું છે પણ તે કઈ રીતે દૂર કરી શકાય એ કહેવું પણ ખરેખર મુશ્કેલ છે.

સ્ત્રીઓને થતા અન્યાયને દૂર કરવા માટે પાયાનાં આર્થિક અને સામાજિક મૂલ્યો બદલાવવાં જોઈએ અને એ વાતનો સ્વીકાર થવો જોઈએ કે સ્ત્રી-પુરુષ વચ્ચેની સમાનતા જ વિકાસ માટેની પહેલી શરત છે. પરંતુ મૂલ્યો બદલાવાની પ્રક્રિયા લાંબા ગાળાની છે અને લાંબા ગાળે પણ મૂલ્યો તો જ બદલાશે જો ટૂંકા ગાળામાં યોગ્ય પગલાં લેવામાં આવે. આથી અહીં કેટલાંક પાયાનાં ટૂંકા ગાળાનાં પગલાં સૂચવવામાં આવ્યાં છે. જેથી સ્ત્રીઓને અન્યાયમાં તાત્કાલિક રાહત મળે અને લાંબા ગાળે આર્થિક ન્યાય પણ મળે.

### ૧ મૂળભૂત અન્યાય દૂર કરવ

સૌથી પહેલી જરૂરિયાત કેટલાક મૂળભૂત આર્થિક અન્યાય દૂર કરવાની છે. આ માટે સૌ પ્રથમ તો, મૂડીનાં સાધનો પર સ્ત્રીઓને માલિકી હક્ક આપવો જોઈએ. કુટુંબની જમીન અને તમામ મિલકત પતિ-પત્ની બન્નેના સંયુક્ત નામે જ કરવી જોઈએ. આમ કરવાથી સ્ત્રી આર્થિક વિકાસમાં સક્રિય ભાગ લઈ શકશે. તેને તે માટે શાખ મળશે એટલું જ નહિ પણ કુટુંબમાં જ્યારે આર્થિક પ્રવૃત્તિ માટે શાખ લેવામાં આવશે ત્યારે તે અંગેના નિર્ણય લેવામાં તેનો પણ ફાળો રહી શકશે કારણ, તેની સહી પણ તે માટે જરૂરી બનશે. બીજું, સ્ત્રી ઘરમાં કરે છે તે તમામ કામને આર્થિક કામમાં સમાવી લેવું જોઈએ. એટલે કે રાષ્ટ્રીય આવકના આંકડામાં તેને ગણવું જોઈએ અને રોજગારીના આંકડામાં પણ આ રોજગારીનો સમાવેશ કરવો જોઈએ. આમ કરવાથી આ કામને અને તેથી સ્ત્રીઓને મહત્ત્વ મળશે અને આર્થિક આયોજનમાં આ કામ અને રોજગારીનો પણ વિચાર કરવામાં આવશે. સ્ત્રીઓના આર્થિક વિકાસને તેથી સીધી રીતે ટેકો મળશે. ત્રીજું, આર્થિક વિકાસની પરિભાષા તેમ જ આધુનિક આર્થિક મૂલ્યોનું અર્થઘટન એવી રીતે કરવું જોઈ કે તેમાં સ્ત્રી તેમ જ પુરુષ બન્નેનાં હિતોનો સ્પષ્ટપણે સમાવેશ કરવામાં આવે. આવકની, મૂડીનાં સાધનોની, ઉપભોગની વગેરેની વૃદ્ધિ અને સમાનતા સ્ત્રી અને પુરુષો બન્ને માટે જુદી જુદી રીતે જોવી જોઈએ. આ વિકાસના દરો સ્ત્રીઓને માટે અન્યાયી થતા તો નથી ને, તેનો પણ દરેક વખતે સ્પષ્ટપણે વિચાર કરવો જોઈએ. આ બધાં પગલાં ચીલાચાલુ મૂલ્યો પર આક્રમક છે પણ તેમ કર્યા વિના સ્ત્રીઓના આર્થિક અન્યાવને દૂર કરી શકાય તેમ નથી.

### ૨ આર્થિક વિકાસ યોજનાઓમાં સ્ત્રીઓ અંગે વિચાર

આર્થિક વિકાસની યોજનાઓમાં સ્ત્રીઓ ભાગ લઈ શકે તે માટે તેમ જ આર્થિક વિકાસના લાભ તેમને પણ મળે તે માટે એક ખાસ અભિગમ અપનાવવો જોઈએ. સદ્ભાગ્યે પંચવર્ષીય યોજનાઓમાં આ દિશામાં શરૂઆત થઈ ચૂકી છે. ૧૯૭૮–૮૩ની જનતા સરકારની યોજનામાં સ્ત્રીઓની રોજગારી તેમ જ તેના પ્રશ્નો વિશે ખાસ વિચારણા કરવામાં આવી હતી. સ્ત્રી-રોજગારીને ટકો આપવા ખાસ કાર્યક્રમો ઘડાયા હતા. છઠ્ઠી અને સાતમી યોજનાઓમાં આ દિશામાં વધુ પ્રગતિ થઈ છે. સ્ત્રી અને બાળકોના વિકાસ માટેના ખાસ કાર્યક્રમો (જેમ કે–ડી. ડબલ્યુ, સીઆરએ) આ યોજનાઓ દરમ્યાન દાખલ કરવામાં આવ્યા છે. પરંતુ આ કાર્યક્રમોને જોઈએ તેટલું મહત્ત્વ હજુ પ્રાપ્ત થયું નથી અને આ દિશામાં ઘણું કરવાનું બાકી છે. સ્ત્રીઓની રોજગારી કે તાલીમ માટે જુદો કાર્યક્રમ કરવાને બદલે વિકાસના પ્રત્યેક કાર્યક્રમમાં સ્ત્રીઓને માટે ખાસ રકમ ફાળવવામાં આવે અને ખાસ પ્રયત્નો કરવામાં આવે તો સ્ત્રીઓને વધુ ફાયદો થવાનો સંભવ છે. યોજનાઓના પરિશિષ્ટ રૂપે તૈયાર થયેલા સ્ત્રીઓના કાર્યક્રમોને બદલે યોજનાઓના ભાગરૂપે ઘડવામાં આવેલા કાર્યક્રમો વધુ લાભદાયી થવાની શક્યતા છે.

### ૩ સીધા પ્રહારનો અભિગમ અને તે માટેના કડક નિયમો

જેમ ગરીબી દૂર કરવા માટે તેની પર સીધા પ્રહાર કરવાનો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે, તે રીતે સ્ત્રીઓના અન્યાયને દૂર કરવા અન્યાય પર પણ સીધા પ્રહારની નીતિ અપનાવવી જોઈએ. આ માટે જરૂર પડે કડક નિયમો કરવા જોઈએ. કારણ કે શરૂઆતમાં નવો અભિગમ અર્થતંત્રમાં સહેલાઈથી સ્વીકાર્ય બનશે નહિ.

પહેલું તો પ્રસૂતિની જવાબદારીને કારણે તેમ જ બાળકોને સંભાળવાની જવાબદારીને કારણે સ્ત્રીઓને આર્થિક અન્યાય ન થાય તે માટે સમગ્ર અર્થતંત્રને આવરી લેતી યોજનાઓ ઘડવી જોઈએ. ગુજરાતમાં આ અંગે કરેલો અમારો અભ્યાસ બતાવે છે કે, આજે કુલ સ્ત્રી કામદારોના માંડ અડધો ટકો સ્ત્રીઓ પ્રસૂતિના કાયદાનો લાભ લે છે. આ લાભ બધાને મળે તે માટે કાયદાકીય મર્યાદા વધારવી જોઈએ અને તેનો કડક રીતે અમલ થવો જોઈએ.[૧૬] બીજું, સ્ત્રીઓને રોજગારીના બજારમાં અન્યાય ન થાય તે માટે તેમની વિશેષ પરિસ્થિતિને લક્ષમાં રાખીને રોજગારી

રોજગારી જો ઉપલબ્ધ કરવામાં આવે તો તેને
લાભ લઈ શકે છે. ત્રીજું, સ્ત્રીઓને કામમાં રા
માટે માલિકો પર કેટલીક કાયદાકીય ફરજો
જોઈએ. તેમને કાયમી કામ ન આપતા હોય તે
અંગે પણ કડક નિયમો કરવા જોઈએ. માલિ
પૂર્વગ્રહોને દૂર કરવા માટે શરૂઆતમાં તો ફરજિ
બંધનો જ મદદકારક બની શકશે એમ લાગે
ચોથું, જ્યાં સ્ત્રીઓ કામ કરે છે ત્યાં સુપરવા
અને મેનેજરની જગ્યા પણ તેને મળે અને તે
જરૂરી તાલીમ પણ તેને મળે તે માટે ખાસ વ્ય
થવી જોઈએ અને તે નિયમોનું કડક રીતે
થવું જોઈએ. પુરુષોના સંચાલન નીચે સ્ત્રી મજૂ
સંખ્યા વધારવાથી સ્ત્રીઓનો આર્થિક અન્યા
થવાનો નથી એ વાત હવે ધીમે ધીમે સ્પષ્ટ
છે. પાંચમું, સ્ત્રીઓને આર્થિક વિકાસની સમાન
મળે તે માટે કેળવણીમાં, તાલીમમાં તેમ જ રોજ
બને ત્યાં ક્વોટા નિશ્ચિત કરવા જોઈએ.

છેવટે સમાપનમાં એ કહેવું અપ્રસ્તુત
ગણાય કે, સ્ત્રીઓને થતા આર્થિક અન્યાયને
કે દૂર કરવા બિનરૂઢિગત અભિગમ અપનાવવો
અને તેના અમલમાં પણ કડકાઈ રાખવી પડશે
વિના આજનું આપણું અર્થતંત્ર કે સમાજ
ન્યાય કરે એમ લાગતું નથી.

## સંદર્ભ


1 જૂઓ : Rekha Mehra and K. Sarada
'Women and Rural Transform
Indian Council of Social Science Re
and Centre For Women's Develo
Studies, Concept Publishing Co
New Delhi, 1983.

2 જૂઓ : Indira Hirway, 'Empl
Planning According to Labo
Characteristics', Indian Journal of
Economics, January, 1980.

3 Ibid

4 Indira Hirway, 'Denial of Maternity Benefits to Women Workers in India : A Study of Factory Sector in Gujarat' Oxford and Ibh Publishing House, New Delhi, 1986.

5 Indira Hirway, 'A Note of Employment of Women in Rural Gujarat' in D. T. Lakdawala (Ed.) Gujarat Economy : Prospects and Problems, Sardar Patel Institute of Economic and Social Research, Ahmedabad 1983.

6 B. B. Patel, Technology, Employment and Occupation of Women Workers in Gujarat Manufacturing Sector, Maithreyi Krishna Raj, 'New Opportunity on Old Terms : The Case of Garment Industry in India'. Vibhuti Patel, 'Impact of Modern Technology on the Employment and the Conditions of Work of Women in India'. L. C. Jain 'The Phenomenon, Scale and Process of Displacement of Women in Traditional Industries : Some Instances and Issues.

ઉપરના બધા લેખો મદ્રાસ ઇન્સ્ટિટ્યૂટમાં યોજાયેલ 'સ્ત્રીઓ, ટેકનોલોજી અને ઉત્પાદન પદ્ધતિ' પરના પરિસંવાદમાં પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. (૧૯૮૪)

7 Indira Hirway : 'Women and Technology in Khadi and Village Industries'.
આ લેખ પણ મદ્રાસના ઉપર્યુક્ત પરિસંવાદમાં રજૂ કરવામાં આવ્યો હતો.

8 સામાન્ય રીતે આ ઉદ્યોગો સ્ત્રીઓને અનુકૂળ ગણાય છે અને આની ટેકનોલોજીને સ્ત્રીઓને માટે અનુકૂળ ટેકનોલોજી appropriate technology ગણવામાં આવે છે.

9 નોંધ ૬ અને ૭ માં દર્શાવેલા અભ્યાસોનું આ તારણ છે.

10 જુઓ : World Health Organisation (Who), 'Report of the Expert Committee on Occupational Health For Working Women'. Geneva, 1985.

11 International Labour Organisation, 'The Third Cross on Women', Geneva, 1985.

12 Whoનો ઉપર દર્શાવેલો અભ્યાસ જણાવે છે કે, ઘણા ઉદ્યોગોની સ્ત્રીની તંદુરસ્તી પર ખાસ વિપરિત અસર પડે છે અને આ અંગે ખાસ પગલાં લેવાની જરૂર છે.

13 Elizabeth Reid, 'Women at a standstill : The Need For Radical Change', in Women Workers and Society, International Labour Organization, Geneva 1977.

14 Indira Hirway, 'Denial of Maternity Benefits to Women Workers in India'.

15 જુઓ : Anker Richard and Hein Catherine, 'Why Third World Urban Employers Usually Prefer Men?' in International Labour Review, Jan-Feb, 1985.

16 અમારા અભ્યાસ પછી, કદાચ તેના પરિણામરૂપે, તાજેતરમાં ગુજરાત સરકારે ગ્રામ્ય વિસ્તારમાં સ્ત્રી કામદારોને આવરી લેતી પ્રસૂતિની યોજના દાખલ કરી છે. દેશમાં આ પગલું લેનારી ગુજરાત સરકાર પ્રથમ રાજ્ય સરકાર છે.



## પરિશિષ્ટ-૧ : વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં સેક્ટરવાર રોજગાર કરતી સ્ત્રીઓ અને પુરુષોની ટકાવારી

(કૌંસમાં પુરુષોની ટકાવારી દર્શાવી છે) [મૂળ : વસ્તી ગણતરીના રિપોર્ટ]

| રોજગાર ઔદ્યોગિક વર્ગીકરણ | ૧૯૦૧ | ૧૯૧૧ | ૧૯૨૧ | ૧૯૩૧ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૭૨-૭૩ | ૧૯૭૭-૭૮ | ૧૯૮૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ખેડૂત | ૧૪૩ [૧૯૪] | ૧૫૫ [૩૯૮] | ૧૯૬ [૪૩૬] | ૬૦૪ [૫૧૮] | ૪૩૯ [૪૫૩] | ૬૧૦ [૪૯૫] | ૩૩૮ [૪૪૯] | ૫૧૩ [૪૮૦] | ૫૪૦ [૪૧૭] | ૩૦૪ [૩૯૪] |
| ૨ ખેતમજૂર | ૫૬૫ [૨૬૯] | ૬૩૦ [૨૧૦] | ૫૬૮ [૧૬૩] | ૨૨૪ [૧૦૬] | ૩૪૭ [૧૪૪] | ૨૪૪ [૧૪૩] | ૪૮૩ [૧૭૬] | ૨૦૪ [૧૩૭] | ૨૭૭ [૨૧૨] | ૪૭૧ [૧૭૬] |
| ૩ (અ) અન્ય ખેતી મજૂરી આનુષંગિક | ૩૧ [૪૫] | ૨૮ [૪૭] | ૩૮ [૪૮] | ૨૯ [૪૪] | ૪૦ [૩૩] | ૫૩ [૩૨] | ૯ [૨૨] | ૧૫૩ [૨૮] | અપ્રાપ્ય [અપ્રાપ્ય] | અપ્રાપ્ય [અપ્રાપ્ય] |
| પ્રાથમિક ક્ષેત્ર ૧+૨+૩(અ) | ૭૩૯ [૫૦૮] | ૮૧૩ [૬૫૫] | ૮૦૨ [૬૪૭] | ૮૫૭ [૬૬૬] | ૮૨૬ [૬૩૦] | ૯૦૯ [૬૭૦] | ૮૩૦ [૬૪૭] | ૮૭૦ [૬૪૫] | ૮૬૧ [૬૨૯] | ૭૭૫ [૫૭૦] |
| ૩ (બ) ખાણમાં કામ | — [૧] | ૧ [૨] | ૨ [૧] | ૨ [૩] | ૧ [૩] | ૨ [૩] | ૪ [૪] | અપ્રાપ્ય [અપ્રાપ્ય] | | |
| ૪ અને ૫ ઉત્પાદન | ૧૧૫ [૧૬૦] | ૧૦૧ [૧૨૩] | ૧૦૨ [૧૨૬] | ૬૫ [૧૧૧] | ૩૯ [૧૩૫] | ૪૪ [૧૨૭] | ૫૦ [૧૩૪] | ૩૬ [૧૨૪] | | |
| ૬ બાંધકામ | ૧૦ [૧૬] | ૮ [૧૨] | ૮ [૧૫] | ૯ [૧૭] | ૪ [૧૨] | ૭ [૧૬] | ૧૨ [૧૪] | ૨૩ [૨૩] | | |
| દ્વિતીય ક્ષેત્ર ૩બી ૪+૫+૬ | ૧૨૫ [૧૭૭] | ૧૧૦ [૧૩૭] | ૧૧૨ [૧૯૨] | ૭૬ [૧૩] | ૪૪ [૧૫૦] | ૫૩ [૧૪૬] | ૬૬ [૧૫૩] | ૫૯ [૧૪૭] | ૧૩૩ | ૨૨૫ |
| ૭ વેપાર વાણિજ્ય | ૫૬ [૧૦૬] | ૩૧ [૭૩] | ૩૧ [૭૨] | ૨૨ [૬૯] | ૨૭ [૮૨] | ૧૧ [૬૭] | ૧૧ [૭૯] | ૧૩ [૬૬] | ૩૭૧ | [૪૩૦] |
| ૮ પરિવહન–સ્ટોરેજ | ૧ [૧૩] | ૪ [૧૮] | ૭ [૧૬] | ૩ [૧૮] | ૩ [૨૨] | ૧ [૨૮] | ૪ [૩૩] | ૪ [૩૯] | | |
| ૯ અન્ય નોકરીઓ | ૭૮ [૧૯૦] | ૪૩ [૧૧૭] | ૪૮ [૧૨૨] | ૪૩ [૧૧૬] | ૧૦૦ [૧૧૬] | ૨૮ [૯૦] | ૮૪ [૮૮] | ૫૪ [૧૦૩] | | |
| ત્રેતીયિક ક્ષેત્ર ૭+૮+૯ | ૧૩૫ [૩૧૫] | ૭૮ [૨૦૮] | ૮૬ [૨૧૦] | ૬૮ [૨૦૩] | ૧૩૦ [૨૨૦] | ૪૦ [૧૮૫] | ૧૦૪ [૨૦૦] | ૭૧ [૨૦૮] | | |
| બધા રોજગાર કરતાં | ૧૦૦૦ [૧૦૦૦] | ૧૦૦૦ [૧૦૦૦] | ૧૦૦૦ [૧૦૦૦] | ૧૦૦૦ [૧૦૦૦] | ૧૦૦૦ [૧૦૦૦] | ૧૦૦૦ [૧૦૦૦] | ૧૦૦૦ [૧૦૦૦] | ૧૦૦૦ [૧૦૦૦] | ૧૦૦૦ [૧૦૦૦] | ૧૦૦૦ [૧૦૦૦] |
| રોજગાર કરનારની ટકાવારી | ૨૮.૭ [૪૮.૭] | ૩૦.૦ [૫૮.૬] | ૨૪.૧ [૫૪.૨] | ૨૮.૬ [૫૪.૯] | ૨૮.૦ [૫૧.૭] | ૨૭.૯ [૫૩.૫] | ૧૦.૩ [૫૧.૨] | ૨૯.૩ [૫૧.૫] | ૩૧.૮ [૫૩.૩] | ૧૧.૮ [૫૧.૮] |
| વસ્તી હજારમાં | ૪૪૪૦ [૪૬૫૫] | ૪૭૬૬ [૫૦૩૮] | ૪૯૪૨ [૫૨૩૩] | ૫૫૮૩ [૫૯૦૭] | ૭૯૩૧ [૮૩૩૨] | ૯૯૯૯ [૧૦૬૩૪] | ૧૨૮૯૫ [૧૩૮૦૨] | ૧૩૫૪૯ [૧૪૪૭૬૦] | ૧૫૨૨૮ [૧૬૨૦૪] | ૧૬૪૭૮ [૧૭૪૮૫] |

## પરિશિષ્ટ–૨

### ગુજરાતમાં જિલ્લાવાર રોજગાર કરતી સ્ત્રીઓ અને પુરુષોની ટકાવારી (૧૯૮૧ વસ્તી ગણતરી)

| | સ્ત્રીઓ | | | પુરુષો | | |
|---|---|---|---|---|---|---|
| | મુખ્ય | ગૌણ | કુલ | મુખ્ય | ગૌણ | કુલ |
| સમગ્ર ગુજરાત | ૧૧.૦૮ | ૧૩.૯૦ | ૨૫.૩૦ | ૫૧.૮૭ | ૧.૫૦ | ૫૩.૩૦ |
| રાજકોટ | ૧૦.૬૩ | ૫.૪૮ | ૧૬.૧૧ | ૫૧.૦૨ | ૦.૬૨ | ૫૧.૬૪ |
| સુરેન્દ્રનગર | ૧૨.૦૨ | ૯.૮૬ | ૨૧.૮૮ | ૫૧.૬૩ | ૦.૯૯ | ૫૨.૬૨ |
| ભાવનગર | ૧૨.૨૪ | ૬.૩૧ | ૧૮.૫૫ | ૫૧.૬૬ | ૦.૫૩ | ૫૨.૧૮ |
| અમરેલી | ૧૦.૫૩ | ૧૧.૯૧ | ૨૨.૪૪ | ૫૧.૦૪ | ૦.૮૦ | ૫૧.૮૪ |
| જૂનાગઢ | ૮.૭૦ | ૮.૪૮ | ૧૭.૧૬ | ૪૯.૫૧ | ૦.૯૭ | ૫૦.૪૮ |
| જામનગર | ૮.૯૦ | ૭.૩૪ | ૧૬.૨૪ | ૫૧.૭૪ | ૦.૬૬ | ૫૨.૪૦ |
| કચ્છ | ૧૧.૭૬ | ૭.૪૬ | ૧૯.૨૨ | ૫૧.૭૨ | ૦.૯૦ | ૫૨.૬૨ |
| બનાસકાંઠા | ૬.૭૫ | ૧૦.૭૭ | ૧૭.૫૨ | ૫૨.૫૯ | ૦.૬૫ | ૫૩.૨૪ |
| સાબરકાંઠા | ૯.૪૬ | ૧૭.૦૫ | ૨૬.૫૧ | ૫૦.૭૯ | ૧.૦૩ | ૫૧.૮૨ |
| મહેસાણા | ૮.૪૨ | ૧૩.૭૨ | ૨૨.૧૪ | ૫૯.૧૯ | ૦.૮૭ | ૫૦.૦૬ |
| ગાંધીનગર | ૭.૭૪ | ૩.૪૦ | ૧૧.૧૪ | ૪૯.૨૪ | ૦.૦૬ | ૪૯.૮૪ |
| અમદાવાદ | ૭.૦૬ | ૩-૫૭ | ૧૦.૬૩ | ૫૦.૪૦ | ૦.૪૯ | ૫૦.૮૯ |
| ખેડા | ૭.૩૦ | ૯.૧૩ | ૧૬.૪૩ | ૫૨.૧૨ | ૦.૬૧ | ૫૨.૭૩ |
| પંચમહાલ | ૧૧.૮૧ | ૨૨.૭૬ | ૩૪.૫૭ | ૫૩.૭૫ | ૧.૧૯ | ૫૪.૯૪ |
| વડોદરા | ૧૦.૪૮ | ૭.૯૦ | ૧૮.૩૮ | ૫૪.૨૯ | ૦.૫૦ | ૫૪.૭૯ |
| ભરૂચ | ૧૮.૫૩ | ૯.૨૦ | ૨૭.૭૩ | ૫૪.૮૯ | ૦.૭૯ | ૫૫.૬૮ |
| સુરત | ૨૦.૧૯ | ૫.૬૯ | ૨૫.૮૮ | ૫૭.૬૪ | ૦.૩૧ | ૫૭.૯૫ |
| વલસાડ | ૧૮.૯૪ | ૧૨.૪૬ | ૩૧.૪૦ | ૫૩.૫૦ | ૧.૦૫ | ૫૪.૫૫ |
| ડાંગ | ૨૨.૭૮ | ૨૧.૩૦ | ૪૪.૦૮ | ૫૬.૨૯ | ૦.૬૭ | ૫૬.૯૬ |

(મૂળ: વસતી ગણુતરીના રિપોર્ટ ૧૯૮૧)



## પરિશિષ્ટ–૩

### ખેતી, ખેતમજૂર અને અન્ય વ્યવસાયમાં સ્ત્રી, પુરુષ અને બાળકોનું ૧૯૬૧ થી ૧૯૮૧માં પ્રમાણ

| | | ખેડૂત | | | ખેતમજૂર | | | અન્ય કામદાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ | | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
| | બાળક | ૨૨.૪૯ | ૧૪.૨૦ | ૧૩.૮૯ | ૭.૩૮ | ૮.૮૯ | ૮.૪૧ | ૧૩.૧૦ | ૧૦.૦૦ | ૧૧.૦૪ |
| | પુરુષ | ૨૯.૧૩ | ૨૪.૦૬ | ૨૨.૪૨ | ૭.૮૫ | ૧૧.૪૨ | ૧૦.૧૩ | ૨૦.૧૮ | ૧૭.૧૩ | ૧૧.૬૮ |
| | સ્ત્રી | ૧૫.૪૫ | ૩.૬૧ | ૪.૭૭ | ૬.૮૭ | ૬.૧૮ | ૬.૫૮ | ૫.૬૧ | ૨.૩૪ | ૩.૦૯ |
| શહેરો | બાળક | ૨૭.૦૩ | ૧૭.૪૨ | ૧૭.૭૩ | ૮.૭૬ | ૧૦.૭૦ | ૧૦.૪૭ | ૯.૩૦ | ૫.૯૨ | ૬.૫૭ |
| | પુરુષ | ૩૫.૩૭ | ૨૯.૭૮ | ૨૮.૨૫ | ૯.૪૪ | ૧૩.૮૪ | ૧૨.૬૭ | ૧૩.૪૯ | ૧૦.૦૦ | ૧૦.૬૯ |
| | સ્ત્રી | ૧૮.૩૯ | ૪.૪૧ | ૬.૦૮ | ૮.૦૬ | ૭.૩૯ | ૮.૧૭ | ૪.૯૭ | ૧.૬૪ | ૨.૨૪ |
| ગામડાં | બાળક | ૨.૧૯ | ૧.૪૯ | ૧.૫૩ | ૧.૧૮ | ૧.૭૯ | ૧.૭૯ | ૩૦.૧૩ | ૨૬.૦૬ | ૨૫.૮૫ |
| | પુરુષ | ૨.૯૧ | ૨.૫૪ | ૨.૫૪ | ૧.૧૭ | ૨.૧૩ | ૨.૨૮ | ૪૮.૨૯ | ૪૩.૯૭ | ૪૩.૩૬ |
| | સ્ત્રી | ૧.૩૪ | ૦.૨૮ | ૦.૩૯ | ૧.૧૯ | ૧.૧૮ | ૧.૨૩ | ૮.૬૩ | ૫.૨૨ | ૫.૯૫ |
| ગુજરાત-કુલ | | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
| | બાળક | ૫૩.૩૩ | ૪૩.૧૨ | ૩૭.૭૬ | ૧૪.૭૭ | ૨૨.૪૮ | ૨૨.૮૨ | ૩૧.૯૦ | ૩૪.૪૦ | ૩૯.૪૨ |
| | પુરુષ | ૪૯.૫૪ | ૪૪.૮૭ | ૩૯.૩૫ | ૧૧.૯૫ | ૧૭.૬૪ | ૧૭.૫૮ | ૩૮.૫૧ | ૩૭.૪૯ | ૪૩.૦૭ |
| | સ્ત્રી | ૬૧.૦૩ | ૩૩.૭૭ | ૩૦.૩૯ | ૨૦.૫૪ | ૪૮.૩૫ | ૪૭.૧૦ | ૧૮.૪૩ | ૧૭.૮૮ | ૨૨.૫૧ |
| ગામડાં | બાળક | ૬૩.૭૬ | ૫૫.૪૩ | ૫૦.૪૧ | ૧૭.૬૯ | ૨૮.૩૪ | ૨૯.૬૫ | ૧૮.૫૫ | ૧૬.૨૩ | ૧૯.૯૪ |
| | પુરુષ | ૬૩.૦૯ | ૫૯.૦૪ | ૫૭.૪૭ | ૧૫.૨૨ | ૨૨.૭૭ | ૨૩.૮૧ | ૨૧.૬૯ | ૧૮.૧૯ | ૨૧.૯૨ |
| | સ્ત્રી | ૬૪.૮૮ | ૩૮.૮૦ | ૩૪.૮૯ | ૨૧.૯૦ | ૫૩.૯૬ | ૫૨.૭૪ | ૧૩.૨૨ | ૭.૨૪ | ૧૨.૩૭ |
| શહેરો | બાળક | ૮.૧૦ | ૫.૪૧ | ૪.૦૮ | ૨.૧૧ | ૪.૫૫ | ૪.૬૧ | ૮૯.૩૯ | ૯૦.૦૪ | ૯૧.૩૧ |
| | પુરુષ | ૬.૨૯ | ૫.૫૧ | ૪.૦૧ | ૧.૫૧ | ૩.૪૧ | ૩.૫૧ | ૯૨.૨૦ | ૭૧.૮૦ | ૯૨.૪૮ |
| | સ્ત્રી | ૧૮.૬૮ | ૪.૪૬ | ૪.૭૦ | ૫.૫૮ | ૧૫.૬૦ | ૧૪.૮૭ | ૭૫.૭૪ | ૭૯.૭૪ | ૮૦.૪૩ |

(મૂળ : વસ્તી ગણુતરીના રિપોર્ટ)

## પરિશિષ્ટ–૪

### ગુજરાતમાં દર હજાર રોજગાર કરતી વ્યક્તિદીઠ તેમનો રોજગારમાં દરજ્જો (વસ્તી ગણતરીના આંકડા)

| | પુરુષ | | | સ્ત્રી | | |
|---|---|---|---|---|---|---|
| (અ) ખેતીકામ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
| ૧ ખેતમજૂર | ૧૯૪ | ૨૮૨ | ૩૦૯ | ૨૫૨ | ૫૮૯ | ૬૦૮ |
| ૨ ખેડૂત | ૮૦૬ | ૭૧૮ | ૬૭૧ | ૭૪૮ | ૪૧૧ | ૩૯૨ |
| કુલ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| (બ) ગૃહ ઉદ્યોગ | | | | | | |
| ૧ વેતનદાર | ૭૩ | ૪૮ | અપ્રાપ્ય | ૧૮ | ૩૯ | — |
| ૨ એકલાં કે કુટુંબમાં ઉદ્યોગ કરનાર | ૯૨૭ | ૯૫૨ | — | ૯૮૨ | ૯૬૧ | — |
| કુલ... | ૧૦૦૦ | ૧૦૦૦ | — | ૧૦૦૦ | ૧૦૦૦ | — |
| (ક) અન્ય ઉદ્યોગ ધંધા | | | | | | |
| ૧ માલિક | ૮૯ | ૨૩ | — | ૧૭ | ૩ | — |
| ૨ કામદાર | ૫૫૩ | ૫૭૯ | — | ૩૨૯ | ૬૪૫ | — |
| ૩ સ્વયં રોજગાર | ૨૮૧ | ૨૮૨ | — | ૫૪૪ | ૨૪૩ | — |
| ૪ કુટુંબમાં રોજગાર કરનાર | ૭૭ | ૧૧૬ | — | ૧૧૦ | ૧૦૯ | -- |
| કુલ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |

(મૂળ : વસ્તી ગણતરીના રિપોર્ટ)



## પરિશિષ્ટ–૫

### ગુજરાતની ફેક્ટરીઓમાં સ્ત્રીઓનું પ્રમાણ નોંધપાત્ર હોય તેવાં કામોમાં સ્ત્રી–પુરુષ કામદારોનું પ્રમાણ ટકામાં (૧૯૮૦)

| | | જાહેર ક્ષેત્ર | | ખાનગી ક્ષેત્ર | |
|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧ | ખાદ્ય ચીજો ઉત્પાદન | ૯૯.૩૨ | ૦.૬૮ | ૮૮.૦૫ | ૧૧.૯૫ |
| ૨ | ખાદ્ય ચીજો ઉત્પાદન | ૯૨.૯૧ | ૭.૦૯ | ૯.૯૨ | ૯.૦૮ |
| ૩ | તમાકુ ને તેની બનાવટો | — | — | ૬૨.૪૭ | ૩૭.૫૩ |
| ૪ | કોટન ટેક્ષટાઈલ | ૯૫.૫૦ | ૪.૫૦ | ૯૩.૧૦ | ૬.૮૭ |
| ૫ | ગરમ રેશમી સિન્થેટીક કાપડ | — | — | ૯૭ ૯૯ | ૨.૦૧ |
| ૬ | કાપડ બનાવનાર | — | — | ૬૩.૮૮ | ૩૬.૧૨ |
| ૭ | લાકડાકામ | — | — | ૮૧.૪૭ | ૧૮.૫૩ |
| ૮ | પેપરકામ | ૯૮.૫૧ | ૧.૪૯ | ૯૬.૮૩ | ૩.૧૭ |
| ૯ | ચામડાકામ | — | — | ૯૦.૪૯ | ૯.૫૧ |
| ૧૦ | રબર પ્લાસ્ટિક પેટ્રોલિયમ | — | — | ૯૪.૨૪ | ૫.૭૬ |
| ૧૧ | રંગ રસાયણ | ૯૯.૮૦ | ૦.૨૦ | ૯૬.૭૦ | ૩.૩૦ |
| ૧૨ | અધાતુ ખનિજ બનાવટો | ૮૧.૮૨ | ૧૮.૧૮ | ૮૬.૯૯ | ૧૩.૦૧ |
| ૧૩ | હલકી અને મિશ્ર ધાતુના ઉદ્યોગો | — | — | ૯૮.૫૫ | ૧.૪૫ |
| ૧૪ | ધાતુની બનાવટો (યંત્ર સિવાય) | — | — | ૯૬.૯૧ | ૩.૦૯ |
| ૧૫ | વીજળીક યંત્ર સિવાયના ઉદ્યોગો | ૯૯.૮૦ | ૦.૯૨ | ૯૮.૯૨ | ૧.૦૮ |
| ૧૬ | વીજળીક યંત્ર ઉદ્યોગો | — | — | ૮૭.૭૨ | ૧૨.૨૮ |
| ૧૭ | વાહનવ્યવહાર | ૯૯.૭૭ | ૦.૨૩ | ૯૫.૩૮ | ૪.૬૨ |
| ૧૮ | પરચુરણ ઉત્પાદન | — | — | ૮૬.૩૬ | ૧૩.૬૪ |
| ૧૯ | વીજળી ઉદ્યોગો | ૯૯.૭૦ | ૦.૩૦ | ૯૯.૪૭ | ૦.૫૩ |
| ૨૦ | વૉટર વર્કસ | ૯૮.૬૦ | ૧.૪૦ | — | — |
| ૨૧ | વાહનવ્યવહાર આનુષંગિક સેવા | — | — | ૪૩.૪૮ | ૫૬.૫૨ |
| ૨૨ | રીપેર કામો | ૯૯.૨૮ | ૦.૭૨ | ૯૯.૬૪ | ૦.૩૬ |

(મૂળ : ચીફ ઈન્સ્પેક્ટોરેટ ઑફ ફેક્ટરીઝ, ગુજરાત સરકાર)

# શું ખરેખર સ્ત્રી પુરુષની સરખામણીમાં નીચી છે?

**વિભૂતિ પટેલ**

આપણા દેશમાં, બંધારણની દૃષ્ટિએ તો બધા જ નાગરિક સમાન છે પણ વાસ્તવિકતા સાવ જુદી છે. ઘણા પ્રકારની અસમાનતા આપણે રોજબરોજના જીવનમાં જોઈએ છીએ. એમાંય સ્ત્રી-પુરુષ અસમાનતા તો જાણે આપણા લોહીમાં વણાઈ ગઈ છે. સ્ત્રીની 'પરાધીનતા', 'નીચાપણા'ના ખ્યાલો આપણા બધાના માનસમાં એટલા જડબેસલાક બેસી ગયા છે કે આપણે કોઈ પણ શંકા કે પ્રશ્ન વગર આંખો મીંચીને સ્વીકારી જ લીધું છે કે પુરુષની સરખામણીમાં સ્ત્રી બધી જ રીતે–શારીરિક, બૌદ્ધિક અને કાર્યક્ષમતાની દૃષ્ટિએ—ઊતરતી છે. સ્ત્રીની પરાધીનતાની વિભાવના આપણાં મૂલ્યો—સંસ્કારમાં વણાઈ ગઈ છે. એટલા માટે જ સ્ત્રી પોતે પોતાના ગૌણ સ્થાનની વાતો નાનપણથી સ્વીકારતી જાય છે. જન્મતાંની સાથે ગળથૂથીમાં જ સ્ત્રીમાં ગુલામી માનસ ઊભું કરવાની પેરવીઓ શરૂ થઈ જાય છે. આમ શા માટે થાય છે? આપણને હંમેશ કહેવામાં આવે છે કે કુદરતે જ સ્ત્રીના શરીરની રચના એવી કરી છે કે તેનું મુખ્ય કામ પ્રજોત્પાદન (બાળકો પેદા કરવાનું) રહે છે. સ્ત્રી-શરીરની રચના એવી છે કે તેને પુરુષના રક્ષણ અને આશ્રય, માર્ગદર્શન અને માનસિક આધારની સતત જરૂર પડે છે. સ્ત્રી પૃથ્વી છે, પુરુષ પૃથ્વીશ છે. સ્ત્રી જમીન છે, પુરુષ બીજ છે. બીજ વગર જમીન વેરાન બની જાય. પુરુષ આક્રમક છે, સ્ત્રી શાંત છે. પુરુષ હંમેશાં 'જીતવા' માટે સર્જાયો છે. પુરુષો કુદરતને નાથવા, લડાઈ જીતવા અને હુકમ કરવા સર્જાયા છે જ્યારે સ્ત્રી હુકમોનું પાલન કરવા.

**સ્ત્રીની પરાધીનતાના આવિર્ભાવ**

સમાજના દરેક ક્ષેત્રમાં સ્ત્રી-પુરુષ અસમાનતા અને સ્ત્રીની પરાધીનતા વિવિધ રૂપે વ્યક્ત થાય છે. જીવનચક્રના વિવિધ તબક્કે—શૈશવ, કુમારાવસ્થા, યૌવન, લગ્ન, વૃદ્ધાવસ્થા, મૃત્યુ—આપણો સમાજ સ્ત્રી અને પુરુષને જુદી જુદી રીતે મૂલવે છે.

**જન્મ**

એક ગર્ભિણી સ્ત્રીને આશીર્વાદ અપાય 'શતઃ પુત્રો ભવઃ' 'દશઃ પુત્રો ભવઃ' 'અષ્ટ પુત્રો ભવઃ.' જે ઘરમાં દીકરી જન્મે ત્યાં શોકનું વાતાવરણ સર્જાય. કેટલીક જ્ઞાતિઓમાં તો દીકરીને જન્મતાં જ દૂધપીતી કરવાનો રિવાજ હતો. હવે તો ૨૦મી સદીના રોકેટયુગમાં આપણે એટલા આગળ વધી ગયાં છીએ કે દીકરીને માના પેટમાં જ મારી નાખવામાં આવે છે. એમ્નિઓ-સેન્ટેસીસ, કોરીઓન વીલાઈ, બાયોપ્સી, સોનોગ્રાફી, અલ્ટ્રાસાઉંડ, ફીટોસ્કોપી, નીડલીંગ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓની મદદથી માના પેટમાં છોકરો છે કે છોકરી એ જાણ્યા બાદ, જો છોકરી હોય તો ગર્ભપાત કરાવતાં યુગલો અચકાતાં નથી. પુત્રઘેલછા એટલે સુધી આગળ વધી છે કે પહેલેથી, પુત્ર જ આવે તે માટેની વૈજ્ઞાનિક રીતો શોધાઈ છે. પુત્રીજન્મને અભિશાપ માનતો આપણો દેશ ખાવા, પીવા, દવા, શિક્ષણ, માન-મોભો, વૈદકીય સારવારમાં પુત્ર અને પુત્રી વચ્ચે એટલો બધો ભેદભાવ રાખે છે કે પુત્રીનો મૃત્યુદર પુત્રોના મૃત્યુદર કરતાં ઘણો વધારે છે. આપણા દેશમાં દર ૧૦૦૦ પુરુષોએ ફક્ત ૯૩૫ સ્ત્રીઓ છે. ધીરે ધીરે સ્ત્રીઓનું પ્રમાણ આપણા દેશમાં છેલ્લાં ૮૬ વર્ષથી ઓછું થઈ રહ્યું છે.

**કુટુંબજીવન**

કુટુંબજીવનમાં પણ પુત્રીને હંમેશાં ચૂપચાપ,

નીચી મૂંડી ઘાલી સહનશીલ બનવાની તાલીમ અપાય છે. પુરુષોના પ્રમાણમા ઓછું ખાવું, ઓછા હકકો માંગવા, ઓછી સગવડો ભોગવવી એમ સમજાવાય છે. દલીલબાજી અને હકકો માંગવાની વાતથી દૂર રહેવાનું શિક્ષણ અપાય છે. મધ્યમ અને ઉચ્ચ વર્ગમાં કન્યા શિક્ષણની વાત સ્વીકારાય છે. પણ ગરીબ વર્ગમાં હજુય કન્યાશિક્ષણ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. દીકરી ઘરકામમાં માને મદદ કરે, નાના ભાઈ-ભાંડુ સાચવે એટલે બસ થયું. શરીરને ચપળ બનાવે, ઊછળ-કૂદ, દોડાદોડી જેવી ક્રિયાઓથી દીકરીને બને ત્યાં સુધી દૂર રાખવાના પ્રયત્નો થાય છે.

### લગ્ન

દીકરીના લગ્નની 'સમસ્યા' દરેક મા-બાપની ઊંઘ હરામ કરી નાખતી હોય છે. દીકરી એટલે 'સાપનો ભારો.' આ બોજને કેમ દૂર કરવો ? લગ્ન કરીને વરપક્ષને પોતાની પુત્રીનો બોજ વેંઢારવા બદલ કન્યાપક્ષવાળાઓએ મહેનતાણારૂપે દહેજ આપવું પડે છે. જ્યાં પહેલાં કન્યાવિક્રય, પલ્લુની પ્રથા હતી અને હજુ કેટલીક જ્ઞાતિઓ, આદિવાસીઓમાં છે ત્યાં પણ સ્ત્રીને ખરીદવા યોગ્ય વસ્તુ જ માનવામાં આવે છે. દહેજનું દૂષણ સમાજના દરેક વર્ગ, જ્ઞાતિ અને ધર્મના લોકોમાં ઊંડું ને ઊંડું ઘૂસતું જાય છે. આધુનિકીરણ અને ઔદ્યોગીકરણે આ દૂષણને વધુ ને વધુ પ્રમાણમાં બહેકાવ્યું છે. દહેજની માંગણીમાં નવી નવી ચીજ–વસ્તુઓ ઉમેરાતી જાય છે. હજારો નવોઢાઓને સાસરિયાઓની દહેજની માંગણી ન સંતોષવા બદલ પોતાનો જીવ આપવો પડે છે.

### ધર્મ અને સંસ્કાર

દરેક ધર્મે સ્ત્રીને પુરુષથી નીચી બતાવવા પ્રયાસ કર્યો છે. આપણી કહેવતો, રૂઢિપ્રયોગો અને ઐતિહાસિક આદર્શ ઉદાહરણોમાં પણ સ્ત્રી એક બુદ્ધિહીન, ક્ષુલ્લક વસ્તુઓમાં રાચનારી, પુરુષની આભામાં મસ્ત, પાંવકી જૂતી, તાડનની અધિકારી, બિન-કાર્યક્ષમ બતાવવામાં આવી છે. સ્ત્રી અંગે એકદમ વિરોધાભાસી પ્રતિમાઓ બતાવવામાં આવે છે. એક બાજુ અતિશય નમ્ર, પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરનારી, સહનશીલ, સતી, દેવી, ત્યાગમૂર્તિ, મા-પત્ની અને બીજી બાજુ કુલટા, કર્કશા, સ્વાર્થી, આત્મકેન્દ્રી, મહત્ત્વાકાંક્ષી, 'સ્ત્રીચરિત્ર' બતાવતી સ્ત્રી.

### શિક્ષણ

શાળા-કોલેજમાં અપાતું શિક્ષણ પણ સ્ત્રીને પરંપરાગત રીતે જ મૂલવે છે. માને હમેશાં ઘરમાં કામ કરતી બતાવાય જ્યારે બાપ બહાર કામ કરવા જાય છે તેમ બતાવાય છે. છોકરીના હાથમાં ઢીંગલી અને છોકરાના હાથમા બંદૂક બતાવાય છે. સ્ત્રી અને પુરુષ વિષે સમાજે જે મૂલ્યો ઠોકી બેસાડેલા છે તેનું જ પ્રતિબિંબ શિક્ષણમાં જોવામાં આવે છે. સ્ત્રીશિક્ષણને મળવું જોઈએ એટલું મહત્વ અપાતું નથી. ગરીબ ઘરોમાં નાની બાળકી માને ઘરકામમાં મદદ કરે અથવા નાનાં ભાઈભાંડુઓને સાચવે એવી માન્યતા હોવાથી ઘણાં માબાપ દીકરીઓને શાળામાં મૂકતાં નથી અને જો મૂકે તો પણ ૨-૪ ધોરણ પછી શાળામાંથી ઉઠાડી લે છે. ઉચ્ચ શિક્ષણ, જે ભારતીય સમાજમાં ફક્ત ૨ ટકા વસ્તીને મળે છે એમાં પણ સ્ત્રીને સારો વર મળે એ જ આશાથી ભણાવવામાં આવે છે. સ્ત્રીની વ્યક્તિમત્તા ખીલે એ આશાથી શિક્ષણને કદી મૂલવવામાં આવતું નથી. ૧૯૮૧ની વસ્તીગણુતરી મુજબ દર ૧૦૦એ ફક્ત ૨૫ છોકરી/સ્ત્રીઓને અક્ષરજ્ઞાન છે.

### શ્રમબજારમાં સ્ત્રી

પરાપૂર્વથી સ્ત્રીઓ કામ કરતી આવી છે. ઘર અને ખેતરમાં, પશુપાલન અને ગૃહઉદ્યોગો, કાંતવું, સીવવું ઈત્યાદિ કામ દરેક યુગમાં સ્ત્રીઓએ કર્યાં છે. પુરાતત્ત્વવિદો, નૃવંશશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓનાં સંશોધનોથી એ સાબિત થયું છે કે શિકાર સિવાયના બધા હુન્નરો, પશુપાલન અને ખેતીવાડીની શોધ સ્ત્રીઓએ કરી હતી. ગુલામીયુગ અને સામંતશાહીમાં પણ સ્ત્રીનો અર્થતંત્રમાં મહત્ત્વનો ફાળો હોવા છતાં સમાજે એના 'શ્રમ'ની કદર કરી નહિ. પૂંજીવાદના પાયામાં તો



લાખો સ્ત્રીઓ અને બાળકોના શ્રમના શોષણની દાસ્તાન રહેલી છે. પૂંજીવાદના શરૂઆતના કાળમાં જ્યારે ખૂબ ઝડપથી ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો હતો ત્યારે સ્ત્રીઓને પરાણે કારખાનામાં ઘસડી જઈ તેમની પાસે ૧૬-૧૮ કલાક મજૂરી કરાવાતી. આજે જ્યારે પૂંજીવાદની પાસે બેકારોનું મોટું લશ્કર ઊભું થઈ રહ્યું છે ત્યારે બેકારીનો સર્વપ્રથમ શિકાર સ્ત્રી બને છે. ૧૯૮૧ની વસ્તી ગણુતરી મુજબ ૧૦૦માંથી ફક્ત ૧૪ સ્ત્રીઓને શ્રમ બદલ વેતન મળે છે. રાષ્ટ્રીય વિકાસે સ્ત્રીની રોજીરોટી પર મોટી લાત મારી છે. રોજગાર કરતી વસ્તીમાં ફક્ત ૬% લોકો પાસે કાયમી થોડાં સારાં વેતનવાળી, સંગઠન બનાવવાનો હક્ક હોય એવી નોકરી છે. જ્યાં જ્યાં નવી ટેકનોલોજી આવી છે જેમ કે ઉત્પાદન, ખેતી, વેપારનાં ક્ષેત્રો ત્યાં ત્યાં સ્ત્રીઓએ રોજગારની તકો ખોઈ છે. કાપડસૂતર, ખાણ, શણ, ડેરીક્ષેત્રમાં સ્ત્રીઓની તકો ઓછી થઈ રહી છે.

શિક્ષિત સ્ત્રીઓમાં સૌથી વધુ પ્રમાણ શિક્ષિકા, નર્સ, ટાઈપીસ્ટ–સેક્રેટરીનું જોવા મળે છે. ધીરે ધીરે ડોક્ટર, એંજીનીયર, આર્કિટેક્ટ, વકીલના ધંધામાં સ્ત્રીઓની સંખ્યા વધી રહી છે. તેમ છતાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘણું બધું ઓછું છે.

સ્ત્રીઓને પુરુષો જેટલું કામ કરવા છતાં ઓછું વેતન મળે છે. કાયમી નોકરી, પ્રમોશન અને કારકિર્દી બનાવવાની તક પુરુષોના પ્રમાણમાં ઘણી ઓછી મળતી હોય છે. ઘરકામને હજી પણ સમાજ મહત્ત્વનું 'કામ' નથી ગણતો માટે 'ગૃહિણી' સ્ત્રી ન-કામી ગણાય છે. નોકરી કરનાર સ્ત્રીને ઘર અને રોજગાર બંનેનો બોજો સહેવો પડે છે.

### માધ્યમો

રેડિયો, ટી.વી., નાટક, સિનેમા, જાહેર ખબરો સ્ત્રીને એક વ્યક્તિ ન ગણતાં ઉપભોગના સાધન તરીકે બતાવે છે. આ માધ્યમો આપણી માનસિકતા ઘડવામાં ખૂબ મોટો ફાળો આપતાં હોય છે. માધ્યમોના પ્રચારને લઈને સ્ત્રી પુરુષથી નીચી છે એ વિભાવના ઘર ઘરમાં પાકા પાયે ઘર કરી જાય છે. દુઃખની વાત તો એ છે કે ખાંડ ચોપડેલ કડવી દવા જેમ આપણે સહજતાથી ગળે ઉતારી દઈએ છીએ એવી જ રીતે માધ્યમોએ આપેલ સ્ત્રીવિરોધી મૂલ્યો આપણે સંકોચ વગર સ્વીકારી લઈએ છીએ.

### સ્ત્રીવિરોધી હિંસા

સ્ત્રીની આત્મહત્યાના વધતા જતા દર, બળાત્કાર, છેડતી, પત્નીતાડન, સાસરિયાનો ત્રાસ–આ બધાં ઉદાહરણો સ્ત્રીવિરોધી હિંસાના જુદાં જુદાં રૂપો છે. યુદ્ધમાં હારેલા પુરુષોને મારી-કાપી કે બંદી બનાવવામાં આવે જ્યારે હારેલા દેશની સ્ત્રીઓનું અપહરણ કરવામાં આવે કે તેની પર બળાત્કાર ગુજારાય. સમાજની બંધ બેસાડેલી માન્યતા/રિવાજથી જરાય આઘીપાછી થતી સ્ત્રીને તેની જગ્યાએ રાખવા હંમેશાં તેને બળાત્કાર/તાડનનો ભય બતાવવામાં આવે. સ્ત્રીને પોતાની તાબેદાર રાખવા પતિ/પિતા/પુત્ર તેની પર જુલમ ગુજારી શકે. સ્ત્રીને ભયભીત રાખવા/અવમાનિત કરવા/હીણી બતાવવા બળાત્કારની લટકતી તલવાર એના માથા પર ઊભેલી જ હોય.

### કાયદાઓ અને સ્ત્રી

દરેક દેશના કાયદા સ્ત્રી અને પુરુષને ઉપરછલ્લી રીતે સમાન ગણાવે છે પણ એના હાર્દમાં તો સ્ત્રી અને પુરુષને અસમાન જ માને છે. લગ્ન, બાળકોના લાલન-પાલન, છૂટાછેડા, મિલ્કતના કાયદા મોટા ભાગના દેશોમાં સ્ત્રી અને પુરુષને સમાન નથી માનતા અને જ્યાં સમાન હોય છે ત્યાં પણ વાસ્તવિકતામાં તો સ્ત્રીને કાયદાના સમાન હક્કો નથી મળતા. આપણા દેશમાં તો હિંદુ, મુસ્લિમ, પારસી અને ક્રિશ્ચિયન સ્ત્રીને જુદા જુદા કાયદાઓ લાગુ પડે છે. જો હિંદુ કાયદા પ્રમાણે પુત્રીને વંશપરંપરાગતની મિલ્કતમાં હક્ક નહિ તો ક્રિશ્ચિયન સ્ત્રીને છૂટાછેડાનો હક્ક નહિ. પારસી સ્ત્રી જો બિનપારસીને પરણે તો પિતાની મિલ્કતમાંથી પોતાનો હક્ક ગુમાવે અને જો પારસી પુરુષ બિનપારસી સ્ત્રીને પરણે તો તેની પત્નીને પતિની મિલ્કતનો ફક્ત અડધો જ ભાગ મળે. મુસ્લિમ સ્ત્રીનો પતિ ચાર પત્ની કરી,

'તલાક' 'તલાક' 'તલાક' એમ ત્રણ વાર બોલી છૂટાછેડા મેળવી શકે. બાળકવાળી છૂટાછેડા પામેલી મુસ્લિમ સ્ત્રીને ખાધા-ખોરાકી માંગવાનો હક્ક નહિ.

આમ જીવનના દરેકે દરેક ક્ષેત્રમાં સ્ત્રીને પુરુષ કરતાં નીચી ગણતો આપણો સમાજ એક જ સંદેશ આપ્યા કરે છે કે સ્ત્રી ખરેખર પુરુષની સરખામણીમાં નીચી જ છે. તો શું ખરેખર પુરુષના પ્રમાણમાં સ્ત્રી ઊતરતી છે? આ પ્રશ્નની સાથે જ સંકળાયેલા બીજા કેટલાક પ્રશ્નો શું કાળા લોકો ગોરા લોકો કરતાં ઊતરતા છે? શું તવંગરો કરતાં મહેનત મજૂરી કરી ગાંડ પેટિયું રળતા કામદારો ઊતરતા છે? શું કોઈ પણ વ્યક્તિનું 'ઊતરતા' હોવું તે તેની જ્ઞાતિ, લિંગ, ધર્મ કે વર્ગ પર નિર્ભર છે? શું આજુબાજુના વાતાવરણ, તક મળવી કે તકના અભાવનો સ્ત્રી કે પુરુષના વ્યક્તિત્વના વિકાસમાં કેટલો ફાળો? જ્યારે જ્યારે તક મળી છે ત્યારે ત્યારે શું સ્ત્રીઓએ યુદ્ધો, ખાણો, ખેતરો, કારખાનાં વગેરેમાં પુરુષ જેટલાં જ ભારે કામો નથી કર્યાં? તો શા માટે આપણે ઇતિહાસના અનુભવોને ભૂલી જઈએ છીએ!

જો આપણે ઇતિહાસ, નૃવંશશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને પુરાતત્ત્વશાસ્ત્રનાં સંશોધનો તપાસીએ તો સ્ત્રીઓ અને પુરુષોના માનવસંસ્કૃતિની ઉત્ક્રાંતિ માટેના યોગદાનને સાચા સંદર્ભમાં જોઈ શકીશું. ભ્રમણા અને વાસ્તવિકતાના ભેદ ઉકેલી શકીશું અને સાચી સમજ કેળવી શકીશું.

નૃવંશશાસ્ત્રનાં સંશોધનો દર્શાવે છે કે જ્યારે વાનરમાંથી માનવ બન્યો ત્યારે વિશ્વનું પ્રથમ શ્રમ-વિભાજન સ્ત્રી અને પુરુષો વચ્ચે થયું. સ્ત્રી પર આવેલ પ્રજનન અને સ્તનપાનની જવાબદારીને લઈને સ્ત્રીઓ કબીલાની સારસંભાળ રાખે, બાળકોને, માંદા અને વૃદ્ધોને સંભાળે અને પુરુષો પશુઓનો શિકાર કરી લાવે. વર્ષોના એકસરખા અનુભવ બાદ સ્ત્રીઓ પશુપાલન, વનસ્પતિની સમજ, ખોદકામ કરી ખાવા અને દવા માટે કામ આવી શકે તેવા કંદમૂળ, ડોશીવૈદું શીખી. લાકડીથી ખોદી ખોદી કંદમૂળ કાઢવાની પ્રક્રિયામાંથી ખેતીની શોધ કરી. પુરુષોને ઘણીવાર દિવસો સુધીના રઝળપાટ પછી પણ શિકાર ન મળતો તે વખતે સ્ત્રીઓએ સંઘરેલ કંદમૂળ, નાનાં નાનાં સસલાં, બતક, ઉંદર, બિલાડી વગેરે શિકાર જ ખાવા માટે કામ આવતા. સામૂહિક શ્રમના ઘણાંય વર્ષો બાદ આદિમ સમાજનો એક તબક્કો એવો આવ્યો જ્યારે સમાજમાં એટલું પેદા થતું હતું કે એક નાનકડો વર્ગ કંઈ કામ કર્યા વગર બેઠાડુ રહી ખાઈ-પી શકે. એ વર્ગ વહીવટ-સત્તા ભોગવવા લાગ્યો. સાથે સાથે ખાનગી મિલકતની વ્યવસ્થા ઊભી થઈ અને એ મિલકતની રક્ષા ખાતર 'કાયદેસર' વારસની જરૂર પડી. એથી લગ્નવ્યવસ્થા ઊભી થઈ જેમાં પત્ની પતિની મિલકત બની અને 'કાયદેસર' બાળક પેદા કરનારું સાધન. આમ સ્ત્રીઓ માટે એક પછી એક બંધનોની શરૂઆત થતી ગઈ.

આદિમ સમાજમાં સ્ત્રીઓને નિર્ણય કરવાના હક્કો હતા. ખોરાક મેળવવો, ખોરાકની વહેંચણી, કબીલાના મહત્ત્વના નિર્ણયોમાં સ્ત્રીઓ આગળ પડતો ભાગ લેતી.

જેમ જેમ સામાજિક અને આર્થિક માળખામાં પરિવર્તનો થવા માંડ્યાં તેમ તેમ સ્ત્રીઓનો દરજ્જો પણ સમાજમાં બદલાઈ ગયો. આદિમ સમાજમાં ટોળું (કબીલો) સાથે મળી કામ કરતું. ખોરાક ભેગો કરી તેની વહેંચણી સમાન રીતે કબીલાના બધા સભ્યોમાં થતી. બાળકો વ્યક્તિગત મા-બાપનાં ન ગણાતાં પણ આખા કબીલાનાં ગણાતાં. કબીલાના બધા જ સભ્યો સાથે મળી બાળકોની એકસરખી કાળજી રાખતા.

'શ્રમ' એ એક એવી પ્રક્રિયા છે જે માનવને પશુ-ઓથી જુદા પાડે છે. એ જ શ્રમની પ્રક્રિયાએ ખેતી, વૈદ્યશાસ્ત્ર, કુંભારકામ, હાથવણાટ, સુથારકામ, લુહાર-કામ અને પશુપાલનનો વિકાસ કર્યો. ખોરાક રાંધવાની શોધ પાછળ પણ વર્ષોનો અથાક, ધીરજપૂર્ણ શ્રમ રહેલો છે. ખોરાકને રાંધવા માટે અગ્નિ પેટાવવો, અગ્નિને સળગતો રાખવો, અગ્નિને કબીલાની સાથે



સાથે લઈ જવો એ કોઈ નાનીસૂની બાબત ન હતી અને આ કામ પણ સ્ત્રીઓ કરતી. રાંધવાની વિવિધ પ્રક્રિયા—ઉકાળવું, બાફવું, શેકવું, તળવું એ વિવિધ રાસાયણિક પ્રક્રિયાઓ છે. આમ સ્ત્રીઓએ રસાયણ વિજ્ઞાનના પાયા નાખ્યા. ખોરાકને સંઘરી રાખવાની જુદી જુદી પદ્ધતિઓ, વાસણ બનાવવાં, ઘર બાંધવાની કળા સ્ત્રીઓએ જ વિકસાવી હતી.

'The Mothers' નામના પુસ્તકમાં રોબર્ટ બ્રિસેલ જણાવે છે: અમેરિકાના મૂળ વતનીઓમાંના એક સ્પેનિશ પાદરીએ જ્યારે ઘર બાંધવામાં ફક્ત સ્ત્રીઓને જ વ્યસ્ત થયેલી જોઈ ત્યારે તેઓ ખૂબ નવાઈ પામ્યા. સ્પેનિશ પુરુષોના અમેરિકા ગયા બાદ તેમની અસરથી જ્યારે અમેરિકાના મૂળ વતની પણ મકાન બાંધવાનું કામ કરવા લાગ્યા ત્યારે ત્યાંની સ્ત્રીઓ એમની મજાક કરવા લાગી; એમ કહીને 'જો ને, પુરુષ થઈને મકાન બાંધે છે!' આજે આપણા સમાજમાં સ્ત્રીઓ આર્કિટેક્ટ કે ઈજનેર બને છે તો તેમની હાંસી ઉડાવાય છે.

ડોશીવૈદા વિષે તો આપણે સારું એવું જાણીએ છીએ. કઈ વનસ્પતિ કે કયા કંદમૂળ ખાવાલાયક છે, કયા ઝેરી છે, કોને રાંધીને ખાવા, કોને કાચા ખાવા એ બધા અખતરા કરતાં કરતાં સ્ત્રીઓએ વૈદ્યશાસ્ત્રના પણ પાયા નાખ્યા.

આપણે કાઠિયાવાડમાં જોયું છે કે જે ગરીબ ખેડૂત પાસે બળદ ન હોય એ પોતાની વહુને બળદની જગ્યાએ જોતરે છે. 'મધર ઇંડિયા'નું એ દૃશ્ય જેમાં નરગીસ જોતરાય છે એ કંઈ નવી નવાઈનું ચિત્ર નથી. ખાણો, ખેતરો, ગોદામો, કારખાનાં બાંધકામ અને બંધ બાંધવાના કમરતોડ કામો સ્ત્રીઓ કરતી આવી છે જેનો સ્વીકાર સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ કર્યો છે. વિશ્વનું ૨/૩ કામ સ્ત્રીઓ કરે છે. પણ ૧/૧૦૦મા ભાગની સંપત્તિની જ હકદાર સ્ત્રીઓ છે. પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધમાં જ્યારે જગતના પુરુષો વિશ્વનો વિનાશ કરવામાં મસ્ત હતા ત્યારે યુદ્ધમાં સંડોવાયેલા દરેક દેશની આર્થિક ધુરા સ્ત્રીઓએ જ સંભાળી હતી ને? એ વખતે કેમ કોઈએ 'સ્ત્રીઓમાં ઓછી શક્તિ, ઓછી કાર્યક્ષમતા, ઓછી બુદ્ધિ, ઓછી સહનશક્તિ કે ઓછી બહાદુરી છે' એમ ન કહ્યું? અને જેવાં યુદ્ધો પૂરાં થયાં કે સ્ત્રીઓએ પાછા ઘરમાં પુરાઈ જવાની વાત દરેક સરકારોએ કરવા માંડી. આમ સ્ત્રીઓની બાબતમાં હંમેશ સગવડિયો ધર્મ અપનાવવામાં આવે છે. આવો જ વર્તાવ સમાજના અન્ય શોષિતો, પીડિતો અને દલિતો સાથે પણ રાખવામાં આવે છે. એમની પાસે વેઠ કરાવડાવી, એમના શ્રમ પર પોતે તાગડધિન્ના કરવા.

રાજ્ય, ધર્મ, માધ્યમો, કુટુંબ વ્યવસ્થા સ્ત્રીની પરાધીનતાનાં મૂલ્યોને ઠોકી બેસાડવા પોતપોતાનો ફાળો આપે છે. સ્ત્રીની નીચાપણાની વિભાવનાનો જન્મ એવી સમાજવ્યવસ્થામાંથી થાય છે જે સમાજવ્યવસ્થા વિવિધ પ્રકારની અસમાનતાઓ, વિરોધાભાસો, ભેદ-ભાવો, પરાધીનતા અને માનહાનિને પોષે છે. એટલા માટે જ ફક્ત સ્ત્રી અને પુરુષ વચ્ચેના ભેદભાવ તરફ જ આપણે સંવેદનશીલ રહીશું તો સમસ્યાનો અંત નહિ આવે. આપણે આપણી સંવેદનાની ક્ષિતિજોને વિસ્તારવી પડશે જેમાં દલિત-સવર્ણ, ઊંચ-નીચ, માલિક-મજદૂર, હિંદુ-મુસ્લિમ, ગરીબ-તવંગર, સ્ત્રી-પુરુષ, ગોરા-કાળા વચ્ચેની અસમાનતા પ્રત્યે પણ સભાન બનવું પડશે; કારણ આ બધા જ એકબીજા સાથે તાણાવાણાની જેમ ગાઢ રીતે સંકળાયેલા છે.

પિતૃપ્રધાન મૂલ્યો ખૂબ જ બળવાન હોય છે. દરેક સમાજવ્યવસ્થામાં એના ચહેરા-મહોરા બદલાય છે પણ તે પોતાની જગ્યા ખોળી લે છે. પુરુષપ્રધાન વિચાર-ધારાનું લચીલાપણું એને દીર્ઘકાલીન બનાવે છે પણ એ શાશ્વત છે એમ માની હાથ જોડી બેસી રહેવાથી ન ચાલે. તેને આપણા રોજબરોજના જીવનમાં અને સમાજનાં મૂલ્યો બદલી સતત પડકારતા રહીશું તો જ તેનો મુકાબલો કરી શકીશું. કોઈ સંત મહાત્મા કે જ્ઞાની પુરુષ, નેતા કે જાદુગર આપણને નારીમુક્તિ કે

ગૌરવપૂર્ણ જીવન નહિ આપે, સ્ત્રીઓએ જાતે જ પોતાના હક્કો કાજે લડવું પડશે. 'સ્ત્રી વિરુદ્ધ સ્ત્રી', 'સ્ત્રીની દુશ્મન સ્ત્રી' જેવી વિચારધારા ફગાવી ભગિનીત્વની ભાવના કેળવવી પડશે. શોષણ-દમનમાંથી મુક્તિનું કામ શોષિતો જ કરી શકે અને એ ત્યારે જ થાય કે જ્યારે પોતાની 'ગુલામી' વિશે સ્ત્રીઓ જાગૃત બને. ઇતિહાસમાં ઘણી વાર એવું બન્યું છે કે 'ગુલામો'ને ગુલામી ગમવા માંડે છે, કારણ સ્વતંત્રતાની કિંમત ચૂકવવાની તેમની તૈયારી નથી હોતી.

પણ આજે સ્ત્રીવિરોધી ઉઘાડ-છોગની હિંસા, અપમાનકારક વલણ અને બેવડાં ધોરણો એટલી હદે માઝા મૂકતા જાય છે કે સ્ત્રીઓએ પોતે મુક્તિની શોધ આરંભી છે. આ શોધ માટે જરૂરી છે કે આપણે ઇતિહાસને વૈજ્ઞાનિક પદ્ધતિથી જોઈએ. પુરુષની સરસાઈ અને સ્ત્રીની પરાધીનતાને લગતા ભાવનાવાદી કે પૂર્વગ્રહયુક્ત વલણો ફગાવી વ્યવસ્થિત રીતે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોને સમજી એમાં સ્ત્રી અને પુરુષના સહભાગને મૂલવીએ. નવાં મૂલ્યો, નવા ખ્યાલો અને નવા માનવસંબંધોની વિચારધારા ઘણી વખત તર્કશુદ્ધ અને બુદ્ધિગમ્ય લાગે છતાં પણ તેને સ્વીકારવાનું ઘણું કપરું છે. એને માટે ફક્ત મોરચા કાઢવાથી, સૂત્રોચ્ચાર કરવાથી કે વિરોધ નોંધાવવાથી જ કંઈ નહિ વળે. કુદરતે સ્ત્રીને પુરુષથી હીણી નથી બનાવી પણ સમાજે સ્ત્રીને હીણી બનાવી છે. એની સામે આપણે દરેક ક્ષેત્રે, દરેક તબક્કે સમાનતાના મૂલ્યોવાળા પર્યાયો ઊભા કરવા પડશે. સ્ત્રીના આત્મગૌરવ, સ્વમાન અને વ્યક્તિત્વનો વિકાસ થાય એ માટે કુટુંબ, સમાજ, સંસ્કૃતિ અને માધ્યમોમાંથી સ્ત્રીની પરાધીનતાના ખ્યાલો ધરમૂળથી ઊખેડવા પડશે. સાથે સાથે સમાજની બીજી બધી અસમાનતાઓ સામે પણ સંઘર્ષ કરવાની તૈયારી રાખવી પડશે. આમ માનવમુક્તિ વગર નારીમુક્તિ શક્ય નથી અને નારીમુક્તિ વગર માનવમુક્તિ શક્ય નથી.



# પત્ની કે નાગરિક?

**ભગીરથ શાહ**

ધાર્મિક વિચારસરણી, સામાજિક માળખું અને રીતરિવાજો સ્ત્રીના સામાજિક દરજ્જાને પુરુષ કરતાં ઊતરતો ગણે છે. જ્યારે વર્તમાન ભારતીય સમાજમાં કાયદો આધુનિકતાના પ્રતીક તરીકે આવેલ છે. જેનો આદર્શ સમાનતા છે. આથી અસમાનતા અને ભેદભાવનો શિકાર બનેલી સ્ત્રીઓ ન્યાય અને સમાનતા માટે કાયદા તરફ આશાની નજરે મીટ માંડે છે. સૌ પ્રથમ બ્રિટિશ જમાનામાં સને ૧૮૨૯માં સતી વિરુદ્ધ કાયદો કરવામાં આવ્યો. સને ૧૮૫૬માં વિધવા પુનર્લગ્ન કાયદેસર કરતો કાયદો આવ્યો અને સ્વતંત્ર ભારતમાં હિંદુ કોડ પસાર કરવામાં આવ્યો. આ ઉપરાંત છેલ્લાં દસ વર્ષમાં સ્ત્રીને લગતા વિવિધ કાયદાઓ પસાર કરવામાં આવ્યા છે અને છેલ્લાં બે વર્ષમાં સ્ત્રીઓને લગતા કાયદામાં થોકબંધ સુધારાઓ કરવામાં આવ્યા છે. છેલ્લાં થોડાં વર્ષોમાં કોર્ટોના આવેલા કેટલાક ચુકાદાઓથી રૂઢિચુસ્તો એવી બુમરાણ લગાવે છે કે હવે તો કાયદો સ્ત્રી તરફી થઈ ગયો છે. બીજી તરફ સ્ત્રી મંડળોને એમ લાગે છે કે સ્ત્રીઓના ઊતરતા દરજ્જા માટેનું મૂળ કારણ કાનૂની વ્યવસ્થાની ઊણપ છે અને તે ઊણપને કારણે સ્ત્રી પોતાની સર્વાંગ શક્તિઓ ખીલવીને સમાજને તેનો લાભ આપી શકતી નથી. પરસ્પર વિરુદ્ધ બંને દૃષ્ટિબિંદુમાં શું તથ્ય છે અને સમાનતા એ ન્યાયનો આદર્શ હોવા છતાં કાયદો કેમ સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવને ચલાવી લે છે તેમ જ એવા ભેદભાવો ચાલુ રાખવામાં મદદ કરે છે તે સમજવું આવશ્યક છે.

ભારતના કાનૂની માળખાની મર્યાદા ભારતનું બંધારણ બાંધે છે. દેશનો કોઈ પણ કાયદો બંધારણની જોગવાઈનું ઉલ્લંઘન કરી શકતો નથી અને જો એમ થાય તો ચાલુ રહી શકતો નથી. ભારતનું બંધારણ ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિન સાંપ્રદાયિક, લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કરે છે અને આ પ્રજાસત્તાક રાજ્ય તેના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક, અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા તેમ જ દરજ્જા અને તકની સમાનતા પ્રાપ્ત કરવાના હક આપે છે. તેમ જ પ્રત્યેક વ્યક્તિના ગૌરવને આગળ વધારી બંધુતા વિકસાવવાનો સંકલ્પ કરે છે.

ભારતના તમામ કાયદાઓ મૂળભૂત અધિકારોને આધીન ઘડવામાં આવે છે. મૂળભૂત અધિકારો અન્વયે કલમ-૧૪માં જણાવવામાં આવ્યું છે કે 'ભારતના રાજ્યક્ષેત્રની અંદર કોઈ વ્યક્તિને રાજ્યથી કાયદા સમક્ષ સમાનતાની અથવા કાયદાના સમાન રક્ષણની ના પાડી શકાશે નહિ.' કલમ ૧૫(૧)માં જણાવ્યું છે કે કોઈપણ નાગરિકની સાથે ફક્ત ધર્મ, જ્ઞાતિ, જાતિ, લિંગ, જન્મ, અને સ્થાન જેવા કારણે રાજ્ય ભેદભાવ કરી શકશે નહિ.' તેમ જ કલમ ૧૬(૧)માં જણાવ્યું છે કે રાજ્ય હેઠળની નોકરી અથવા હોદ્દા ઉપર નિમણુક અંગેની બાબતમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા રહેશે. તેમ જ કલમ ૧૬(૨)માં કહ્યું છે કે 'કોઈ નાગરિક ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, કુળ. જન્મસ્થાન કે નિવાસ જેવા કારણોસર રાજ્ય હેઠળની કોઈ નોકરી અથવા હોદ્દા માટે અપાત્ર ગણાશે નહિ. અથવા તેની સામે ભેદભાવ કરી શકાશે નહિ.' કલમ ૧૪(૧)માં સર્વ નાગરિકોને વાણી-સ્વાતંત્ર્યની, અભિવ્યક્તિની સ્વતંત્રતાની, ભારતના રાજ્યક્ષેત્રમાં ગમે તે સ્થળે નિવાસ કરવાની અને સ્થાયી

થવાની તેમ જ પસંદગીનો વ્યવસાય અને પસંદગીના કામકાજ, વેપાર અને ધંધો કરવાની તક આપેલી છે. કલમ ૨૧માં જણાવ્યું છે કે કાયદાની સ્થાપિત કાર્યરીતિ સિવાય કોઈ વ્યક્તિનો જાન કે શરીર-સ્વાતંત્ર્ય છીનવી લઈ શકાય નહિ. કલમ ૨૩માં મનુષ્યનાં વેપાર અને વેઠ તેમ જ તેના જેવી બળ-જબરીથી કરાવાતી બીજા કોઈ પ્રકારની મજૂરીનો પ્રતિબંધ કરવામાં આવેલ છે. તેમ જ કલમ ૩૨થી મૂળભૂત હક્કોનો અમલ કરવા માટે દાદ માંગવાના હકની બાંહેધરી આપવામાં આવેલી છે. ભારતના બંધારણના ભાગ-૪માં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવેલા છે અને તેમાં પ્રજાના કલ્યાણ માટે કામ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કલમ ૩૮માં જણાવ્યું છે કે રાજ્ય સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયથી રાષ્ટ્રજીવનની તમામ સંસ્થાઓ અનુપ્રાણિત થઈ હોય તેવી સામાજિક વ્યવસ્થા શક્ય તેટલી કાર્યસાધક રીતે સિદ્ધ કરીને અને રક્ષીને લોકકલ્યાણમાં અભિવૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરશે. કલમ ૩૯માં પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો સમાન હક રહે અને પુરુષો અને સ્ત્રીઓ બંનેને સરખા કામ માટે સરખો પગાર મળે તેવી નીતિ અખત્યાર કરવાનો રાજ્યને આદેશ આપેલો છે. કલમ ૩૯(એ)માં કાયદાનું માળખું સમાન તકના પાયા ઉપર ન્યાયની સ્થાપના કરે તે માટેનો પ્રયત્ન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમ જ કલમ ૪૨માં રાજ્ય પ્રસૂતિસહાયતા માટે જોગવાઈ કરે તે માટેનો આદેશ આપવામાં આવ્યો છે. કલમ ૪૪માં તમામ નાગરિકો માટે અને સમગ્ર દેશ માટે સમાન નાગરિક ધારો ઘડવાની સૂચના આપેલી છે. બંધારણના વિભાગ ૪(ક)માં નાગરિકોની મૂળભૂત ફરજ દર્શાવવામાં આવી છે. જેમાંની એક ફરજ સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની છે. બંધારણના ઉપર જણાવેલ ઉમદા આદર્શો હોવા છતાં સ્ત્રીઓની અસમાનતા એ સામાજિક વાસ્તવિકતા છે. કાયદો બંધારણના ઘોષિત આદર્શોથી વિપરીત રીતે વર્તી રહ્યો હોય તેવું જણાય છે. બંધારણના આમુખમાં જણાવેલ સ્વતંત્રતા, ન્યાય અને વ્યક્તિત્વનું ગૌરવ વાસ્તવિકતામાં જોવા મળતાં નથી. તેમ જ કાયદો અને બંધારણીય આદર્શોમાં એક પ્રકારનો વિરોધાભાસ જોવા મળે છે.

ભારતના બંધારણમાં ઉપર જણાવેલી આદર્શવાદી ઘોષણાઓ સિવાય સ્ત્રીઓને લગતી કોઈ ખાસ જોગવાઈઓ નથી અને ભારત સરકારના અત્યાર સુધીના બંધારણના સત્તાવાર પ્રકાશનોની સંદર્ભસૂચિમાં 'સ્ત્રી' નામની કોઈ એન્ટ્રી નથી. સ્ત્રીઓ સંબંધી કાયદાઓમાં આંખે ઊડીને વળગે તેવી કેટલીક સમાનતા નજરે પડે છે. એકવીસમી સદીને આરે આવીને ઊભા છીએ અને એકવીસમી સદીમાં પહોંચવાની ઉતાવળ કરીએ છીએ ત્યારે પણ પત્ની એ પતિની ખાનગી મિલ્કત છે તેવી ધારણા અન્વયે રચાયેલ કલમો ઈન્ડિયન પીનલ કોડમાં મોજૂદ છે અને ભારતની સુપ્રીમ કોર્ટ અને કાયદા પંચોએ વારંવાર તેને કાયદેસરની અને જાહેર હિતમાં ગણી છે. આવી ઘટનાના અર્થઘટન તરીકે કેટલીક વખત અતિ સરળ સમજૂતી આપવામાં આવે છે કે કાયદો ઘડનારા સંસદસભ્યો, અમલ કરનાર અમલદારો અને અર્થઘટન કરનારા ન્યાયાધીશો પુરુષો હોવાથી કાયદો સ્ત્રી-વિરોધી છે. આવી અતિ સરળ અને નિર્દોષ સમજૂતી હકીકતની દૃષ્ટિએ પણ સર્વાંગે સાચી નથી. ઉપરાંત તેવી અતિ સરળ સમજ કાયદામાં અંતર્ગત અસમાનતા સમજવામાં આડે આવે છે. આથી ઊંડાણમાં જઈને તે સમજવું જરૂરી છે.

કાયદામાં સ્ત્રીની અસમાન પરિસ્થિતિનું મૂળ પિતૃ-મૂલક સમાજવ્યવસ્થા અને તેને પાયારૂપ કુટુંબવ્યવસ્થા છે. કુટુંબવ્યવસ્થા તૂટી રહી છે એમ વારંવાર કહેવામાં આવે છે. પરંતુ ધર્મ અને કાયદો બંને એકબીજાને ટેકો આપીને હાલની કુટુંબવ્યવસ્થાને ટકાવી રાખે છે. પિતૃમૂલક સમાજવ્યવસ્થા સ્ત્રી અને પુરુષ મૂળભૂત અને નૈસર્ગિક રીતે અસમાન છે તેવી ધારણા ઉપર રચાયેલ છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં સ્ત્રીઓને નામે અને



સ્ત્રીઓ માટે ઘણા કાયદા કરવામાં આવ્યા છે. જેમાંનો એક કાયદો સને ૧૯૮૪માં કુટુંબ અદાલતો સ્થાપવા માટેનો કરવામાં આવેલ છે. એ કાયદાનો હેતુ લગ્નવિષયક ઝગડાઓનો નિકાલ સમાધાનથી અને ઝડપી આવે તે માટેનો છે. આ કાયદામાં ન્યાયાધીશ તરીકે કોણ નિમાઈ શકે તે અંગેની લાયકાત નક્કી કરવામાં આવી છે. જે કોઈ વ્યક્તિ લગ્નસંસ્થાને બચાવવા અને જાળવી રાખવાને મક્કમ હોય તે વ્યક્તિની જ નિમણૂક થઈ શકે, આમ ખરેખર કહેવાતા નવા કાયદાઓ પણ લગ્નસંસ્થા અને કુટુંબને હાલના સ્વરૂપમાં છે તેવાં જ ઇચ્છનીય ગણીને ઘડાય છે અને તેથી બંધારણ ભલે તક અને મોભાની સમાનતાની બાંગ પોકારે, કુટુંબ અને ધર્મ પિતૃમૂલક સમાજરચનાના સંચાલક બળ જેવી ગૃહિત અસમાનતાને માન્ય ગણતા નથી, બલ્કે કુદરતી અને ઇચ્છનીય ગણે છે. ડૉ. ઉપેન્દ્ર બક્ષીના મત પ્રમાણે 'ભારતનું બંધારણ પિતૃમૂલક રચનાને બાધારૂપ ગણતું નથી પરંતુ તેને કુદરતી ગણે છે. ભારતનું બંધારણ અત્યંત ડંકથી પુરુષપ્રધાન ભારતીય સમાજની કલ્પના કરે છે.' આ કારણે કાયદો કુટુંબની અંદરની અસમાનતાને દૂર કરવા માટે પ્રયત્ન કરતો નથી પરંતુ એવી અસમાનતા ચાલુ રાખવામાં મદદ કરે છે.

ભારતમાં વિવિધ ધર્મો પાળતી વ્યક્તિઓ માટે લગ્ન, વારસો, છૂટાછેડા વગેરે બાબતો માટે અલગ અલગ વ્યક્તિગત કાયદા છે. કેટલાક માને છે કે જુદા જુદા વ્યક્તિગત કાયદા દૂર કરીને એક જ કૌટુંબિક કાનૂન બનાવવામાં આવે તો ઘણો ફાયદો થાય. ભલે દરેક વ્યક્તિગત કાયદા વિગતોમાં થોડા અલગ હોય, પરંતુ તે દરેક સ્ત્રીઓના ઊતરતા દરજ્જા અને તેમની 'કુદરતી અસમાનતા'ની એક સામાન્ય ધારણા ઉપર રચાયેલા છે. આથી અલગ-અલગ વ્યક્તિગત કાયદામાં સ્ત્રીઓ પ્રત્યેની અસમાનતા, ઘૃણા કે ક્રૂરતાની માત્રા અલગ-અલગ છે પરંતુ તમામ કાયદા સ્ત્રીના કૌટુંબિક દમનના પાયા ઉપર રચાયેલા છે જેથી સાચી સમાનતા માટે ફક્ત કોમન સિવિલ કોડની જ નહિ પણ સ્ત્રી પુરુષની સાચી સમાનતાની ભાવના ઉપર રચાયેલ કોમન સિવિલ કોડની જરૂર છે. હાલમાં કુટુંબમાં પ્રવર્તતી સત્તાની સમતુલામાં આમૂલ પરિવર્તન જરૂરી છે.

ભારતના તમામ પ્રવર્તમાન કાયદા બંધારણીય જોગવાઈને અનુરૂપ હોવા જરૂરી છે પરંતુ કાયદાના બળ ઉપર ટકેલી કુટુંબ સંસ્થાની વાત આવે છે ત્યારે કુટુંબ સંસ્થા બંધારણથી પર હોય તેમ તેના હાલના માળખાને જાળવી રાખવા અદાલતોએ તનતોડ પ્રયત્નો કર્યા છે. અદાલતોએ વારંવાર ઠરાવ્યું છે કે બંધારણના મૂળભૂત અધિકારોનું પ્રકરણ વ્યક્તિગત કાયદાને સ્પર્શતું નથી. જ્યારે જ્યારે લગ્ન સંબંધમાં સ્ત્રી-પુરુષ સમાનતા વિષે દલીલ કરવામાં આવે છે ત્યારે અદાલતો મૂળભૂત અધિકારોને શયનગૃહમાં ન ઘસડી લાવવા જણાવે છે. પરંતુ જો પતિ પત્નીનું ખૂન કરે અને તેનાથી ફોજદારી કાયદો શયનગૃહમાં આવી શકતો હોય તો બંધારણને કેમ બહાર રાખવું જોઈએ તેનું વ્યાજબી કારણ તેઓ આપી શકતા નથી. દિલ્હી હાઈકોર્ટના એક ન્યાયાધીશે જણાવ્યું છે કે 'બંધારણીય કાયદાને ઘરમાં દાખલ થવા દેવો એ તદ્દન અયોગ્ય છે. તેમ કરવું તે કાચના વાસણની દુકાનમાં સાંઢને દાખલ કરવા જેવું છે. તેમ કરવું તે લગ્ન સંસ્થા અને તેનાં તમામ આનુષંગિક મૂલ્યોનો નિર્દયતાથી વિનાશ કરવા જેવું થશે. કુટુંબના ખાનગી વાતાવરણમાં અને લગ્નજીવનમાં બંધારણની કલમ ૧૪ કે ૨૧ને કોઈ સ્થાન નથી. ઘર જેવા અત્યંત નાજુક અને સંવેદનશીલ (ઈન્ટીમેટ એન્ડ સેન્સીટીવ) વર્તુળમાં બંધારણીય કાયદાના ટાઢા સિદ્ધાંતો દાખલ કરવાને પરિણામે લગ્નનાં બંધન ઢીલાં પડશે. સામાન્ય ગૃહ-જીવનનાં પતિ-પત્નીના સંબંધોમાં બંધારણીય કાયદાને દાખલ કરવાથી તે સંબંધનાં મૂળ તોડી નાખશે અને ઘરની અંદર ઝગડા અને વિસંવાદનું મૂળ બનશે.' ભારતની સર્વોચ્ચ અદાલતે પાછળથી ઉપરના ચુકાદાને બહાલી આપી હતી.

બંધારણ તકની સમાનતાને આદર્શ તરીકે સ્વીકારે છે. પરંતુ કામ કરવાના હક્કને મૂળભૂત

અધિકાર ગણવામાં આવેલ નથી. સરખા કામ માટે સરખું વેતન એ બંધારણીય આદર્શ છે અને વેઠ તેમજ તેના જેવી બળજબરીથી કરાવાતી બીજા કોઈ પણ પ્રકારની મજૂરીને બંધારણે પ્રતિબંધિત કરેલ છે. પરંતુ સ્ત્રીના ઘરકામ, રસોઈ, પ્રજનન તેમજ બાળઉછેરના કામને વેતન યોગ્ય કામ ગણવામાં આવતું નથી. આમ સૌથી વધારે ઢસરડો કરવાનું કામ અવેતન અને મૂલ્યહીન ગણાય છે અને વિકૃત શ્રમવિભાજનને કારણે સૌથી વધુ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ વેતન વિહોણી બની છે. ઘરકામ કરનારી સ્ત્રી જ્યારે અકસ્માતમાં મૃત્યુ પામે છે અને ન્યાયાલયો તેના વળતરની ગણતરી કરે છે ત્યારે તેનું ઘરકામ અવેતન ગણાતું હોવાથી ખાસ ધ્યાનમાં લેવાતું નથી, અને લગ્ન સમય દરમિયાન ઊભી થયેલી મિલકત પણ સહિયારી ગણાતી નથી. આ પણ ભેદભાવ અને અન્યાયની પરિસ્થિતિ છે.

બંધારણની કલમ ૧૬ અન્વયે જાહેર રોજગારીમાં લિંગને આધારે કોઈ ભેદભાવ કરી શકાતો નથી. તેમ છતાં કેટલાક ધંધાઓ પરંપરાગત રીતે પુરુષોના ગણાય છે અને કેટલાક ધંધાઓ સ્ત્રીના ગણાય છે. પરંપરાગત રીતે સ્ત્રીના શારીરિક બાંધાને કારણે શિક્ષિકા, નર્સ વગેરે વ્યવસાયોમાં સ્ત્રીઓને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. પરંતુ તે સિવાયના અન્ય વ્યવસાયોમાં સ્ત્રીઓ પ્રવેશ માટે પ્રયત્ન કરે ત્યારે સરકાર, વ્યવસ્થાપકો અને ન્યાયાધીશો તેમનાં પરંપરાગત મૂલ્યો અને પોતે માની લીધેલી સ્ત્રીઓની શારીરિક અને માનસિક નબળાઈઓને કારણે આડખીલીરૂપ બને છે. રઘુવંશ વિરુદ્ધ રાજ્ય (એ. આઈ. આર. ૧૯૭૨ પંજાબ હરિયાણા પાના નં. ૧૧૭)ના કેસમાં જેલ સુપ્રીન્ટેન્ડન્ટ તરીકેનો હોદ્દો પુરુષ જેલમાં ફક્ત પુરુષો જ મેળવી શકે અને સ્ત્રીઓ નિમણુક ન પામી શકે તેવો નિયમ હતો. હાઈકોર્ટે ઉપરનો નિયમ ફક્ત લિંગને કારણે નથી તેમ જણાવી તેને કાયદેસરનો ઠરાવ્યો હતો. આ ઉપરાંત આશા ગોએલના કેસમાં એક સ્ત્રી વકીલે લશ્કરના જડ્જ એડવોકેટ જનરલના હોદ્દા માટે તમામ સ્ત્રીઓને ગેરલાયક ગણવા માટેના નિયમની કાયદેસરતાને પડકારી હતી ત્યારે સર્વોચ્ચ અદાલતે આશા ગોએલની અરજી રદ કરી એ નિયમને વ્યાજબી ગણાવ્યો હતો અને કારણો આપતાં જણાવ્યું હતું કે તે હોદ્દામાં ઘણા દૂર દૂરના વિસ્તારો સુધી પ્રવાસો કરવા પડે તેમ જ મહિનાઓ સુધી કેમ્પોમાં જવું પડે તેથી સ્ત્રી ઉમેદવારો હોદ્દા માટે યોગ્ય નથી. સર્વોચ્ચ અદાલતે આ દલીલ માન્ય રાખતી વખતે લશ્કરમાં સ્ત્રી નર્સો ઘણી મોટી સંખ્યામાં નોકરી કરી રહી છે અને સ્ત્રી નર્સોને પણ એટલી જ મુસાફરી કરવી પડતી હોય છે એ હકીકત લક્ષમાં લીધી નહોતી. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિની માન્યતા પણ એવી જ કે સ્ત્રી સારી નર્સ બની શકે પરંતુ સારી ન્યાયાધીશ-વકીલ ન બની શકે. એર-ઇન્ડિયા વિરુદ્ધ નરગીસ મીરઝાના કેસમાં વિમાનની સ્ત્રી પરિચારિકાઓને પ્રથમ પ્રસૂતિ સાથે નોકરીમાંથી દૂર કરવાના નિયમને રદ કર્યો હતો પરંતુ પરિચારિકા નોકરી લીધા બાદ ચાર વર્ષ સુધી લગ્ન ન કરી શકે તે નિયમને માન્ય ઠરાવ્યો હતો અને સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની નિવૃત્તિ વયના ભેદભાવને પણ વ્યાજબી ઠરાવ્યા હતા. આ સિવાય ઘણી સરકારી નોકરીઓમાં હજી કેટલીક બાબતોમાં પરિણીત સ્ત્રીઓ વિરુદ્ધ ભેદભાવભર્યા નિયમો રાખવામાં આવ્યા છે. ઉપરના તમામ કિસ્સાઓમાં ન્યાયાધીશોના સ્ત્રી અબળા હોવા બાબતના ખ્યાલો અત્યંત મહત્ત્વના રહ્યા હતા.

સ્ત્રીઓની પત્ની તરીકેની ફરજ અને પોતાની નોકરીની જરૂરિયાતને કારણે, ઘરથી દૂર રહેવાની આવશ્યકતાને કારણે અદાલતોમાં ઘણા કાનૂની સંગ્રામ ખેલાયા છે. પરંપરાગત માન્યતા અનુસાર પત્નીની પતિના ઘરમાં સાથે રહી લગ્નની ફરજો પૂરી કરવાની મૂળભૂત ફરજ હતી અને પતિને પત્નીની સેવા અને સહવાસનો અબાધિત હક હતો. નોકરીને કારણે જો પત્ની પતિથી દૂર રહેતી હોય તો પતિ ક્યાં તો તેને નોકરીમાંથી રાજીનામું આપી પોતાની સાથે રહેવા ફરજ પાડી શકે કે છૂટાછેડા મેળવવા મજબૂર કરી



શકે જેથી સ્ત્રીએ પતિ કે નોકરી બેમાંથી એકની પસંદગી કરવાની રહે. ભારતની ઘણી હાઈકોર્ટો એવું દૃષ્ટિબિંદુ ધરાવે છે કે સ્ત્રીએ પતિ કે નોકરી બેમાંથી કોઈ એકની પસંદગી કરી લેવી જોઈએ. જો પત્ની નોકરીને પ્રાધાન્ય આપતી હોય તો તેણે લગ્નજીવનમાંથી મુક્ત થવું જોઈએ. ગુજરાત, મદ્રાસ અને દિલ્હી હાઈકોર્ટોએ આ બાબત થોડો જુદો અભિગમ રજૂ કર્યો છે. તેમના મત પ્રમાણે જો પતિની આર્થિક સ્થિતિ બહુ સારી ન હોય અને પતિએ પત્નીને નોકરી કરવા અગાઉથી સંમતિ આપી હોય તો પતિ પત્નીને રાજીનામું આપવા માટે ફરજ પાડી શકતો નથી. દિલ્હી હાઈકોર્ટના એક ચુકાદામાં લગ્નોત્તર ઘર (Matrimonial House) નક્કી કરવાના પોતાના અબાધિત હકને સમાનતાના સિદ્ધાંત વિરુદ્ધ હોવાથી સ્વીકારવામાં આવેલ નથી અને પતિ-પત્નીના સંયુક્ત હકને મર્યાદિત રીતે સ્વીકારવામાં આવ્યો છે. ભારતના બંધારણ હેઠળ દરેક નાગરિકને પોતાની પસંદગીનો વ્યવસાય કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. પરંતુ આ વિષયને લગતા કોઈપણ ચુકાદામાં પત્નીના પોતાના વ્યવસાય પસંદ કરવાના અધિકારને સ્વીકારવામાં આવ્યો નથી. સ્થિતિસંપન્ન પતિ આર્થિક જરૂરિયાત વગર વ્યવસાય કરતી પત્નીને જો તેનો વ્યવસાય તેને ઘરથી દૂર રાખવામાં કારણભૂત થતો હોય તો રોકી શકવા સમર્થ છે. ઘણા પતિઓને લાંબો સમય નોકરી કે ધંધાને કારણે ઘરથી દૂર રહેવાનું થાય છે. પતિ ઘણી વખત રજાઓમાં જ પત્ની અને બાળકો સાથે રહેતો હોય છે. પરંતુ તે સ્થિતિમાં સ્ત્રી લગ્નના હકથી વંચિત રહે છે માટે પુરુષે નોકરીમાંથી રાજીનામું આપી લગ્નના હક પૂરા પાડવા જોઈએ એવું કોઈ અદાલતે હજુ નક્કી કર્યું નથી. આમ લગ્ન એ સ્ત્રી માટે પોતાની સર્જનાત્મક અભિવ્યક્તિ અને ઉત્પાદક ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ કરવાના માર્ગમાં બાધા અને બંધનરૂપ છે.

સામાજિક અને કાયદાકીય દબાણોને કારણે હજુ પત્ની સંપૂર્ણ સ્વતંત્રતાથી પોતાનો વ્યવસાય પસંદ કરી શકતી નથી. સ્ત્રીઓ કમાતી થઈ છે પરંતુ તેમની આવક હજુ ગૌણ ગણવામાં આવે છે. સ્ત્રીનાં ઉત્પાદક અને પ્રજનન કાર્યોને સમન્વિત કરી તેમને યોગ્ય સમાનતા મળી શકે તેવું વાતાવરણ ઊભું થઈ શક્યું નથી કારણ કે લગ્ન સંબંધમાં અને કુટુંબ વ્યવસ્થાની અંદર પતિપત્નીનાં કાર્યોનું પુનર્મૂલ્યાંકન થયું નથી અને બાળઉછેરમાં સહિયારી જવાબદારીની ભાવના માટે સામાજિક ચેતના કે કાયદાકીય જોગવાઈઓ ઊભી થયેલી નથી. આથી બંધારણમાં રોજગારની સમાનતાની ખાત્રી મળી હોવા છતાં તેમજ દરેક ક્ષેત્રમાં સમાન કામ માટે સમાન વેતનનો સિદ્ધાંત સ્વીકારાયેલો હોવા છતાં બંધારણીય જોગવાઈઓ સ્ત્રી પોતાની ઉત્પાદક ક્ષમતા અને સર્જનાત્મક અભિવ્યક્તિ સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરી શકે તે આદર્શ સુધી પહોંચી શકતી નથી.

સ્ત્રીના વ્યવસાય સાથે જોડાયેલી અન્ય મહત્ત્વની બાબત તે સ્ત્રીની પોતાની પ્રજનન શક્તિનું પોતાની ઇચ્છાનુસારનું નિયંત્રણ. મોટે ભાગે સ્ત્રીનું શરીર જ તેનું ભાગ્ય નક્કી કરે છે. અને તેથી જેટલા પ્રમાણમાં સ્ત્રી પોતાની પ્રજનન શક્તિને પોતાના વ્યક્તિત્વના વિકાસ અને અભિવ્યક્તિમાં બાધારૂપ થતી અટકાવી શકે તેટલા પ્રમાણમાં તે મુક્ત ગણાય.

સને ૧૯૭૧માં મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગન્સીઝ એક્ટ આવવાથી ગર્ભપાતને લગતા કાયદાઓ ઘણા ઉદાર બનાવવામાં આવ્યા છે. તે અન્વયે કોઈ પણ સ્ત્રી (પરણેલી, અપરિણીત, વિધવા, ત્યક્તા) પોતાની ઇચ્છાનુસાર કાયદાની મર્યાદામાં રહીને ગર્ભપાત કરાવી શકે છે. કાયદા અન્વયે ગર્ભપાત માટે ગર્ભવતી સ્ત્રી સિવાય અન્ય કોઈની પરવાનગીની કે સંમતિની જરૂર નથી. ફક્ત અસ્થિર મગજની કે સગીર બાળાઓ માટે જ વાલીની સંમતિની જરૂર રહે છે. તેમ છતાં સરકારી હોસ્પિટલોમાં પણ પતિની સંમતિ ગર્ભપાત માટે કે કુટુંબનિયોજનના ઓપરેશન માટે માંગવામાં આવે છે.

મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગન્સીઝ એક્ટ નીચે ફક્ત ગર્ભવતી સ્ત્રીની સંમતિથી ગર્ભપાત કરાવી શકાય

છે પરંતુ કેટલાક સંજોગોમાં પરિણીત સ્ત્રી માટે કાયદાએ આપેલો અબાધિત હક અત્યંત મર્યાદિત બની જાય છે. દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં આપેલ સુશીલકુમાર વર્મા વિરુદ્ધ ઉષા (એ. આઈ. આર. ૧૯૮૭, દિલ્હી પાનું ૮૬)ના ચુકાદામાં એમ ઠરાવવામાં આવ્યું છે કે પતિની સંમતિ સિવાય ગર્ભપાત કારવવો એ પતિ વિરુદ્ધ આચરવામાં આવેલી ક્રૂરતા છે અને આ ક્રૂરતાને કારણે પત્નીને તેની ઇચ્છા વિરુદ્ધ છૂટાછેડા મેળવવા પડ્યા. આમ વ્યવસાયમાં પતિ વિરુદ્ધ નોકરીની પસંદગી કરવી પડે છે તેમ કદાચ પોતાની પ્રજનન શકિત બાબત પણ તેવી જ પસંદગી આવી ઊભી રહે છે.

બંધારણમાં ભારતના તમામ નાગરિકને કાયદાનું સરખું રક્ષણ આપવાની ઘોષણા છે પરંતુ ભારતના તમામ સ્ત્રી નાગરિકોને કુટુંબ વારસો અને વાલીપણા જેવી બાબતમાં સમાન રક્ષણ મળતું નથી. લગ્ન, વારસો અને વાલીપણું સ્ત્રીની સ્વતંત્રતા અને વ્યકિતત્વ માટે અત્યંત મહત્ત્વનાં છે. જુદા જુદા ધર્મની વ્યક્તિઓ માટે જુદા જુદા વ્યકિતગત કાયદા ધર્મનું ઓઠું લઈને સ્ત્રીઓને અન્યાયકર્તા કાયદાઓ ચાલુ રાખે છે. દરેક વ્યકિતગત કાનૂન કેટલીક બાબતમાં સમાન છે. દરેક વ્યકિતગત કાનૂનમાં પુરુષ જ કુટુંબનો વડો હોય છે. તેમ જ વારસો પુરુષ વારસથી જ આગળ વધે છે. સ્ત્રીને પતિ નક્કી કરે ત્યાં જ લગ્ન પછી રહેવું પડે છે. સ્ત્રીને ઘરની બહાર કામ કરવાનો અમર્યાદિત હક નથી. બાળકનો કુદરતી વાલી પિતા જ બને છે. કોઈપણ કાયદા હેઠળ સ્ત્રીને મિલ્કતમાં સમાન હક મળ્યો નથી. હિંદુ કાયદામાં પુત્રીને પુત્ર જેવો વારસામાં સમાન હક છે પરંતુ સ્ત્રી સંયુકત કુટુંબની કર્તા બની શકતી નથી કે સંયુકત કુટુંબની મિલ્કતમાં કે વડીલોપાર્જિત મિલકતમાં તેને સરખો હક નથી. પારસી અને મુસ્લિમ કાયદા અન્વયે પુત્ર અને પુત્રીને સરખો હિસ્સો મળે છે. થોડા સમય પહેલાં ત્રાવણકોર ક્રિશ્ચિયન કાયદા હેઠળ પુત્રીને વારસાનો ૧/૪ ભાગ અથવા રૂ. ૫૦૦૦ જે ઓછું હોય તે જ વારસો મળતો હતો. સુપ્રીમ કોર્ટે મેરી રોયના કેસમાં એ કાયદાને ટેકનિકલ કારણોસર રદબાતલ ઠરાવ્યો છે પરંતુ તેમાં પુત્ર અને પુત્રીને અસમાન હિસ્સો મળે તેનાથી સમાનતાના સિદ્ધાંતનો ભંગ થાય છે તેમ નક્કી કરવાનું ટાળ્યું છે. મુસ્લિમ કાયદા અન્વયે પુરુષ ચાર પત્ની કરી શકે છે તેમ જ છૂટાછેડાનો અમર્યાદિત હક ભોગવે છે. ખ્રિસ્તી કાયદામાં છૂટાછેડાનો હક પુરુષ માટે વધુ ઉદાર છે. મુસ્લિમ કાયદામાં ભરણપોષણનો હક અત્યંત મર્યાદિત છે અને તેને વિસ્તારવાના સુપ્રીમ કોર્ટના પ્રયાસને સંસદે નિષ્ફળ બનાવ્યો છે. આમ કોઈપણ વ્યક્તિગત કાનૂન સ્ત્રી માટે સમાનતા પૂરી પાડતો નથી તેમ છતાં ભારતનું બંધારણ અમલમાં આવ્યું ત્યારથી ૩૭ વર્ષ સુધી તેને સફળ રીતે પડકારી શકાયું નથી.

સ્ત્રી પુરુષ સમાનતાની તમામ આદર્શવાદી ઘોષણાઓની મશ્કરીરૂપ ઇન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૭ અને ૪૯૮ છે. આ કલમોમાં વ્યભિચાર (Adultery) અને પત્નીને પતિની સંમતિ વગર ભગાડી જવાના ગુનાઓની જોગવાઈ કરેલી છે. આ કલમો પત્ની સ્વતંત્ર વ્યકિત નથી પરંતુ પતિની મિલકત છે અને પતિનું તેના પર સંપૂર્ણ નિયંત્રણ છે તેવા ખ્યાલને અભિવ્યક્ત કરે છે. વ્યભિચારના ગુનામાં જો પરિણીત સ્ત્રી પતિની ઇચ્છા વિરુદ્ધ કે સંમતિ વગર કોઈ પરપુરુષ સાથે જાતીય સંબંધ બાંધે તો તે સ્ત્રીનો પતિ સ્ત્રીના પુરુષમિત્ર ઉપર ફોજદારી ગુનો દાખલ કરી શકે છે અને પત્નીના તેવા પુરુષમિત્રને સજા થઈ શકે છે. આ ગુના બાબત પત્નીને સજા કરવામાં આવતી નથી અને તેથી સમગ્ર ખટલા દરમ્યાન સ્ત્રીને હકથી રજૂઆત કરવાની તક પણ આપવામાં આવતી નથી. જો પુરુષ કોઈ અપરિણીત સ્ત્રી, વિધવા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી સાથે જાતીય સબંધ બાંધે તો તે ગુનો બનતો નથી. સ્ત્રી-પુરુષની જાતીય બાબત અંગેની નૈતિકતા અને કાયદાના બેવડા ધોરણનો આ સચોટ પુરાવો છે. પતિનો વ્યભિચાર એ ફક્ત લગ્નવિષયક ગેરવર્તણુક છે જ્યારે પત્નીનો વ્યભિચાર ફોજદારી ગુનો છે અને પત્નીના પુરુષપ્રેમીને જેલની



પાંચ વર્ષ સુધીની ગંભીર સજા થઈ શકે તેવો ગુનો છે. પતિના વ્યાભિચારને કારણે પત્નીને ફક્ત છૂટાછેડા મેળવવાનો હક મળે છે. પરંતુ સ્ત્રીઓ સહજ રીતે છૂટાછેડા મળે તે માટે તૈયાર થતી ન હોવાથી પુરુષને લગ્નેતર સંબંધ માટે છૂટ મળી જાય છે. ગુજરાતમાં અત્યંત વિવાદાસ્પદ બનેલ મૈત્રીકરારો પુરુષ અને સ્ત્રીના લગ્નેતર સંબંધ માટેના કાયદાના બેવડા ધોરણને કારણે જ શકય બનેલ છે. વ્યભિચારનો ગુનો જાતીય નૈતિકતાના આધાર પર રચાયેલો નથી કારણ કે તેમ હોય તો પતિની સંમતિથી થતા વ્યભિચારને પણ ગુનાહિત ગણવામાં આવે. આ કલમ ફક્ત પતિના પત્ની ઉપરના માલિકીના હકના રક્ષણ માટે જ આવેલી છે અને તે કુટુંબવ્યવસ્થા અને લગ્ન સંબંધમાં સ્ત્રી પુરુષ અસમાનતાને અત્યંત બેશરમીથી ખુલ્લી પાડે છે.

ઇન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૭ અને ૪૯૮ ઇન્ડિયન પીનલ કોડ ૧૮૬૦માં અમલમાં આવ્યો ત્યારથી જ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ ૧૨૭ વર્ષના ઇતિહાસમાં આજ સુધી કાયદા પંચો, સંસદ કે કોર્ટોએ તેને રદબાતલ કરી નથી. ઓગણીસમી સદીના ખ્યાલો પ્રમાણે આ કલમની જોગવાઈ રાખેલી હતી અને તેથી પરિણીત સ્ત્રીના પ્રેમીને સજા કરવામાં આવતી હતી પણ પત્નીને સજામાંથી બાકાત રાખવામાં આવતી હતી. ત્યારબાદ સને ૧૯૫૦માં ભારતનું બંધારણ અમલમાં આવતાં આ ગુનામાંથી પત્નીને સજા ન કરવાથી સ્ત્રી પુરુષ સમાનતાનો ભંગ થાય છે તેવી દલીલ કરી કલમને ગેરબંધારણીય ઠરાવવા માટે અદાલતોમાં કેસ થયા હતા. અદાલતોએ સ્ત્રી નબળી છે અને હાલની જોગવાઈ તેની તરફેણમાં કરવામાં આવેલ ખાસ જોગવાઈ છે તેમ જણાવી બંધારણીય ઠરાવી હતી. ત્યારબાદ કાયદા પંચ સમક્ષ આ પ્રશ્ન આવતાં કાયદા પંચે સમાનતા સ્થાપવા માટે પરિણીત સ્ત્રીને પણ સજા કરવાનો સુધારો સૂચવ્યો હતો. પરંતુ પુરુષ માટે પરસ્ત્રીગમનનો ગુનો દાખલ કરવા માટે ઇન્કાર કર્યો હતો. આમ કાયદા પંચે પોતાની સમાનતાની બડાશની પોકળતા ખુલ્લી પાડી હતી' પાર્લામેન્ટે કાયદા પંચનો સુધારો માન્ય ન રાખ્યો અને મેકોલેએ ઘડેલી કલમ કાયદાપોથીમાં ચાલુ રહી.

સને ૧૯૮૫માં સુમીત્રી વિષ્ણુ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (એ. આઈ આર. ૧૯૮૫ સુપ્રીમ કોર્ટ પાનું ૧૬૧૮)ના કેસમાં ફરીથી હડહડતા અપમાનને પડકારવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટે મૂળ કલમને વ્યાજબી અને બંધારણીય ઠેરવી જણાવ્યું કે લગ્નજીવનની પવિત્રતા જાળવવા માટે વ્યભિચારીને સજા થવી જોઈએ. પતિને વ્યભિચાર માટે કેમ સજા નહિ તેનો સ્પષ્ટ જવાબ આપ્યા સિવાય જણાવ્યું કે કાંઈ નહિ તો મર્યાદિત પ્રકારના લગ્નેતર સબંધોને ગુનાહિત ગણવા એ સામાજિક હિતમાં છે. આમ સુપ્રીમ કોર્ટે લગ્ન જીવનની પવિત્રતાનો બોજો ફક્ત પત્ની ઉપર નાખી સ્ત્રીઓ વિરુદ્ધ ભેદભાવભર્યું વર્તન ફરી એકવાર છતું કર્યું. સુપ્રીમ કોર્ટે ઇન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૮ સમજાવતાં એક સમયે જણાવ્યું હતું કે, 'કલમ ૪૯૮ અને ૪૯૭ની જોગવાઈઓ પતિના હકોનું રક્ષણ કરવા માટે કરવામાં આવી છે, પત્નીના હકોનું રક્ષણ કરવા માટે નહિ. ગુનાનું મૂળ તત્ત્વ પતિનું પત્ની ઉપરનું યોગ્ય નિયંત્રણ અને પત્નીનો કબજો ગેરકાયદેસર જાતીય સંબંધ બાંધવા માટે છીનવી લેવા વિરુદ્ધ છે. પોતાના પતિનો પોતા ઉપરનો કબજો અને નિયંત્રણ દૂર કરવા માટે પત્નીની સંમતિનું કોઈ મહત્ત્વ નથી.' અત્યંત નિખાલસ ભાવે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ લગ્ન સંસ્થાની અંદરના પતિપત્નીના સંબંધોનું વિવરણ કરેલું છે.

કાયદાનું કામ સામાજિક નિયંત્રણ રાખવાનું અને સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખી કાયમી સ્વરૂપ આપવાનું છે. હાલનો સમાજ પિતૃમૂલક સમાજ છે અને એ પિતૃમૂલક સમાજને ટકાવી રાખવા અને વધુ વ્યવસ્થિત બનાવવા માટે કાયદો મહત્ત્વનું પરિબળ છે. પિતૃમૂલક સમાજવ્યવસ્થા સ્ત્રી અને પુરુષ મૂળભૂત અને નૈસર્ગિક રીતે અસમાન છે અને

સ્ત્રી પુરુષ કરતાં ઊતરતી છે તે ધારણા ઉપર રચાયેલી છે. લગ્ન અને કુટુંબ વ્યવસ્થા એ ધારણાઓનો અમલ કરવા માટેનું સાધન છે અને કાયદો ઔપચારિક રીતે સમાનતાની વાત કરી કુટુંબની અંદરની અસમાનતાને નભાવી લે છે એટલું જ નહિ પણ તેને ચાલુ રાખવામાં મદદ કરે છે તેમ જ કુટુંબની અંદરની સત્તાની સમતુલાને ટકાવી રાખવામાં મદદરૂપ થાય છે. ભારતનું બંધારણ પિતૃમૂલક સમાજની ધારણાઓને સ્પષ્ટપણે નકારતું પણ નથી કે દેખીતી રીતે મદદ કરતું નથી. તેમાં રહેલાં કેટલાંક તત્ત્વો અને અંશોને વધારે પ્રકાશમાં લાવી તેના સંદર્ભમાં હાલની કુટુંબ વ્યવસ્થા કેટલી ગેરબંધારણીય છે તે સતત બતાવતા રહેવું જરૂરી છે અને તેથી કુટુંબ વ્યવસ્થાની અંદર પત્નીના સંપૂર્ણ નાગરિક તરીકેના નાગરિક હક્કો વાસ્તવિક બને અને કાયદો અને અદાલતો વધારેમાં વધારે તેનો સ્વીકાર કરે તે માટેની લડત નારી મુક્તિ ચળવળના એજન્ડા ઉપર અગ્રક્રમે રાખવી જરૂરી છે.



# ભર્તા રક્ષતિ યૌવનં

સુરભિ શેઠ

લગ્નની વિધિ પૂરી થયા પછી પુત્રીને પતિને ઘેર વળાવતાં નિમંત્રિત સગાસંબંધીઓ આશીર્વચન ઉચ્ચારે છે. વરવધૂ પર પુષ્પવૃષ્ટિ કરતાં તેઓ ખાસ કરીને નવવધૂને સંબોધીને નીચે પ્રમાણે કહે છે :

राघवेन्द्रे यथा सीता विनता कश्यपे तथा ।
पावके च यथा स्वाहा तथा त्वं भव भर्तरि ॥

अनिरुद्धे यथैवोषा दमयन्ती नले तथा ।
अरुन्धती वसिष्ठे च तथा त्वं भव भर्तरि ॥

सुदक्षिणा दिलीपे तु वसुदेवे च देवकी ।
लोपामुद्रा यथाऽगस्त्ये तथा त्वं भव भर्तरि ॥

शन्तनौ च यथा गङ्गा सुभद्रा च यथाऽर्जुने ।
धृतराष्ट्रे च गान्धारी तथा त्वं भव भर्तरि ॥

गौतमे च यथाऽहिल्या द्रौपदी पाण्डवेषु च ।
यथा वालिनि तारा च तथा त्वं भव भर्तरि ॥

मन्दोदरि रावणे च रामे यद्वत्तु जानकी ।
पाण्डुराजे यथा कुन्ती तथा त्वं भव भर्तरि ॥

अत्रौ यथाऽनसूया च जमदग्नौ च रेणुका ।
श्रीकृष्णौ रुक्मिणी यद्वत्तथा त्वं भव भर्तरि ॥

शम्बरे तपनी यद्वत् दुष्यन्ते च शकुन्तला ।
मेरुदेवी यथा नाभौ तथा त्वं भव भर्तरि ॥

रेवती बलभद्रे च साम्बे च लक्षणा यथा ।
रुक्मीसुता कृष्णपुत्रे तथा त्वं भव भर्तरि ॥

जानकी च यथा राम उर्मिला लक्ष्मणे यथा ।
कुशे कुमुद्वती यद्वत् तथा त्वं भव भर्तरि ॥

વડીલજનોના આશીર્વાદ છે કે આપણા પ્રાચીન સાહિત્યમાં ગણાવેલી બધી મુખ્ય સ્ત્રીઓ જે પ્રમાણે એમના પતિની પ્રિય બની તેમ જ તું પણ તારા આ નવજીવનમાં પતિની પ્રિય બનો.

ઉપર્યુક્ત સૂચિમાં દર્શાવેલી સ્ત્રીઓ શું પતિનો પ્રેમ પામી છે? પ્રેમ દ્વારા મળતી સુરક્ષાનો એમને અનુભવ થયો છે? આ સ્ત્રીઓના જીવનને જો લગ્નજીવનના આદર્શ તરીકે ગણીએ તો એમના જીવનમાં લગ્નને લીધે જે પ્રકારના કષ્ટો અને અન્યાયનો તેઓ ભોગ બની છે તે જાતનું જીવન નવવધૂ માટે પણ ઇચ્છવામાં આવે એ ઉચિત છે? આ બધા પ્રશ્નોના ઉત્તર વિચારતા પહેલાં આપણે ઉપર ગણાવેલા યુગલોનું વિવાહિત જીવન, એમાં પતિપત્નીનો સંબંધ તથા તેમણે નભાવેલી જવાબદારી વગેરે પર વિચાર કરવો જોઈએ.

**૧ રાઘવેન્દ્ર અને સીતા**

આદર્શ પ્રેમના પ્રતીક મનાતાં રામસીતાની કથા જાણીતી છે છતાં ટૂંકમાં જોઈએ તો રાજા જનકને ત્યાં લાડમાં ઉછરેલી સીતાને શિવધનુષ તોડી રામ પરણી લાવ્યાં. દશરથે કૈકેયીને આપેલું વચન પાળવા ચૌદ વર્ષના વનવાસમાં જવાનું રામ માટે નક્કી થયું. જીવનનો સર્વોચ્ચ કાળ પતિ સાથે વિતાવવાનું સીતાએ પસંદ કર્યું. રામાયણમાં વનવાસની ઘટના વખતે એ સ્પષ્ટ

સ્ત્રી પુરુષ કરતાં ઊતરતી છે તે ધારણા ઉપર રચાયેલી છે. લગ્ન અને કુટુંબ વ્યવસ્થા એ ધારણાઓનો અમલ કરવા માટેનું સાધન છે અને કાયદો ઔપચારિક રીતે સમાનતાની વાત કરી કુટુંબની અંદરની અસમાનતાને નભાવી લે છે એટલું જ નહિ પણ તેને ચાલુ રાખવામાં મદદ કરે છે તેમ જ કુટુંબની અંદરની સત્તાની સમતુલાને ટકાવી રાખવામાં મદદરૂપ થાય છે. ભારતનું બંધારણ પિતૃમૂલક સમાજની ધારણાઓને સ્પષ્ટપણે નકારતું પણ નથી કે દેખીતી રીતે મદદ કરતું નથી. તેમાં રહેલાં કેટલાંક તત્ત્વો અને અંશોને વધારે પ્રકાશમાં લાવી તેના સંદર્ભમાં હાલની કુટુંબ વ્યવસ્થા કેટલી ગેરબંધારણીય છે તે સતત બતાવતા રહેવું જરૂરી છે અને તેથી કુટુંબ વ્યવસ્થાની અંદર પત્નીના સંપૂર્ણ નાગરિક તરીકેના નાગરિક હક્કો વાસ્તવિક બને અને કાયદો અને અદાલતો વધારેમાં વધારે તેનો સ્વીકાર કરે તે માટેની લડત નારી મુક્તિ ચળવળના એજન્ડા ઉપર અગ્રક્રમે રાખવી જરૂરી છે.

❁ ❁ ❁



# ભર્તા રક્ષતિ યૌવનં

**સુરભિ શેઠ**

લગ્નની વિધિ પૂરી થયા પછી પુત્રીને પતિને ઘેર વળાવતાં નિમંત્રિત સગાસંબંધીઓ આશીર્વચન ઉચ્ચારે છે. વરવધૂ પર પુષ્પવૃષ્ટિ કરતાં તેઓ ખાસ કરીને નવવધૂને સંબોધીને નીચે પ્રમાણે કહે છે :

राघवेन्द्रे यथा सीता विनता कश्यपे तथा ।
पावके च यथा स्वाहा तथा त्वं भव भर्तरि ॥
अनिरुद्धे यथैवोषा दमयन्ती नले तथा ।
अरुन्धती वसिष्ठे च तथा त्वं भव भर्तरि ॥
सुदक्षिणा दिलीपे तु वसुदेवे च देवकी ।
लोपामुद्रा यथाऽगस्त्ये तथा त्वं भव भर्तरि ॥
शन्तनौ च यथा गङ्गा सुभद्रा च यथाऽर्जुने ।
धृतराष्ट्रे च गान्धारी तथा त्वं भव भर्तरि ॥
गौतमे च यथाऽहिल्या द्रौपदी पाण्डवेषु च ।
यथा वालिनि तारा च तथा त्वं भव भर्तरि ॥
मन्दोदरि रावणे च रामे यद्वत्तु जानकी ।
पाण्डुराजे यथा कुन्ती तथा त्वं भव भर्तरि ॥
अत्रौ यथाऽनसूया च जमदग्नौ च रेणुका ।
श्रीकृष्णौ रुक्मिणी यद्वत्तथा त्वं भव भर्तरि ॥
शम्बरे तपनी यद्वत् दुष्यन्ते च शकुन्तला ।
मेरुदेवी यथा नाभौ तथा त्वं भव भर्तरि ॥
रेवती बलभद्रे च साम्बे च लक्षणा यथा ।
रुक्मीसुता कृष्णपुत्रे तथा त्वं भव भर्तरि ॥
जानकी च यथा राम उर्मिला लक्ष्मणे यथा ।
कुशे कुमुद्वती यद्वत् तथा त्वं भव भर्तरि ॥

વડીલજનોના આશીર્વાદ છે કે આપણા પ્રાચીન સાહિત્યમાં ગણાવેલી બધી મુખ્ય સ્ત્રીઓ જે પ્રમાણે એમના પતિની પ્રિય બની તેમ જ તું પણ તારા આ નવજીવનમાં પતિની પ્રિય બનો.

ઉપર્યુક્ત સૂચિમાં દર્શાવેલી સ્ત્રીઓ શું પતિનો પ્રેમ પામી છે? પ્રેમ દ્વારા મળતી સુરક્ષાનો એમને અનુભવ થયો છે? આ સ્ત્રીઓના જીવનને જો લગ્નજીવનના આદર્શ તરીકે ગણીએ તો એમના જીવનમાં લગ્નને લીધે જે પ્રકારના કષ્ટનો અને અન્યાયનો તેઓ ભોગ બની છે તે જાતનું જીવન નવવધૂ માટે પણ ઇચ્છવામાં આવે એ ઉચિત છે? આ બધા પ્રશ્નોના ઉત્તર વિચારતા પહેલાં આપણે ઉપર ગણાવેલા યુગલોનું વિવાહિત જીવન, એમાં પતિપત્નીનો સંબંધ તથા તેમણે નભાવેલી જવાબદારી વગેરે પર વિચાર કરવો જોઈએ.

### ૧ રાઘવેન્દ્ર અને સીતા

આદર્શ પ્રેમના પ્રતીક મનાતાં રામસીતાની કથા જાણીતી છે છતાં ટૂંકમાં જોઈએ તો રાજા જનકને ત્યાં લાડમાં ઉછરેલી સીતાને શિવધનુષ તોડી રામ પરણી લાવ્યાં. દશરથે કૈકેયીને આપેલું વચન પાળવા ચૌદ વર્ષના વનવાસમાં જવાનું રામ માટે નક્કી થયું. જીવનનો સર્વોચ્ચ કાળ પતિ સાથે વિતાવવાનું સીતાએ પસંદ કર્યું. રામાયણમાં વનવાસની ઘટના વખતે એ સ્પષ્ટ

થાય છે કે રાજા દશરથ કૌશલ્યાની ઉપેક્ષા કરતા હતા અને કૈકેયી માટે એમને ઘણો પક્ષપાત હતો. રામની વન જવાની વાત સાંભળી કૌશલ્યા પોતે જ રામ સાથે જવા તૈયાર થઈ હતી કારણ દશરથ તરફથી એને કોઈ સુરક્ષાનો અનુભવ થતો ન હતો. રામના વનવાસ પછી ભરતના રાજ્યમાં કૈકેયીના રોફ તળે રહેવાની કૌશલ્યાની જ ઇચ્છા નહોતી ત્યાં સીતા રામ સાથે જવાનું પસંદ કરે એ સ્વાભાવિક છે. રામ સાથે એણે પણ વનવાસનાં કષ્ટ વેઠ્યાં પણ સાથે પ્રેમનું બંધન વધારે તીવ્ર બન્યું. સતત વલ્કલ પહેર્યાં પછી સોનાની કાંચળી જોઈને મન લોભાય એમાં શું નવાઈ? સીતાની જો કોઈ ભૂલ થઈ હોય તો એ લક્ષ્મણરેખા ઓળંગવાની છે પણ આ નાની ભૂલની એને ભારે સજા ભોગવવી પડી. રાવણને ત્યાંથી પાછા ફરતાં એ પવિત્ર છે એવી રામને ખાત્રી હોવા છતાં પ્રજાનો વિશ્વાસ પ્રાપ્ત કરવા માટે એમણે સીતાને અગ્નિસ્નાન કરાવ્યું; જેમાંથી એ અણીશુદ્ધ નીકળી છતાં ફરી એક સામાન્ય પ્રજાજનના કહેવાથી લોકાપવાદથી બચવા રામે ગર્ભવતી સીતાને બિલકુલ નિરાધાર છોડી દીધી. એક સામાન્ય પ્રજાજન જેટલું પણ રક્ષણ ના આપ્યું! એમણે એ પવિત્ર સ્ત્રીની સ્મૃતિમાં બીજું લગ્ન ના કર્યું તે એમની મહત્તા ગણાઈ પણ બે પુત્રોને વગરવાંકે એકલા ઉછેરવાનું કષ્ટ સીતાએ કર્યું, ભૂતકાળનો કષ્ટમય કાળ ને ભવિષ્યના અનિશ્ચિત અંધકાર વચ્ચે ઝોલા ખાતો વર્તમાન સીતાએ અસહાયતામાં વિતાવ્યો, એટલું જ નહિ પણ અંતમાં જ્યારે પુનર્મિલનનો સમય આવ્યો ત્યારે ફરી સીતાની પવિત્રતાની સાબિતી માગવામાં આવી. હવે તો સીતા માટે પણ આ અસહ્ય થઈ પડ્યું. અહીં સીતાની રક્ષા એના આત્મસન્માને જ કરી, રામે નહિ. પતિ સાથે જીવનમાં પરમ આનંદ લાધ્યો, હવે બહુ થયું, જ્યાંથી જન્મી છે ત્યાં જ લય થાઓ કરીને સીતાએ મા પૃથ્વીનું શરણ શોધ્યું. એક સ્ત્રી પોતાની રક્ષા પોતે જ કરે છે, એનો પતિ નહિ કે સમાજ પણ નહિ એનું સીતા ઉત્તમ ઉદાહરણ છે.

## ૨ કશ્યપ અને વિનતા

પ્રજાપતિ દક્ષને સાઠ પુત્રીઓ જેમાંથી ઋષિ કશ્યપ તેરને પરણ્યા હતા. અદિતિ અને દિતિ પછી વિનતાનો ત્રીજો નંબર હતો. આ તેર પત્નીઓમાં કશ્યપે વિનતા માટે વિશેષ પ્રેમ બતાવ્યો હોય એવો કોઈ નિર્દેશ જાણવા મળતો નથી. વસ્તુતઃ વિનતાના જીવનના બે જ પ્રસંગો ઉલ્લેખનીય બન્યા છે. એક તો એણે ગરુડ અને અરુણ બે પુત્રોને જન્મ આપ્યો અને બીજો એની કદ્રુ સાથેની લડાઈ. બે બહેનો અને તેમાં પાછી સપત્નીઓ જ્યારે લડે ત્યારે છેલ્લે પાટલે જ બેસે. ગરુડ અને સર્પ વચ્ચે આજીવન વેરનું કારણ એમની માતાઓની શત્રુતા છે. એક વાર વિનતા અને કદ્રુ વચ્ચે ક્ષીરસાગરમાંથી નીકળેલા ઘોડાના રંગ અંગે સખત વિવાદ થયો. બોલાચાલીમાંથી વાત એટલી આગળ વધી કે એવું નક્કી થયું કે આ વિવાદમાં જે ખોટી ઠરે તે બીજીની દાસી બને. વિનતા હારી ને કદ્રુના સંતાન સર્પોએ એને પાતાળમાં કેદ કરી. જ્યારે ગરુડે પોતાની માતા વિનતાની મુક્તિની માગણી કરી ત્યારે સર્પોએ એના બદલામાં ચંદ્રની માંગણી કરી, જેના અમૃતનો તેઓ આનંદ માણી શકે. ગરુડ ચંદ્રની શોધમાં નીકળ્યો અને ફરતાં ફરતાં ભૂખ્યો થયો. ધ્રુવપ્રદેશમાં પહોંચતા એણે પિતા કશ્યપને જોયા જેમણે એને એક સરોવર બતાવ્યું જ્યાંથી એને ખાવાનું મળી શકે. કશ્યપે વિનતાની કોઈ ખબર ના પૂછી કે ન એમણે વિનતા-કદ્રુના ઝઘડામાં કશો ભાગ ભજવ્યો. અંતે ઘણી મુસીબતોનો સામનો કર્યા પછી ગરુડે ચંદ્ર મેળવ્યો ને વિનતાને મુક્ત કરી. ઋષિ કશ્યપ તો આ આખી વાતથી અલિપ્ત જ રહ્યા.

## ૩ પાવક અને સ્વાહા

આકાશમાં દેખાતા સપ્તર્ષિઓ પહેલાં એમની સાત પત્નીઓ સાથે રહેતા હતા. એકવાર એવું બન્યું કે અગ્નિ આ ઋષિપત્નીઓને જોઈને મોહિત થઈ ગયા પણ એ જાણતા હતા કે આ સ્ત્રીઓ પતિવ્રતા હતી તેથી પોતાની તીવ્ર કામવાસનાને ટાઢી પાડવા



એમણે એકથી બીજી જગાએ ફરવા માંડ્યું. તેવામાં દક્ષની પુત્રી સ્વાહાએ અગ્નિને જોયા ને એ એના પ્રેમમાં પડી. સ્વાહાને ખબર હતી કે અગ્નિ ઋષિ-પત્નીઓ પ્રત્યે આસક્ત છે આથી એણે–અરુંધતીને બાદ કરતાં–વારાફરતી ઋષિપત્નીઓનો સ્વાંગ ધારણ કરી અગ્નિ સાથે ૭ વાર સંબંધ કર્યો. ભ્રમણ કરતાં કેટલાંક દૈવી તત્ત્વોએ આ કામવાસનાનું દૃશ્ય જોયું ને ઋષિપત્નીઓના ચરિત્ર વિષે શંકા થવા માંડી. ઋષિઓએ ચિઢાઈને પોતાની પત્નીઓનો ત્યાગ કર્યો અને એમને કૃત્તિકા બનાવી દીધી. માત્ર અરુંધતી પવિત્ર મનાઈ અને આકાશમાં નાના સરખા સુંદર તેજસ્વી તારાનું સ્થાન પામી.

पावके च यथा स्वाहा तथा त्वं भव भर्तरि ।

કહેતી વખતે ઉપરની ગાથા યાદ રાખવા જેવી છે. પુત્રીનું સુખ એવું ઇચ્છીએ જેમાં એનો પતિ એને બીજી સ્ત્રી સમજીને પ્રેમ કરે અને તે પણ વારાફરતી જુદી જુદી સ્ત્રી રૂપે? 'સ્વાહા'નો અર્થ અગ્નિમાં આહૂતિ સમર્પિત કરવી એવો પણ થાય છે. સ્ત્રી આત્મભોગ આપે ત્યારે જ પતિને માન્ય બને એ તથ્યને પ્રતીકાત્મક રૂપે સ્વાહા-પાવકના સંબંધમાં દર્શાવાયું છે.

## ૪ અનિરુદ્ધ અને ઉષા

બાણાસુરની પુત્રી ઉષાએ સ્વપ્નમાં એક સુંદર યુવાન જોયો અને તે મોહી પડી. એની સખી ચિત્રલેખાએ બધા જાણીતા રાજા અને એમના પુત્રોનાં ચિત્રો દોરી બતાવ્યાં એમાંથી ખબર પડી કે સ્વપ્નમાં દેખાયેલો સુંદર યુવાન એ શ્રીકૃષ્ણનો પૌત્ર ને પ્રદ્યુમ્નનો પુત્ર અનિરુદ્ધ હતો. પોતાની દૈવી શક્તિની મદદથી ચિત્રલેખા અનિરુદ્ધને દ્વારકાથી ઉપાડી લાવી ને ઉષાના મહેલમાં એને ગુપ્ત રીતે રાખ્યો. બાણાસુરને આ વાતની ખબર પડતાં એણે અનિરુદ્ધને કેદ કરી લીધો પછી કૃષ્ણ ને બાણાસુર વચ્ચે ઘોર યુદ્ધ થયું ને છેવટે અનિરુદ્ધ ઉષાને દ્વારકા લઈ ગયો.

ઉપરની કથાના આધારે તો 'અનિરુદ્ધને જેવી ઉષા' કરતાં 'ઉષાને જેવો અનિરુદ્ધ' એવો આશીર્વાદ કોઈ નવપરિણીત પુરુષને આપવા જેવો છે.

## ૫ નળ અને દમયંતી

મહાભારતમાં બિનશરતી આદર્શ સ્વયંવરનું ઉત્તમ ઉદાહરણ નળ-દમયંતીનો વિવાહ છે. એકબીજાને જોતાં પહેલાં ગુણોના શ્રવણથી મુગ્ધ થયેલાં નળ-દમયંતીનું પરિણીત જીવન કરુણરસથી જ ભરેલું છે. પોતાના ભાઈ પુષ્કર સાથે જુગાર રમતાં નળ પોતાનું સર્વસ્વ ગુમાવે છે અને દમયંતી સાથે વન સિધાવે છે. ત્યાં પણ પક્ષીને પકડવા માટે પોતાનું વસ્ત્ર જાળ તરીકે નાખે છે તે પક્ષી ઉપાડીને ચાલ્યું જાય છે. જીવનથી તદ્દન નિરાશ થઈ જવાથી ઊંઘતી પત્નીનું અર્ધ વસ્ત્ર ફાડીને નળ ઓઢી લે છે ને દમયંતીને જંગલમાં ઊંઘતી અવસ્થામાં તદ્દન નિરાધાર છોડીને ત્યાગ કરે છે. પોતાના ગયા પછી આ વિકટ વનમાં દમયંતીનું શું થશે એ વિચારવાની સ્થિતિમાં જ નળ નથી. વિદર્ભ દેશના રાજા ભીમકની લાડકી રાજપુત્રી દમયંતી જે સૌન્દર્યમાં અદ્વિતીય મનાતી હતી તે જ આ અર્ધવસ્ત્રથી માંડ ઢંકાએલી, ભૂખી, ત્રાસેલી વિખરાયેલા વાળવાળી નિરાધાર સ્ત્રી છે એ માનવું પણ મુશ્કેલ થઈ જાય છે. સવારે જ્યારે દમયંતી જાગે છે ત્યારે દમયંતીને એક જ વિચાર આવે છે. નિઃવસ્ત્ર હોવાથી નળ કોઈ ઝાડ પાછળ છૂપાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં એ એને છોડી દે—જ્યારે એ વગરવાંકે જંગલનાં બધાં કષ્ટો સહન કરવા તૈયાર હતી—એ તો દમયંતીને માટે વિચારવું પણ અસહ્ય છે. જ્યારે એને વસ્તુસ્થિતિનું ભાન થાય છે ત્યારે એ લગભગ ગાંડા જેવી થઈ નળને પુકારતી જંગલમાં ભટકે છે. 'વૈદર્ભી વનમાં વલવલે' છે. રાત પડતાં કોઈ વેપારીનો કાફલો ત્યાંથી પસાર થતાં તેઓ એને શહેર સુધી પહોંચાડવાની તૈયારી બતાવે છે પણ જંગલી હાથીઓ કાફલા પર હુમલો કરે છે ને ઘણી જાનહાનિ તથા સંપત્તિનો નાશ થાય છે. આ દુર્ભાગ્યનું કારણ પણ દમયંતીને આશ્રય આપ્યો તે જ માનવામાં આવે છે અને કોઈ ડાકણ

માની કાફલાના માણસો દમયંતીને છોડી દે છે. જંગલી જાનવરો ને જંગલી મનુષ્યોનો સામનો કરતી અનેક કષ્ટો ઉઠાવતી દમયંતી છેવટે ચેદિની રાજધાનીમાં પહોંચે છે ત્યારે એની દશા જોવા જેવી થાય છે. એનું અડધું વસ્ત્ર પણ ફાટી ગયું છે, શરીરે ઉઝરડા પડયા છે, વાળ વિખરાઈ ગયા છે. ગાંડી ભિખારણ જેવી લાગતી આ સ્ત્રીની પાછળ નાનાં છોકરાં પડે છે ને એને કાંકરા મારે છે ત્યાં રાજમહેલ પાસેથી પસાર થતાં રાણીની નજર એના પર પડે છે. પ્રતાપી પિતા ને પ્રતાપી પતિનું માન જાળવવા દમયંતી પોતાની ખરી ઓળખ છુપાવે છે ને પોતાને વેપારીની છોકરી તરીકે ઓળખાવે છે. દમયંતીની મીઠી વાણી અને મધુર રીતભાત જોઈને રાણી એને પોતાની પુત્રી સાથે રહેવા સૂચવે છે. ભીમક રાજા ભાળ કઢાવતાં દમયંતીને શોધી પોતાની પાસે પાછી લઈ આવે છે. ત્યાર પછી નળને પાછો મેળવવા દમયંતી જૂઠો સ્વયંવર રચાવે છે ને અયોધ્યાના રાજા ઋતુપર્ણને નિમંત્રણ મોકલે છે. અયોધ્યાથી વિદર્ભ એક જ દિવસમાં રાજા ઋતુપર્ણને લાવનાર સારથી કુશળ રથ ચલાવનાર નળ સિવાય બીજો કોઈ ન હોઈ શકે એમ સમજીને આ યોજના કરી છે. વધારે ખાત્રી કરવા માટે નળની પાકવિદ્યાની પરીક્ષા થાય છે ને પછી છોકરાને નળ પાસે મોકલતાં નળની આંખમાં આંસુ આવી જાય છે ને નળ-દમયંતીનું પુનર્મિલન થાય છે દમયંતીએ તો જો કે નળને પુનર્પ્રાપ્ત કરવા સ્વયંવરનો ત્રાગડો રચેલો છતાં નળથી પૂછયા વગર નથી રહેવાતું: નળને ભૂલીને તું બીજા સાથે લગ્ન કરવા કેવી રીતે તૈયાર થઈ? આ પ્રેમ સ્ત્રી પાસેથી જ ત્યાગ માંગે છે. પણ છતાં આ કટોકટીથી ભરેલી વિચિત્ર પરિસ્થિતિમાં પણ બન્નેનો પ્રેમ એકબીજા માટે અટલ રહે છે. તે આ કરુણ કથાની રૂપેરી રેખા છે.

### ૬ વસિષ્ઠ અને અરુંધતી

અરુંધતી પતિભક્તિ માટે વિખ્યાત છે અને તેથી જ સ્વાહા અગ્નિને રીઝવવા જ્યારે બીજી ઋષિપત્નીઓનાં રૂપ ધારણ કરી શકે છે ત્યારે અરુંધતીનું રૂપ ધારણ કરવાની એની હિમ્મત ચાલતી નથી એની આ નિષ્ઠાને કારણે એને આકાશમાં તારાનું સ્થાન મળ્યું છે અને જ્યારે વસિષ્ઠ અને અરુંધતી બન્ને શુભ નક્ષત્રમાં હોય ને જ્યોતિષીઓ વિવાહનું મુહૂર્ત કાઢે તો એ દંપતીનું લગ્નજીવન દીર્ઘ અને સુખી નીવડે છે એવી માન્યતા છે.

### ૭ દિલીપ અને સુદક્ષિણા

સૂર્યવંશી રાજા દિલીપ અંશુમાનનો પુત્ર અને ભગીરથનો પિતા ગણાય છે પણ રઘુવંશમાં કાલિદાસે એને રઘુના પિતા તરીકે વર્ણવ્યો છે. આદર્શ રાજાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડનાર આ રાજાને સુદક્ષિણા નામે મગધવંશી રાજપુત્રી પત્ની છે. એ દરેક રીતે એના પતિને યોગ્ય છે પણ એમના લગ્નજીવનમાં એક માત્ર ખોટ છે સંતાનની જે પૂરી કરવા કુળગુરુ વસિષ્ઠની સલાહથી બન્ને પતિપત્ની દૈવી ગાય નંદિનીની ૨૧ દિવસ સુધી સેવા કરે છે અને બાવીસમે દિવસે એમના પર ગાય કૃપા કરે છે જેને પરિણામે એમને એક તેજસ્વી પુત્ર ઉત્પન્ન થાય છે જે પાછળથી આખી પૃથ્વી જીતી રાજ્ય કરે છે અને પ્રતાપી રઘુવંશનો મૂળપુરુષ બને છે.

દિલીપ અને સુદક્ષિણાનું જીવન પ્રસન્ન દાંપત્યનું ઉદાહરણ ગણી શકાય એવું છે.

### ૮ વસુદેવ અને દેવકી

રાક્ષસવિવાહમાં એ જરૂરી નહોતું કે પુરુષ પોતે જ સ્ત્રીને પકડી લાવીને પરણે. પુરુષનો વાલી કે વડીલ પણ સ્ત્રીને પકડી લાવીને પોતાના પુત્ર સાથે પરણાવી શકે. આ જ રિવાજ મુજબ દેવકીને સિની રાજા પકડીને લઈ ગયા હતા ને પછી પોતાના સંબંધી વસુદેવ સાથે પરણાવી હતી.

વસુદેવ-દેવકીનું લગભગ આખું જીવન કારાવાસમાં જ વીત્યું. દેવકીના ભાઈ કંસનું મૃત્યુ દેવકીના આઠમા પુત્રને હાથે થવાનું છે એ જાણવા છતાં કોઈ જાતનું જોખમ ના રહે માટે દેવકીનાં બધાં જ સંતાનને જન્મતાંની સાથે જ મારી નાંખવાનો કંસે નિર્ણય લીધો ને એમ એક પછી એક સાત બાળકોની હત્યાનો કરુણ આઘાત દેવકીએ અનુભવ્યો પણ આ હત્યાકાંડ અટકાવવા માટે વસુદેવ કશું ના કરી શકયા. એ પણ દેવકી જેટલા જ અસહાય હતા. સગો ભાઈ સંતાનોની હત્યા કરે ને પતિ પણ કશું કરવા માટે અસમર્થ જણાય! સ્ત્રી કોની પાસે આશા કરે? આઠમું સંતાન બચ્યું ને યોગમાયા સાથે એની અદલાબદલી શકય બની તે વિષ્ણુની જ કૃપાથી. વસુદેવ માત્ર નિમિત્ત બન્યા!

### ૯ અગસ્ત્ય અને લોપામુદ્રા

લોપામુદ્રાનું સર્જન ઘણું આશ્ચર્યજનક છે. એક રીતે જોઈએ તો એ જેને 'made to order' કહેવાય એવી છે. અગસ્ત્ય ઋષિએ જુદાં જુદાં પ્રાણીઓનાં સુંદર સુંદર અંગોને જુદાં પાડી, તેમને પછી એકઠાં કરી એક બાલિકા બનાવી એમાં પ્રાણ પૂર્યા ને એનો વિદર્ભ રાજાના મહેલમાં ગુપ્ત રીતે પ્રવેશ કરાવવામાં આવ્યો ને એ વિદર્ભ રાજાની પુત્રી તરીકે ઉછરી. જ્યાં મોટી થતાં એને અગસ્ત્ય ઋષિ પરણ્યા. એના નામ પ્રમાણે જ એનું સર્જન થયું. એનામાં બધાં પ્રાણીઓનો લોપ થયો ને એનામાં બધાં પ્રાણીઓની વિશિષ્ટ મુદ્રાઓ અંકિત થઈ.

જ્યારે અગસ્ત્ય ઋષિએ લોપામુદ્રા સાથે પરણવાનો પ્રસ્તાવ મૂકયો ત્યારે લોપામુદ્રાએ એમને અત્યંત ધનવાન બન્યા પછી આવવાનું કહ્યું. અગસ્ત્ય ઋષિ પહેલાં શ્રુતર્વન પાસે ગયા ને ત્યાંથી અનેક જગ્યાએ સંપત્તિની શોધમાં ગયા. છેવટે ઈલ્વલ નામના રાક્ષસને હરાવી એની પાસેથી અપાર સંપત્તિ મેળવી લોપામુદ્રાને ઠારી. લોપામુદ્રાને દૃઢસ્યુ નામનો પુત્ર થયો જે હજાર પુત્રો જેવો શ્રેષ્ઠ ને મહાન હતો. જન્મતાંની સાથે જ વેદોચ્ચારણ કરતો હતો ને પિતા માટે ઈંધણ લાવવાનું કાર્ય કરતો હોવાથી ઈંદમવાહ પણ કહેવાયો.

અગસ્ત્ય ઋષિનો સ્વભાવ પણ સમજવા જેવો છે. આમ તો એમને લગ્ન કરવાની ઇચ્છા જ નહોતી પણ પિતૃઓની મુક્તિ માટે એમને લગ્ન કરવું પડયું. હવે જ્યારે લગ્ન કરવાનું જ છે તો સુંદર સ્ત્રી સાથે કેમ નહિ ને તો પછી પોતે જ એને પોતાની પસંદગીની કેમ ના બનાવવી? જેનાં બધાં જ અંગોમાં અપ્રતિમ સૌંદર્ય હોય એવી સ્ત્રી કયાંથી લાવવી? અગસ્ત્ય ઋષિ ભારે કિમિયાગર હતા. કોઈ પ્રાણીની આંખ, તો કોઈના કાન, જેનું જે સુંદર લાગ્યું તે બધું ગોઠવી દીધું ને આમ તે સમયમાં computerised લોપામુદ્રાનું સર્જન થયું.

અગસ્ત્ય ઋષિને સૌંદર્યની ચાહના હતી તો લોપામુદ્રાને સંપત્તિની. બંનેનો મેળ મળ્યો ને લગ્નજીવન સુખી બન્યું. આમાં અગસ્ત્ય અને લોપામુદ્રાને પરસ્પર માટે ઘણો પ્રેમ હતો એવું દર્શાવતો કોઈ નિર્દેશ મળતો નથી.

### ૧૦ શંતનુ અને ગંગા

કોઈ વૃદ્ધ વ્યક્તિ એનો સ્પર્શ કરે તો યુવાન બની જાય ને એને અદ્ભુત આરામ મળે એવો એનો પ્રભાવ હોવાથી એ શંતનુ કહેવાયા. તનુથી શાંતિ પમાડે એવા શંતનુ પુરુવંશના રાજા પ્રતીપના ત્રણ પુત્રોમાંથી એક હતા. બ્રહ્માના શાપથી ગંગાને મનુષ્ય જન્મ લેવો પડયો. શંતનુને ગંગા ગમી ગઈ પણ ગંગાએ શરત રાખી કે એ જે કંઈ કરે તેમાં શંતનુએ વાંધો ન લેવો, ને જો કોઈ વાર એ આ શરતનું ઉલ્લંઘન કરશે તો ગંગા એમને છોડીને જતી રહેશે. ગંગાને એક પછી એક સાત પુત્ર જન્મ્યા ને સાતેને એણે ગંગા નદીમાં પધરાવી દીધા. શંતનુને નવજાત શિશુના આ કરુણ ત્યાગથી ઘણો આઘાત લાગતો પણ ગંગા છોડીને જતી રહેશે એ બીકે એમણે હમેશાં મૌન સેવ્યું પણ જ્યારે એ આઠમા પુત્રને પણ નદીમાં ફેંકવા ગઈ ત્યારે શંતનુથી ના રહેવાયું ને એમણે એને ફેંકવા ના દીધો. બાળક બચી ગયું પણ ગંગાએ શંતનુનો ત્યાગ કર્યો. ગંગાના આ આઠ પુત્રો ખરેખર અષ્ટવસુઓ હતા જેમને કોઈ શાપને કારણે જન્મ લેવો પડયો હતો તેને ગંગાએ આ પ્રમાણે મુક્તિ અપાવી. આઠમો પુત્ર પાછળથી દેવવ્રત ભીષ્મ—ભીષ્મપિતામહ—તરીકે પ્રસિદ્ધ થયો.

આઠ સંતાનોની માતા હોવા છતાં એક પણ પુત્રને ઉછેરીને માતૃત્વનું સુખ ગંગાએ ના અનુભવ્યું. આ દુર્ભાગ્ય એનું પોતાનું છે. એમાં એના પતિનો કોઈ હાથ નથી પણ આઠ પુત્રોને જન્મ આપ્યા પછી પણ ગંગાએ જ્યારે શંતનુનો ત્યાગ કર્યો ત્યારે બચેલા એકમાત્ર પુત્રની પાછળ પોતાની બધી મહેચ્છાઓ રોકી દઈને એને જ માત્ર જીવનનું સર્વસ્વ માનવાની ઉદારતા શંતનુએ ના દાખવી. ઊલટું એ મત્સ્યગંધા સત્યવતીના પ્રેમમાં ડૂબી ગયા અને સત્યવતીના પિતાની અનુચિત માગણીને સંતોષવા ભીષ્મ જેવા પ્રતાપી અને તેજસ્વી પુત્ર પાસે આજીવન કૌમાર્યનું ને ઉત્તરાધિકારથી સર્વથા વંચિત રહેવાનું વ્રત લેવડાવી પુત્રને ઘોર અન્યાય કર્યો. પુત્ર જે જીવન જીવવાનો અધિકારી હતો તેને એનાથી વંચિત રાખીને પિતાએ આ જીવન બીજી વાર જીવી લીધું. પતિનું બીજી સ્ત્રી પ્રત્યેનું અદમ્ય આકર્ષણ તો દરેક સ્ત્રીને સાલે જ પણ અહીં તો પત્નીની સાથેસાથે પુત્રનો પણ ભોગ અપાયો. સામાન્ય મનુષ્ય પણ મૃત પત્નીની સ્મૃતિમાં એને થયેલાં સંતાનો પ્રત્યે પૂરો પ્રેમ, પૂરી કાળજી ને પૂરી જવાબદારી નભાવી એની ખોટ પૂરી કરવાનો પ્રયત્ન કરે છે. જ્યારે અહીં તો ગંગાની સ્મૃતિનું એકમાત્ર પ્રતીક દેવવ્રત પિતા પાસેથી તો કશું પામતો જ નથી, ઊલટું પિતાની કામવાસના સંતોષવા માટે એ પોતાના જીવનનો માર્ગ જ બદલી નાખે છે. પિતાની આટલી હદ સુધીની સ્વાર્થવૃત્તિ યયાતિ નામના બીજા રાજામાં પણ જણાઈ છે. આમાં શંતનુનો ગંગા માટેનો પ્રેમ ક્યાં નજરે પડે છે?

## ૧૧ અર્જુન અને સુભદ્રા

વસુદેવ અને દેવકીની લાડકી પુત્રી સુભદ્રા વિખ્યાત ભાઈ કૃષ્ણ અને બલરામની બહેન થાય. પાંડવોમાંનો અર્જુન એનું રૂપ જોઈ મુગ્ધ થયો ને એણે પોતાના મિત્ર કૃષ્ણ પાસે એની બહેન સુભદ્રાને વરવાની ઇચ્છા પ્રકટ કરી. પણ કૃષ્ણ જાણતા હતા કે મોટા ભાઈ બલરામના સુભદ્રાના વિવાહ અંગે જુદા જ વિચાર હતા. વળી સુભદ્રા અર્જુન વિષે શું માને છે તે પણ સ્પષ્ટ નહોતું તેથી સ્વયંવર રચવામાં પણ જોખમ હતું. આથી સૌથી ચોક્કસ રસ્તો રાક્ષસવિધિ પ્રમાણે અપહરણ કરીને પરણવાનો હતો ને અર્જુને તે જ પ્રમાણે કરીને સુભદ્રા સાથે લગ્ન કર્યું—બલરામ ઘણું ચિડાયા પણ કૃષ્ણે એમને મનાવી લીધા.

અભિમન્યુ જેવા તેજસ્વી બાળકની માતા થવાનું ગૌરવ સુભદ્રાએ અનુભવ્યું પણ સાથે ક્રૂર વિધાતાએ નાની વયમાં જ નિર્દોષ બાળકને ઝૂંટવી લીધો. મહાભારતયુદ્ધના ચક્રવ્યૂહમાં ફસાયેલો બાળક બહાર ન નીકળી શક્યો તે આઘાત આ બહાદુર બાળકની માતાને પણ જીરવવો આકરો થઈ પડ્યો. અભિમન્યુના મૃત્યુ પછી જાણે સુભદ્રાને જીવનમાંથી રસ ઊડી ગયો. એ બધું છોડી પોતાના ભાઈ કૃષ્ણ સાથે દ્વારકામાં જઈને રહી.

## ૧૨ ધૃતરાષ્ટ્ર અને ગાંધારી

ગાંધારના રાજા સુબલની પુત્રી પુરુવંશના રાજા ધૃતરાષ્ટ્રને પરણી હતી. અંધ પતિને પરણેલી ગાંધારી સો પુત્રોની મા બની. તેની એક માત્ર પુત્રીનું નામ દુશ્શલા હતું. મહાભારતના યુદ્ધમાં કૌટુંબિક જીવનના દારુણ હ્રાસની એ સાક્ષી હતી. અંધ પતિને સહયોગ આપવા આજીવન આંખે પાટા બાંધી નેત્રજ્યોત હોવા છતાં જીવનના સૌંદર્યાનુભવથી સ્વેચ્છાથી વંચિત રહી. પતિ માટે અદ્ભુત ત્યાગનું આ ઉત્તમ ઉદાહરણ છે.

## ૧૩ ગૌતમ અને અહલ્યા

ગૌતમ ઋષિની પત્ની અહલ્યા પુરુવંશના રાજા મુદ્ગલની પુત્રી હતી. ગૌતમ ઋષિની ગેરહાજરીમાં અહલ્યાના સૌંદર્યથી મુગ્ધ બનેલા ઇંદ્રે ગૌતમનું રૂપ ધારણ કરી એના ઘરમાં પ્રવેશ કર્યો. અહલ્યાને આ ઇંદ્રના છળની ખબર ના પડી ને ભોળા ભાવે ઇંદ્રને ગૌતમ જ માનીને એણે પત્નીધર્મ પાળ્યો. પાછાં ફરતાં ગૌતમે જોયું કે અહલ્યાએ પરપુરુષસંગ કર્યો છે. આખી વાતમાં અહલ્યા નિર્દોષ છે ને એનાથી જે થયું છે તે અજાણતાં થયું છે એ સમજવાને બદલે ગૌતમ ઋષિએ લાગલો જ એને શાપ આપી દીધો કે તું પથ્થર બનીને પડ. એક સ્ત્રી—પત્ની જેની રક્ષા



કરવાની જવાબદારી ગૌતમની હતી, રક્ષા કરવાનું તો દૂર રહ્યું પણ તપસ્યાના પુણ્યનો દુરુપયોગ પત્નીને શાપ આપવામાં થયો. એની તપસ્યામાં એટલું બળ નહોતું કે ઇંદ્ર જેવાને પોતાનો વેષ ધારણ કરતો અટકાવી શકે. નિર્દોષ પત્નીને નિર્જીવ બનાવીને એનો શ્વાસ હેઠો બેઠો. ગૌતમ પર તો પત્નીના ખૂનનો જ આરોપ મૂકી શકાય. અહલ્યા પાછી સજીવ ક્યારે થઈ? શિલા બનીને તપસ્યા કરતાં ઘણો સમય વીતી ગયો. ગૌતમે કહ્યું હતું 'ત્રેતાયુગમાં શ્રી રામચંદ્રના ચરણસ્પર્શથી એનો મોક્ષ થશે.' એ રામચંદ્ર જેણે પોતાના જીવન-માં જ પત્ની સીતાને ઘોર અન્યાય કર્યો હતો.

## ૧૪ પાંડવો અને દ્રૌપદી

દ્રુપદની લાડકી ને તેજસ્વી સૌંદર્યવતી પુત્રી દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની બની ત્યારથી જ એના દુઃખના દહાડા શરૂ થયા. મૂળ તો દ્રુપદની ઇચ્છા એને અર્જુન સાથે જ પરણાવવાની હતી પણ જ્યારે લાક્ષાગૃહમાં પાંચ પાંડવ ને કુંતી બળી મર્યાના સમાચાર આવ્યા ત્યારે એણે અર્જુનની આશા છોડી પણ પછી અર્જુન જેવો જ કોઈ વીર બાણાવળી પોતાની પુત્રીનો પતિ બને એ મનોરથે ફરતા મત્સ્યને વીંધવાની આકરી શરત રાખી દ્રૌપદીનો સ્વયંવર રચાવ્યો ને ત્યાં પિતાની ઇચ્છા પૂર્ણ થઈ. અર્જુને મત્સ્યવેધ કરી દ્રૌપદીને મેળવી પણ અજાણતામાં કાઢેલા માના વચનને આજ્ઞા માનવાથી દ્રૌપદી પાંચે પતિઓમાં વહેંચાઈ. સ્વયંવરમાં આ આકરી શરત કોણ પૂરી કરશે એ અંગે આટલી અનિશ્ચિતતા સેવ્યા પછી અર્જુનની પ્રિયતમા બનવાની હાર્દિક ઇચ્છા પૂરી થવાની ક્ષણ આવી ત્યાં તો કુંતીના બોલને પરિણામે દ્રૌપદીના ભાગ્યમાં પાંચ પતિઓ આવ્યા. આ સમયે દ્રૌપદીના મન પર શું વીતી હશે તેની કલ્પના થઈ શકતી નથી. પણ 'પડ્યું પાનું નભાવી લે' એ ન્યાયે એણે પાંચેને પોતાની ઓજસ્વિતાથી કેળવ્યા. એ અદ્ભુત શક્તિનું પ્રતીક હતી. દ્રૌપદીના પતિઓ ઘણીવાર નિરાશ થઈ ગયા અને શાંતિ પ્રાપ્ત કરવા ખાતર નમતું જોખવા પણ તૈયાર થયા પણ દ્રૌપદી કાયમ પોતાના નિશ્ચયને વળગી રહી અને અન્યાયનો સામનો કરવા દૃઢચિત્ત રહી. કેટલીયે વિપદાઓ જીવનમાં આવી. દેશનિકાલ, વનવાસ, ભૂખમરો, ભરી સભામાં વસ્ત્રહરણ જેવી શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું છતાં એ ડગી નહિ. આ પતિઓ સાથે સુખ–ઐશ્વર્ય–શાંતિ પામવાને બદલે વનવાસ, કષ્ટ અને માનહાનિના જ પ્રસંગોનો જીવનમાં વધારે ને વધારે અનુભવ થયો. જયદ્રથ ને કીચક જેવા ક્ષુદ્ર જંતુઓએ બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો, ભરી સભામાં દુઃશાસન જેવા નરાધમે એનું છડેચોક વસ્ત્રહરણ કર્યું ત્યારે પણ પાંચ પાંચ પતિઓ-માંથી એક પણ એની વહારે ન ધાયા. દ્રૌપદીને પોતાના સખા કૃષ્ણ યાદ આવી ગયા. આટલું ઓછું હતું તે આગળ જતાં મહાભારત યુદ્ધમાં દ્રોણપુત્ર અશ્વત્થામાએ એના પાંચે પુત્રોને મારી નાખ્યા. દુઃખનો દરિયો તૂટી પડ્યો ને મરતી વખતે પણ એને ન્યાય ન થયો. સ્વર્ગારોહણમાં મહાભારતકારે સૌથી પહેલાં એને પાડી. કેમ? કારણ પાંચે પતિઓમાંથી મનોમન એણે અર્જુનને થોડો વધારે પ્રેમ કરેલો. દ્રૌપદીની મરજી જાણ્યા વગર જ સ્વયંવર થયો હોવા છતાં પાંચે ભાઈઓ જાણે સ્ત્રી કોઈ એક 'Commodity' હોય એમ દ્રૌપદી સાથે વર્ત્યા છતાં તેઓ અપરાધી ના ઠર્યા પણ સ્વયંવરની શરત પૂરી કરનાર અર્જુન જ ખરે-ખર એનો કાયદેસરનો પતિ હતો ને તેને માટે હૃદયના ખૂણામાં એનો આ નાનો સરખો પક્ષપાત એને અપરાધી બનાવી સૌથી પહેલાં મૃત્યુને આલિંગવા માટે કારણભૂત બન્યો. સ્ત્રીના જીવનની આથી વધારે વિડંબના કઈ હોઈ શકે?

## ૧૫ વાલિ અને તારા

રાક્ષસો અને વાંદરાઓની નૈતિક માન્યતાઓ આર્યોની માન્યતાઓ કરતાં જુદી પડતી હતી એ સ્વીકારવા છતાં તારાની બે ભાઈઓ વચ્ચેની ખેંચતાણી બહુ બેહુદી લાગે છે. વાલિ અને સુગ્રીવ બન્ને એક માતાના જુદા જુદા પિતાથી—ઇંદ્ર અને સૂર્ય—થયેલા

પુત્રો હતા. વાલિ મોટો હતો ને સુગ્રીવ નાનો હતો. એક રાક્ષસ સાથેની ઝપાઝપીમાં પોતાના ભાઈ વાલિને મરી ગયેલો સમજી કિષ્કિંધાના રાજ્ય પર સુગ્રીવે પોતાનો અભિષેક કર્યો ને વાલિનું અંતઃપુર એનું થયું તેથી તારા એની પત્ની બની પણ વાલિ જીવતો હતો ને સુગ્રીવની આ રાજા થવાની ને વાલિના અંતઃપુરના માલિક બનવાની વધારે પડતી ઉતાવળ જોઈને વાલિ ઘણો ગુસ્સે થયો ને એણે 'સુગ્રીવ સાથે યુદ્ધ કરીને એને હરાવ્યો ને એને વનમાં કાઢી મૂક્યો' ને હવે એ પોતાની પત્નીઓ સાથે સુગ્રીવના અંતઃપુરની સ્ત્રીઓનો માલિક બન્યો. પણ આ ટંટો અહીંથી ના પત્યો. વનવાસમાં રામ સુગ્રીવને મળ્યા ને સીતાને સુગ્રીવની મદદથી પાછી મેળવવાની શરત કરીને વાલિને માર્યો, સુગ્રીવને પોતાની પ્રિય પત્ની રૂમી સાથે વાલિની પત્ની તારા પાછી મળી. વાલિના પુત્ર અંગદની પ્રતિ-ક્રિયા આ સમયે નોંધવા જેવી છે: 'પોતાના મોટા ભાઈની પત્ની જે માતા સમાન હોય છે ને જેને પાછો જીવતો પુત્ર છે તેને જે વ્યક્તિ ના છોડે તે બધાં દ્વારા ધિક્કારવા યોગ્ય છે. નાના ભાઈની પત્ની રૂમીને પોતાની કરનાર વાલિ ને મોટા ભાઈ વાલિની પત્ની તારાને પોતાની કરનાર સુગ્રીવ બેમાંથી વધારે અધર્મા-ચરણ કોણે કર્યું તે તો આદિ કવિ પણ નક્કી નથી કરી શક્યા. એક વાત નોંધવા જેવી છે કે આ બધી ફેરબદલીમાં તારા નિંદાપાત્ર નથી બની, બલ્કે એણે સીતા, અહલ્યા, દ્રૌપદી અને મંદોદરી જેવી આદર્શ પતિવ્રતા સ્ત્રીઓ સાથે માનભર્યું સ્થાન મેળવ્યું છે.

### રાવણ અને મન્દોદરિ

રાવણની પટરાણી મન્દોદરિ (નાજુક સ્ત્રી, પાતળા પેટવાળી) એક ગુણવાન, પતિવ્રતા અને સુંદર સ્ત્રી હતી. એ સુંદર ભવનો બાંધવા માટે ખ્યાતિપ્રાપ્ત મય દાનવની પુત્રી હતી. રાવણ પરાક્રમી હતો, ધાર્મિક હતો પરંતુ સુંદર સ્ત્રી જોઈને તે અધીર થઈ જતો. પોતાના અંતઃપુરમાં એણે અનેક સુંદર સ્ત્રીઓને આણીને રાખી હતી. સ્ત્રી-સૌંદર્ય એ એની કમજોરી હતી ને એ જોતાં એના બધાં નીતિનિયમો બાજુએ મુકાઈ જતાં. આનંદ માટે આમ પરણેલી પારકી સ્ત્રીઓના જબરજસ્તી અપહરણ કરવાના રાવણના સ્વભાવ વિષે મન્દોદરિ એને વારંવાર ટોકતી હતી પણ એથી રાવણ પર કશી અસર થતી નહોતી. કોઈપણ પ્રેમાળ પત્નીને અત્યંત સાલે એવી આ એબ પતિમાં હોવા છતાં ઉદારતાપૂર્વક એણે હંમેશાં પતિને પ્રેમ કર્યો અને પવિત્ર સ્ત્રીઓમાં સ્થાન મેળવ્યું. રાવણના મૃત્યુ સમયે મન્દોદરિનો કરુણ વિલાપ નોંધવા જેવો છે. એવું તમે સીતામાં શું જોયું જેથી તમે તમારું અને તમારી પ્રજાનું જીવન તથા તમારા રાજ્યનું હિત જોખમમાં મૂક્યું? સીતા કરતાં પણ વધારે સુંદર સ્ત્રીઓ તમારા અંતઃપુરમાં હતી છતાં સીતા પ્રત્યેના આકર્ષણમાં તમે તેમની ઉપેક્ષા કરી. નસીબના ખેલ કે તમને આ જ સ્ત્રીએ આકર્ષ્યા. ઉમદા જન્મ, સૌંદર્ય અને કૌશલમાં સીતા મારી તુલનામાં ટકી શકે એમ નથી તેમ એ કોઈ રીતે મારાથી ચઢિયાતી પણ નથી તો તમે આટલું જોખમ કેમ વ્હોર્યું? હું દાનવોના રાજાની પુત્રી છું, રાક્ષસોનો રાજા મારો પતિ છે અને દેવોના રાજા ઈન્દ્રને જીતનાર વીરપુત્ર ઈન્દ્રજિતની હું માતા છું. તમે તો વીર છો. યુદ્ધમાં અજેય છો. દેવ, ગાંધર્વ કે યક્ષ પણ તમને જીતવાને સમર્થ નહોતા તો આ એક સામાન્ય મનુષ્ય રામને હાથે તમારો નાશ કેવી રીતે થયો?

સીતાને રામને પાછી સોંપી દેવાની સતત શીખ આપતી મન્દોદરિને હિંદુઓ સાધ્વી સ્ત્રી તરીકે પૂજે છે. સીતા જેવી પવિત્ર ને પરિણીત સ્ત્રીને વશ કરવાના પ્રયત્નમાં પોતાનો વિનાશ નોતરનાર રાવણ પાસે મન્દોદરિ શું પામી એ એક પ્રશ્ન છે.

## ૧૭ પાંડુ અને કુંતી

શૂરસેન નામના યાદવ અને મારિષાની પુત્રી અને વસુદેવની બહેન પૃથાને રાજા કુંતિભોજે દત્તક લીધેલી તેથી એનું નામ કુંતી પડ્યું. મહારાજા પાંડુની એ પહેલી પત્ની હતી, બીજીનું નામ હતું માદ્રી.



પાંડુ રાજાને શાપ લાગ્યો હોવાથી પત્ની સાથે સંભોગ કરવાનો નિષેધ હતો પણ સંતાનની ઇચ્છા હોવાથી એ પોતાની પત્ની કુંતીને બીજા પુરુષો સાથે સંબંધ કરીને સંતાન ઉત્પન્ન કરવાની વિનંતી કરે છે. આ બહુ ગૂંચવાડાભરી નૈતિક પરિસ્થિતિ વખતે એ પોતાની પત્ની કુંતીને પ્રાચીન વિવાહસંબંધના રિવાજોનું ઉદાહરણ આપીને એને પરપુરુષ સાથે સંબંધ કરવામાં નૈતિકતા વચ્ચે આવતી નથી એમ સમજાવે છે. મહાભારતના આ વચનો નોંધવા જેવા છે: 'નૈતિકતાના બધા નિયમો જાણનારા વિદ્વાન ઋષિઓએ જે પ્રાચીન રિવાજ નોંધ્યા છે તેની વાત કરું. પ્રાચીન સમયમાં સ્ત્રીઓ ઘરની ચાર દીવાલોમાં પુરાઈ રહેતી નહોતી, તેમ જ પોતાના પતિ કે પુરુષ સગાંઓ પર નિર્ભર રહેતી નહોતી. તેઓ સ્વૈરવિહારિણી હતી. માત્ર પતિ સાથે જ સંબંધ રાખતી એવું નહોતું તે છતાં એ કોઈ જાતનું પાપ કરે છે એવું પણ નહોતું મનાતું કારણ એ યુગનો એ સ્વીકાર્ય ધર્મ હતો. આ જાતના આગળ પણ દાખલા છે ને ઋષિઓએ આ સંબંધો વધાવ્યા છે. હજુ પણ ઉત્તરકુરુમાં આ જ રિવાજ ચાલે છે. સ્ત્રીઓ માટે આટલી ઉદારવૃત્તિ ધરાવતો આ રિવાજ ઘણો પ્રાચીન છે. આ એક પુરુષને વળગી રહેવાનો રિવાજ ઘણો મોડો-હાલમાં જ-થયેલો છે.' આમ પોતાને લાગેલા શાપને કારણે ને છતાં યે સંતાનથી વંચિત ન રહી જવાય માટે પાંડુએ કુંતીને પરપુરુષ સંબંધ કરવા પ્રેરી. આ ઘટનાચક્ર ખાસ કરીને કુંતીના સંબંધમાં વધારે કરુણ લાગે છે જ્યારે આપણે પાંડુ સાથેના લગ્ન પહેલાનો કુંતીનો ભૂતકાળ તપાસીએ છીએ ત્યારે.

પિતાને ઘેર અતિથિ થઈને આવેલા ક્રોધી ઋષિના આતિથ્યસત્કારની જવાબદારી કુંતી ઉપર હતી. કુંતીએ એમની એટલી સેવા કરી કે દુર્વાસા એના પર પ્રસન્ન થયા ને એને વરદાન આપ્યું કે આ તને એક મંત્ર આપું છું જે બોલવાથી તું કોઈપણ પાંચ દેવતાને બોલાવી શકીશ ને એમના દ્વારા તારી જે ઇચ્છા હશે તે પૂરી કરી શકીશ. જેવા દુર્વાસા ગયા તેવું જ કુંતીને પોતાને મળેલા વરદાનની સિદ્ધિ જોવાની આતુરતા થઈ ને માત્ર મુગ્ધાવસ્થાની નિર્દોષ ઉત્કંઠામાં એણે મંત્રોચ્ચાર કરીને ભગવાન સૂર્યને નિમંત્ર્યા. તરત જ ત્યાં સૂર્યનારાયણ પ્રકટ થયા ને પોતાને બોલાવવાનું કારણ પૂછ્યું. કુંતીને સૂર્યનું ખાસ કોઈ કામ તો હતું જ નહિ એટલે પોતે માત્ર નિર્દોષ કુતૂહલથી પ્રેરાઈને એમને બોલાવી બેઠી છે એવો જવાબ એણે દીધો પણ સૂર્યનારાયણે કુંતીને વશ કરવાનો પ્રયત્ન કર્યો તેમ છતાં કુંતીએ કહ્યું કે એ કુંવારી છે ને એને માપિતા તેમ જ બીજા વડીલોની આજ્ઞા લીધા સિવાય કોઈ પણ પુરુષ સાથે સંબંધ કરવાની છૂટ નથી. સૂર્યનો જવાબ નોંધવા જેવો છે.-'માતા, પિતા કે કોઈ પણ બીજા વડીલ જનને તને બીજાને સોંપવાનો અધિકાર નથી. કુમારી દરેક પુરુષની ઇચ્છા કરે છે માટે તો એને કન્યા કહી છે. એનું નામ જ કન્યા 'કમ્-ઇચ્છવું' પરથી પડ્યું છે. કુમારી આ વિશ્વમાં સ્વતંત્ર છે. મારી વિનંતીને માન આપવાથી તું કોઈ અપરાધ કરતી નથી અને હું તો આખા વિશ્વનો હિતેચ્છુ છું તો મારા દ્વારા કોઈ અનૈતિક કાર્ય કેવી રીતે થાય? જાતીય સંબંધો માટે દરેક પુરુષ અને સ્ત્રી તદ્દન સ્વતંત્ર છે, એ કુદરતનો કાયદો છે. બલ્કે આનાથી વિરુદ્ધ માનવું એ નૈસર્ગિક નિયમનું ઉલ્લંઘન છે.' આ વાત ખરેખર ગળે ઊતરે એવી હોવા છતાં કુંતી જે સમાજમાં રહેતી હતી તેની પરિસ્થિતિ સ્ત્રી આવી છૂટ અનુભવી શકે એવી ઉદારવૃત્તિ વાળી નહોતી ને તેથી જ સૂર્યના સંબંધથી થયેલ તેજસ્વી પુત્ર-જે પાછળથી દાનવીર મહારથી કર્ણ ને નામે જાણીતો થયો-ને જન્મતાંની સાથે જ છોડી દેવો પડ્યો. આમ લગ્ન પહેલાં જન્મેલા પુત્રની માતા હોવા છતાં એ પુત્રને એણે આજીવન અળગો જ રાખ્યો ને લગ્ન પછી પતિની ઇચ્છા પૂરી કરવા એ પરપુરુષ સંબંધ કરીને ત્રણ પુત્રોની મા બની છતાં પતિ આગળ પોતે એક પુત્રની મા છે એ વાત કહી ના શકી. નવા પુત્રો ઉત્પન્ન કર્યા પણ મૂળ એક પુત્ર હતો જ તેનો જાહેર સ્વીકાર કરાવી ન શકી. ને વધારે

આઘાત તો એણે ત્યારે અનુભવ્યો જ્યારે પતિની આ પ્રમાણે ઇચ્છા કરી સંતાનોની મા બન્યા પછી પણ સપત્ની માદ્રીએ પતિ પાંડુને માદક વાતાવરણમાં પોતાની તરફ આકર્ષ્યા ને પરિણામે શાપની અસર થઈ ને પાંડુ મૃત્યુ પામ્યા. પતિનું કરુણ મૃત્યુ સપત્નીની ચંચળતાથી થયું અને આ એ સપત્ની જેને કુંતીએ ઉદારતાથી પોતાના વરદાનનો એક ભાગ આપ્યો હતો જેનાથી એણે અશ્વિનીકુમારોને આરાધીને નકુળ-સહદેવ ઉત્પન્ન કર્યા હતા. કુંવારી માતા થવાની અને સૌથી મોટા પુત્રને આજીવન એના હક્ક ન અપાવી શક્યાથી અપરાધ ભાવના સાથે જીવતી, શાપિત પતિ, ચંચળ સપત્ની અને પાંચ પુત્રોને મોટા કરવાની જવાબદારી પૂરી કરવા માટે અનેક પ્રકારનાં કષ્ટો ઉઠાવતી કુંતીની કરુણ અને હૃદયદ્રાવક વ્યથાકથા તપાસીએ છીએ તો જીવનયાત્રાના ઉતારચઢાવની વાસ્તવિકતા પ્રત્યક્ષ થાય છે.

## ૧૮ અત્રિ અને અનસૂયા

બ્રહ્માના માનસપુત્રો અને સપ્તર્ષિઓમાંના એક મહર્ષિ અત્રિ હતા અને પ્રસિદ્ધ પતિવ્રતા પત્ની અનસૂયા ભગવાન કપિલદેવની બહેન અને ઋષિ કર્દમ તથા દેવહૂતિની પુત્રી હતી. રામાયણમાં અનસૂયા સીતાને પતિવ્રતાના ધર્મો સમજાવતાં નીચે પ્રમાણે કહે છે: 'નગરમાં કે જંગલમાં, સ્વસ્થ કે અસ્વસ્થ સ્થિતિમાં જે સ્ત્રી પોતાના પતિને ચાહે છે તે ઘણું પુણ્ય કમાય છે. પતિ દુષ્ટ હોય, અનૈતિક હોય કે દુરાચારી હોય, પત્ની માટે એ પરમ દેવતા છે. આ જન્મમાં કે આવતા જન્મમાં, પતિથી વધારે સારો મિત્ર પત્નીને માટે બીજો કોઈ હોતો નથી. પતિની બધી રીતે કાળજી રાખવી એ પત્નીનું પરમ કર્તવ્ય છે.' અનસૂયા પતિના કર્તવ્ય અંગે મૌન સેવે છે.

ધર્મશાસ્ત્રકાર અત્રિનું માનવું છે કે સ્ત્રીને પુણ્ય કમાવા માટે પવિત્ર સ્થાનમાં સ્નાન કરવા જવાની કશી જરૂર નથી. એણે પોતાના પતિના ચરણ ધોઈને પાણી પી જવું જોઈએ. આધુનિક સમયમાં પણ ઘણી સ્ત્રીઓ અત્રિના આ વચનનું અનુસરણ કરે છે. આ જ અત્રિનું એક બીજું વચન એ છે કે કોઈ પણ પુરુષે વંધ્યા સ્ત્રીને ઘેર ભોજન ન કરવું જોઈએ, પછી એ એની પુત્રી કેમ ન હોય!



અનસૂયાના સંબંધમાં દત્તાત્રેયની ઉત્પત્તિની વાતનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. એકવાર નારદ મુનિ પાર્વતી પાસે ગયા ને એમણે અનસૂયાની પતિભક્તિ અને પવિત્રતાના પાર્વતી આગળ ઘણા વખાણ કર્યા. પાર્વતી અત્યાર સુધી પતિભક્તિમાં પોતાને બેજોડ સમજતી હતી. આ વાત સાંભળીને તેને અચરજ ને ઈર્ષ્યા થયાં. આ જ પ્રમાણે નારદે લક્ષ્મી અને સરસ્વતીમાં પણ અનસૂયા માટે ઈર્ષ્યા ઉત્પન્ન કરી પાર્વતી, લક્ષ્મી અને સરસ્વતીએ અનુક્રમે શિવ, વિષ્ણુ બ્રહ્માને અનસૂયાની અક્કલ ઠેકાણે લાવવા માટે કાંઈક પ્રયત્ન કરવાનું કહ્યું જેથી અનસૂયા ચરિત્રભ્રષ્ટ થાય ને એની પવિત્રતાને આંચ આવે. ત્રણેએ સામૂહિક પ્રયત્ન કરવાનો નિર્ણય લીધો ને બ્રાહ્મણના વેષમાં જઈ અનસૂયા પાસે ભિક્ષા માગી. અનસૂયાએ જ્યારે ભિક્ષામાં અનાજ આપવા માંડ્યું ત્યારે આ દેવોએ રાંધેલું અન્ન માંગ્યું. અનસૂયાએ એમને સ્નાન કરવા જવાનું કહ્યું અને પોતે રસોઈ બનાવીને તૈયાર રાખી. જ્યાં અનસૂયા પીરસવા જાય છે ત્યાં આ અતિથિઓએ અનસૂયાને નિર્વસ્ત્ર થઈને પીરસવાનું કહ્યું. આથી અનસૂયાએ પોતાના પતિના પગ ધોઈને એ પાણી દેવો પર છાંટ્યું અને એમને નાનાં બાળક બનાવી દીધાં. જેમ માને પોતાના બાળક સામે કોઈ સંકોચ ન હોય એમ અનસૂયાએ દેવોને નાના બાળક બનાવી સ્તનપાન કરાવ્યું. ઘણો વખત થયો ને પતિઓ પાછા ન ફર્યા તેથી દેવીઓને ચિંતા થઈ. તેઓ અત્રિઋષિના આશ્રમમાં આવી તો ઘોડિયામાં એકસરખા ત્રણ તેજસ્વી બાળકોને સૂતેલાં જોયાં. અનસૂયાએ એમની પતિભક્તિની પરીક્ષા કરવા દરેકને પોતાના પતિને ઓળખીને ઘોડિયામાંથી ઉપાડી લેવાનું કહ્યું. સૌથી પ્રથમ લક્ષ્મીએ ભૂલ કરી ને શિવને વિષ્ણુ સમજીને ઉપાડ્યા. ત્રણે દેવીઓ ભોંઠી પડી ગઈ. હવે અનસૂયાએ કહ્યું કે આટલો વખત જે દેવોને એણે પોતાના બાળક ગણી સાચવ્યા, તેમને આમ અને એમ ને એમ જવા તો કેમ દેવાય? આથી ત્રણે દેવોએ અનસૂયા પાસે રહેવાનું કબૂલ્યું ને ત્રણ મોઢાવાળા ને છ હાથવાળા દત્તાત્રેય ઉત્પન્ન થયા જે અનસૂયા પાસે રહ્યા. અનસૂયાએ ફરી પતિના ચરણ ધોયા ને પાણી બાળકો પર છાંટ્યું ને પરિણામે દેવોને પોતાનું મૂળ રૂપ પાછું મળ્યું.

## ૧૯ જમદગ્નિ ને રેણુકા

ઋષિ જમદગ્નિની પત્ની ને રેણુ મહર્ષિની પુત્રી રેણુકા હતી. પતિ પ્રત્યેની અગાધ ભક્તિને પરિણામે એ એક અદ્દ્ભુત શક્તિ પ્રાપ્ત કરી શકી હતી. પાણી વગર એ માટીને કેળવી શકતી હતી ને અગ્નિ વગર એને પકવી શકતી હતી. આથી જ્યારે જ્યારે એ નદી પર પાણી ભરવા જતી ત્યારે એ કદી ઘડો લઈને ન જતી પણ નદી કિનારાની માટી લઈને તેમાંથી ઘડો બનાવી પાણી ભરીને લાવતી. પણ એકવાર માટી કેળવતાં એણે પાણીમાં એક યુવાનને સ્નાન કરતાં જોયો ને એના મનમાં એ યુવાન વિષે કામવાસના જાગી ને પરિણામે ઘડો ના બની શક્યો. એ ખાલી હાથે પાણી લીધા વગર પાછી આવી. સર્વજ્ઞ જમદગ્નિને વસ્તુસ્થિતિનો ખ્યાલ આવી ગયો. એમણે પોતાના પુત્રોને બોલાવીને માતાની હત્યા કરવાની આજ્ઞા દીધી. એક પછી એક ચાર પુત્રોએ માતૃવધ કરવાની ના પાડી પણ સૌથી નાના પુત્ર પરશુરામે પોતાની પરશુથી માતાનો વધ કરી નાંખ્યો. આજ્ઞાકારી પુત્રના કાર્યથી પ્રસન્ન થઈને જમદગ્નિએ એને વરદાન માંગવાનું કહ્યું ને પુત્રે માનું પુનર્જીવન તથા એનો વધ થયો હતો એ વાતનું એને સ્મરણ ના રહે એવું વરદાન માંગ્યું. પતિભક્તિ એ જ સ્ત્રીનું જીવન, એ જ એની શક્તિ, એની બહાર જતાં પતિ એનો વધ કરાવતાં પણ અચકાય નહિ ને વધ કરનાર પર પ્રસન્ન થઈને એને વરદાન પણ આપે. આ દાંપત્ય-જીવનની સિદ્ધિ!

## ૨૦ કૃષ્ણ અને રુકિમણી

વિદર્ભ દેશના રાજા ભીષ્મકની પુત્રી રુકિમણી શ્રીકૃષ્ણની પ્રમુખ પટરાણી હતી. એ લક્ષ્મીનો અવતાર મનાય છે. નાનપણથી શ્રીકૃષ્ણના ગુણગાન સાંભળતાં રહી ને એણે યૌવનાવસ્થામાં શ્રીકૃષ્ણને જ પોતાના પતિ માન્યા. શ્રીકૃષ્ણનો વેરી હોવાથી રુકિમણીના ભાઈ રુકિમને આ વાત પસંદ નહોતી ને એ રુકિમણીનું લગ્ન પોતાના મિત્ર શિશુપાલ સાથે કરવા ચાહતો હતો. પુત્રસ્નેહને કારણે રુકિમણીના પિતા પણ એમ કરવા રાજી થઈ ગયા. આ વિટંબણામાંથી છૂટવા રુકિમણીએ એક બ્રાહ્મણ દ્વારા કૃષ્ણને સંદેશો મોકલ્યો. પોતાની પ્રિયા પર સમાન રૂપે અનુરક્ત શ્રીકૃષ્ણ કોઈને કહ્યા વગર સારથિ દારુક અને બ્રાહ્મણ સાથે કુણ્ડિનપુર આવ્યા અને રુકિમણીનું હરણ કરી રથમાં બેસાડી લઈ ગયા. બલરામને કૃષ્ણના કુંડિનપુર જવાના સમાચાર મળ્યા તેથી કોઈ અનિષ્ટ થશે એમ માની મદદ માટે સેના લઈને એ કુંડિનપુર પહોંચ્યા. જ્યારે સ્વયંવરમાં ઉપસ્થિત રાજાઓએ રુકિમણીનું હરણ કરતા કૃષ્ણનો પીછો કર્યો ત્યારે બળરામ વ્હારે ધાયા ને રાજાઓને રોકી લીધા. કૃષ્ણ ને રુકિમ વચ્ચે યુદ્ધ થયું જેમાં રુકિમ હારી ગયો. કૃષ્ણે એનું મુંડન કરાવી એને છોડી દીધો. રુકિમણીને દસ પુત્રો તથા એક પુત્રી થયાં.

સ્ત્રીએ પહેલ કરીને પ્રેમવિવાહ કર્યાનું આ ઉત્તમ ઉદાહરણ છે. આઠ પટરાણીઓમાં રુકિમણી સન્માન પામી છે; છતાં કૃષ્ણનો અનન્ય પ્રેમ પામવા એ સદ્દભાગી બની નથી. પ્રેમિકાનું સ્થાન રાધા લઈ ગઈ છે.

સૌથી મોટા પુત્ર પ્રદ્યુમ્ન કામદેવનો અવતાર હતો ને જન્મતાંની સાથે જ શમ્બરાસુરે એને સમુદ્રમાં ફેંકી દીધો. પાછળથી એ બચ્યો પણ પ્રથમ બાળકને ઉછેરવાનો લ્હાવો રુકિમણીને ના મળ્યો. ગોપીઓ, રાધા, આઠ મહારાણીઓ અને ૧૬,૧૦૦ બીજી સપત્નીઓ વગેરેમાં રુકિમણીને

પોતાનું સન્માન જાળવી રાખવાની ટેવ તો પડી જ ગઈ હતી. પતિ તરફથી એ જેમ અનન્ય પ્રેમ પામી નથી તેમ એના તરફ કોઈ ઝાઝો અન્યાય થયાનું પણ જણાતું નથી. સપત્નીઓ સાથે સતત રહેવાથી રુકિમણીમાં એક જાતની ઉદારવૃત્તિ પણ કેળવાઈ લાગે છે જે આપણને તુલસીના દષ્ટાંતમાં નજરે પડે છે. એક વાર નારદ સત્યભામાના આવાસે ગયા. સત્યભામાએ જન્મજન્માંતરમાં કૃષ્ણને પતિ તરીકે પામવાનો ઉપાય પૂછયો. નારદે કહ્યું કે જો સત્યભામા કૃષ્ણનું દાન નારદને કરી દે તો આ વાત બની શકે એમ છે કારણ બ્રાહ્મણને આપેલું દાન અનેક ગણું બનીને દાતા પાસે પાછું આવે છે. સત્યભામા નારદની ચબરાકીથી પ્રભાવિત થઈ ગઈ ને એણે પતિનું દાન નારદને દઈ દીધું. નારદે કૃષ્ણ પાસે સેવકનું કામ લેવા માંડયું, એમને પોતાની વીણા ઉઠાવવાનું કહી તેઓ દેવલોક તરફ જવા નીકળ્યા. જ્યારે બીજી રાણીઓના જાણવામાં આ વાત આવી ત્યારે તેઓએ પતિને પાછા આપવાની નારદને વિનંતી કરી. તેઓએ સત્યભામાને કટુ વચન કહ્યાં. સત્યભામાને પસ્તાવો થયો ને પતિને પાછા આપવાની વિનંતી કરી. નારદે પોતાના તોફાની સ્વભાવને અનુરૂપ કહ્યું કે કોઈ પણ વસ્તુ બ્રાહ્મણ પાસેથી એમ ને એમ મફતમાં તો લેવાય નહિ એટલે ભગવાન કૃષ્ણને સોનાથી તોલો ને જેટલું વજન એટલું સોનું મને આપો તો હું કૃષ્ણને પાછા આપું. બધી રાણીઓ રઘવાઈ થઈ ગઈ. એક ત્રાજવામાં કૃષ્ણ અને બીજા ત્રાજવામાં રાણીઓએ ઉપરા ઉપરી પોતાનાં ઘરેણાં ઠાલવ્યાં પણ ઘરેણાનું ત્રાજવું ઊંચું ને ઊંચું રહ્યું. સમતુલા થવાનું નામ ના લે. આ બધાં ટોળામાં રુકિમણી ન હોતી. બધી રાણીઓએ સંદેશો મોકલીને રુકિમણીને બોલાવી. આખી પરિસ્થિતિનું અવલોકન કરી રુકિમણીએ માત્ર એક તુલસીનું પાન મંગાવ્યું, બધી રાણીઓને એણે ત્રાજવામાંથી એમનાં ઘરેણાં ઉઠાવી લેવાનું કહ્યું. તુલસીપત્ર મૂકતાની સાથે જ બે ત્રાજવાં સમતોલ થઈ ગયાં. બધી રાણીઓ વચ્ચે રુકિમણીએ ઉદારતાપૂર્વક જાહેર કર્યું: 'શ્રીકૃષ્ણને તુલસી સૌથી વધારે પ્રિય છે.'

વિવિધ રંગોથી ભરેલા કૃષ્ણના જીવનની સાથી રુકિમણી અને બીજી પટરાણીઓએ શ્રીકૃષ્ણના મૃત્યુ પછી ધ્યાનમગ્ન થઈને અગ્નિમાં પ્રવેશ કર્યો.

### ૨૧ શમ્બર અને તપની

શંબર અને તપનીના વિવાહિત જીવન પર ખાસ ધ્યાન ખેંચે એવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

### ૨૨ દુષ્યન્ત અને શકુંતલા

મહાકવિ કાલિદાસથી અમર થયેલી શકુંતલાની મૂળ કથા જે પદ્મપુરાણ અને મહાભારતમાં આપી છે તેનાથી તો દુષ્યન્તને તકવાદી તેમ જ નિર્દોષ સ્ત્રીના ભોળપણનો લાભ ઉઠાવનાર દુષ્ટ વ્યક્તિ તરીકેના આરોપમાથી મુક્ત કરી શકાય એમ નથી. કારણ કે રાજદરબારમાં ગર્ભવતી શકુંતલા જ્યારે એની સામે આવે છે ત્યારે એને ઓળખ્યા છતાં બીજી રાણીઓના સંદર્ભમાં રાજા શકુંતલાનો અસ્વીકાર કરે છે. આ જાતના આરોપથી એને મુક્ત કરવા માટે કાલિદાસે ધીરોદાત્ત નાયકને દુષ્યન્તના શાપની ઢાલ આપીને બચાવ્યો છે. છતાં આ ભોળી મુગ્ધા વનકન્યા રાજમહેલમાં પટરાણી થવાનાં સ્વપ્નાં સેવતી આવી ત્યારે—ભલે શાપને કારણે—એને જે રીતે અપમાનિત થવું પડયું ને એ સ્ત્રી હોવાથી સ્વભાવે જ કપટી હોઈ શકે એવું સિદ્ધ કરવાના દુષ્યન્તના તર્કોથી ઘા પર જે મીઠું છંટાયું ને સરવાળે શકુંતલાના સ્વમાનને જે ઠેસ પહોંચી તે અક્ષમ્ય છે. સીતાની માફક આ ઉદાહરણમાં પણ શકુંતલાની (સ્ત્રીની) રક્ષા મા મેનકાએ (સ્ત્રીએ) કરી. જન્મથી માંડીને બાળક સર્વદમન સાત વર્ષનો થયો તે કપરો કાળ શકુંતલાએ એકલતામાં, અનિશ્ચિતતામાં, ઉદાસીનતામાં વિતાવ્યો. જીવનનો સર્વોચ્ચ સમય વીતી ગયો ત્યાર પછી સ્મૃતિ જાગૃત થતાં દુષ્યન્ત શકુંતલાનું પુનર્મિલન થયું ને



સો સારાં વાનાં થયાં પણ શકુંતલાનાં આ વર્ષો જે ગયાં તે ગયાં જ, એને કોઈ પાછાં લાવી શકયું નહિ.

### ૨૩ નાભ અને મેરુદેવી

નાભ મહારાજા ભગીરથના પૌત્ર અને સિન્ધુદ્વીપના પિતા તરીકે વિખ્યાત છે. જ્યારે મેરુદેવી મહામેરુની નવ પુત્રીઓમાંની એક હતી જેમનો વિવાહ પ્રિયવ્રતના પુત્ર અગ્નિન્દ્રના નવ પુત્રો સાથે થયો હતો. મેરુદેવી તથા નાભના પરણીત જીવન વિષે કોઈ વધારે પ્રકાશ પડતો નથી.

### ૨૪ બલભદ્ર અને રેવતી

રાજા કકુદ્મિને એક સર્વગુણસંપન્ન પુત્રી હતી રેવતી. એને માટે યોગ્ય વર શોધવા કકુદ્મિ પોતાની પુત્રીને સાથે લઈ બ્રહ્મલોક ગયા. તે વખતે ત્યાં નૃત્ય-ગીત ચાલતાં હતાં તેથી કકુદ્મિને ત્યાં બે-એક ક્ષણ રોકાવું પડયું. ત્યારથા કકુદ્મિનું નિવેદન સાંભળીને બ્રહ્માએ કહ્યું કે તમે અહીં રહ્યા. તે દરમિયાનમાં પૃથ્વી પર તો સત્તાવીસ ચતુર્યુગ વીતી ગયા. હવે ત્યાં દ્વાપરયુગ ચાલે છે. ભગવાનના અંશાવતાર બલરામ દ્વારકામાં રહે છે. તેમની સાથે રેવતીનો વિવાહ કરો. રૈવતક પર્વત પર બલરામ–રેવતી સુખેથી રહેતાં હતાં. બલરામ મદ્યના શોખીન હતા ને એક વાર મદ્યપાનમાં ચૂર થઈને એમણે ભાન ગુમાવ્યું હતું ને જબરજસ્તીથી યમુનાને પોતાની પાસે હળ દ્વારા ખેંચી હતી. આજે પણ યમુનાનો વાંકો પ્રવાહ બલ-રામના હળ દ્વારા ખેંચવાને લીધે થયેલો મનાય છે.

### ૨૫ સામ્બ અને લક્ષણા

સામ્બ કૃષ્ણ અને જામ્બવતીનો પુત્ર હતો અને લક્ષણા દુર્યોધનની પુત્રી હતી. લક્ષણાના સ્વયંવરમાં ભરી સભામાંથી સામ્બ એને ઉઠાવીને લઈ ગયો હતો તેથી દુર્યોધન વગેરેએ એને કેદ કર્યો ત્યારપછી બલરામ જઈને એને છોડાવી લાવ્યા. સામ્બ અને લક્ષણાના વિવાહિત જીવન વિષે ખાસ માહિતી મળતી નથી.

### ૨૬ કૃષ્ણપુત્ર અને રુકિમસુતા

કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન રુકિમણીના ભાઈ રુકિમની પુત્રી રુકમવતી સાથે પરણ્યો હતો અને તેમને અનિરુદ્ધ નામનો પુત્ર થયો હતો. મામાની છોકરી સાથે લગ્ન કરવું વિહિત હતું એ આ સંબંધથી ફલિત થાય છે. પ્રદ્યુમ્ને રુકિમવતી સાથે લગ્ન કર્યું તે પહેલાં માયાવતી જે રતિનો પુનર્જન્મ હતો—પ્રદ્યુમ્ન કામદેવનો પુનર્જન્મ હતો—સાથે પરણ્યા હતા ને ત્યાર પછી વજ્રનાથ નામના અસુરની પુત્રી પ્રભાવતી જોડે પણ એમણે લગ્ન કર્યું હતું.

### ૨૭ લક્ષ્મણ અને ઊર્મિલા

રામની સાથે સીતાએ વનવાસ વેઠ્યો ને એ અમરતા પામી ગઈ પણ ભાઈની સેવામાં રહેવાની ઇચ્છા ધરાવતા લક્ષ્મણે મુગ્ધા ઊર્મિલાનો ચૌદ વર્ષ માટે ત્યાગ કર્યો ને આ નિર્દોષ ભોળી સ્ત્રીનું યૌવન જે ઘોર ઉદાસીનતામાં વીત્યું ને છતાં એ ખૂણામાં પડી રહી, ધારેધારે ભુલાઈ ગઈ. કર્તવ્યની આગળ પ્રેમને ગૌણ માનીને એક આદર્શ ભાઈનું ઉદાહરણ પૂરું પાડતા લક્ષ્મણે ઊર્મિલાને પાછળ એકલી રાખી એના જીવનની આકાંક્ષાઓની ઉપેક્ષા કરી. ઊર્મિલાનો વિષાદ એકલતાનો વિષાદ છે. એણે ચૌદ વર્ષ તપ-સ્વિનીની જેમ વિતાવ્યાં. 'જેવી લક્ષ્મણને ઊર્મિલા' એ આશીર્વાદ આપતી વખતે પુત્રી માટે ચૌદ વર્ષનો પતિથી વિરહ થાઓ એવા આશીર્વાદ અપાઈ રહ્યા છે. એ વાત ભૂલવા જેવી નથી.

### ૨૮ કુશ અને કુમુદ્વતી

કુમુદ નામના નાગે પોતાની નાની બહેન કુમુદ્વતીનો વિવાહ શ્રીરામના પુત્ર કુશ સાથે કર્યો હતો. એમના વિવાહિત જીવન અંગે કોઈ વિશેષ પ્રકાશ પડતો નથી.

ઉપર જોયું તે પ્રમાણે એમાંની ઘણીખરી સ્ત્રીઓ પતિનો અનન્ય પ્રેમ પામી નથી એટલું જ નહિ કેટલીક તો પતિ દ્વારા સુરક્ષા પામવાને બદલે પતિના ક્રોધનો

જ ભોગ બની છે. ઘણી સ્ત્રીઓએ પતિ સાથેના જીવનમાં અનેક પ્રકારનાં શારીરિક કષ્ટો અને માન-હાનિનો અનુભવ કર્યો છે. સ્ત્રીને માટે જાણે ત્યાગ આપવો એ જ એના જીવનનું પરમ કર્તવ્ય હોય અને એમાં જ એનું શ્રેય હોય એવી સમાજની સમજ હતી. પતિના ઉત્કર્ષમાં પોતાની ધન્યતા અનુભવતી સ્ત્રી એને થતા અન્યાય પ્રતિ પતિની ઉદાસીનતા હોવા છતાં કેવી રીતે એને રક્ષક તરીકેનો હોદ્દો આપી શકતી એ સમજાતું નથી. વિવાહવિધિ દ્વારા ખરેખર તો બે આત્માના મિલનનું તાત્પર્ય છે પણ ધર્મશાસ્ત્રો પ્રમાણે તો એ નદી જેમ સાગરમાં ભળે તેમ સ્ત્રી પુરુષમાં સમાઈ જાય એવું જ મનાવે છે. આથી એવું સિદ્ધ થાય છે કે સ્ત્રીને સ્વતંત્ર રહેવાની છૂટ નથી એટલું જ નહિ પણ સ્ત્રીને પોતાનું આગવું કોઈ સ્વતંત્ર વ્યક્તિત્વ હોય એ જ ઇચ્છનીય નહોતું પણ ઉપર ગણાવેલાં યુગલોના જીવનથી જણાય છે કે વિકટ સંજોગોમાં સ્ત્રીની રક્ષા સ્ત્રીએ પોતે જ કરી છે, પુરુષે નહિ.



# સ્ત્રીઓ, અંધશ્રદ્ધા અને વહેમો

અંજલિ ધવલ મહેતા

## સ્ત્રીની સામાજિક ભૂમિકા અને વહેમો

અન્ય દેશોની જેમ ભારતમાં સ્ત્રીઓ અસમાનતાનો ભોગ બની છે. વ્યક્તિગત વિકાસ સાધવા માટે પુરુષો જેટલી તક સ્ત્રીઓને આપણા સમાજમાં મળતી નથી. આનું કારણ એ છે કે અવિકસિત દેશોમાં અને ખાસ કરીને ભારતમાં સ્ત્રીઓની માતા તથા પત્ની તરીકેની ભૂમિકાને જ મુખ્ય ગણવામાં આવી છે. ખૂબ સંતાનો હોવાં–અને તેમાંય ખાસ કરીને પુરુષ સંતાનો હોવા–તે સ્ત્રીની અંતિમ સિદ્ધિ ગણાય છે. સ્ત્રીનું મુખ્ય કામ બાળકોને જન્મ આપવાનું છે, તેમનો ઉછેર કરવાનું છે, ઘરની સંભાળ રાખવાનું છે, કુટુંબીજનોની સુખ સગવડ સાચવવાનું છે, તેમને સારું સારું બનાવી જમાડવાનું છે એવી માન્યતા હોવાથી સ્ત્રીઓના મોટા ભાગના વહેમો બાળકોના જન્મ, પ્રસૂતિ, શારીરિક ફળદ્રુપતા, પતિ તથા બાળકોનું આયુષ્ય, ખોરાક, માસિક અટકાવ, માંદગી વગેરે સાથે સંકળાયેલા છે. અહીં પૃથક્કરણની સરળતા માટે આપણે ચર્ચાના બે ભાગ પાડવા જોઈએ. સ્ત્રીઓ વિષેની સામાજિક માન્યતા તથા વહેમો એ એક ભાગ અને સ્ત્રીઓમાં પોતાનામાં પડેલા વહેમો અને અંધશ્રદ્ધાના સંસ્કારો એ બીજો ભાગ થયો. આ બન્ને ભાગોમાં એક સામ્ય છે અને તે એ કે આ વહેમો અને અંધશ્રદ્ધા સામાજી-કરણની પ્રક્રિયારૂપે દરેક વ્યક્તિમાં આકાર લે છે; આ વહેમો સમાજે ઊભા કરેલા છે હજારો વર્ષ પહેલાં.

## સ્ત્રીઓ વિષેના ખોટા ખ્યાલો અને અંધશ્રદ્ધા

વેરીઅર એલ્વીન નામના પ્રસિદ્ધ નૃવંશશાસ્ત્રીએ ભારતના ઉત્તરપૂર્વીય આદિવાસી સમાજ વિષે લખ્યું છે કે એક જ દિવસના ગાળા દરમિયાન સ્ત્રી જુદા જુદા સ્વરૂપે દેખાય છે. સવારના પહોરમાં તે માથે ખાલી ઘડો લઈ દેખાય તો તે અપશુકનિયાળ ગણાય છે. કોઈ મુસાફરીએ જતું હોય તો આ સ્ત્રીને જોઈને પાછું વળી જાય. તેવે વખતે આ સ્ત્રી 'ખપ્પરધારી' તરીકે ઓળખાય. થોડી ક્ષણો બાદ તે પાણીનો ઘડો પાછો લઈને આવે તો તે પાછી શુકનિયાળ થઈ જાય. (માનસશાસ્ત્રી તરીકે હું અહીં કહી શકું કે ઘડો અહીં ગર્ભનું પ્રતીક છે. ખાલી ઘડો એટલે સંતાનવિહીન-તાનું પ્રતીક અને ભરેલો ઘડો એટલે ગર્ભવતી સ્ત્રીનું પ્રતીક) ભરેલા ઘડાવાળી સ્ત્રી 'માતા કલશાહીન' તરીકે પૂજાય. તે ઘરમાં આવી ઘર સાફ કરે એટલે ગામમાંથી કોલેરા દૂર કરનારી 'બાહીરી બટોરણ' ગણાય અને ઘરની બહાર તે આંગણું વાળે ઝૂડે એટલે પાછી 'અંત્યજ' થઈ જાય અને અપશુકનિયાળ ગણાય. થોડીવાર પછી ગાયને દોહાવા બેસે તો 'માતા લક્ષ્મી' ગણાય અને જ્યારે ઘરનાંને ખાવાનું પીરસી જમાડે ત્યારે 'માતા અજાકુંવરી' ગણાય. છોકરાને જમાડી પંખો નાંખી સુવાડે ત્યારે 'માતા અંબરમોતી' ગણાય. આદિવાસીઓ સિવાય કેટલીક સવર્ણ જ્ઞાતિઓમાં પણ આવી માન્યતાઓ પ્રવર્તે છે. શુકન–અપશુકન પુરુષની ભૂમિકા સાથે નહિ પણ સ્ત્રીની ભૂમિકા સાથે સંકળાયેલાં છે તેમાં સ્ત્રીની પુરુષ પરની પરાધીનતા જવાબદાર છે. ઘરની બહાર નીકળતાં વિધવા સ્ત્રીની જેમ અસ્પૃશ્ય દેખાય તો તેને અશુભ માનવામાં આવે છે કારણ કે અસ્પૃશ્ય હિંદુ જ્ઞાતિપ્રથામાં નીચો ગણાય છે. વિધવા સ્ત્રી કે અંત્યજ અપશુકનિયાળ ગણાય પણ વિધુર પુરુષ કે સંતાનહીન પુરુષ અપશુકનિયાળ

ગણાતો નથી એનું કારણ સ્પષ્ટ છે : પુરુષનું આધિપત્ય.

વળી સ્ત્રી પરણીને સાસરે જાય તો તે સારા પગલાંની ગણાય પણ જો તેના લગ્ન બાદ તે સાસરે આવે અને કોઈ માંદું પડે, સગાનું મરણ થાય, ધંધામાં ખોટ જાય, ભેંસ દૂધ આપતી બંધ થઈ જાય તો તે બધાનો અપયશ સ્ત્રીઓને મળે છે અને તે અશુભ પગલાંની ગણાય છે. સ્ત્રીઓને માથે આ સમાજે શુભ-અશુભની મોટી જવાબદારી નાંખી છે. આમાં કાર્યકારણનો સંબંધ બાજુ પર મૂકી દેવામાં આવ્યો છે. માત્ર વહેમને આધારે પરણેલી સ્ત્રીનું મૂલ્યાંકન થાય છે. આ તે કેવો સમાજ કહેવાય કે જેમાં સ્ત્રીના કોઈપણ કર્તૃત્વ વિના તેના અંકુશની બહાર બનતા અણગમતા બનાવો માટે તેને જવાબદાર ગણાવે.

સ્ત્રીઓ વિષેની એક અન્ય માન્યતાએ તેને ખૂબ જ મોટો અન્યાય કર્યો છે. આ માન્યતા સ્ત્રીઓ દુષ્ટ છે, અને જાતીય રીતે પુરુષોને લલચાવે છે તે અંગની છે. રામાયણમાં અરણ્યકાંડમાં લખ્યું છે કે સ્ત્રી હૃદયથી કોઈને ચાહતી નથી; પોતાનો હેતુ સિદ્ધ કરવામાં તે પતિ, બાળકોની અને ભાઈઓની હત્યા કરવામાં પણ કચવાતી નથી. દેવી ભાગવતમાં લખ્યું છે કે સ્ત્રીઓ પુરુષોનું લોહી ચૂસી લે છે અને દેહસંભોગ દ્વારા પુરુષના પુરુષત્વ, મન, સમૃદ્ધિ, માલ મિલકત વગેરેને હરી લે છે; આથી સ્ત્રીઓથી વધારે લુંટારુ કોઈ નથી. કેથોલિક ધર્મમાં પણ સ્ત્રીઓને 'પાપની ખાણ' ગણવામાં આવે છે. સ્ત્રીઓની જાતીયતા વિષે પુરુષને ઘણો ડર રહે છે અને સ્ત્રીઓની જાતીય વૃત્તિ કદાપિ સંતોષી શકાતી નથી તેવો વહેમ પુરુષોમાં પ્રચલિત છે. દેવી ભાગવતમાં લખ્યું છે કે સ્ત્રીઓ કોઈની મિત્ર કે શત્રુ નથી. તે દરેક નવા પુરુષને ઝંખે છે. આ માટે તે બહારથી ચારિત્ર્યવાન હોવાનો ડોળ કરે છે. મહાભારતમાં લખ્યું છે કે સો જીભવાળો પુરુષ પણ સ્ત્રીની ક્ષતિઓ અને દુર્ગુણોનું વર્ણન કરી શકે નહિ. કેથોલિક ધર્મમાં સ્ત્રીઓને પાપની કે નરકની ખાણ ગણવામાં આવે છે તેથી અને સ્ત્રીઓની જાતીયતા અખૂટ હોય છે તેવી માન્યતાઓને લીધે સ્ત્રીઓ ડાકણ છે અને અન્યને ભરખી જાય છે તેવી અંધશ્રદ્ધા ઊભી થઈ. આને આધારે મધ્યયુગમાં ખ્રિસ્તી ધર્મપ્રધાન દેશોમાં હજારો સ્ત્રીઓને ડાકણ માની ક્રૂર રીતે મારી નાંખવામાં આવી. આપણે ત્યાં આદિવાસીઓમાં કોઈ માંદું પડે. કુટુંબીજનનું અવસાન થાય કે ઢોર મરી જાય તો તે ગામની ડાકણને લીધે થયું છે તેમ માની ડાકણ મનાતી સ્ત્રીને મારી નાંખવામાં આવે છે. ખ્રિસ્તી દેશોમાંથી ડાકણની માન્યતા ગઈ પણ આપણા દેશના આદિવાસી સમાજે તથા નીચલી જ્ઞાતિઓ હજી અંધકાર યુગમાં જીવે છે ત્યાંથી ડાકણની માન્યતા ગઈ નથી અને દર થોડા દિવસે અમુક આદિવાસી કે પછાત વિસ્તારમાં સ્ત્રીને ડાકણ માની મારી નંખાઈ તેવા સમાચાર વારંવાર વાંચવા મળે છે. આમાં કોઈ પુરુષને ભૂત માનીને મારી નાંખવામાં આવતો નથી. પણ સ્ત્રીને ડાકણ માની મારી નાંખવામાં આવે છે તે સ્ત્રીના સમાજમા ગૌણસ્થાનની સૂચક છે. વળી સ્ત્રીઓ જાતીય લાલચને ખૂબ ઝડપથી વશ થઈ જાય છે અને તેના મનમાં જાતીયતા સિવાય કોઈ વિચાર હોતા નથી એવી માન્યતાને લીધે પડદાની પ્રથા અસ્તિત્વમાં આવી. પહેલા તે મુસ્લિમોમા દાખલ થઈ અને ભારત પર જ્યારે મુસ્લિમોએ રાજ્ય કર્યું ત્યારે આપણા રાજપૂતો અને ઉચ્ચ વર્ગોમાં પડદાપ્રથા દાખલ થઈ ગઈ. પતિના મૃત્યુ બાદ સ્ત્રીઓ જાતીયતાને વશ થઈ ભ્રષ્ટ જીવન જીવશે એવા ખ્યાલથી સતી પ્રથા પણ ભારતમાં ઊભી થઈ.

વળી દુનિયાના કોઈપણ અન્ય સમાજમાં સવર્ણ હિંદુ વિધવા પર જે બંધનો લાદવામાં આવે છે તેવાં બંધનો લદાતાં નથી. વિધવા સ્ત્રી અપશુકનિયાળ છે, સ્ત્રીને તેની જાતીયતા પર કાબૂ હોતા નથી, પુરુષ સમાગમની લાલચને તે તરત વશ થઈ જશે એવી ખોટી માન્યતાઓ પાછળ વિધવાનું સમાજજીવન આપણા ક્રૂર સમાજે ઘડયું છે. આપણો સવર્ણ સમાજ વિધવાને લગ્ન કરવા દેતો નથી. ખરેખર સ્ત્રી સ્વાતંત્ર્યમાં માનતી આપણી નીચલી ગણાતી જ્ઞાતિઓએ 'નાતરિયા નાત' ગણી ઉપલો વર્ગ નાકનું ટીચકું ચઢાવે છે! આપણા સવર્ણ સમાજે વિધવાનું જીવન ઝેર જેવું બનાવી મૂક્યું છે. વિધવા સ્ત્રીથી કપાળમાં ચાંલ્લો ના થાય. તેણે સારાં કપડાં કે ઘરેણાં નહિ પહેરવાનાં, સારો ખોરાક નહિ લેવાનો, દિવસમાં એક જ વાર જમવાનું, જિંદગીની મોજમઝા તદ્દન ત્યાગવાની—ટૂંકમાં ગુલામીનું જીવન જીવવાનું. સ્ત્રી વિધવા થાય તો ઉપર વર્ણવ્યા મુજબ તેના પર બંધનો અને પુરુષ વિધુર થાય તો જીવનની સર્વ મોજમઝા તે માણી શકે આ ક્યાંનો ન્યાય? આવાં બેવડાં ધોરણો આપણા સમાજે હજારો વર્ષોથી ઘડયાં છે અને અમલમાં મૂક્યાં છે.

સ્ત્રીના માસિક વખતે હિંદુ શાસ્ત્રકારોએ સ્ત્રીને લાચાર કરી મૂકતાં તેના પર લાદેલાં બંધનો જોઈ કમકમાં આવી જાય છે. આ બંધનોનો આધાર ખોટો વહેમ છે. આ ખોટો વહેમ તે એ કે માસિક દરમિયાન સ્ત્રી અપવિત્ર કે અશુદ્ધ હોય છે.

સ્ત્રીને માસિક આવે તે દરમિયાન તેને અસ્પૃશ્ય ગણવામાં આવે છે આપણા શાસ્ત્રકારો કહે છે કે માસિકને પહેલે દિવસે તે સ્ત્રીને અંત્યજ ગણવી (આમાં અંત્યજોને પણ કેટલો મોટો અન્યાય છે?) બીજે દિવસે તેણે બ્રાહ્મણની હત્યા કરી હોય એટલી અપવિત્ર માનવી અને ત્રીજે દિવસે તને આ બંને વચ્ચેની સ્થિતિમાં ગણવી. ચોથે દિવસે તેણે આ અંગેની નીચે સૂચવેલી વિધિમાં ફરી પવિત્ર થવું. ત્યાં સુધી તેણે સ્નાન ના કરવું, શરીરનો કોઈ ભાગ પાણીથી શુદ્ધ ના કરવો, પાલખીમાં. બળદગાડામાં. હાથીપર કે ઘોડાપર ના બેસવું, માથામાં તેલ ના નાખવું, ચોકડીની, પાસાની કે અન્ય કોઈ રમતો ના રમવી, દાતણ ના કરવું, કોગળા ના કરવા, રાંધવું નહિ, પતિના સંગના વિચારમાત્રને પાપ ગણવો. દેવતાઓની કે સૂર્યની પૂજાનો વિચાર ના કરવો, માસિક સ્રાવવાળી અન્ય સ્ત્રીઓ એક બીજા સાથે જૂથમાં હોય તો તેઓએ પણ એક બીજાને અડકવું નહિ, પોતાનાં બાળકો પાસે ના જવુ, તેમનો સ્પર્શ ના કરવો, તેમને રમાડવાં નહિ. આ પ્રમાણે માસિકના પ્રથમ ત્રણ દિવસના વર્તન પછી તેણે પહેરેલાં સર્વ કપડાં ધોબીને ધોવા આપી દેવા ત્યારબાદ નવાં કપડાં પહેરી નદીએ સ્નાન કરવા જવું. નદીએ જતાં તેણે માથું નીચું ઢાળીને જવું, કોઈની સામે જોવું નહિ કારણ કે જેના પર તેની નજર પડે તે અપવિત્ર થઈ જશે. નદીએ એણે ખાલી ઘડો લઈ જવો અને સૌથી પહેલાં ઘડામાં નદીનું પાણી ભરી તેણે હાથપગ ધોવા, મોં બાર કોગળા કરી સાફ કરવું, ત્યારબાદ તેણે નદીના જળમાં બાર વખત ડૂબકી મારવી. ડૂબકી મારીને પાણીની ઉપર આવીને દરેક વાર સૂર્યની સામે જ જોવું, ત્યારબાદ તેણે નદીને કાંઠે આવીને ગાયનું છાણ, તુલસી અને માટી ભેગા કરી શરીરે ચોળવાં. તે બાદ તેણે પાણીમાં ચોવીસવાર ડૂબકી મારવી. પાણીમાંથી નીકળીને તેણે પોતાના શરીરે કેસર ચોળવું અને ફરી ત્રણવાર ડૂબકી મારવી. ત્યાર પછી ફરીવાર સાફ વસ્ત્રો પરિધાન કરી, કપાળે કુમકુમનો ચાંલ્લો કરી ઘરે જવું. ઘેર જઈને એની દૃષ્ટિ બાળકો પર ના પડવી જોઈએ નહિ તો ભય ઊભો થશે. ત્યારબાદ પુરોહિતને બોલાવવો. આ પુરોહિત દર્ભ ઘાસની બત્રીસ દુર્વાઓ લઈને તે સ્ત્રીને પંચગવ્યનું પાન કરાવીને તેને પવિત્ર કરશે. સ્ત્રીના જીવનની નાનામાં નાની વિગતો પર અંકુશ મૂકનાર આ બ્રાહ્મણો પોતાની જાતને શું સમજી બેઠા છે એવી લાગણી આપણને થાય તે સ્વાભાવિક છે.

દુનિયાના અન્ય કોઈ દેશમાં રજસ્વલા સ્ત્રીઓને માથે આવાં બંધનો નથી. ભારત સિવાય અન્ય કોઈ દેશ રજસ્વલા સ્ત્રીને રોગી કે અસ્પૃશ્ય માનતા નથી. આ અંધશ્રદ્ધાને લીધે હિંદુ સ્ત્રીઓનું 'સેલ્ફ ઈમેજ' (આત્મ કલ્પન) ઘણું નીચું થઈ ગયું છે. રજસ્વલા થઈને તેણે સમાજનો મોટો અપરાધ કર્યો હોય તેવું તેને સમાજ બળજબરીપૂર્વક મનાવે છે અને તેને રોજિંદી પ્રવૃત્તિઓ કરતાં રોકે છે. આ વહેમ પાછળ રજસ્વલા સ્ત્રીને આરામ આપવાનો હેતુ છે તે નર્યું જૂઠાણું છે. આનો મૂળ હેતુ પુરોહિતો દર મહિને દરેકના ઘરમાં ઘૂસીને પોતાના આર્થિક લાભ સિદ્ધ

કરે તે છે. મુખ્ય મુદ્દો એ છે કે આ બંધિયાર હિંદુ સમાજ હજારો વર્ષોથી આભડછેટના વિચારોથી (સ્ત્રીને આરામ આપવાના વિચારથી નહિ) પીડાય છે. રજસ્વલા સ્ત્રીને જો આરામ જ આપવો હતો તો તેના શુદ્ધિકરણની વિધિ ક્યાંથી ટપકી પડી? આભડછેટ અને અસ્પૃશ્યતા સ્ત્રી સિવાયના પણ અનેક ક્ષેત્રોમાં વ્યાપક છે. દાખલા તરીકે આજથી એંસી કે સો વર્ષ પહેલાં કોઈ પરદેશ ફરી પાછો આવે તો તેણે પરદેશમાં આભડછેટ આચર્યું હશે એમ માની તેની શુદ્ધિ (પ્રાયશ્ચિત્ત) કરવામાં આવતી. વળી રસોઈ કરતાં પહેલાં સ્ત્રીએ સ્નાન કરવું જ પડે તેની પાછળ ચોખ્ખાઈનો નહિ પણ આભડછેટનો ખ્યાલ છે. સારું છે કે શહેરના ઉચ્ચ કે મધ્યમ વર્ગમાંથી રજસ્વલા સ્ત્રીની આભડછેટની પ્રથા દૂર થઈ છે. આપણા ગામડામાંની ખેતમજૂર સ્ત્રીઓને તો આ પ્રથા પોષાય જ નહિ એટલે તેઓએ રજસ્વલા સ્ત્રીને લગતાં બંધનો બારીબહાર ફગાવી દીધાં છે તે અભિનંદનને પાત્ર છે.

જો પતિ, સાસુ, મા કે ઘરના વડીલો સ્ત્રીના માસિક વખતે તેને અસ્પૃશ્ય માને કે ગણે તેના પર ઉપર વર્ણવેલા બંધનો નાંખે તો રૂઢિચુસ્તોની સામે કાયદેસર પગલાં લઈ શકાય તેવો કાયદો ના ઘડી શકાય? અથવા અત્યારનો અસ્પૃશ્યતા નિવારણનો કાયદો ઉપયોગી ના થઈ શકે?

પણ આનો અર્થ એવો ના કરવો કે રજસ્વલા સ્ત્રીને આરામની જરૂર નથી. હા, એ જરૂર આરામ કરશે પણ તે ક્યારે, કેટલો, કયે સમયે આરામ કરશે તે સમાજના પુરોહિતો કે વડીલો નક્કી ના કરે. આ તે સ્ત્રીએ પોતે જ નક્કી કરવાનું છે, તેમાં કોઈની દખલ ના ચલાવી લેવાય. વળી આ સમય દરમિયાન તે અસ્પૃશ્ય છે તે માન્યતા તો ધરમૂળથી જ દૂર કરવી પડશે. આપણે ઉપર નોંધ્યું તેમ સ્ત્રીની શારીરિક લાક્ષણિકતાનો લાભ લઈને બ્રાહ્મણોએ તેના ઘરે દરેક મહિને ઘૂસી જઈને ધનપ્રાપ્તિની આ એક ચતુર યોજના કરી છે. રજસ્વલા સ્ત્રી અશક્ત છે કે રોગી છે તે જુઠાણું છે. રજસ્વલા સ્ત્રીઓ જબરજસ્ત શારીરિક તાકાત બતાવી ઓલમ્પીક રમતોમાં સુવર્ણ ચંદ્રકો જીતે છે.

આમ છતાં હજી આપણા નીચલા મધ્યમવર્ગમાં રજસ્વલા સ્ત્રી પરનાં બંધનો દૂર થયાં નથી. આ બંધનો કૃત્રિમ છે તથા અંધશ્રદ્ધા પર આધારિત છે. આભડછેટ ના પાળવાથી તે સ્ત્રી ઉપર કે તેના કુટુંબ પર ભય આવી પડશે તેવી વાતો બ્રાહ્મણોનો 'બ્લેકમેઇલ' છે તે વાત જેટલી સમજાશે તેટલી સ્ત્રીઓની આ પરત્વેની બંધનમુક્તિ વહેલી થશે.

પ્રસૂતા સ્ત્રીઓ પણ અશુદ્ધ છે તેવી માન્યતા હિંદુ સમાજમાં પ્રચલિત છે. પ્રસૂતિ દરમિયાન શુકન-અપશુકન, નજર લાગવી, આભડછેટ વગેરેના ખ્યાલો જોર પકડે છે. હિંદુ ધર્મના શાસ્ત્રકારોએ એક તરકટપૂર્ણ યુક્તિ કરી છે. જે સમાજમાં નીચા ગણાતા હોય તેમને અસ્વચ્છ કે અપવિત્ર ગણી તેમના પર એટલી બધી મર્યાદાઓ મૂકો કે તેમની આત્મસન્માનની ભાવના ખલાસ થઈ જાય અને જેથી તેમના પર જોહુકમી થઈ શકે. પ્રસૂતિ દરમિયાન સ્ત્રી પરનાં બંધનો આ હેતુથી જ ઘડાયાં છે, સ્ત્રીના કલ્યાણની ભાવનાથી નહિ.

પ્રસૂતિ દરમિયાન સ્ત્રીને દુષ્ટ અસરો ના લાગે તે માટે પ્રસૂતાના ઓરડામાં પાણી ભરેલું રાખવામાં આવે છે. આની પાછળ એવી માન્યતા છે કે દુષ્ટાત્માઓ કે ડાકણો પાણી આગળ આવતી નથી. કેટલીકવાર પ્રસૂતા સ્ત્રીની આગળ શસ્ત્રો રાખવામાં આવતાં કારણ કે શસ્ત્રો આગળ પણ દુષ્ટાત્માઓ લાચાર થઈ જાય છે. પ્રસૂતાને બિલાડીનું સ્વપ્નું આવે કે તે બિલાડી જુએ તો તે અપશુકન માનવામાં આવે છે. એક વાર પ્રસૂતિ થઈ જાય પછી પ્રસૂતા અને બાળક તેર દિવસ પછી જ ઓરડામાંથી બહાર નીકળી શકે છે. પ્રસૂતા સ્ત્રી બાળકને જન્મ આપ્યા પછી માત્ર પહેલે, પાંચમે, છઠ્ઠે, સાતમે, અગિયારમે અને બાવીસમે દિવસે સ્નાન કરી શકે છે. વળી પ્રસૂતા સ્ત્રી અશુદ્ધ ગણાતી હોવાથી તેનું ખાવાનું પણ છેટેથી આપવું પડે છે. વળી છઠ્ઠીને દિવસે



બાળકના લેખ લખવા વિધાતા આવે છે એટલે તે દિવસે વિધાતામાતાની પૂજા કરવાનો રિવાજ બંગાળમાં છે. ભારતમાં હિંદુઓ ઉપરાંત મુસ્લિમ સમાજમાં પણ પ્રસૂતા સ્ત્રીઓને લગતી અંધશ્રદ્ધાઓ પ્રચલિત છે. મુસ્લિમ સમાજમાં પ્રસૂતા સ્ત્રીઓને અશુદ્ધ કે અસ્પૃશ્ય ગણવામાં આવતી નથી પરંતુ ગર્ભધારણ કરેલી મુસ્લિમ સ્ત્રીને નવાં કપડાં કે ઘરેણાં પહેરવા દેવામાં આવતાં નથી. જો તેમ ના થાય તો આવી સ્ત્રીથી 'જીન' આકર્ષાય અને તે બાળકને અને સ્ત્રીને નુકસાન કરે. વળી આ સમય દરમિયાન એને નાળિયેરનો કે જમીન નીચે થતા કંદમૂળનો સ્પર્શ કરવાની મનાઈ છે. નાળિયેરનું કોપરું પણ નાળિયેરનું કોચલું તોડી બહાર કાઢવું પડે છે તેથી જેને 'થિંકિંગ બાય એનેલોજી' કહે છે તે આધારે નાળિયેર પણ મુસ્લિમ પ્રસૂતા સ્ત્રીઓ માટે વર્જ્ય છે.

હિંદુ સમાજમાં યજ્ઞનો વિચાર હજારો વર્ષો જૂનો છે. યજ્ઞ એટલે ઈશ્વરને બલિદાન આપવાનો વિધિ. જે કાંઈ આપણે ભોગવતા હોઈએ તે પ્રથમ ઈશ્વરને ચરણે ધરવું એવી પ્રચલિત માન્યતાને લીધે દક્ષિણ ભારતમાં દેવદાસીની પ્રથા દાખલ થઈ. આ ક્રૂર અંધશ્રદ્ધાને લીધે હજારો સ્ત્રીઓને તેમની બાલ્યાવસ્થાથી જ મંદિરને ચરણે અર્પણ કરવામાં આવી. ખરેખર આ દેવદાસી પ્રથા મંદિરના પૂજારીઓ, ભક્તો અને બ્રાહ્મણોને જાતીય સુખ પૂરું પાડવાની જ કરામત હતી પણ આ પ્રથા પાછળ યજ્ઞ-બલિદાન-પ્રભુને ચરણે પ્રસાદ વગેરે અંધશ્રદ્ધાઓ છે તે ના ભૂલવું જોઈએ.

## સ્ત્રીઓના વહેમો

આપણા દેશમાં હજી ધર્મ અને વિજ્ઞાન યુરોપની જેમ સામસામા ટકરાયા નથી તેમ જ અહીં રેનેઝાં કે રેફર્મેશન થયા નથી. વળી વહેમો અને અંધશ્રદ્ધા વિષેનો 'લોકસ ઓફ કંટ્રોલ' (અંકુશનાં સ્થાન) સિદ્ધાંત એમ સૂચવે છે કે કુદરતમાં, જીવનમાં કે સમાજમાં બનતા બનાવો પર તમારો અંકુશ જેમ ઓછો તેમ તમારામાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વધારે. દા. ત. પશ્ચિમના સમાજમાં પૂર્વના સમાજો કરતાં અંધશ્રદ્ધાનું પ્રમાણ ઓછું છે, કારણ કે ત્યાં વૈજ્ઞાનિક ક્રાંતિને લીધે કુદરતની અને સમાજજીવનની ઘણી બધી અનિશ્ચિતતાઓ દૂર કરી શકાઈ છે. જ્યારે આપણા સમાજમાં હજી ઘણી અનિશ્ચિતતાઓ છે. તેવી જ રીતે આપણા આદિવાસી સમાજ કે પછાત વર્ગ પાસે સામાજિક કે રાજકીય સત્તા ઘણી જ ઓછી છે તેથી તેઓ સમાજ અને કુદરતને લગતી અનેક અનિશ્ચિતતાઓથી પીડાય છે. આથી તેઓમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ સમાજના શ્રીમંતવર્ગ કરતાં કાંઈક વધુ છે. આપણો દેશ પુરુષના આધિપત્યવાળો હોઈ સ્ત્રીઓ જીવનમાં અનેક અનિશ્ચિતતાઓ અને નિરાધારતા અનુભવે છે તેથી તેઓમાં પુરુષની સરખામણીમાં વધુ અંધશ્રદ્ધા જોવા મળે છે. વળી બાળજન્મ, બાળઉછેર, પોતાનું અને અન્ય કુટુંબીજનનું આયુષ્ય વગેરે અનિશ્ચિતતાઓથી ભરપૂર છે અને સ્ત્રીઓએ આ બાબતની કાળજી રાખવી એવું સમાજે નક્કી કર્યું હોવાથી આપણી સ્ત્રીઓમાં ઘણી અંધશ્રદ્ધાઓ જોવા મળે છે. તેમાંથી નીચેની થોડીક જોઈએ.

બાળકને નજર ના લાગી જાય તે અંગે ઘણા વહેમો આપણા સ્ત્રીવર્ગમાં પ્રચલિત છે. દા. ત. બાળકને નવડાવી, ધોવડાવીને તૈયાર કર્યા બાદ તેને મેશનું ટપકું કરવામાં આવે છે. આ ઉપરાંત નજર ન લાગે તે કારણસર બાળકને જાણી જોઈને ફાટલાં-તૂટલાં કપડાં પહેરાવવામાં આવે છે અને કોઈ ભૂતપ્રેતની તેના પર દુષ્ટ નજર ના પડે માટે તેનું નામ પણ હીનતાસૂચક રાખવામાં આવે છે. વળી આપણા ગણાય તે બધા સ્ત્રીઓના વહેમો જ છે. જમતાં પહેલાં ગાયને માટે અમુક ભાગ વહેલો કાઢી લે છે, તેની પાછળ આપણી ગોપૂજા કારણભૂત છે. આપણા દેશમાં સૌથી વધારે વહેમ જન્મકુંડળી અને જ્યોતિષને લગતા છે. છોકરાછોકરીના ગ્રહ મળે નહિ અને તેઓ લગ્ન કરે તો તે લગ્ન સફળ ન થાય. આ જોરદાર માન્યતા અંધશ્રદ્ધામાંથી ઉત્પન્ન થઈ છે પણ તે આપણા પુરુષ અને સ્ત્રી સમાજને સરખી રીતે લાગુ પડતી હોવાથી તેનો માત્ર અહીં ઉલ્લેખ જ કર્યો છે.

આવું જ મૃત્યુ પછી જીવન છે તે માન્યતા પર આધારિત શ્રાદ્ધ સમચરીને લગતી વિધિઓ છે, પુરુષો અને સ્ત્રીઓ બન્ને આનો ભોગ બન્યા છે. આ અંધશ્રદ્ધાળુ વિધિઓમાં સ્ત્રીઓએ જ રસોડામાં બધો વખત રહી ભાતભાતનું રાંધવું પડે છે એટલે બધામાં શારીરિક બોજો તો સ્ત્રીઓ પર જ પડે છે અને તેણે અન્ય કુટુંબીજનો કરતાં વધુ સહન કરવું પડે છે.

### ઉપસંહાર

આપણા સમાજમાં સ્ત્રીઓ વિષે એક અંધશ્રદ્ધાળુ માન્યતા પ્રચલિત છે અને સ્ત્રીઓ પોતે પણ અંધશ્રદ્ધાળુ જીવન જીવે છે, તે આપણે જોયું. આ બધાને લીધે સ્ત્રીઓનું વ્યક્તિત્વ વિકસતું નથી. તે નાનપણથી જ રૂંધાઈ જાય છે. ગામડાંની કરોડો સ્ત્રીઓ ઘરકામ ઉપરાંત ખેતીને લગતાં અનેક કામો કરે છે પરંતુ તે છતાં તેમને તેમના જીવનમાં વિકાસની તકો નહિવત્ છે એટલે સ્ત્રીઓ કમાતી નથી એટલે પછાત છે તેવી દલીલ પણ વ્યાજબી નથી. સ્ત્રીઓ પુરુષની સમકક્ષ બને તે માટેનો એક માત્ર ઉપાય હું સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણમાં જોઉં છું. જો ભારતમાં જન્મતી એકે એક સ્ત્રીને (ઉચ્ચશિક્ષણની ફી માફ એ અર્થમાં નહિ) ઉચ્ચ શિક્ષણની સમાન તક પ્રાપ્ત થાય તો સ્ત્રીઓની અંધશ્રદ્ધા ઓછી થાય. સ્ત્રીના શિક્ષણની આડે આજે અનેક સામાજિક બંધનો છે. પહેલું બંધન તે આપણી માન્યતા કે સ્ત્રીને ભણવાની જરૂર નથી. એણે કયાં ઓફિસમાં ખુરશી પર બેસીને સાહેબ થવાનું છે! સારું છે કે આ માન્યતા ભારતનાં શહેરોમાં રહેતા મધ્યમવર્ગમાંથી નાબૂદ થઈ છે. હજી આ દેશની માતાઓ બાળકની અનેક બાધાઓ રાખે છે. એના વાળ ઉતરાવવા માટેનો વિધિ પણ ખાસો લાંબો છે. અને વળી અમુક તીર્થસ્થાને જઈને કરવામાં આવે છે. સંતાન માંદું પડયું હોય તો સાજું કરવા સ્ત્રીઓ દોરા, ધાગા, માદળિયા વગેરે અંધશ્રદ્ધાજન્ય ઉપાયો અજમાવે છે. યોગ્ય પ્રકારની સારવારને અભાવે ભુવાઓના ઉપચારોને લીધે ભારતમાં અસંખ્ય વ્યક્તિઓનાં મૃત્યુ થાય છે. માંદગી હોય તો શરીરને ડામ દેવાની દુષ્ટ પ્રથા સૌરાષ્ટ્રની રબારી કોમમાં છે તેથી અનેક દર્દીઓ મૃત્યુ પામે છે. આપણા દેશની સ્ત્રીઓ આમ પણ પૌષ્ટિક ખોરાક પામતી નથી. આમાં કાંઈક ઓછું હોય તેમ પાછી પતિનું આયુષ્ય વધે તે માટે તથા અન્ય ધાર્મિક કારણોસર સ્ત્રીઓ અનેક વ્રતો કરે છે. અને મોટા ભાગનાં વ્રતોમાં સ્ત્રીઓએ ઉપવાસ કરવો પડે છે. પતિનું આયુષ્ય વધે તે માટે કેવડાત્રીજ વ્રત, સારો વર મળે તે માટે ગોર્યોના ઉપવાસ કરવા, કુટુંબનું કલ્યાણ થાય તે માટે સોમવાર કે અન્ય અમુક વારે એકટાણું કરવાનુ વ્રત રાખવું આ બધું કાર્ય કારણ પર નહિ પણ અંધશ્રદ્ધા પર આધારિત છે. તેવી જ રીત સ્ત્રીઓએ કરવાના સામાપાંચમ અને નાગપંચમીનાં વ્રતો પણ મિથ્યા છે, કારણ કે તે માત્ર ખોટા વિચારો પર આધારિત છે. અત્યારસુધી આપણે જાણતા ન હતા કે શીતળાનો રોગ અમુક પ્રકારના વાયરસને લીધે થાય છે. શીતળાના રોગની સમજ આવ્યા બાદ શીતળાસાતમનું વ્રત કેવું અંધશ્રદ્ધાવાળું હતું તેનો ખ્યાલ આપણને હવે આવવા માંડયો છે.

પતિના અને સંતાનોના આયુષ્ય કે આરોગ્યને લગતાં વ્રતો, ઉપવાસો, પાછળ બિનવૈજ્ઞાનિકતા છે તો ખોરાકને લગતા કેટલાક વહેમો પણ અંધશ્રદ્ધાજન્ય છે. આપણી સ્ત્રીઓ દૂધ ઊભરાઈ જાય, તેલ ઢોળાઈ જાય, વગેરેને અપશુકન માને છે. તેની પાછળ કોઈ વૈજ્ઞાનિક કારણ નથી. તેવી રીતે જમતી વખતે જમનારના હાથમાં મીઠું ના અપાય, જમણો હાથ પવિત્ર હોય તે હાથે જ પીરસવું. રાતે અથાણું ના કઢાય, દર્પણ તૂટી જાય તો અપશુકન થાય. ગામડાંની નીચલી જ્ઞાતિઓ અને ખાસ કરીને આદિવાસી સ્ત્રીઓ પરનું આ ઘાતક બંધન ચાલુ છે. આપણું અંતિમ ધ્યેય તો એ છે કે સ્ત્રીઓને પોતાના શરીર પર તથા સામાજિક અને આર્થિક જીવન પર સંપૂર્ણ કાબૂ પ્રાપ્ત થાય. સમાજમાં પુરુષો જે અધિકારો અને કાયદાઓ ભોગવે છે તેટલા જ સ્ત્રીઓને પ્રાપ્ત થવા જોઈએ.



# દહેજ દીકરીના સુખ ખાતર કે તેનો મિલકત હક્ક છીનવી લેવા?

મધુ કિશ્વર

દહેજ પ્રથાનાં અનેકવિધ પાસાંઓનું નિરીક્ષણ કરી આ લેખમાં તેના વિશે જે આલોચના તથા વિચારણા કરવામાં આવી છે તે શિક્ષિત મધ્યમ વર્ગ અને શ્રીમંત વર્ગની પ્રચલિત પ્રથા પૂરતી મર્યાદિત છે. જુદી જુદી જ્ઞાતિઓમાં આ પ્રથા જુદી જુદી રીતે પ્રવર્તે છે તેનો તથા શહેરી અને ગ્રામીણ પ્રથામાં જે જુદાપણુ જોવામાં આવે છે તેનો આ વિચારણામાં સમાવેશ નથી. ખાસ આ જ વર્ગનું બારીકાઈથી નિરીક્ષણ કરવાનું કારણ એ જ કે આ એક વર્ગ ગમે તે ભોગે દહેજના પૈસા આપી શકે એવો છે. બીજું, આપણા દેશના જુદા જુદા પ્રાંત અને પ્રદેશોમાં તથા કોમોમાં ધીમે ધીમે મધ્યમ વર્ગ અને શ્રીમંત વર્ગે અપનાવેલી પ્રથાનું જ અનુકરણ થઈ રહ્યું છે. આથી દહેજની પ્રથાનો જે ચિતાર આ લેખમાં આપવામાં આવ્યો છે તે એકંદરે સમાજના બધા જ વર્ગને લાગુ પડે છે.

સૈકા ઉપરાંતના સમયથી સમાજ સુધારકો દહેજની પ્રથા નાબૂદ કરવા મથી રહ્યા છે. છેલ્લા એક દાયકાથી તેમના પ્રયત્નો જોરદાર બનતા ગયા છે અને સરકાર પણ દહેજ વિરોધી કાયદા વધુ કડક કરતી જાય છે. પરંતુ દહેજપ્રથા નાબૂદ થવાનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી ઊલટું દેશમાં સર્વત્ર એ પ્રથા વધુ ફાલતી ફૂલતી જાય છે તો તેનું કારણ શું?

કારણ એ કે દહેજની પ્રથાના મૂળમાં કયા હેતુઓ છે અને વ્યવહારમાં તેને માટે ક્યાં પરિબળો કામ કરી રહ્યા છે તેનો ઊંડો અભ્યાસ થયો નથી. જ્યાં સુધી દહેજ પ્રથાની ઉત્પત્તિ, વિકાસ અને વ્યવહારનો ગહન અભ્યાસ નહિ થાય ત્યાં સુધી એ પ્રથા દૂર કરવાના પ્રયાસો સફળ થવાના નથી. બીજું, દહેજ વિરોધી આંદોલનમાં એક વસ્તુ જોવા મળી હોય તો એ છે કે પ્રતીતિપૂર્વક દહેજની તરફેણ કે વિરોધ કરનારા લોકો બહુ ઓછા હોય છે. મોટા ભાગના લોકો જેટલા જોરથી વિરોધ કરે છે, તેટલી જ ચુસ્તતાથી તેનું આચરણ પણ કરતા હોય છે.

### દહેજનું કારણ શું લોભ છે?

વારંવાર સાંભળવામાં આવતી એક દલીલ એ છે કે વધતા જતા લોભને કારણે દહેજની માગણી વધતી જાય છે અને આ લોભ પાશ્ચાત્ય લોકોની રહેણીકરણીનું અનુકરણ કરવાની આપણી વધતી જતી મનોવૃત્તિનું પરિણામ છે. જેમ સુખસગવડનાં સાધનોની શોધ અને ઉપભોગ વધતાં જાય છે તેમ તેવાં સાધનો વસાવવાનો લોભ આપણા દેશમાં પણ વધતો જાય છે. પણ કેટલાક એમ માને છે કે આ કાળનું પરિણામ છે. કળિકાળમાં લોભ અને દુરાચાર વધે છે. પણ આ બન્ને દલીલો ભૂલભરેલી છે અને ગેરમાર્ગે દોરનારી છે જૂના જમાનાના—૧૯મી સદીના સાહિત્યમાં ડોકિયું કરીશું તો જોવા મળશે કે એ જમાનામાં, જ્યારે આધુનિક સુખસગવડનાં સાધનોની (જેવા કે ટી. વી., વીડિયો, રેફ્રીજરેટર વગેરેની) હસ્તી પણ ન હતી ત્યારે પણ દહેજની પ્રથા અસ્તિત્વમાં હતી. તે સમયના સમાજસુધારકોનાં લખાણમાં આ પ્રથા સામેનો રોષ અને આક્રોશ સ્પષ્ટ પ્રગટ થયેલા જોવા મળે છે. લોભ અને સુખસગવડની લાલસા દરેક

દેશમાં અને દરેક સંસ્કૃતિમાં જોવા મળે છે પણ દહેજની પ્રથા દરેક સમાજ કે દેશમાં નથી.

જો લોભ અને ભૌતિક સુખની લાલસા એ પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર હોય તો પશ્ચિમના દેશોમાં દહેજની પ્રથા બહુ મોટા પ્રમાણમાં પ્રવર્તતી હોવી જોઈએ. પરંતુ આપણે જોઈએ છીએ કે તેવી કોઈ પ્રથા ત્યાં પ્રવર્તતી નથી. એ દેશોમાં પણ સ્ત્રીઓ ઉપર ત્રાસ, જુલ્મ, મારપીટ થાય છે, પરંતુ તે દહેજને કારણે નહિ. ત્યાંનો પુરુષ અહીંના પુરુષ કરતાં ઓછો લોભી નહિ હોય, પણ તેનો લોભ પત્નીના કુટુંબ પાસેથી પૈસા પડાવીને પોતાની ધનલાલસા સંતોષવાનો નથી. દીકરીનાં મા-બાપ પણ ગમે તે ભોગે દીકરીને પરણાવી દેવામાં માનતાં નથી.

દીકરી કુંવારી રહે તેની સામે તેમને કોઈ વાંધો નથી. દીકરી લગ્ન કરે અને તેનું લગ્ન અખંડિત રહે તેવી એષણા જેમ આપણને છે તેમ તેમને પણ હોય છે. પરંતુ તેવી ઇચ્છા તેઓ સ્વમાન અને સંપત્તિને ભોગે રાખતા નથી.

લોભનો સિદ્ધાંત ત્યારે સમજી શકાય જ્યારે કોઈ એક સમાજના સર્વે કુટુંબો બે જ ભાગમાં વહેંચાઈ ગયા હોય. એક, જેમાં માત્ર દીકરાઓ અને બીજો જેમાં માત્ર દીકરીઓ જ જન્મતી હોય. આવા સમાજમાં દીકરાવાળાં કુટુંબો હંમેશ લાભમાં અને દીકરીવાળાં કુટુંબો હંમેશ નુકસાનમાં હોય એવી સ્થિતિ ઊભી થાય. હકીકત એ છે કે આપણા સમાજમાં દીકરી અણગમતી છે અને દીકરીઓની બાળહત્યા (અને હવે તો ગર્ભહત્યા) પણ થાય છે. પણ આપણો સમાજ ઉપર જણાવેલ બે વર્ગમાં વહેંચાયેલો નથી. મોટા ભાગનાં કુટુંબોમાં દહેજની લેણદેણ બન્ને થાય છે અને જે કુટુંબમાં દીકરીઓને દહેજને કારણે ત્રાસ ભોગવવો પડે છે તે જ કુટુંબમાં દીકરાની વહુ ઉપર આ જ કારણસર ત્રાસ ગુજારવામાં આવે છે. બીજું, લોભ જો દહેજનું કારણ હોય તો પુત્રના લગ્ન ઉપર તેનાં મા-બાપ જંગી ખર્ચ શા માટે કરતા હોય છે? મારા કુટુંબમાં હમણાં એક લગ્ન થયાં તેમાં મેં જોયું કે દીકરાના કુટુંબને દહેજમાં જે રકમ મળી તેના કરતાં ઘણી મોટી રકમનો ખર્ચ તેમણે લગ્નની ઊજવણીમાં કર્યો હતો અને તે પણ કેટલીક રકમ ઊછીની લઈને. તેની સામે કન્યાના કુટુંબે જેટલી રકમ દહેજમાં આપી તેના કરતાં ચારગણો વધુ ખર્ચ દીકરીના લગ્નની ઊજવણીમાં કર્યો હતો.

સાધારણ રીતે શ્રીમંત વર્ગમાં આ પ્રમાણે જ બનતું હોય છે, તે બતાવે છે કે લોભ એ દહેજનું મૂળ કારણ નથી.

વહુ ઉપરના ત્રાસનો સામાન્ય પ્રકાર જોતાં સમજાશે કે તેની સાસુ, નણંદ વગેરેનાં મહેણાં-ટોણાંનો ઉદ્દેશ વર્તમાનપત્રો અને અન્ય માધ્યમોમાં દેખાડવામાં આવે તે પ્રમાણે ટી. વી, ફ્રીજ, સ્કુટર વગેરેની માગણીઓ પૂરી કરવામાં નથી. જો એમ જ હોય તો માગણીઓ પૂરી થતાં ત્રાસ બંધ થવો જોઈએ પણ ત્રાસ તો ચાલુ જ રહે છે. આ બતાવે છે કે તેનો મુખ્ય હેતુ પત્નીને અને તેના કુટુંબને ઉતારી પાડવાનો, (સાસરાના) કુટુંબ ઉપર તે ભારરૂપ છે, તે માનને લાયક નથી, તેનું કોઈ સ્થાન નથી, એમ ઠસાવીને તેનું ખમીર તોડી નાખવાનો છે. દાખલા તરીકે એક બહેન તેના છૂટાછેડાના દાવા સંબંધે અમારી પાસે આવી હતી. તેનું લગ્ન માસિક રૂ. ૩૦,૦૦૦ની કમાણી કરનાર વેપારી સાથે થયાં હતાં. બહેનની ફરિયાદ એ હતી કે પતિ તેને એક પૈસો પણ આપતો ન હતો. તેને ચંપલ લેવી હોય તો પણ કહેતો કે 'જા તારા બાપ પાસે, એ અપાવશે'. બીજી એક બાઈની ફરિયાદ પણ તે જ પ્રમાણે હતી. તેને જો પિયર જવું હોય તો મા-બાપને ખર્ચે જવું પડતું. વિશેષમાં ત્યાંથી જે ભેટસોગાદો પત્ની લાવતી તેની વગોવણી કરી તેનું અપમાન કરવામાં આવતું. આ સતત અપમાન અને મહેણાંટોણાંનો ઉદ્દેશ બાઈના મન ઉપર ઠસાવવાનો છે કે તે ઘરની દાસી છે અને તેણે તે રીતે જ જીવવાનું છે. બળાત્કારની જેમ



દહેજની પ્રથા પણ હિંસાનો એક ક્રૂર, ભીષણ પ્રકાર છે અને બન્નેનો હેતુ સ્ત્રીને ભ્રષ્ટ કરી, તેનું વ્યક્તિત્વ હણી, કુટુંબમા અને સમાજમાં તેનું સ્થાન હલકું પાડવાનો છે.

## સ્વેચ્છાથી આપેલી રકમ, ભેટસોગાદ દહેજ નથી?

દહેજના વિરોધીઓમાં પણ એક પ્રધાન મત એવો છે કે પુત્રીનું કુટુંબ, પુત્રના કુટુંબની માગણી વિના સ્વેચ્છાએ તેમને જે ભેટસોગાદ આપે છે તે દહેજ ન ગણાય; અને એટલા માટે તે બાધ્ય કે નિંદ્ય નથી. આ મત પાછળની માન્યતા એવી લાગે છે કે દીકરાના કુટુંબની માગણીનું પ્રેરક બળ લોભ છે, જ્યારે દીકરીનું કુટુંબ સ્વેચ્છાએ જે આપે છે તે દીકરી તરફની લાગણીથી પ્રેરાઈને આપે છે. આ દલીલ બહુ છેતરનારી છે. આપણા સમાજમાં સ્વેચ્છાએ કોઈ દહેજ આપે એમ માનવું હાસ્યાસ્પદ છે. જો દીકરી તરફના વહાલ અને વાત્સલ્યને કારણે દહેજ અપાતું હોય તો તે જગવ્યાપક હોય પણ આપણે જાણીએ છીએ કે દહેજ પ્રથા જગવ્યાપક નથી.

જે સમાજમાં એક પરંપરાગત રૂઢ માન્યતા જડ ઘાલી બેઠેલી હોય કે પરણવા યોગ્ય ઉંમરે—એટલે કે ૧૯ વર્ષની આસપાસ, તેથી મોડું નહિ—પહોંચેલી પુત્રી પારકું ધન છે, સાપનો ભારો છે અને તે કારણે લાયક પતિ મેળવવા 'લગ્ન બજાર'માં પડાપડી થતી હોય ત્યાં માગણી (દહેજની) હોય કે ન હોય, લાયક મૂરતિયા માટે મોટી કિંમત ચૂકવવી જ પડે.

સ્ત્રી સુશિક્ષિત હોય, વ્યવસાય કે નોકરીમાં પ્રવૃત્ત હોય તોપણ ઉંમરનો બાધ તો તેને નડે જ છે. વિશેષમાં શિક્ષિત વ્યવસાયી પુત્રી માટે દહેજ ઓછું નહિ, વધુ આપવું પડે છે. કારણ કે વર પણ તેના શિક્ષણ વ્યવસાયને અનુરૂપ મળવો જોઈએ જે મોટા દહેજ વિના મળી શકે નહિ.

વળી દહેજની સીધી માગણી કરવાની જરૂર નથી. જ્યારે બે કુટુંબ વચ્ચે લગ્ન-સંબંધની વાટાઘાટ ચાલતી હોય છે ત્યારે બન્ને કુટુંબો પોતપોતાની પ્રતિષ્ઠાના, મોટાઈના બણગા ફૂંકે છે અને અહીં પ્રતિષ્ઠા એટલે પૈસાની પ્રતિષ્ઠા એ સહુ કોઈ જાણે છે. આ પ્રતિષ્ઠાનો દેખાડો કરવા પુત્રીનું કુટુંબ મોટું દહેજ આપવા તૈયાર થઈ જાય છે અને પુત્રનું કુટુંબ પણ પોતાની પ્રતિષ્ઠાને શોભે તેવા દહેજનું વગર માગણીએ હકદાર બને છે. આમ બન્ને બાજુએ માન-મરતબો, પ્રતિષ્ઠાની સ્પર્ધા ચાલતી હોય ત્યાં માગણીનો સવાલ જ ક્યાં છે? બધી આપ-લે સ્વેચ્છાએ જ થાય છે પણ કોઈ એમ નથી માનતું કે એ દહેજ નથી.

## શું સ્ત્રી ઉપર જુલમ થાય છે તે દહેજને કારણે થાય છે?

જો દીકરી મોટી રોકડ રકમ, કિંમતી જર-ઝવેરાત, કરિયાવર વગેરે લઈને સાસરે જાય તો તેના માન-આદર વધવાં જોઈએ. તો પછી કેટલીકવાર આપણે જોઈએ છીએ તેમ આત્મહત્યાનો આશરો લેવો પડે તેવા ભયંકર ત્રાસ અતે જુલ્મનો ભોગ સ્ત્રી શા માટે બને છે? દાખલા તરીકે કોઈ પોતાનું જાનવર-ગાય કે ભેંસ—બીજાને મોટી રકમ આપી સાચવવા આપે તો લેનાર માણસ તેનું બહુ કાળજીપૂર્વક જતન કરે છે, તેની ઉપર ત્રાસ નથી ગુજારતો. પરંતુ દહેજની બાબતમાં અર્થશાસ્ત્ર કે ન્યાયતર્કના કોઈ નિયમ લાગુ પડતા નથી. અર્થશાસ્ત્રની ભાષામાં કહીએ તો એમ કહેવાય કે સ્ત્રી દહેજના જે રૂ. ૧,૦૦,૦૦૦ લાવે છે તેનું વિનિમય મૂલ્ય રૂ.–૧,૦૦,૦૦૦ (ઓછા એક લાખ)માં ગણાય. કારણ કે દીકરીનું કુટુંબ પોતાનો ભાર ઓછો કરવા વિના શરતે તે રકમની સોંપણી પુરુષના કુટુંબને કરે છે અને તે જ હિસાબે વરની કિંમત રૂ.+૧,૦૦,૦૦૦ ગણાય છે.

ઉપરના દાખલા પ્રમાણે જાનવરનો હવાલો લેનાર જો તેની સંભાળ લેવાને બદલે અવદશા કરે તો જાનવરનો માલિક તરત જ કહેશે, 'પૈસા લઈને મારા જાનવરની સંભાળ કેમ લેતા નથી? લાવ મારા પૈસા પાછા.' પરંતુ દીકરીનાં મા-બાપ તો દૃઢપણે માનતા

હોય છે કે દીકરી સાસરેથી પાછી આવે તેના કરતાં મરી જાય તો વધારે સારું. વળી સાસરામાં તેને ટકાવી રાખવા જમાઈરાજની ગમે તેવી આકરી અને અઘટિત માગણીઓ તેઓ પૂરી કર્યા કરે છે. માનુષી પાસે આવેલ અનેક કિસ્સાઓમાં ભાગ્યે જ કોઈ એવો હશે જેમાં દીકરીના મા-બાપે જમાઈની માગણીઓ નકારી કાઢીને દીકરીને પાછી પોતાને ઘેર રાખી હોય. એ લોકો તો જ્યારે જમાઈ. માગણીઓ પૂરી કરવા છતાં તેમની દીકરીને ઘરમાંથી કાઢી મૂકે છે ત્યારે ન છૂટકે જ પોતાના ઘરમાં આશરો આપે છે.

**શું દહેજ સ્ત્રીના પોતાના ઉપયોગ માટે અપાય છે?**

કેટલાક લોકો એમ માને છે કે દહેજ 'સ્ત્રીધન' છે પણ દહેજ અને સ્ત્રીધનને કાંઈ જ લેવાદેવા નથી. સાચા અર્થમાં દહેજ ધનની ફેરબદલી છે, એક કુટુંબમાંથી બીજા કુટુંબમાં; સ્ત્રી તો માત્ર આ ફેરબદલીનું-વાહન બને છે.

ઘણા વળી એમ માને છે અને તેનો વારંવાર પ્રચાર પણ કરે છે કે દહેજ એ દીકરીને માબાપના વારસામાં ભાગ આપવાની એક રીત છે. દીકરીને ખાલી હાથે સાસરે કેમ મોકલાય? તેનો સૂચતાર્થ એવો છે કે લગ્નની સાથે દીકરીના પિયર સાથેના સંબંધનો અંત આવે છે માટે તેને જે કાંઈ માબાપની મિલકતમાંથી આપવાનું હોય તે લગ્ન વખતે આપી દેવું. પણ દહેજમાં સ્ત્રીને વારસાનો પૂરો હિસ્સો મળતો નથી તેમ જ વારસાહકના બદલાનું પૂરું વળતર પણ મળતું નથી.

દહેજમાં કેટલી રકમ આપવી, લગ્નની ઉજવણીમાં કેટલો ખર્ચ કરવો, કેવી રીતે કરવો એ નક્કી કરવાનો સ્ત્રીઓનો અધિકાર નથી અને તે બાબતમાં તેમનો મત પણ પૂછવામાં આવતો નથી. લગ્નમાં જે કાંઈ પૈસા અપાય છે કે ખર્ચાય છે તેમાંનો એક અંશ પણ સ્ત્રીના અંગત ઉપયોગમાં આવતો નથી. છતાં તેની ઉપર મોટી રકમનો ખર્ચ કરવા બદલ તેણે હંમેશ માટે ઉપકારવશ રહેવું પડે છે.



દીકરી તેના માબાપને શું એમ કહી શકવાની છે કે લગ્ન સમયે મોટી રકમનું ખર્ચ કરવાને બદલે તેટલી રકમ તમે મારા નામે બેંકમાં કે ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકો અથવા તેટલી રકમનું મારા નામનું ટ્રસ્ટ કરી આપો? દહેજમાં જે કાંઈ રકમ અપાય છે તે તો જમાઈને અથવા તેના માબાપને સોંપાય છે. સ્ત્રીને ગમે તેવી આપત્તિમાં પણ તેનો ઉપયોગ કરવાનો અધિકાર નથી.

હમણાં મારી એક બહેનપણીનું લગ્ન થયું તેની દહેજ આપવાની ઇચ્છા ન હતી પણ તેના કુટુંબની પ્રતિષ્ઠા ખાતર દહેજ આપ્યા વગર છૂટકો ન હતો. સાસરાના ઘરથી એ જ્યાં નોકરી કરતી હતી તે જગ્યા બહુ દૂર હોવાથી પરણ્યા પછી તેને નોકરી છોડી દેવી પડે એમ હતું, તેથી મેં તેને એવું સૂચન કર્યું કે થોડું જરઝવેરાત ઓછું કરીને તેના બદલામાં એક સ્કુટર અપાવવા તેણે તેનાં માબાપને સમજાવવા જેથી તેની નોકરી ચાલુ રહી શકે. પણ આ સૂચન માબાપ સ્વીકારે નહિ કારણ જરઝવેરાતની કિંમત તો કુટુંબની પ્રતિષ્ઠા પ્રમાણે નક્કી થાય અને તેમાં કંઈ કમી ન ચાલે. અને ધારો કે તેના માબાપ દીકરીને સ્કુટર અપાવે તો પણ તેનો વર તે સ્કુટર પોતાનું કરી લે અને વહુ તેનો વિરોધ કરે તો લગ્નજીવનની શરૂઆતથી જ કલેશ-કંકાસ થાય.

તેવી જ રીતે કપડાં, ઝવેરાત, બીજી ભેટસોગાદો જે વહુ દહેજમાં લાવી હોય તે બધું જ તેના વર કે વરનાં માબાપ અને બહેનના કબજામાં રહે છે. અને તેમની મરજી પ્રમાણે વહુને તેના અંગત ઉપયોગ માટે વાપરવા દેવાય છે. પોતાને ઘેરથી જ લાવેલી કોઈપણ ચીજવસ્તુ સ્ત્રી તેના કબજામાં રાખી શકતી નથી; પોતાની મરજી પ્રમાણે તેનો ઉપયોગ કરી શકતી નથી; એટલું જ નહિ પણ તેના સાસરાના કુટુંબને જરૂર પડે તો દહેજની સંપૂર્ણ મિલ્કત તે કુટુંબના ઉપયોગ માટે આપી દેવી પડે છે. પતિના કુટુંબ માટે આ પ્રમાણે આત્મબલિદાન આપનાર સ્ત્રીનાં સમાજમાં અને સાહિત્યમાં બહુ ગુણગાન ગવાય છે. વહુ કોઈવાર જો એ દહેજનું ધન પોતાનાં માબાપના કુટુંબની આર્થિક આપત્તિ વેળા આપવાની ચેષ્ટા પણ કરે તો તેની ઉપર સ્વાર્થી, પતિદ્રોહી, વગેરે આક્ષેપો કરી તેની નિંદા કરવામાં આવે છે. ઉપરાંત ઘણીવાર તો વહુના જરઝવેરાત તેની નણંદના દહેજમાં તેને પૂછ્યા વિના આપી દેવાય છે. પોતાની સાડીઓ અને બીજા કપડાં પણ સાસરે આવીને તેની સાસુ અને નણંદોને ચરણે ધરી દેવાં પડે છે અને તેમાંથી એ લોકો જે પસંદ પડે તે ઉપાડી લે છે. કેટલાંક કુટુંબોમાં તો વળી પોતાના જ વસ્ત્રાગારને અડકવાનો વહુને અધિકાર હોતો નથી અને તેની સાસુ-નણંદ રોજબરોજ અને સારેમાઠે પ્રસંગે તેને જે કપડાં કાઢી આપે તે જ પહેરવાં પડે છે. આ જાતની નીતરીતિ અને વર્તણૂકનો હેતુ સ્ત્રીને માનભંગ કરી, સગાસંબંધીઓમાં ઉતારી પાડી તેનું સ્વમાન, અસ્મિતા અને તેના વ્યક્તિત્વને કચડી નાખવા સિવાય બીજો શું હોઈ શકે?

બીજી ખાસ નોંધવાલાયક વાત એ છે કે સાસરે જતી વખતે દીકરીને ઘરવપરાશની ચીજવસ્તુઓ આપવાનો હેતુ તેના મન પર એમ ઠસાવવાનો છે કે તેનું મુખ્ય કર્તવ્ય તેના પતિનું ઘર સંભાળવાનું છે; નહિ કે તેની ઉપર કોઈ આપત્તિ આવી પડે જેવી કે સાસરેથી કાઢી મૂકે, છૂટાછેડા લેવા પડે, કે વિધવા થાય ત્યારે પોતાનું સ્વતંત્ર ઘર વસાવવાનું.

માનુષી પાસે આવતા ઘણા ખરા કિસ્સાઓમાં સાસરામાંથી કાઢી મૂકવામાં આવેલી સ્ત્રીઓને દહેજની હજારો કે કોઈવાર લાખોની કિંમતના દાયજામાંથી એક પૈસો પણ મળતો નથી. માબાપના કુટુંબમાં પણ તેને આશરો મળતો નથી અને કોઈવાર મળે છે તોપણ બહુ નાખુશીથી. એક આશ્રિતની જેમ તેને રાખવામાં આવે છે. આમ કરવાનું કારણ એ છે કે માબાપ પણ એમ માને છે કે તેમણે તો દીકરી તરફની ફરજ પૂરેપૂરી બજાવી છે, તેને જે કાંઈ આપવું ઘટે તે આપ્યું છે અને હવે તેના ભરણપોષણની જવાબદારી તેમની નથી.

અત્રે એ પણ જોવા મળ્યું છે કે દીકરીને સાસરામાં ગમે તેટલો ત્રાસ પડતો હોય તોપણ દીકરીનાં માબાપ તેના ગૃહત્યાગની બહુ વિરુદ્ધ હોય છે; દીકરીને ગમે તેમ બાંધછોડ કે સમાધાન કરીને સાસરામાં જ રહેવા સમજાવે છે. તેનું એક મહત્ત્વનું કારણ એ છે કે પોતે દીકરીને આપેલી દહેજની રકમ કે માલમિલ્કત વ્યર્થ ન જાય. માબાપના આ પ્રકારના વલણ અને વર્તનનો પૂરો લાભ દીકરીના સાસરીવાળા ઉઠાવે છે. સ્ત્રી ઉપર ત્રાસ જુલ્મ તો ચાલુ રાખે જ છે ઉપરાંત વધુ અને વધુ માલ રકમની માગણી કર્યા કરે છે. દુઃખ અને આશ્ચર્યની વાત તો એ છે કે પોતે માની લીધેલા દીકરીના જ 'શ્રેય'માં માબાપ તેના જુલ્મગાર પતિ અને સાસરિયાના હાથમાં હજારો રૂપિયા આપવા તૈયાર થઈ જાય છે પરંતુ તેના દસમા ભાગની રકમ પણ દીકરીને પગભર કરવામાં વાપરવાની તેમની તૈયારી નથી.

ઘડીભર માની લઈએ કે દહેજ એ દીકરીને માબાપના વારસામાંથી હિસ્સો આપવાની એક રીત છે. પરંતુ દહેજની રકમ ક્વચિત જ દીકરીને મળતા ભાગની બરાબર હોય છે. માબાપ દીકરીની કિંમત ઓછી આંકે છે એટલે તેને અપાતો ભાગ મોટો લાગે છે જ્યારે દીકરો ગમે તેટલો નાલાયક હોય તોપણ પોતાની સર્વ સંપત્તિ તેના નામે કરી દેતાં જરા પણ અચકાતાં નથી.

અમારી સંસ્થામાં સહાય માટે આવતા કેટલાક કિસ્સાઓમાં અમે જોયું કે સાસરેથી બહાર કાઢી મૂકેલી દીકરી પાછી આવે છે ત્યારે તેનાં માબાપ દહેજની રકમ પાછી મેળવવા બને તેટલો પ્રયત્ન કરે છે અને કેટલાય કિસ્સાઓમાં કોર્ટમાં દાવા પણ દાખલ કરે છે. અમે એ પણ જોયું કે જે જૂજ કિસ્સાઓમાં દહેજ પાછું મળ્યું છે ત્યાં એ રકમ દીકરીને સ્વતંત્ર ઘરસંસાર માંડી આપવામાં માબાપ

વાપરતાં નથી. દહેજનો પાછો આવેલો માલસામાન તેને આપે પણ તે શા ખપનો? તેમાંથી આવક થોડી ઉત્પન્ન થાય છે? જમીન, ઘર, દુકાન કે કારખાનું જે આવક ઉત્પન્ન કરનારાં સાધનો છે તે સઘળાં દીકરાના ભાગે જાય છે. પરિણામે દહેજની રકમ પાછી મળે તોપણ દીકરી, જે ત્રાસ, જુલ્મ અને દુઃખનો ભોગ બની છે તેને તેનો કશો લાભ મળતો નથી અને તે પરાધીન અને પરાધીન જ રહે છે—સાસરીમાં પતિની અને બાપને ઘેર ભાઈ-ભાભીઓની.

**દહેજની સામાજિક ભૂમિકા**

પુરુષને દહેજ મળે કે ન મળે, તેની કે તેના કુટુંબની આર્થિક સ્થિતિમાં કશો ફેર પડતો નથી. એવું નથી કે દહેજ મળવાથી એક ગરીબ કે સાધારણ સ્થિતિનો પુરુષ એકદમ ધનવાન બની જાય છે. ઊલટું, ધનવાનને તેની પ્રતિષ્ઠા પ્રમાણે મોટું દહેજ મળે છે. જેમકે સાયકલ હોય તેને સાયકલ, સ્કૂટર હોય તેને સ્કૂટર અને કાર હોય તેને કાર મળે છે. દહેજનો હેતુ તો પુરુષના કુટુંબનું ઊંચું સ્થાન, પ્રતિષ્ઠા અને મોટાઈ સ્થાપિત કરવાનો છે. રજવાડાના જમાનામાં રાજાઓને, અમીર ઉમરાવો—અધિકારીઓને તેમના તાબેદારો તરફથી નજરાણાં અપાતાં. દહેજ એવું એક નજરાણાનું સ્વરૂપ છે. ધાર્મિક કર્મકાંડની જેમ તેનું પાલન થવું જ જોઈએ. તેનું ઉલ્લંઘન એક મોટું અનિષ્ટ, અપમાન, દુષ્કૃત્ય અને દ્રોહ ગણાય. આ પ્રકારના અધમ, દુષ્ટ કુરિવાજના આચરણથી સમાજનો કયો હેતુ સધાય છે કે તેનું કયું હિત સચવાય છે? આપણે આગળ જોઈ ગયા તેમ તેનો મૂળ અને એક જ હેતુ આર્થિક નહિ, રાજકીય છે—સ્ત્રી ઉપરની પુરુષની અબાધિત સત્તા, અધિકાર અને પ્રભુત્વ બળપૂર્વક સ્થાપિત કરવાનો.

**દહેજ માટે સ્ત્રીઓ શું પોતે જ દોષપાત્ર છે?**

શિક્ષિત અને સુધરેલા વર્ગમાં એક એવી માન્યતા છે કે સ્ત્રી પોતે જ દહેજ માટે જવાબદાર છે. જો સ્ત્રી ખરેખર દહેજની વિરુદ્ધ હોય તો દહેજ આપીને લગ્ન કરવાનું કબૂલ શા માટે કરે છે?

પરંતુ આપણે ઉપર જોઈ ગયા તેમ આપણા સમાજમાં મોટાં શહેરોમાં સુશિક્ષિત અને સુધારાવાદી જૂજ કુટુંબો બાદ કરતાં, દરેક કોમોમાં, દરેક સ્તરે દરેક કુટુંબમાં લગ્નની બાબતમાં સ્ત્રીની સંમતિ લેવાનો સવાલ જ નથી. તેનાં લગ્ન ક્યાં કરવાં, કેવી રીતે કરવાં, તેમાં કેટલું દહેજ આપવું અને કેટલો ખર્ચ કરવો એ બધું તેનાં માબાપ અને વડીલો જ નક્કી કરે છે. દીકરી પણ એમ માને છે કે વારસામાં તો તેને કંઈ મળવાનું નથી તો પછી દહેજ રૂપે જે મળે તે શા માટે ન લઈ લેવું? હું ખાત્રીથી કહી શકું છું કે એક બાજુ દહેજની રકમ, જરઝવેરાત, વસ્ત્રો વગેરે અને બીજી બાજુ જમીન, ઘર, દુકાન કે કારખાનું કે માબાપના વેપાર ધંધામાં ભાગ એ બે વિકલ્પો વચ્ચે સ્ત્રીની પસંદગી પૂછવામાં આવે તો જરૂર એ બીજા વિકલ્પની પસંદગી કરશે.

દહેજની બાબતમાં સ્ત્રીઓની ભૂમિકા અલ્પ માત્ર છે. દહેજની કિંમતથી માંડીને તેના આકાર, પ્રકાર વગેરે મુખ્ય વિગતો બન્ને કુટુંબના પુરુષો જ નક્કી કરે છે. એક વાર એ પાસું નક્કી થઈ જાય પછી નાની વિગતોમાં જેવી કે સાડી, વસ્ત્રો, ઘરેણાંની જાતભાત, રંગ, રૂપમાં સ્ત્રીઓને થોડી ઘણી પસંદગીની તક આપવામાં આવે છે.

જો વર અને તેનો બાપ દહેજ સ્વીકારવાની ના પાડે અથવા દહેજને કારણે વહુની પરેશાની થવા ન દે તો શું સાસુનણંદની તાકાત છે કે તેમની ઇચ્છા વિરુદ્ધ કંઈ કરી શકે?

વિવાહસંબંધથી માંડીને વહુ ઘરે આવે ત્યારે તેની તરફ કેવું વર્તન અપનાવવું ત્યાં સુધીની સર્વ ક્રિયા પ્રક્રિયામાં સ્ત્રીઓ પુરુષોની વૃત્તિ અને ઇચ્છાની હથિયાર જ બને છે. નાની મોટી બાબતોમાં સ્ત્રી પર ત્રાસ ગુજારવામાં સ્ત્રીઓ જ ઉપયોગી થઈ શકે, પુરુષો તો સીધી રીતે એ કરી શકે નહિ એટલે એમ દેખાય કે સાસુ, નણંદ વગેરે સ્ત્રીઓ વહુ ઉપર જુલ્મ કરે છે. પણ એ અર્ધસત્ય છે. યુદ્ધમાં સૈનિકોનું જે સ્થાન છે



તેવું ગૃહવિગ્રહમાં સ્ત્રીઓનું છે. મરવું કે મારવું—તેનું નિયમન અને નિયંત્રણ કરનાર કુટુંબના પુરુષો સેનાપતિ અને સરદારોની જેમ પાછળ રહે છે, કોઈવાર મેદાન-માં દેખાતા નથી. દુઃખ અને આશ્ચર્યની બીના છે કે સ્ત્રીઓ શરમાવાને બદલે સામે રાજીખુશીથી પુરુષોના પ્યાદા તરીકે પોતાનો ઉપયોગ થવા દે છે.

**ઘાતક સંયોગ**

લગ્ન પછીનો ફરજિયાત સાસરવાસ અને દહેજનો સંયોગ સ્ત્રીની હાલત દુઃખદ અને ભયંકર કરી શકે છે. તેના માબાપ, ભાઈબહેન, સગાંસંબંધી, સાહેલીઓ, પડોશીઓ, જન્મથી ઉછરેલ તે ઘર—આ સર્વેથી વિખૂટી પડી અજાણ્યા ઘરમાં, પ્રતિકૂળ વાતાવરણમાં અપરિચિત સાસુ, નણંદ, જેઠ, દેર વગેરે સગાંઓથી ઘેરાઈ જાય છે. આ સ્થિતિમાં તેની ઉપર ત્રાસ, જુલ્મ, મારપીટ થાય તેમાંથી તેને ઉગારનાર કે સહાય કરનાર તો શું પણ સહાનુભૂતિ દેખાડનાર પણ આસપાસમાં કોઈ કરતાં કોઈ નથી. આવી વિપરિત પરિસ્થિતિમાં એની જો હત્યા થઈ જાય તો તેની માબાપને જાણ થતાં દિવસો નીકળી જાય અને તે દરમ્યાન પોતાના ગુનાની સાક્ષીનો નાશ કરવાનું પતિ અને સાસરાવાળા માટે સહેલું બને છે.

ઘણાં માબાપ પણ દીકરી ઘરથી જેટલી દૂર હોય તેટલું સારું એમ ઇચ્છે છે. પાસે હોય અને વારંવાર પિયર આવે તે તેમને પસંદ નથી. દીકરી દૂર રહેતી હોય તો વારસાહક્કમાંથી પણ તેને દૂર કરવાનું સહેલું બને છે.

**શું 'શિક્ષણ' દહેજનો ઉપાય બની શકે?**

કોઈ પણ પરિવર્તન કે સુધારા માટે કયા ઉપાયો કામિયાબ નીવડશે અને કયા નહિ નીવડે તેનો પહેલેથી ગંભીર વિચાર કરી લેવો જરૂરી છે.

અત્યાર સુધી દહેજનો પ્રતિકાર શિક્ષણથી થશે એવો પ્રચાર સમાજ સુધારક સંસ્થાઓ અને સરકાર કરતી રહી છે. પણ તેમને કશી સફળતા સાંપડી નથી. જો સફળતા મળી હોય તો એટલી જ કે લોકો જાહેરમાં જોરશોરથી દહેજનો વિરોધ કરતા થયા છે, પણ ખાનગીમાં તેનું આચરણ કરે છે. શિક્ષણનો પ્રચાર કરનારા જ્યારે નિષ્ફળ અને નિરાશ થાય છે ત્યારે કાયદાની બીકથી દહેજ નાબૂદ કરી શકાશે એમ માની વધુ ને વધુ કડક કાયદાઓ લાવવા સરકાર ઉપર દબાણ લાવે છે. પરંતુ કાયદા ઘડનાર ધારાસભ્યો અને તેનો અમલ કરનાર પોલીસ શું સ્વર્ગમાંથી ઊતરી આવ્યા છે? તેઓ પણ આપણા સમાજના જ અંગરૂપ છે અને દહેજની પ્રથા ચાલુ રહે તેમાં તેમનો પણ સ્વાર્થ સમાયેલો છે.

'શિક્ષણ'ના પ્રચારથી લોકોને જાગૃત કરી દહેજનો સફળ પ્રતિકાર કરી શકાશે એમ માનનારા એક અગત્યની વસ્તુ ભૂલી જાય છે કે ખરાબમાં ખરાબ સામાજિક પ્રથા અથવા કુરિવાજના મૂળમાં એક તર્ક-યુક્ત હેતુ સમાયેલો હોય છે અને તે સમાજના ઉપલા બળવાન વર્ગનો વંશ પરંપરાગત સ્થાપિત હિત કોઈ પણ ભોગે જાળવી રાખવાનો. સ્વાર્થથી પ્રેરાઈ આ વર્ગ કુરિવાજને પોષે છે અને તે ચાલુ રહે તેમાં પોતાની સંપૂર્ણ શક્તિ અને લાગવગનો ઉપયોગ કરે છે. આટલા માટે જ્યાં સુધી સમાજની, દરેક સ્તરે, સમાનતાના ધોરણે નવરચના નહિ થાય ત્યાં સુધી આવા હેતુપુરઃસરના જડ ઘાલી બેઠેલા કુરિવાજોની નાબૂદી માટેના શિક્ષણ, નીતિ, સદાચાર વગેરેના આધારે હાથ ધરેલા કોઈ પણ પ્રયાસ સફળ થવાની કોઈ પણ શક્યતા નથી.

**દીકરીને 'કન્યાદાન'માં શું આપવું જોઈએ?**

દહેજ નાબૂદીનો અર્થ કે હેતુ દીકરીને કંઈ આપવું જ નહિ તેવો નથી. પણ શું આપવું, કેટલું આપવું અને શા માટે આપવું તેનો નિર્ણય કરવાનો છે. કુટુંબની ધન સંપત્તિની વહેંચણીમાં દીકરીઓનો સમાન હક્ક હોવો જોઈએ. દીકરાના સ્વતંત્ર અને સુખી સંસાર નિર્માણ કરવામાં માબાપ જે રસ લે છે અને ખર્ચ કરે છે તે જ પ્રમાણે દીકરી પણ સ્વતંત્ર,

સલામત અને સુખી જીવન નિભાવી શકે તેવી વ્યવસ્થા થવી જોઈએ. આવી સ્થિતિ નિર્માણ કરવા માટે નીચે ઉપયોગી કેટલાંક સૂચનો કરેલાં છે :

(૧) કાયદાથી દહેજનું નિવારણ થઈ શકશે એવી ભ્રમણામાં રાચવાને બદલે વારસાહક્કમાં પુત્રીને પુત્ર જેટલો જ હિસ્સો મળવો જોઈએ એવો કાયદો કરવા માગણી કરવી જોઈએ અને એ માટે સરકાર ઉપર દબાણ લાવવું જોઈએ. પુત્રીને વારસાહક્કમાંથી બાતલ કરતું વસિયતનામું ગેરકાયદે ગણાવું જોઈએ.

પુત્રીને માબાપના વારસાનો હિસ્સો બીજા કોઈના નામ પર–ભાઈ, ભત્રીજા, પતિ કે અન્ય કોઈના નામ પર–કરી દેવાની કાયદામાં મનાઈ હોવી જોઈએ.

જો પુત્રીને વારસામાં સરખો હિસ્સો મળવાની કાયદામાં જોગવાઈ હશે તો લગ્નપ્રસંગે તેને વારસાને બદલે દહેજ આપીને સાસરે વિદાય કરવામાં માબાપને માટે કોઈ પ્રયોજન કે પ્રોત્સાહન રહેશે નહિ.

(૨) દીકરીને આપવાનો કુટુંબની સંપત્તિનો હિસ્સો તેના લગ્નપ્રસંગે નહિ આપવો જોઈએ, એ તો તેના પતિ અને તેના કુટુંબને સોંપી દેવા બરાબર છે, કારણ કે એ પરાધીન દશામાં સ્ત્રી પોતાને હસ્તક, પોતાના કબજામાં રાખી શકવાની નથી. તેને બદલે, દીકરી પુખ્ત ઉંમરે પહોંચે ત્યારે તેને ઘર, જમીન, દુકાન, ફેક્ટરી જેવી મિલ્કત અને સાધનો આપવાં જોઈએ જેમાંથી તે આવક ઉત્પન્ન કરી શકે અને જરૂર પડે પોતાનું સ્વતંત્ર ઘર માંડી શકે. પરણેલી સ્ત્રીના મરણ પછી તેની મિલ્કત તેના પતિને કે સગીર વયના સંતાનો જે તેના પતિ સાથે રહેતાં હોય તેમને મળવી જોઈએ પરંતુ સંતાનો પુખ્ત ઉંમરના હોય તો તેમને, નહિ તો સગીર વયનાં સંતાનો માટે ટ્રસ્ટ કરી તેમને અને સંતાનો ન હોય તો તે મિલ્કત તેનાં માબાપને પાછી સુપ્રત થવી જોઈએ.

(૩) જો દીકરીને લગ્નપ્રસંગે રોકડ રકમ આપવી હોય તો તેના નામે ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકીને આપવી જોઈએ. કાયદામાં એવી ખાસ જોગવાઈ હોવી જોઈએ કે તેનો પતિ કે તેનાં કુટુંબીજન આ થાપણમાં કોઈ હસ્તક્ષેપ કે દખલગીરી ન કરી શકે. લગ્ન પછી ઓછામાં ઓછાં ૧૦ વર્ષ સુધી સ્ત્રી તે થાપણ બીજા કોઈના નામ પર ચડાવી ન શકે તથા તેની અથવા તેનાં સંતાનોની માંદગી કે એવી કોઈ આપત્તિ કે કટોકટીની સ્થિતિમાં જ તેનો ઉપયોગ કરી શકે.

(૪) પુત્રની નોકરી કે વ્યાવસાયિક કારકિર્દીને સફળ બનાવવામાં માબાપ જે રસ લે છે અને વિચાર-પૂર્વક તેની યોજનામાં સહાય કરે છે તેટલી જ ખેવના અને રસપૂર્વક પુત્રીની નોકરી કે વ્યવસાય સફળ બનાવવામાં સહાયભૂત થાય તો બગડેલા લગ્નસંબંધની હતાશા અને પરાધીનતામાંથી તેને ઉગારી શકે. જો માબાપ પોતે જ પુત્રી ઉપર તેના વ્યક્તિત્વ અને વિકાસને રુંગળાવી નાખે તેવાં બંધનો લાદે તો પછી તેનાં સાસરિયાં પાસેથી શું આશા રાખી શકાય?

(૫) જો સ્ત્રીને વારસાહક્ક મળે અને લગ્ન પછી તેનાં માબાપના સંપર્કમાં રહી શકે તેવી રીતે એનો વસવાટ ગોઠવી શકે તો માબાપને એ ભારરૂપ ન બને. પુત્રી એ પરાયું ધન છે એ જૂની માન્યતાને ખંખેરી નાખી પુત્રી પુત્રના જેટલું જ મહત્ત્વનું પોતાના જ કુટુંબનું એક અંગ છે એમ દિલથી માને તો જ તેને દહેજમાંથી ઉત્પન્ન થતા લગ્નના ત્રાસમાંથી બચાવી શકે.

લગ્ન કરવાં કે નહિ તેનો નિર્ણય કરવાનો અધિકાર જેમ પુરુષને છે તેમ સ્ત્રીને પણ હોવો જોઈએ. જ્યાં સુધી સમાજનો વ્યવહાર આ મૂળભૂત સિદ્ધાંત ઉપર નહિ ચાલે ત્યાં સુધી જીવન પર્યંત લગ્નની બેડીમાં બંધાયેલી સ્ત્રી મુક્ત અને સ્વતંત્ર નહિ થઈ શકે. સર્વ સમાજ–સુધારકોનો, સ્ત્રી મુક્તિ સંસ્થાઓનો અને સરકારનો એ ધર્મ છે કે સમાજનું એવું પુનર્નિમાણ કરે કે જેમાં સ્ત્રી સ્વમાન અને ગૌરવથી જીવી શકે.

**એક લાડકી પુત્રીની કરુણ કથની**

દિલ્હીના એક શ્રીમંત વેપારી શ્રી મલિકની 'સુમન' એકની એક પુત્રી માબાપને બહુ જ લાડકી હતી. ૧૯૭૪માં ૨૧ વર્ષની ઉંમરે એક સાધનસંપન્ન કુટુંબમાં તેનાં લગ્ન થયાં. તેમાં તેના પિતાએ રૂ. ૧,૦૦,૦૦૦ ઉપરાંત ખર્ચ કર્યો.

લગ્ન પછી માબાપને ખબર પડી કે સુમનનો પતિ દારૂડિયો હતો, બેકાર હતો અને તેનાં ભાઈ-બહેનોની કમાણી ઉપર નભતો હતો. લગ્ન પછી તે સુમનના પિતા પાસેથી વધુ અને વધુ પૈસા કઢાવવા સુમનને મારપીટ કરવા લાગ્યો અને ત્રાસ ગુજારવા લાગ્યો.

સુમનનાં લગ્ન ગમે તે ભોગે ટકાવી રાખવા આઠ આઠ વર્ષો સુધી તેના પિતાએ પતિની માગણીઓ પૂરી કર્યા કરી તથા જમાઈને કોઈ વેપારધંધામાં ગોઠવી દેવા પ્રયત્નો પણ કર્યા અને તેમાં બીજા લગભગ રૂ. ૧,૦૦,૦૦૦ હોમી દીધા. તે ઉપરાંત સુમનનો સઘળો ઘરખર્ચ તેમને જ આપવો પડતો તે જુદું.

સુમનનું પહેલું બાળક દીકરી અવતરી તેથી તેના સાસરિયાં બહું નારાજ થયા અને મા-દીકરી ઉપર તેઓ ત્રાસ ગુજારશે એ બીકે બાળકીનો ઉછેર મલિકે સંભાળી લીધો. પુત્રની અપેક્ષાએ સુમનની સાસુએ સુમનની ઇચ્છાવિરુદ્ધ બીજું બાળક ધારણ કરવા તેને ફરજ પાડી. સાસુ, સાસરિયાંને ખુશ કરવા, સુમન કબૂલ થઈ પણ તેનાં પતિને જ્યારે ખબર પડી કે તે સગર્ભા છે ત્યારે તે ક્રોધોન્મત્ત દશામાં મલિકના ઘેર ધસી ગયો અને મલિકને કહ્યું, 'તમે સુમનનો ગર્ભપાત કરાવી નાખો, આ બાળક મારું નથી'.

સુમન પર ત્રાસ, અત્યાચાર વધવા માંડયો. સુમનનું આશરે રૂ. ૨,૦૦,૦૦૦ની કિંમતનું જરઝવેરાત તેના પતિએ રૂ. ૭૦,૦૦૦માં ગીરવે મૂકી દીધું. સુમને પુત્રને જન્મ આપ્યો પણ તેની દશામાં કશો ફરક પડયો નહિ. પુત્રના જન્મ પછી એક વર્ષે મલિક પાસેથી વધુ પૈસા પડાવવા સુમન ઉપર મારપીટ કરી તેને ઘરબહાર ફેંકી દીધી—ત્યારે મલિકે તેના પોતાના ઘેર પાછી લઈ જવા નિર્ણય કર્યો. નોંધ લેવા જેવી વાત એ છે કે ત્રાસિત, દુઃખી અને હડધૂત થયેલી સુમને પોતાની મેળે મા-બાપનો આશરો ન માગ્યો.

મેં જ્યારે મલિકને પૂછયું કે વર્ષો સુધી તેના જમાઈની ધાકધમકીથી પૈસા પડાવવાની વૃત્તિને તમે તાબે શા માટે થયા? ત્યારે તેણે કહ્યું 'मैंने सोचा कैसा भी इसका घर बस जाये' તેને હજી પણ યાદ છે કે જ્યારે એ દુઃખી દીકરીને લેવા તેના સાસરે ગયા ત્યારે સાસરાના એક પડોશીએ તેને પૂછેલું કે 'બાબા, તમને દીકરીને ખવડાવવા બે રોટી નથી મળતી તે તમે રોજ રાત્રે મારપીટ, અત્યાચારથી આક્રંદ કરતી તમારી ભોળીભાળી દીકરીને રહેવા દો છો?'

ગમે તે ભોગે દીકરીનાં લગ્ન ટકાવી રાખવાનો તેમનો આગ્રહ હતો. દીકરી માટે મલિકને બહુ લાગણી અને પ્રેમ હતાં. દુઃખની વાત એ છે કે દીકરી માટેના મા-બાપનાં સ્નેહવાત્સલ્ય વિકૃત અને ભીષણ સ્વરૂપ લે છે, જ્યારે દીકરા માટેનો પ્રેમ તેની બુદ્ધિ, શક્તિ, ઉદ્યોગપ્રવૃત્તિને ઓપ અને ઉત્સાહ આવે તેવું વિધાયક સ્વરૂપ લે છે.

આજે સુમન અને તેનાં બાળકો તેના પિયરમાં સુખશાંતિથી રહે છે. સુમન પોતાનો સ્વતંત્ર સંસાર નિર્માણ કરવાના જોરબંધ પ્રયત્નો કરી રહી છે. તેનો પતિ તેને ટેલિફોન પર બીભત્સ ગાળો દઈ અને બીજી રીતે હેરાન કરવાના પ્રયાસો કરે છે અને કોઈ વાર વળી માફી માગી તેને પાછી લેવા કાકલૂદી પણ કરે છે.

સુમન ભાગ્યશાળી કે તેનાં મા-બાપે તેને આશરો આપ્યો. બધાં મા-બાપ તેમ કરવા તૈયાર નથી હોતાં. દીકરીને વિદાય આપતાં ઝાંપે જે વચન તેનાં મા-બાપ અને કુટુંબીજનો ઉચ્ચારે છે કે 'અમે તારી ડોલી (પાલખી) ને આજે છેલ્લી વિદાય આપીએ છીએ. ત્યાં જ તારું જીવન અને ત્યાં જ તારું મરણ' તેનું અક્ષરશઃ પાલન કરે છે.

('માનુષી'માંથી સાભાર.) **અનુ. નયના મહેતા**

# સ્ત્રી તવારીખ—એક ઐતિહાસિક ઝલક (૧૮૧૯—૧૯૮૭)

સિદ્ધિ ઝવેરી

છેલ્લાં લગભગ ૧૫૦ વર્ષોમાં સ્ત્રી ચળવળને લગતા મહત્ત્વના બનાવો ભારતમાં બન્યા તેની રૂપરેખા અહીં ક્રમાનુસાર રજૂ કરવામાં આવી છે.

આ રૂપરેખા પ્રકાશિત કે અપ્રકાશિત, મૂળ અને આનુષંગિક માહિતીઓને આધારે તૈયાર કરવામાં આવી છે.

૧૮૧૯—બેપ્ટિસ્ટ મિશન, કલકત્તા દ્વારા સ્થાપવામાં આવેલી ધ ફિમેલ જ્યુવેનાઈલ સ્કૂલ, ફી ન માંગે એવી બંગાળી બાળાઓ માટે કલકત્તા શહેરના પરામાં સ્થપાયેલી પ્રથમ શાળા હતી.

૧૮૨૪—કિટ્ટુરની રાણી ચેનમ્મા ઇસ્ટ ઇન્ડિયા કંપનીની તાકાત સામે થઈ. એને કેદ કરાઈ અને એ જ હાલતમાં તે ૧૮૩૦માં મૃત્યુ પામી.

૧૮૨૯—'ધ બેંગોલ સતી રેગ્યુલેશન' નામનો સતી પ્રથાનો નિષેધ કરતો ધારો લોર્ડ વિલિયમ બેન્ટિંકે પસાર કર્યો. મદ્રાસ અને મુંબઈમાં એ ધારો ૧૮૩૦માં અમલમાં આવ્યો.

૧૮૪૯—ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ છોકરીઓ માટેની પહેલી શાળા અમદાવાદમાં સ્થાપી. શરૂઆતમાં માત્ર એક જ છોકરી શાળામાં જતી હતી. એક વર્ષ બાદ ૭ છોકરીઓ શાળાએ જતી થઈ. આ જ વર્ષમાં કોન્વેંટ સ્કૂલ ન હોય તેવી, છોકરીઓ માટેની પ્રથમ શાળા મુંબઈમાં સ્થપાઈ.

જે. ઈ. ડી. બેથ્યુન નામના સજ્જને ધ કલકત્તા ફિમેલ સ્કૂલની સ્થાપના કરી—એ પણ બિનસાંપ્રદાયિક વિચાર ધારા પર શરૂ થઈ. શ્રી બેથ્યુનને કેટલાક બંગાળીઓનો સક્રિય ટેકો હતો.

૧૮૫૪—ધ ૧૮૫૪ એજ્યુકેશનલ ડિસ્પેચ, જે વુડસ ડિસ્પેચના નામે પણ ઓળખાય છે, તેણે ભારતમાં સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપી, સક્રિય મદદરૂપે ઉદાર હાથે દાન આપ્યું.

૧૮૫૬—વિધવા પુનર્વિવાહનો કાયદો પસાર થયો.

૧૮૫૭—મુંબઈ યુનિવર્સિટીએ મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં બેસવાની એક પારસી વિદ્યાર્થિનીને ના પાડી દીધી.

૧૮૫૮—ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું અંગ્રેજો સાથેની લડાઈમાં મૃત્યુ થયું.

૧૮૬૨—ઉમેશચંદ્ર દત્ત બ્રાહ્મોબોધિની સભા અને સ્ત્રીઓ માટે બ્રાહ્મોબોધિની પત્રિકાની બંગાળમાં શરૂઆત કરી.

૧૮૬૪—ચેપી રોગને લગતો ખરડો પસાર થયો. જેમાં રોગગ્રસ્ત વેશ્યાઓની નોંધણી અનિવાર્ય બનાવાઈ. પરિણામે પોલીસથી બચવા ઘણી વેશ્યાઓએ આપઘાત કર્યા.

૧૮૬૫—બ્રાહ્મિક સમાજની રચના કેશવચંદ્રસેને કરી. આ સમાજમાં બંગાળની સ્ત્રીઓને ધાર્મિક શિક્ષણ અપાતું. પ્રત્યેક વર્ષે તેમાં શિક્ષાર્થીઓની સંખ્યામાં વધારો થતો હતો, પણ સમાજ એ સ્ત્રીઓને 'રખડેલ' ગણી હલકી નજરે જોતા.



૧૮૭૦—એક કુલીન પત્નીએ એના પતિ પર દાવો માંડ્યો અને ભરણપોષણ નિમિત્તે મહિને ૧૫ રૂ. મેળવ્યા. રૂપિયા આપવામાં નિષ્ફળ જવાથી પતિએ જેલમાં જવું પડ્યું.

૧૮૭૧—સમાજમાં આર્થિક રીતે નબળા વર્ગની સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ મળી રહે તે માટે ભંડોળ ઊભું કરવા નેશનલ ઇન્ડિયન એસોસિયેશનની સ્થાપના થઈ.

૧૮૭૨—ધ નેટીવ મેરેજ એક્ટ (દેશી લગ્ન ધારો) પસાર થયો, જેમાં આંતરજ્ઞાતીય લગ્ન અને છૂટાછેડાને મંજૂરી અપાઈ અને બહુપત્નીત્વનો નિષેધ કરાયો.

૧૮૭૩—માઈકલ મધુસૂદન દાસ દ્વારા વેશ્યાઓના પુનર્વસવાટનો પ્રયાસ. એમના મત પ્રમાણે આ સ્ત્રીઓએ ધંધાદારી થિયેટરોમાં ભરતી થઈ સ્ત્રી પાત્રો ભજવ્યાં. વિનોદિની નામની એક વેશ્યાએ એમાં ખ્યાતિ મેળવી. આમાંની કેટલીકે લેખનકાર્ય અપનાવ્યું.

૧૮૭૩—ન્યાયમૂર્તિ બદરુદ્દીન તૈયબજીએ એમની પુત્રીઓને શિક્ષણાર્થે પરદેશ મોકલી. શિક્ષણના હેતુથી પરદેશ ગયેલી તેઓ પ્રથમ મુસ્લિમ છોકરીઓ હતી.

૧૮૭૭—કલકત્તા યુનિવર્સિટીએ સ્ત્રીઓને મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપી.

૧૮૭૯—બંગાળમાં કે. સી. સેન અને એમનાં પત્નીએ 'વીમેન્સ એસોસીએશન'ની શરૂઆત કરી. ભારતીય નારીનો માનસિક અને બૌદ્ધિક વિકાસ કરી, તેની ચેતનો જાગૃત કરી તેને કાબેલ માતા અને સારી ગૃહિણી બનવા માટેની બનતી સગવડો કરી આપવાનું તેમનું ધ્યેય અને હેતુ હતાં.

૧૮૮૨—કેશબ ચંદ્ર સેને 'વિકટોરીઆ કૉલેજ'ની સ્થાપના કરી, જે સ્ત્રીઓ માટેના ઉચ્ચ શિક્ષણની પહેલી સંસ્થા હતી. સંસ્થાએ આદર્શ હિંદુ પત્ની અને સારી હિંદુ માતા બનવાનું શિક્ષણ આપ્યું અને હિંદુ સ્ત્રીત્વના આદર્શો વિશે તાલીમ આપી.

૧૮૮૨—કાદંબિની બોઝ અને ચંદ્રમુખી બાસુ કલકત્તા યુનિવર્સિટીના સહુ પ્રથમ સ્ત્રી સ્નાતક હતાં. ૧૮૯૧માં એટલે કે ૧૨ વર્ષ પછી મદ્રાસ યુનિવર્સિટી કલકત્તા યુનિ.ને અનુસરી.

૧૮૮૨—ધ ઇન્ડિયન એજ્યુકેશન કમિશને એમ નોંધ્યું છે કે શાળાએ જવાની ઉંમર ધરાવતી છોકરીઓ પૈકી ૯૮% શાળાની બહાર જ હતી. ૧૮૮૧-૮૨ માં ભારતમાં છોકરીઓ માટે ફક્ત એક જ કૉલેજ હતી. ૧૯૦૧-૦૨માં આ સંખ્યા વધીને ૧૨ જેટલી થઈ.

૧૮૮૪—ઑલ ઇન્ડિયા મોમેડિયન એજ્યુકેશન કૉન્ફરન્સ (અખિલ ભારતીય મુસ્લિમ શિક્ષણ સંમેલન)ની સ્ત્રી પાંખની સ્થાપના થઈ.

૧૮૮૬—ઈસાબેલા થોબર્ન નામની અંગ્રેજ સ્ત્રીના નામ ઉપરથી ઈસાબેલા થોબર્ન કૉલેજની સ્થાપના થઈ. ભારતમાં સ્ત્રી શિક્ષણમાં તે એક સીમાચિહ્ન બની ગઈ.

૧૮૯૬—એક પક્ષ ખ્રિસ્તી હોય તો લગ્ન શક્ય બને, એવો ખ્રિસ્તી લગ્ન ધારો પસાર થયો, પણ સ્ત્રીઓ માટે છૂટાછેડાના અધિકારોને બહુ જ સખત રીતે મર્યાદિત રાખ્યા અને લૉ કમિશનનાં સૂચનો છતાં આ ખરડો આજ પર્યંત બદલાયા વિનાનો છે.

૧૮૯૬—ડૉ. કર્વેએ વિધવા ઘર-અનાથ બાલિકાશ્રમની સ્થાપના કરી.

૧૯૦૧થી ૧૯૧૦—મોટેભાગે બંગાળમાં દેશી લગ્ન ધારા (૧૮૭૨) હેઠળ ૩૩૫ વિધવાઓનાં લગ્ન થયાં.

૧૯૦૧—ખાણોને લગતો પહેલો ધારો પસાર થયો તેમાં ૧૯૨૩માં સુધારા થયા. કામદારોને નુકસાની ભરપાઈ કરી આપતો ખરડો પણ પસાર થયો. આ ધારાએ સ્ત્રીઓને ભોંયભીતર કામની બંધી ફરમાવી નહોતી. આ બાબત સિલેક્ટ કમિટી પાસે ગઈ અને એણે સ્થાનિક સરકાર પર પાંચ વર્ષની અંદર નિર્ણય લેવાનું છોડ્યું. તેમ છતાં છેક ૧૯૩૭ના ઑક્ટોબરમાં સ્ત્રીઓને ખાણોમાં ભોંયભીતર કામ કરવાની બંધી થઈ.

૧૯૦૨—ઑલ ઇન્ડિયા મોહમેડિયન એજ્યુકેશન કૉન્ફરન્સની નારી પાંખમાંથી એક શાખા ફંટાઈ અને ફિમેલ એજ્યુકેશન એસોસિયેશન (નારી શિક્ષણ સંસ્થા)નો જન્મ થયો. શેખ અબ્દુલા એના મંત્રી-પદે હતા.

૧૯૦૩—૧૪,૭૬૪ સ્ત્રીઓ કોલસાની ખાણોની ભીતરમાં કામ કરતી હતી અને ૧૮,૨૩૧ ઉપર કામ કરતી હતી.

રવીન્દ્રનાથ ટાગોરની ભાણેજ સરલાદેવી ઘોષાલે સ્વદેશી વસ્તુઓની એક દુકાન 'લખીર ભંડાર' (લક્ષ્મી ભંડાર) કલકત્તામાં શરૂ કરી.

૧૯૦૪—ટાગોર કુટુંબના સરલાદેવી ચૌધરીએ એક નાના સમુદાયને વંદે માતરમ્ ગાવાની તાલીમ આપી, જેણે ૧૯૦૪ની કૉંગ્રેસ બેઠકમાં ઇતિહાસ સર્જ્યો.

પુડુકોટ્ટાઈની (તામીલનાડુ)ની રાજા'સ કૉલેજમાં દાખલ થનાર સી. એન. મધુલક્ષ્મી, પ્રથમ મહિલા હતાં. પાછળથી મદ્રાસ યુનિવર્સિટીના મેડિકલના સ્નાતક થનારાં પણ તેઓ જ પ્રથમ મહિલા હતાં અને લેજિસ્લેટિવ કાઉન્સિલના પણ તેઓ જ પ્રથમ મહિલા સભ્ય હતાં.

૧૯૦૪—સર સઈદ અહમદખાને ઉર્દૂમાં સ્ત્રીઓ માટે 'ખાતૂન' નામનું સામયિક શરૂ કર્યું, સ્ત્રીઓમાં ચેતના આવે અને તેઓ પોતાના હક્કોની માંગણી કરી શકે, એવા ખ્યાલે આ પત્રિકા બહાર પડી હતી. એમાં દહેજ, બહુપત્નીત્વ, સતી, બાળલગ્ન વગેરે વિષયોને આવરી લેવાયા.

૧૯૦૬—શેખ અબ્દુલ્લા અને તેમનાં પત્ની બેગમ આલાએ અલીગઢમાં છોકરીઓ માટે એક શાળાની શરૂઆત કરી.

૧૯૦૯–લાહોરમાં ઉદ્યોગ અને કૃષિવિષયક પ્રદર્શન ભરાયું હતું. તેના નારી વિભાગનું આયોજન શ્રીમતી પાર્સન, શ્રીમતી હરકીસનલાલ અને શ્રીમતી સુશીલાદેવીએ કર્યું હતું.

૧૯૧૦—સ્ત્રી શિક્ષણના પ્રસાર માટે ભારતવ્યાપી સંસ્થા 'ભારત સ્ત્રી મહામંડળ'ની સ્થાપના સરલાદેવી ચૌધરાનીએ કરી.

૧૯૧૩—વચલી પટ્ટીમાં 'વંદે માતરમ્' લખેલા ભારતીય રાષ્ટ્રધ્વજને માદામ ભીકાજી કામાએ લહેરાવ્યો.

૧૯૧૩—ડૉ. સુરેન્દ્રનાથ સેને કાનપુરમાં બાલિકા વિદ્યાલય નામની છોકરીઓની પ્રથમ શાળાની સ્થાપના કરી. ૧૯૨૯માં એ હાઈસ્કૂલ બની અને ૧૯૩૪માં એ ઇન્ટરમીડીએટ કૉલેજ બની.

પાર્વથીઅમ્મા કે. એસ. ચંદ્રશેખર આય્યરે બેંગલોરમાં મહિલા સમાજની શરૂઆત કરી. એનો ઉદ્દેશ સ્ત્રી શિક્ષણ ફેલાવવાનો અને વિધવાઓને મદદ કરવાનો હતો. શાળાઓ ઉપરાંત ગર્ભવતી માતાઓ માટે કલ્યાણ કેન્દ્ર પણ ચાલતું અને એક પુસ્તકાલય અને મનોરંજન ક્લબ પણ હતી.

૧૯૧૬—ધ ઇન્ડિયન વિમેન્સ યુનિવર્સિટી નામની સ્ત્રીઓ માટેની ઉચ્ચ શિક્ષણની સંસ્થા પ્રથમ વાર જ મુંબઈમાં સ્થપાઈ. સ્થાપક હતા ડૉ. ડી. કે. કર્વે. જેનું ૧૯૨૦માં નામ બદલાઈ શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી (S. N. D. T.) વિમેન્સ યુનિવર્સિટી થયું.

૧૯૧૭—વિમેન્સ ઇન્ડિયા એસોસિયેશન સ્થપાયું. ધાર્મિક પણ બિનસંકુચિત. એનાં પ્રથમ પ્રમુખ એનીબેસન્ટ હતાં; ત્યાર પછી મુથુલક્ષ્મી રેડ્ડી પ્રમુખ બન્યાં. આ સમય દરમિયાન માર્ગારેટ કઝીન્સે ફક્ત સ્ત્રીઓના પ્રતિનિધિ મંડળની સ્થાપના કરી અને સ્ત્રીઓને સ્પર્શતા સુધારાઓની માંગણી કરી. સરોજિની નાયડુએ આ સુધારાઓને વ્યક્ત કર્યા. પ્રતિનિધિ મંડળે વાઈસરોય સામે ધરણા કર્યા. એમની માગણીઓ હતી: વધારે સારી સ્વાસ્થ્ય સ્થિતિ, શિક્ષણની સગવડોમાં સુધારા તેમ જ સ્વાસ્થ્ય અને પ્રસૂતિને લગતી સવલતોમાં સુધારો.



૧૯૧૮—સ્ત્રીઓનું પ્રતિનિધિ મંડળ સાઉથ બોરોહ કમિશનને સ્ત્રી મતાધિકારમાં સુધારણા અંગે મળવા ગયું. શ્રીમતી કે. ઓ. રુકમણિ અમ્માએ સ્ત્રી શિક્ષણ, ગૃહઉદ્યોગ, ધંધાકીય તાલીમ અને સંગીત તથા નૃત્યના વિકાસ માટે મૈસુર મહિલા સમાજની સ્થાપના કરી. આ જ વર્ષમાં તેઓએ પ્રથમ સ્ત્રી સંમેલનનું મૈસુરમાં આયોજન કર્યું.

૧૯૧૯—બ્રિટિશ પાર્લામેન્ટે ભારતીય સ્ત્રીઓના મતાધિકારને તેમનો 'ઘરેલુ મામલો' ગણવાનું નક્કી કર્યું, જેને સ્થાનિક (પ્રાદેશિક) કાયદાઓ દ્વારા તેઓ જાતે જ પતાવી દેશે તેવું માન્યું.

૧૯૨૦—મદ્રાસ સેનેટના પ્રથમ મહિલા સેનેટર રુકમણિ અમ્મા હતાં અને હિંદુ લૉ રિફૉર્મ કમિટીના (હિંદુ કાયદા સુધારણા સમિતિ) તેઓ પ્રથમ મહિલા સભ્ય હતાં. તેઓ મૈસુર સ્ટેટ ઇકોનોમિક કૉન્ફરન્સના પણ સભ્ય હતાં અને બંધારણીય સુધારણા કમિટીના પ્રતિનિધિ હતાં. અંગ્રેજ સરકારે તેમને 'કૈસરે હિંદ'ના પારિતોષિકથી નવાજ્યાં.

૧૯૨૧—મદ્રાસની લેજિસ્લેટિવ કાઉન્સિલે સ્ત્રીઓને મતાધિકાર આપ્યો. કાયદેસર અને શાંતિપૂર્વક રીતે સ્વરાજ્ય મેળવવા માટે રાષ્ટ્રીય સ્ત્રી સભા રચાઈ. વ્યવસ્થા અને સંચાલન સંપૂર્ણપણે સ્ત્રીઓએ કર્યું. એની સ્વદેશી માંગણીઓને લીધે એને ૧૯૩૦માં ગેરકાનૂની ઠરાવાઈ. એ પછી ઇન્ડિયન વિમેન્સ યુનિવર્સિટી ક્લબની સ્થાપના થઈ. એને પણ ૧૯૩૨માં સ્વદેશી ચળવળને સાથ આપવા માટે ગેરકાનૂની ઠરાવાઈ.

૧૯૨૨—કાકિનાડા મહિલા કૉંગ્રેસ સમિતિના સંગઠક, શ્રીમતી ડી. સુબમ્માને સર્વપ્રથમ 'મહિલા રાષ્ટ્રભક્ત' બનવાનો મોકો મળ્યો. એક વર્ષનો સખત કારાવાસ તેઓએ ભોગવ્યો.

૧૯૨૪—ઉપાડી જવાયેલી—અપહરણ કરાયેલી—સ્ત્રીઓના સંરક્ષણ અને પુનર્વસન માટે બંગાળના શ્રી કૃષ્ણકુમાર મિત્રાએ મહિલા સંરક્ષણ લીગની સ્થાપના કરી અને સ્ત્રી વિરોધી ગુનાઓ કરતા પુરુષોને સજા કરવાની માંગણી કરી.

૧૯૨૫—મણિપુરની સ્ત્રીઓએ પાણી વેરાની વૃદ્ધિ સામે બહુ જ સફળતાપૂર્વક ચળવળ ચલાવી અને ૩૦,૦૦૦ રૂપિયામાંથી માત્ર ૭,૦૦૦ રૂપિયાનો જ કર ભર્યો.

૧૯૨૬—સ્ત્રીઓ માટે લેજીસ્લેટિવ કાઉન્સિલનાં (કાયદા સમિતિ) સભ્ય બનવાનું શક્ય બન્યું. મુથુલક્ષ્મી રેડ્ડી વિના વિરોધ મદ્રાસ લેજીસ્લેટિવ કાઉન્સિલનાં પ્રથમ મહિલા સભ્ય તરીકે ચૂંટાયાં. મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીમાં સ્ત્રીઓ ભાગ લેતી થઈ.

મુંબઈ શહેરના ભૌગોલિક દૃષ્ટિએ મહત્ત્વના ચાર વિભાગો હતા. જેમાં ૪૬૦ મહિલા અગ્રણીઓ હતી. સરોજિની નાયડુ તેમાંનાં એક હતાં. તેમને મુંબઈનું મેયરપદ સ્વીકારવા કહેવામાં આવ્યું. પરંતુ તેમણે તેનો અસ્વીકાર કર્યો.

કમલાદેવી ચટ્ટોપાધ્યાય, લેજીસ્લેટિવ કાઉન્સિલની ચૂંટણી લડનાર પ્રથમ મહિલા હતાં. અપાયેલા ૫૦૦૦ મતમાંથી ૬૦૦ મતે તેઓ હારી ગયાં. વિરોધીના ૨ વર્ષના પ્રચાર સામે તેમણે માત્ર બે મહિના જ ચૂંટણી માટે પ્રચાર કર્યો હતો.

ભારતીય મહિલા સંગઠન દ્વારા એક કૉન્ફરન્સનું આયોજન થયું. જેમાં બાળાઓ અને સ્ત્રીઓના શિક્ષણ અંગે ઝીણવટથી કાર્યક્રમ નક્કી કરાયો.

૧૯૨૭—ધ ઑલ ઇન્ડિયા વિમેન્સ કૉન્ફરન્સ (અખિલ ભારતીય મહિલા પરિષદ)ની સ્થાપના થઈ. જેમાં બધાં જ ક્ષેત્રની સ્ત્રીઓના સમગ્ર હિતને લક્ષમાં લઈ પ્રવૃત્તિ કરવાનું વિચારાયું. માર્ગારેટ કઝીન્સ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય અને બીજાઓ દ્વારા 'મહિલા દિન'નું આયોજન કરવામાં આવ્યું. સિસ્ટર સુબ્બુલક્ષ્મી અને ધ શારદા લેડીઝ યુનિયન (તામિલનાડુ)

દ્વારા શિક્ષકોની તાલીમ માટે શારદા વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું. બેંગાલ વિમેન્સ એજ્યુકેશનલ લીગની સ્થાપના થઈ, જે બંગાળમાંની એકમાત્ર સરકારમાન્ય સંસ્થા હતી. તેણે બંગાળમાં છોકરી-ઓની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની હિમાયત કરી.

૧૯૨૯—ગાંધીજીની દાંડી કૂચમાં પણ સ્ત્રીને સામેલ નહોતી કરાઈ. સરોજિની નાયડુ નિર્ધારિત જગ્યાએ તેમની સાથે ભળ્યાં અને અસહકારની ચળવળમાં પકડાનાર તેઓ પ્રથમ મહિલા હતાં.

૧૯૨૯—લગ્ન માટે સ્ત્રીની સંમતિ હોવી જોઈએ એમ સૂચવતી એજ ઑફ કન્સેન્ટ કમિટીએ છોકરી-ઓની ઓછામાં ઓછી લગ્નની વયમર્યાદા ૧૪ વર્ષની નક્કી કરી અને છોકરાઓની ૧૮ વર્ષની. ૧૯૨૯ના ઑક્ટોબરમાં ધ શારદા એક્ટ દ્વારા આને કાનૂની મંજૂરી મળી.

૧૯૨૯—હિંદુ વિમેન્સ રાઈટ ટુ પ્રોપર્ટી એક્ટ (હિંદુ સ્ત્રીઓનો મિલકત ધરાવવાનો અધિકાર ખરડો) પસાર થયો. બીજો ખરડો ૧૯૩૭માં પસાર થયો.

૧૯૩૦—અંબિકા ચક્રવર્તી નામની મહિલા ત્રાસવાદીની ચિત્તાગોંગમાં ધરપકડ થઈ.

મીઠા બનાવતા કારખાનાંઓ પર સરોજિની નાયડુની નેતાગીરી હેઠળ દરોડા પાડવામાં આવ્યા. મીઠા કરના વિરોધમાં અમદાવાદની ગવર્મેન્ટ હાઈસ્કૂલ-ની પાંચ વિદ્યાર્થિનીઓને શાળાના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા અને સલામી આપવા માટે બરતરફ કરવામાં આવી.

ઈન્દુમતી ગોએન્કા નામની ૧૫ વર્ષની બાળા, બંગાળની પ્રથમ રાજકીય મહિલા કેદી બની, જેની વિદેશી કપડાની દુકાન સામે વિરોધ કરવા માટે ધરપકડ કરવામાં આવી.

બોમ્બે પ્રોવિન્સિયલ કોંગ્રેસ કમિટી દ્વારા નિમાયેલી યુથ કાઉન્સિલના શ્રીમતી પેરીન કેપ્ટન પ્રથમ મહિલા પ્રમુખ હતાં.



૧૯૩૧—આઈ. ડબલ્યુ. સી. (અખિલ હિંદ મહિલા પરિષદ) તરફથી પહેલી ઑલ એશિયન વીમેન્સ કૉન્ફરન્સની સ્થાપના થઈ. સરોજિની નાયડુ વિના વિરોધે પ્રમુખપદે ચુંટાઈ આવ્યાં. (તેઓ તે સમયે પુનાની જેલમાં હતા.)

રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સમાં સ્ત્રીઓની વધતી જતી માંગણીઓની રજૂઆત થઈ.

ધ ઇન્ડિયન નેશનલ કોંગ્રેસે કરાંચી અધિવેશનમાં એમ જાહેર કર્યું કે સ્વતંત્ર ભારતમાં લિંગભેદના પાયા ઉપર કોઈ ભેદભાવ નહિ રખાય.

૧૯૩૨—સત્યાગ્રહની ચળવળમાં ભાગ લેવા માટે ઉમા નહેરૂ, ક્રિષ્ણા નહેરૂ, વિજયાલક્ષ્મી પંડિત અને રાજેન્દ્રકુમારીની ધરપકડ થઈ. કસ્તુરબા ગાંધીને 'સી' વર્ગના કેદી તરીકે ૭ મહિનાની સખત કેદની સજા થઈ.

ધ ઑલ ઇન્ડિયા વીમેન્સ યુનિયનની સ્થાપના થઈ, જેનો હેતુ, વ્યાપારીકરણનાં દૂષણો, શોષણ અને સ્ત્રી અને બાળકોમાં પ્રવર્તતી બદીઓની નાબૂદી-નો હતો.

૧૯૩૩—ચિત્તાગોંગ શસ્ત્રાગાર પર દરોડામાં સામેલ થવા અને ૯મી જાટ રેજીમેન્ટ પર ગોળીઓ ચલાવવા માટે ક્રાંતિકારી મહિલા કલ્પના દત્તની ધરપકડ કરવામાં આવી.

૧૯૩૪—બનારસમાં મળેલી ઑલ ઇન્ડિયા મ્યુઝીક કૉન્ફરન્સમાં બાલાસરસ્વતી દ્વારા પ્રસ્તુત કરાયેલ ભરત-નાટયમ્‌ને સામાજિક સ્વીકૃતી મળી.

૧૯૩૭—બીના દાસ નામની ત્રાસવાદી મહિલાએ બંગાળના રાજ્યપાલ સર સ્ટેનલી જેકસન પર ગોળીબાર કર્યો, એને પરિણામે એને ૯ વર્ષની સખત કેદની સજા થઈ.

૧૯૩૯—મણિપુરમાંથી મારવાડી વેપારીઓ દ્વારા બેધડકપણે ચોખાની નિકાસ થતી હતી. આની સામે મણિપુરી સ્ત્રીઓએ 'નુપી લાન' અથવા 'સ્ત્રીયુદ્ધ' ચલાવ્યું. આ નિકાસથી રાજ્યમાં લગભગ દુકાળ જેવી અછત સર્જાઈ હતી.

૪૧,૦૦૦ સ્ત્રીઓએ ટેલિગ્રાફ ઑફિસમાં રાજકીય એજન્ટને ઘણો સમય સુધી ઘેરી રાખ્યો. આ સ્ત્રીઓ પર કલાકો સુધી સતત ગોળીબાર કરવામાં આવ્યો. આખરે ૧૯૩૯ના ડિસેમ્બરમાં ચોખાની નિકાસ બંધ કરાઈ.

ડિસોલ્યુશન ઑફ મુસ્લિમ મેરેજીસ એક્ટ દ્વારા મુસ્લિમ સ્ત્રીઓના છૂટાછેડાનો અધિકાર માન્ય રખાયો.

૧૯૪૦—ભારતને, એના દેશવાસીઓની ઇચ્છા વિરુદ્ધ બીજા વિશ્વયુદ્ધમાં ઘસડી જવા સામે થયેલા સત્યાગ્રહમાં ભાગ લેવા માટે (પૂરતી તપાસ કે સુનાવણી વગર જ) સરોજિની નાયડુ, હંસા મહેતા અને વિજયાલક્ષ્મી પંડિતની અટકાયત કરવામાં આવી.

૧૯૪૨—૫,૦૦૦ સ્ત્રીઓએ લાજ-પડદા વિરોધી મહિલા સંમેલનમાં હાજરી આપી. આ કૉન્ફરન્સના એક ભાગ રૂપે ત્યાં પડદા વિરોધી તમાશા જેવું હતું, જેમાં મારવાડી છોકરીઓ ઘોડા પર બેસી સ્ત્રીઓને દોરીને લઈ જતી હતી અને એની પાછળ મારવાડી સ્ત્રીઓ એક ગાડી ચલાવીને આવતી હતી.

ઇંગ્લેંડની મહિલા શાંતિ સમિતિમાં પાર્વતી હેમલતા સુબ્બારાયે ભાષણ આપ્યું અને તેમણે એમ કહ્યું કે 'અંગ્રેજ સામ્રાજ્યવાદ એ જર્મન નાઝીવાદ જેટલો જ ખરાબ છે.'

૧૯૪૨—ભારતીય સૈનિકોએ ઇન્કાર કરવાથી અંગ્રેજ સૈનિકો દ્વારા ઇંદિરા ગાંધીની ધરપકડ કરાઈ.

સ્ત્રીઓએ 'હિંદ છોડો'ની ચળવળમાં અને બંગાળની 'તભાગા' ચળવળમાં ભાગ લીધો. ત્રિભાગા ચળવળ એ ભાગે જમીન ખેડતા ખેડૂતોનો સંઘર્ષ હતો. જમીનદારો ઊપજનો મોટો ભાગ પડાવી લેતા હોવાથી એના વિરોધમાં ખેડૂતોએ ન્યાયની માંગ કરી હતી. સ્ત્રીઓ આ આંદોલનમાં મોખરે રહી હતી.

૧૯૪૪—ભારતના ગૃહખાતાને, ૧૫મી માર્ચની તારીખવાળો એચ. જી. ડે તરફથી એક ખાનગી પત્ર મળ્યો. જેમાં 'બધા જ સમાચાર પત્રોને શ્રીમતી નાયડુના એક પણ વિધાનને પ્રેસની સલાહ વગર પ્રકાશિત ન કરવાની' ચેતવણી આપવામાં આવી હતી.

—કસ્તુરબા ગાંધીનો દેહાંત થયો.

—રાજકુમારી અમૃત કોરને સીમલાની સુધરાઈ-ની હદથી બહાર જવાની મનાઈ ફરમાવતો એક રિસ્ટ્રિક્શન ઑર્ડર ૮મી નવેમ્બરે પંજાબના મુખ્યમંત્રી-એ બહાર પાડ્યો.

સત્યવતી દેવીને સીમલાના લેડી ઇરવીન ટી. બી. સેનેટોરિયમમાં રોકી રાખવામાં આવ્યાં અને પછી એમને દિલ્હી પાછા ફરવાની મનાઈ કરતો હુકમ કેન્દ્ર સરકારે ફરમાવ્યો.

૧૯૪૫—સુભાષચંદ્ર બોઝના માર્ગદર્શન હેઠળ 'રાણી ઝાંસી બેટલિયન' નામનું ભારતનું પ્રથમ મહિલા લશ્કર રચાયું જે ખરેખર અસરકારક હતું. આંદામાનને મુક્ત કરવામાં એ સફળ નીવડ્યું. ઇમ્ફાલમાં એ પરાજિત થયું અને ઘણી સ્ત્રીઓનાં ભૂખમરાથી મરણ થયાં.

૧૯૪૬—કોલસાની ખાણમાં સ્ત્રીઓ સામે ભોંય-ભીતર કામ કરવા પર ભારત સરકારનો પ્રતિબંધ આવ્યો. (૧૯૩૯માં આ હુકમ બહાર પાડવામાં આવ્યો અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ઉત્પાદન વધારવાની અનિવાર્યતાને કારણે એને પાછો ખેંચવામાં આવ્યો). એમ કહેવાય છે કે કોલસાની ખાણોમાં સહુથી વધારે સંખ્યામાં સ્ત્રીઓ કામ કરતી હતી. પણ આ પ્રતિબંધથી અને બીજાં કેટલાંક કારણોવશાત્ કોલસાની ખાણોમાં-થી સ્ત્રી કામદારોની સંખ્યા ધીરેધીરે ઘટતી ગઈ.

૧૯૪૭—ભારત સ્વતંત્ર બન્યું. ભારતની સ્ત્રીઓ વતી હંસા મહેતાએ બંધારણીય સમિતિને રાષ્ટ્રધ્વજ અર્પણ કર્યો.

ધ મદ્રાસ દેવદાસી પ્રીવેન્શન એન્ડ ડેડીકેશન એક્ટ દેવદાસીની પ્રથા બંધ કરવાના આશયથી પસાર થયો. (આમાં આડકતરી રીતે વેશ્યાગીરી ઓછી કરવાનો હેતુ પણ હતો.)

૧૯૪૮—ફેક્ટરી એક્ટ પસાર થયો. જેમાં કેટલાંક સખત અને જોખમી કામો માટે સ્ત્રી કામદારોને લેવાનો નિષેધ કરાયો. જ્યાં ૫૦થી વધારે સ્ત્રીઓ કામ કરતી હોય તેવાં કારખાનાંઓ, ઉદ્યોગગૃહો, રબર-ચાના બગીચાઓ વગેરે જગ્યાએ ઘોડિયાઘરની વ્યવસ્થા કરવામાં આવી. ખાણમાં જ્યાં ફક્ત એક જ સ્ત્રી કામ કરતી હોય ત્યાં પણ ઘોડિયાઘરની સગવડ ફરજિયાત કરવામાં આવી.

૧૯૫૧—૧૯૫૧ના પ્લાન્ટેશન લેબર એક્ટ, ફેકટરી એક્ટની સાથે બીડી અને સીગાર કામદાર ધારા હેઠળ સ્ત્રીઓ સામે સાંજના ૭ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી નોકરી પર જવાનો પ્રતિબંધ મુકાયો. તેમ છતાં રાજ્ય સરકારોને ખાસ સંજોગોમાં આ બધી હળવી કરવાનો અધિકાર હતો.

૧૯૫૨—૧૯૪૮ના ખાણોને લગતા ધારા અને કારખાના ધારાએ સંબંધિત સરકારને સ્ત્રીઓ વધારે-માં વધારે કેટલું વજન ઊંચકી શકે તે નક્કી કરવાની છૂટ આપી. સ્ત્રીઓને જ્યાં વધારે ગંભીર પ્રકારનાં શારીરિક જોખમો કે રોગની સંભાવના હોય એવા કોઈ પણ ક્ષેત્રના કામનો નિષેધ કરવાની રાજ્ય સરકારને સત્તા હતી. આ ધારાને લીધે સ્ત્રીઓને ખાણોમાં ભોમભીતર કામ કરવા પર પ્રતિબંધ આવ્યો.

૧૯૫૪—ધ બોમ્બે દેવદાસી પ્રોટેકશન એક્ટ પસાર થયો. એના કાયદાકાનૂન પણ ૧૯૪૭ના મદ્રાસ એક્ટ જેવા જ હતા.

ખાસ લગ્નધારો આવ્યો જેમાં બિનસાંપ્રદાયિક લગ્નને મંજૂરી મળી. કોઈ પણ ધર્મનાં યુગલો લગ્ન-સંબંધ બાંધી શકે એવી આ ધારાએ જોગવાઈ કરી આપી. આ ધારા હેઠળ લગ્નની વય નક્કી કરવામાં આવી. આ ધારા મુજબ છોકરાઓની ઓછામાં ઓછી ૨૧ વર્ષની અને છોકરીઓની ૧૮ વર્ષની ઉંમર નક્કી થઈ અને લગ્નનોંધણી ફરજિયાત બની.

૧૯૫૫—હિન્દુ લગ્નધારો પસાર થયો. આ ધારા હેઠળ સ્ત્રીઓને છૂટાછેડાનો અધિકાર આપવામાં આવ્યો. આ ધારાને લીધે રાજ્ય સરકારોને પણ લગ્નની નોંધણી ફરજિયાત બનાવવામાં સુગમતા થઈ. આ નિયમની વિરુદ્ધ કોઈ પણ માણસ વર્તે તેને રૂપિયા ૨૫નો દંડ થઈ શકતો. પણ આ કાયદા પ્રમાણે લગ્ન નોંધાવ્યાં ન હોય તોપણ તે કાયદેસર ગણાતાં.

૧૯૫૬—હિંદુ વારસા હક્કનો કાયદો પસાર થયો જેમાં સ્ત્રીઓને મિલકત (સ્થાવર-જંગમ) ધરાવવાનો હક્ક આપવામાં આવ્યો.

હિંદુ સગીર વય અને વાલીપણા અંગેનો કાયદો પસાર થયો જેમાં અપરિણીત છોકરીઓ અને છોકરા-ઓના વાલી તરીકે પિતાને પ્રકૃતિગત વાલી ગણી તેના ઊંચા દરજ્જાને કબૂલ રાખવામાં આવ્યો. આ પહેલાં પાંચ વર્ષની નીચેનાં બાળકો ઉપરના માતાના હક્કને માન્ય રાખવામાં આવ્યો હતો, પરંતુ ત્યારે પણ આ ખરડાને 'સામાન્ય રીતે' એવા શબ્દથી પ્રમાણભૂત ગણવામાં આવ્યો હતો. આ કાયદાએ પિતાનો ઇચ્છા પ્રમાણે વાલી નીમવાનો હક્ક છીનવી લીધો, (જે એની પાસે પહેલાં હતો) અને આમ, માતાનો પણ એ અધિકાર છીનવાઈ ગયો.

હિંદુ દત્તક અને ભરણપોષણના કાયદામાં (વણ લખ્યા હિંદુ કાયદા પ્રમાણે) સ્ત્રીને ભરણપોષણનો સંપૂર્ણ હક્ક આપવામાં આવ્યો. એટલે કે એનો પતિ કોઈ અપર્યાપ્ત કારણોસર એના ભરણપોષણના હક્કને નકારી શકે નહિ. પણ જો સ્ત્રી એના 'પવિત્રતા'ના માર્ગ પરથી આડી ચાલે, તો એ એનો હક્ક ગુમાવે.

૧૯૫૯—સ્ત્રી શિક્ષણ માટે એક નેશનલ કમિટીની સ્થાપના થઈ, જેનાં બીજી બધી માંગણીઓ સાથે કમિટીએ કિશોરીઓ અને સ્ત્રીઓ માટે સારી ગુણ-



વત્તાવાળા શિક્ષણની માંગણી કરી. દા. ત. ત્રીજી પંચ-વર્ષીય યોજનામાં કમિટીએ શાળામાં ૬થી ૧૧ વર્ષના છોકરા અને છોકરીઓની સરખી સંખ્યાનું લક્ષ્યાંક રાખ્યું હતું. તેમણે સ્ત્રીઓ માટે વ્યાવસાયિક તાલીમ, તેમ જ સ્ત્રીઓ માટેની પોલિટેક્નિકસની સ્થાપના કરવા સૂચવ્યું.

૧૯૬૦—૧૮૮૬ના ખ્રિસ્તી લગ્નધારામાં સ્ત્રીઓના છૂટાછેડાના હક્કમાં કેટલાક સુધારાઓ લાવવા માટે સરકારે લૉ કમિશનને ફેરફાર કરવા સૂચવ્યું. લૉ કમિશનનું ડ્રાફ્ટ બિલ, ધ ક્રિશ્ચિયન મેરેજ અને મેટ્રીમોનિયલ કોઝીસ બિલ ૧૯૬૦ આ બધાએ ૧૯૫૪ ના સ્પેશિયલ મેરેજ એક્ટમાં આવતા લગભગ બધા જ મુદ્દાઓ આવરી લીધા હતા. તેમ છતાં સરકારે લૉ કમિશનના સૂચનો પર પછી કોઈ પણ પગલાં લીધાં નહિ.

૧૯૬૧—દહેજ પ્રતિબંધક ધારા મુજબ દહેજ આપવા કે લેવાનું ગેરકાનૂની ગણાયું.

ધ મેટરનિટી બેનિફિટસ એક્ટમાં કારખાનાંઓ કે ઉદ્યોગગૃહોમાં કામ કરતી સ્ત્રીઓ માટે પ્રસૂતિ દરમિયાન રાહત રહે, તેવી સગવડોને કામદારોની રાજ્ય વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવી.

૧૯૬૨—કેટલાક નોંધનીય સંઘર્ષ બાદ, પંજાબની મહિલા ડોક્ટરોને સિવિલ સર્જનનો દરજ્જો આપ-વામાં આવ્યો.

૧૯૬૪- સુઈસાઈડ ઈન્કવાયરી કમિટી, જેણે ૧૯૬૦-૬૪ના ગુજરાતના આપઘાતના કેસો તપાસ્યા, તેણે સ્ત્રીઓમાં આપઘાતના કિસ્સાઓમાં ગેરકાયદેસરના ગર્ભધારણને મહત્ત્વનું કારણ ગણાવ્યું.

૧૯૬૬—ભારતના સર્વપ્રથમ મહિલા વડા પ્રધાન તરીકે ઇંદિરા ગાંધીએ શપથ લીધા. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ સાથેની અથડામણમાં સાત સ્ત્રીઓનું નક્ષલ-બારીમાં મૃત્યુ થયું. તેમનું મૃત્યુ 'સાત કન્યા પ્રાણાર્પણ' તરીકે ઓળખાયું.

૧૯૭૧—ધ મેડિકલ ટર્મીનેશન ઑફ પ્રેગ્નન્સી એક્ટ પસાર થયો. આ કાયદા મુજબ ૧૮ વર્ષની નીચેની વયની કન્યાનો ગર્ભપાત તેની પોતાની મંજૂરી વિના તેના વાલીની મંજૂરીથી થઈ શકે એવું નક્કી થયું.

૧૯૭૨—શ્રમિક સંગઠનોએ (ટોઈલર્સ ઓર્ગે-નાઈઝેશન) આદિવાસી સ્ત્રીઓ પર ગુંડાઓ, પૈસા-દાર ખેડૂતો તથા પોલિસો દ્વારા થતા બળાત્કાર સામે ચળવળ શરૂ કરી. આ ઝુંબેશમાં ઘણી સ્ત્રીઓ ખેંચાઈ અને તેમણે આ સંઘર્ષની સીમાને નશા-બંધી, પત્ની તાડન અને જાતીય હેરાનગતિના મુદ્દાઓ સુધી વિસ્તારી. કહેવાતી નક્ષલાઈટસ, એવી લગભગ ૫,૦૦૦ સ્ત્રીઓની થોડાં જ વર્ષોમાં ધરપકડ થઈ. ધ ઇન્ડિયન પીનલ કોડ બીલે (સુધારિત) બળાત્કાર સંબંધિત કાયદામાં કેટલાક મહત્ત્વના ફેરફાર સૂચવ્યા. ડરાવી-ધમકાવીને સ્ત્રી સાથે સંભોગ કરવાની સંમતિ લેવી, એ પણ બળાત્કાર ગણાય, એમ નક્કી કર્યું.

૧૯૭૩—૧૯૭૨-૭૩ના દુષ્કાળે મહારાષ્ટ્રની સ્ત્રી-ઓને હાથમાં ઝાડુ, થાળી અને લાકડી લઈ ઘરની બહાર, રસ્તા ઉપર મોરચો લાવતી કરી અને તેમણે અછત તથા વધતા જતા ભાવવધારા સામે વિરોધ નોંધાવવા અનાજના ગોદામોમાં 'ધાડ' પાડી. આ યુનાઈટેડ લેફ્ટ મુવમેન્ટની બે મુખ્ય સૂત્રધાર સ્ત્રીઓ અહિલ્યા રાંગણેકર અને મૃણાલ ગોરે હતાં. આવાં જ આંદોલનો વડોદરા અને ભોપાલમાં પણ થયાં.

૧૯૭૪--ચીપકો ઝુંબેશનો પ્રારંભ. આ ઝુંબેશ શરૂઆતમાં જો કે સ્ત્રીઓની ચળવળ ન હતી. જંગલ કપાતાં બચાવવાં માટે સ્ત્રીઓ ધારવાલના તેમના ગામડામાં વૃક્ષોને વળગીને (ચીપકીને) સહજતાથી જ ઊભી રહી ગઈ તેથી પાછળથી ચીપકો સ્ત્રીઓ સાથે સંકળાયેલી અને ઓળખાતી ઝુંબેશ બની ગઈ.

હૈદરાબાદમાં પ્રોગ્રેસીવ ઓર્ગેનાઈઝેશન ઑફ વિમેનની ૧૯૭૪માં રચના થઈ.

ગુજરાતની નવનિર્માણની ચળવળમાં વધતા જતા ભાવો, જરૂરિયાતની વસ્તુઓની અછત, લાંચરુશ્વત, સંઘરાખોરી અને કાળાબજારના વિરોધમાં હજારો સ્ત્રીઓ જોડાઈ ગઈ.

જયપ્રકાશ નારાયણની 'સંપૂર્ણ ક્રાંતિ'ની ચળવળમાં ભાગ લેતી સ્ત્રીઓએ 'મહિલા સંઘર્ષ વાહિની'ની રચના કરી જેમાં કહેવાય છે કે સભ્યપદ ઉદ્દામપંથી હતું.

રેલવે હડતાળમાં સ્ત્રીઓએ સક્રિય ફાળો આપ્યો. ટ્રેઈન ચાલતી અટકાવવા ઘણી સ્ત્રીઓ પાટા પર સૂઈ ગઈ. હડતાળિયા કામદારોને સ્ત્રીઓ જ્યારે ટેકો આપતી હતી ત્યારે કીશનગંજ કોલોનીમાં સામૂહિક બળાત્કારના કિસ્સાઓ બન્યા.

સ્ત્રીઓએ નશાખોરી વિરોધી દેશવ્યાપી ઝુંબેશ શરૂ કરી.

૧૯૭૫—યુનોએ ૧૯૭૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે જાહેર કર્યું.

પ્રથમ સ્ત્રી મુક્તિ સંમેલન (વિમેન્સ લીબરેશન કોન્ફરન્સ) ઓક્ટોબરમાં પુનામાં મળ્યું. શહેરી અને ગ્રામીણ બંને મળીને લગભગ ૭૫૦ સ્ત્રીઓએ એમાં હાજરી આપી. મરાઠી દ્વિમાસિક પ્રકાશિત કરવાનો નિર્ણય લેવાયો. એમાંની ડાબેરી પાંખની ઘણી સ્ત્રીઓની કટોકટી (ઈમર્જન્સી) દરમ્યાન ધરપકડ થઈ.

ધ યુનાઈટેડ નેશન્સે ૧૯૭૫—૧૯૮૫ના સમયગાળાને ખાસ મહિલા દાયકા તરીકે જાહેર કર્યો.

સરકારે 'સ્ત્રીનો દરજ્જો' વિષે અહેવાલ લખવા એક કમિટીની નિમણૂંક કરી, જેણે 'ભારતીય સ્ત્રીનો દરજ્જો' વિષે પોતાનો ૪૮૦ પાનાનો અહેવાલ પ્રકાશિત કર્યો. આ અહેવાલ, આજે પણ સીમાચિહ્ન લેખાય છે.

ગુજરાતમાં કટોકટી વિરુદ્ધ આંદોલનોમાં પણ સ્ત્રીઓએ સહભાગ લીધો.

૧૯૭૬—સ્ત્રીઓએ નશાખોરી વિરોધી દેશવ્યાપી ઝુંબેશ શરૂ કરી. 'સ્ત્રીનો પ્રશ્ન' પરની ચર્ચામાંથી 'સ્ત્રી મુક્તિ સંગઠના' અને 'પુરોગામી સ્ત્રી સંગઠના' નામની બે સંસ્થા રચાઈ.

સમાન વેતન ધારો પસાર થયો. સ્ત્રી અને પુરુષ કામદારોને સમાન મજૂરી મળે અને સ્ત્રી કામદારો તરફ લિંગભેદ દર્શાવી અસમાન વ્યવહાર પર પ્રતિબંધ મુકાય એ તેનો હેતુ હતો.

૧૯૭૮—'સમતા' (ઇક્વેલીટી) નામની નવી સ્ત્રી સંસ્થા સ્થપાઈ. એની બીજી પ્રવૃત્તિઓમાં એક ભાગ રૂપે 'માનુષી' નામનું મહિલા સામયિક પ્રગટ કરવાનું નક્કી થયું. મુંબઈના સોશીયાલિસ્ટ વીમેન્સ ગૃપે જુલાઈ મહિનામાં મુંબઈમાં સ્ત્રીઓ વિષયક એક મહત્વની રાષ્ટ્રિય બેઠકનું આયોજન કર્યું. આ બેઠકમાં 'માનુષી'ના પ્રકાશનના નિર્ણયને મંજૂરી અપાઈ. મુંબઈમાં, જુલાઈમાં અંગ્રેજીમાં ફેમિનીસ્ટ નેટવર્ક' અને હિંદીમાં 'સ્ત્રીસંઘર્ષ' સમાચાર પત્રનો પહેલો અંક બહાર પડ્યો.

જનતા પાર્ટીએ (વિરોધ પક્ષ) 'મહિલા દક્ષતા સમિતિ' નામની એની સ્ત્રી પાંખ શરૂ કરી. ડાબેરી પાંખની સ્ત્રીઓ, કોલેજમાં વિદ્યાર્થીઓ અને સ્વતંત્રોએ ભેગા મળીને 'આંતરરાષ્ટ્રીય નારી દિન'ની કૂચનું આયોજન કર્યું. ભારતમાં કદાચ આવો આ પહેલો જ અવસર હતો. મહારાષ્ટ્રની એક કમ્યુનીસ્ટ પાર્ટી લાલ નિશાન પાર્ટીએ વીમેન્સ સ્પેશીયલ ઈસ્યુ–સ્ત્રીઓ માટેના ખાસ અંકનું પ્રકાશન કર્યું અને મહિલા મંડળો શરૂ કર્યાં. આને ડાબેરી પાર્ટીમાં સ્ત્રીઓના પ્રશ્નો અંગે આવતી નવી જાગૃતિ લેખવામાં આવી.

૧૯૭૯—દિલ્હીમાં સ્ત્રી સંઘર્ષ નામની ઉદ્દામ સ્ત્રી સંસ્થા સ્થપાઈ. એણે દહેજ અને બળાત્કાર વિરોધી પ્રચાર શરૂ કર્યો. એના સભ્યોએ એક શેરી નાટક પણ આ વિષય ઉપર તૈયાર કર્યું : 'ઓમસ્વાહા.' જેના પ્રયોગો આખા દિલ્હી શહેરમાં અને એની આસપાસના શહેરી અને ગ્રામવિસ્તારોમાં થયાં.



૧૯૮૦—બળાત્કાર વિરોધી રાષ્ટ્રવ્યાપી આંદોલન મથુરા બળાત્કાર કાંડના સંદર્ભમાં ઊભું થયું. નારી અત્યાચાર વિરોધી મંચે સ્ત્રીઓ માટે એક રાષ્ટ્રીય બેઠકનું આયોજન મુંબઈમાં કર્યું. બળાત્કાર સંબંધી કાયદામાં સુધારા લાવવા અને આદિવાસી બાળા મથુરાને ન્યાય મળે એ માટે સ્ત્રી સંગઠનનોએ ઠેર ઠેર ઝુંબેશ ચલાવી. મુંબઈ અને દિલ્હી સ્થિત સ્ટ્રીટ પ્લે ગૃપ—થિયેટર ગૃપે લોકોમાં જાગૃતિ વધારવા માટે બળાત્કારના ખરડામાં સૂચિત ફેરફારો ઉપરથી શેરી નાટક તૈયાર કરી શેરીઓમાં ભજવવા માંડ્યું. આ મંડળના ઘણા ખરા સભ્યો દહેજ વિષયક નાટક 'ઓમસ્વાહા' માં પાઠ ભજવી ચૂકેલા હતા.

મુંબઈના જાગૃતિ કલાપથકે ભારતની ૧૪ ભાષાનાં લોક નૃત્યો, લોકગીતો અને લોકકલામાંથી ભેગી કરેલી માહિતીના આધારે 'જાગૃતિ' નૃત્ય નાટિકા બનાવી.

૧૯૮૧—સમૂહ માધ્યમોમાં સ્ત્રીને ઉપભોગનાં સાધન તરીકે બતાવવી, સ્ત્રી-વિરોધી હિંસા વગેરેના વિરોધમાં મુંબઈ, પૂના, અમદાવાદ, વડોદરા, દિલ્હી, પટના, બેંગલોર, મદ્રાસ, કલકત્તામાં સંગઠનો ઊભાં થવાં લાગ્યાં. વિવિધ પ્રાંતિક ભાષાઓમાં સ્ત્રીઓનાં સામયિકો નીકળવા માંડ્યાં.

૧૯૮૨—બળાત્કાર અને દહેજ સંબંધી કાયદાઓમાં ફેરફાર થયા. સ્ત્રી સંગઠનોએ દહેજ હત્યા સામે જેહાદ જગાવી.

૧૯૮૩—ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળે શાળાનાં પાઠ્ય પુસ્તકોમાં સ્ત્રીઓના સ્થાન બાબત ચર્ચા કરવા એક પરિસંવાદનું આયોજન કર્યું. પરિસંવાદની ફળશ્રુતિરૂપે મંડળે ધોરણ ૮નાં પુસ્તકોમાં સૂચિત સુધારા કરી નવી આવૃત્તિઓ બહાર પાડી.

શેરી નાટકો, પ્રદર્શન, પોસ્ટર્સ, ગીતો દ્વારા નારીમુક્તિનો સંદેશ લઈ જવા વિવિધ સંગઠનો પ્રતિબદ્ધ બન્યાં.

૧૯૮૪—ટ્રેડ યુનિયન, આદિવાસી સંગઠન, લોકશાહી હક્ક સંરક્ષણ સંગઠનો, નાગરિક અધિકાર સંગઠનોએ સ્ત્રીઓના સવાલો પ્રત્યેની ઉદાસીનતા ધીરે-ધીરે છોડવા માંડી.

૧૯૮૫—આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષના પૂર્ણાહુતિ સંમેલનમાં નાઇરોબીમાં મોટી સંખ્યામાં ભારતીય મહિલાઓએ સક્રિય ફાળો આપ્યો.

ગુજરાત સરકારે સમગ્ર સ્ત્રી-શિક્ષણ મફત બનાવ્યું.

૧૯૮૬—ઘણા વાદવિવાદો અને ઉગ્ર ચર્ચાના અંતે શાહબાનુ તલાક કેસે ભારતમાં વ્યક્તિગત ધારા (Personal law.) સંબંધમાં ખૂબ ચકચાર જગાવી સરકારે તલાકપીડિત બહેનોના જીવન નિર્વાહના હક્કને છીનવતો ધારો પસાર કર્યો.

અમૃતા, પ્રીતમ અને ઈલા ભટ્ટ રાજ્યસભાનાં સભ્યો બન્યાં.

આદિવાસી બહેન-ગુણુતાબહેન પર ૬ પોલિસોએ કરેલ બળાત્કારના વિરોધમાં 'સહિયર' અને 'ચિનગારી' સંસ્થાએ જોરદાર ઝુંબેશ ચલાવી. અમદાવાદમાં 'સંગાથ' 'અવાજ' અને 'ચિનગારી', વડોદરામાં 'સહિયર', સુરતમાં 'ઉદ્ગાર' અને વલસાડમાં 'અસ્તિત્વ' નામના નવી વિચારધારાને વરેલાં સ્ત્રીજૂથો ઊભાં થયાં.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને યુનિવર્સિટીના સ્નાતક તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમો મહિલા દૃષ્ટિકોણથી ફેરવવા સૂચન કર્યું અને તેને માટે ફંડની ફાળવણી કરી. દેશની ૭ યુનિવર્સિટીઓ સૂચિત ફેરફાર સબંધી કામે લાગી ગઈ છે.

૧૯૮૭—'સ્ત્રીગર્ભહત્યા' વિરોધી ચળવળને વેગ મળ્યો મહારાષ્ટ્ર વિધાનસભા અને સંસદમાં એમ્નિઓસેંટેસીસ અને ગર્ભઓળખ ટેસ્ટના દુરૂપયોગ પર પ્રતિબંધ લગાવવાના ખરડા રજૂ કરવામાં આવ્યા.